કરન્સી માર્કેટ

US.ડોલર	૭૪.૨૫
પાઉન્ડ	૧૦૩.૧૮
યુરો	૮૮.૧૦
સઉદી રિયાલ	૧૯.૮૦
સોનુ (૧૦ ગ્રા.૨૪ કેરેટ)	૪૯,૫૬૦
ચાંદી (૧ કિલો)	૬૭,૬૦૦

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

ગુજરાત ટુડે

GUJARAT TODAY (Daily)

તા. ૪-૮-૨૦૨૧ બુધવાર

AHMEDABAD SINCE-1991

Sayan Heights 1.5 BHK

સેમ્પલ હાઉસ રેડી

પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ સબસિડી મળવાપાત્ર

IMAGE Developers

96011 35030
73833 14123

Site : Sayan Heights, Nr.N.K.School, Jivaraj Park, Ahmedabd-51

PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/ AUDA/RAA06038/160919, www.gujrera.gujarat.gov.in

Regd. No.Guj.168/2020-2022 Valid up to Dt. 31-12-2022 ● તંત્રી : મુસ્તુફાખાન ● E-mail : gujarattodaydaily@gmail.com ● gujarattodayadmin@gmail.com
For Advertisement:gtadvt@yahoo.co.in • RNI. No. 48870/91 ● વર્ષ-૩૧ અંક-૭ ● ૨૪ ઝિલહજ હિજરી ૧૪૪૨ ● 4 AUGUST- 2021 ● PAGES 12 ●₹ ૫.૦૦

દેશનો બહુમતી વર્ગ ઘણો શક્તિશાળી હોવાથી લઘુમતીઓના અધિકાર કચડાય છે

લઘુમતીઓને નબળા વર્ગ તરીકે ગણવામાં આવે : સુપ્રીમમાં NCMની માંગ

દેશના બંધારણમાં લઘુમતીઓને સુરક્ષા અપાઈ અને કાયદો અસ્તિત્વમાં હોવા છતાં લઘુમતીઓમાં હંમેશા અસમાનતા અને ભેદભાવની ભાવના જળવાયેલી રહે છે : લઘુમતી પંચ

સરકાર દ્વારા વિશેષ જોગવાઈઓ અને યોજનાઓ લાગુ નહીં કરાય તો બહુમતી સમાજ દ્વારા લઘુમતીઓને દબાવવામાં આવે તેવો ભય છે, બંધારણ શૈક્ષણિક તથા આર્થિક રીતે નબળા વર્ગને સુરક્ષા પ્રદાન કરે છે : NCM

(એજન્સી) નવી દિલ્હી, તા.૩

લઘુમતીઓના રાષ્ટ્રીય પંચ (એનસીએમ)એ સુપ્રીમ કોર્ટને જણાવ્યું છે કે, દેશમાં લઘુમતીઓને 'નબળા વર્ગ' તરીકે ગણવામાં આવે જ્યાં બહુમતી સમાજ ઘણો સશક્ત છે. એનસીએમે કહ્યું કે, બંધારણમાં સુરક્ષા પૂરી પડાઈ છે અને કાયદો અમલમાં હોવા છતાં લઘુમતીઓમાં હંમેશા અસમાનતા અને ભેદભાવની ભાવના જળવાઈ રહેલી છે. એનસીએમે એક સોગંદનામામાં જણાવ્યું કે, ભારત જેવા દેશમાં બહુમતી સમાજ ઘણો સશક્ત છે ત્યારે આર્ટિકલ ૪૬ના અર્થ અંતર્ગત લઘુમતીઓને નબળા વર્ગ તરીકે ગણવા જોઈએ.

૪૦ પાનાના સોગંદનામામાં પંચે કહ્યું છે કે, જો સરકાર દ્વારા લઘુમતીઓ માટે વિશેષ જોગવાઈ અને યોજનાઓ બનાવવામાં નહીં આવે તો આવી સ્થિતિમાં બહુમતી સમુદાય દ્વારા તેમને દબાવવામાં આવી શકે છે. એક અરજીના જવાબમાં

કરવાના ઉદ્દેશ્ય સાથે કરવામાં આવી હતી. આ પહેલાં કેન્દ્ર સરકારે સર્વોચ્ચ અદાલતમાં જણાવ્યું હતું કે, ધાર્મિક લઘુમતી સમુદાયો માટે કલ્યાણકારી યોજનાઓ 'કાનૂની રીતે કાયદેસર' છે જેનો ઉદ્દેશ્ય અસમાનતાઓને ઓછી કરવા અને તે હિંદુઓ તથા અન્ય સમુદાયોના સભ્યોના અધિકારોનું ઉલ્લંઘન નથી. કેન્દ્ર સરકારે જણાવ્યું હતું કે, એ દેખાડવામાં આવ્યું છે કે, મંત્રાલય દ્વારા લાગુ કરવામાં આવી રહેલી યોજનાઓ લઘુમતી સમુદાયો વચ્ચે અસમાનતાઓને ઓછી કરવા અને શિક્ષણના સ્તરમાં સુધારો, રોજગાર, કૌશલ અને ઉદ્યમિતા વિકાસમાં ભાગીદારી, નાગરિક સુવિધાઓ અથવા મૂળભૂત માળખામાં ત્રુટિઓને ઓછી કરવા માટે છે. કેન્દ્ર સરકારે જણાવ્યું હતું કે, કલ્યાણકારી યોજનાઓ માત્ર આર્થિક રીતે નબળા વર્ગો/વંચિતો, બાળકો/વિદ્યાર્થીઓ/ લઘુમતી સમાજની મહિલાઓ માટે છે અને લઘુમતી સમુદાયના તમામ લોકો માટે નથી. વધુમાં તેણે જણાવ્યું હતું કે, સ્કોલરશિપ યોજનાઓ, કોચિંગ યોજનાઓ વગેરે જેમાં એકેડેમિક મેરિટ ઉપરાંત વિદ્યાર્થીનીઓ માટે જ છે. નીરજ શંકર સક્સેના અને અન્ય પાંચ દ્વારા દાખલ કરાયેલી અરજીમાં કહેવાયું હતું કે, અરજદારોને તેમના મૂળભૂત અધિકારોના ઉલ્લંઘનમાં ધાર્મિક લઘુમતીઓના સમાન સ્થિત સભ્યોને મળતાં લાભોથી ગેરબંધારણીય રીતે વંચિત કરવામાં આવી રહ્યા છે. અરજીમાં જણાવાયું હતું કે, અરજદાર અને અન્ય સભ્યો હિંદુ સમાજમાંથી છે અને બહુમતી સમાજમાં જન્મ્યા હોવાથી તેમને ભોગવવું પડી રહ્યું છે. દેશના બંધારણમાં ધર્મનિરપેક્ષતાને જોતાં પછી તે લઘુમતી હોય કે બહુમતી સમાજ રાજ્ય કોઈ ધાર્મિક લઘુમતીઓને પ્રોત્સાહન આપી શકતું નથી. આ સાથે અરજદારોએ ૧૯૯૨માં બનાવાયેલા લઘુમતી પંચને વિખેરી નાખવાની માંગ પણ કરી હતી જેના માટે તેમણે દલીલ કરી હતી કે, પછાત સમાજની સ્થિતિઓને જોવા માટે પછાત વર્ગ પંચ પહેલાંથી જ મોજૂદ છે.

સુરક્ષા જોખમમાં હોવાની દલીલ આપી ગમે ત્યારે કોઈની પણ અટકાયત ના કરાય

અટકાયતી પગલાં ત્યારે જ લેવાય જ્યારે જાહેર વ્યવસ્થાનો ભંગ થાય અથવા થવાની સંભાવના હોય : સુપ્રીમની સાફ વાત

કાયદો અને વ્યવસ્થાને અસર કરવાના બહાને કોઈની પણ અટકાયત કરવી અયોગ્ય, કાયદો વ્યવસ્થા અને જાહેર વ્યવસ્થામાં અંતર સમજવું ઘણું જ જરૂરી છે : જસ્ટિસ નરિમન અને રૂષિકેશ રોયની બેંચનો મહત્ત્વપૂર્ણ ચુકાદો

(એજન્સી) નવી દિલ્હી, તા.૩

કાયદો અને વ્યવસ્થા જાળવવાની પોલીસની સીધી જવાબદારી બને છે. સલામતિ જોખમમાં હોવાનું જણાવી ગમે તેની ગમે ત્યારે અટકાયત કરી ન શકાય, કોની અને કયારે તેમજ કેવા સંજોગોમાં અટકાયત કરી શકાય તે અંગે સુપ્રીમ કોર્ટ દ્વારા મહત્ત્વનો હુકમ કરી સુરક્ષા તંત્ર કાયદો અને વ્યવસ્થા જાળવવામાં નામદર્દગી ન બતાવી શકે જાહેર વ્યવસ્થાને સીધી અસર થતી હોય ત્યારે જ અટકાયત કરી શકાય કાયદો અને વ્યવસ્થા જાળવવાના ઓઠા તળે ગમે તેની અટકાયત કરવી અયોગ્ય ઠરાવવામાં આવ્યું છે. તેલંગાણા ભયાનક પ્રવૃત્તિ કાયદો ૧૯૮૯ અંતર્ગત ''છેતરપિંડી માટે પંકાયેલા'' વ્યક્તિની અટકાયતને રદ કરતાં સુપ્રીમ કોર્ટે મહત્વનો ચુકાદો આપતાં કહ્યું હતું કે, કોઈની પણ સામે જાહેર અટકાયતી કાયદો લાગુ કરવા માટે એ પૂરતું નથી કે વ્યક્તિની પ્રવૃત્તિ કાયદો અને વ્યવસ્થા સામે જોખમી છે પરંતુ જાહેર વ્યવસ્થાને અસર કરે તો જ અટકાયત કરી શકાય. સુપ્રીમની જસ્ટિસ આરએચ નરિમન અને રૂષિકેશ રોયની બેંચે કહ્યું કે, અટકાયતી પગલાંના કાયદાના સંદર્ભમાં જાહેર વ્યવસ્થાની અભિવ્યક્તિને ઉદાર અર્થ આપી ના શકાય. સુપ્રીમ કોર્ટની ડિવિઝન બેન્ચ સમક્ષ કાયદો અને વ્યવસ્થા જાળવવા મુદ્દે થયેલી વિસ્તૃત દલીલના અંતે ન્યાયમૂર્તિ આર.એચ.નરીમન અને રૂષિકેશ રોય દ્વારા કાયદો અને વ્યવસ્થા જાળવવાના કોની અને કયારે અટકાયત કરવી તે અંગે સ્પષ્ટ ચુકાદો આપતા ઠરાવ્યું હતું કે કોઈ પણ વ્યક્તિને ત્યારે જ અટકાયત કરી શકયા જ્યાં જાહેર વ્યવસ્થાને સીધી અસર થઈ શકે તેમ હોય, કાયદો અને વ્યવસ્થા જાહેર વ્યવસ્થાને અસર કરતી હોય પરંતુ ઓછો બળથી મોટા જનસમુદાયને અસર કરે તેવા ભયથી કોઈની અટકાયત કરવી અયોગ્ય છે. તે અસુરક્ષાની લાગણી તરફ દોરી જાય છે. તેલંગણાના એક છેતરપિંડીના કેસમાં અટકાયતમાં લેવામાં આવેલી વ્યક્તિને મુક્ત ફરવા દેવામાં આવશે વધુ વ્યક્તિઓ સાથે છેતરપિંડી કરશે તેવી દહેશત સાથે આગોતરા જામીન નામંજૂર કરવામાં આવ્યા હતા. હાઇકોર્ટના હુકમ સામે સુપ્રીમની ડિવિઝન બેન્ચ સમક્ષ થયેલી સુનાવણીમાં બચાવ પક્ષ દ્વારા આ હુકમ અયોગ્ય ગણાવી માત્ર એટલા માટે અટકાયત કરવામાં આવ્યા છે. તેને આગોતરા જામીન આપ્યા હતા. જામીન રદ કરવા પોલીસે કાયદાકીય રીતે કાર્યવાહી કરવી જોઈએ, સરકાર પક્ષે આ અંગે ભવિષ્યમાં ફરી વધુ ગુના આચરશે તેવો ડર ઉભો કરવામાં આવી અટકાયત કરવી યોગ્ય ગણાવતી દલીલ કરવામાં આવી હતી. સામાન્ય કાયદાથી તેની સામે કોઈ અવરોધ પેદા નહીં થાય તેમ જણાવ્યું હતું.

રાહુલ ગાંધીની સાઈકલ માર્ચમાં વિપક્ષના અનેક સભ્યો જોડાયા

ઈંધણોના ભાવવધારાનો વિરોધ કરવા રાહુલ ગાંધી સાઈકલ પર સંસદ પહોંચ્યા

રાહુલ ગાંધીએ સંયુક્ત મોરચાનું આહ્વાન કર્યા બાદ અનેક વિપક્ષી પાર્ટીઓએ મોદી સરકાર સામે બાંયો ચડાવી, મોંઘવારીનો વિરોધ કરવા ખભેથી ખભા મિલાવ્યા

(એજન્સી) નવી દિલ્હી, તા.૩

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ દેશના અનેક ભાગોમાં ખાસ કરીને પેટ્રોલના ભાવ ૧૦૦ રૂપિયાને પાર જતાં ઈંધણોના ભાવવધારાના વિરોધમાં સંસદ સુધી જવા માટે સાઈકલ ચલાવી હતી. આ પહેલાં બંધારણ ક્લબ ખાતે રાહુલ ગાંધી દ્વારા બોલાવાયેલી બેઠકમાં ૧૫ વિપક્ષી પાર્ટીઓ સામેલ થતાં વિપક્ષની એકતા દેખાઈ હતી. રાહુલ ગાંધીની આ સાયકલ માર્ચમાં વિપક્ષના કેટલાય સાંસદ હાજર હતા. આ પહેલાં દિલ્હીની એક ક્લબમાં રાહુલ ગાંધી સાથે નાસ્તા માટે ૧૪ વિપક્ષી પાર્ટીના નેતા પહોંચ્યા હતા પરંતુ આમ આદમી પાર્ટી અને બહુજન સમાજ પાર્ટીના સાંસદ રાહુલ ગાંધી સાથે નાસ્તા માટે પહોંચ્યા નહોતા. સંસદમાં પેગાસસ જાસૂસી મામલે કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ વિપક્ષ નેતાઓની સાથે મળી સરકાર સામે કેવી રીતે કાર્ય કરવું તે રણનીતિ પર ચર્ચા કરી. રાહુલ ગાંધી ઉપરાંત રાજ્યસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગે, લોકસભામાં કોંગ્રેસના નેતા અધીર રંજન ચૌધરી, તૃણમૂલ કોંગ્રેસના નેતા કલ્યાણ બેનર્જી, શિવસેનાના નેતા સંજય રાઉત, આરજેડીના મનોજ ઝા અને અન્ય ઘણા પક્ષોના નેતાઓએ આ બેઠકમાં હાજરી આપી હતી. કોંગ્રેસ, એનસીપી, શિવસેના, આરજેડી, એસપી, સીપીઆઇ(એમ), સીપીઆઇ, આઇયુએમએલ, ક્રાંતિકારી સમાજવાદી પાર્ટી કેરળ કોંગ્રેસ, ઝારખંડ મુક્તિ મોરચા, નેશનલ કોન્ફરન્સ, ટીએમસી અને લોકતાંત્રિક જનતા દળના નેતાઓએ આ બેઠકમાં હાજરી આપી હતી. બીજી બાજુ, બેઠક બાદ રાહુલ ગાંધી વિપક્ષના નેતાઓ સાથે સંસદમાં સાઈકલ પર ગયા હતા. વિપક્ષી દળના નેતાઓ સાથે બેઠકમાં રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, 'મારા વિચાર મુજબ સૌથી મહત્વપૂર્ણ વાતએ છે કે આપણે બધા એક સાથે રહીયે. આ અવાજ જેટલી એક સાથે રહશે, એટલી જ શક્તિશાળી થશે. આ સાથે ભાજપ અને આરએસએસ માટે તેને દબાવવી મુશ્કેલ થશે. બેઠક બાદ રાહુલ ગાંધીએ ટ્વિટ પણ કહ્યું હતું જેમાં જણાવ્યું હતું કે, એક જ પ્રાથમિકતા 'આપણો દેશ, આપણા લોકો.' વિપક્ષ સંસદ સત્ર ચાલુ થયો ત્યારથી જ પેગાસસ જાસૂસી વિવાદ મુદ્દે ચર્ચા કરવા માગે છે પરંતુ સરકાર કહે છે કે, આઇટી મંત્રીના નિવેદન બાદ માત્ર સ્પષ્ટતાઓ માગી શકાય છે. સંસદીય બાબતોના મંત્રી પ્રહલાદ જોશીએ તેને કોઈ મુદ્દો નથી તેમ કહ્યું હતું.

સંસદમાં વિપક્ષના વિરોધ પ્રદર્શન સામે PM મોદીએ આક્રોશ ઠાલવ્યો

વિપક્ષનું વર્તન સંસદનું 'અપમાન' ભાજપની બેઠકમાં મોદી બોલ્યા

ભાજપ સંસદીય દળની બેઠકમાં પેપરો ફાડવા, બિલો પસાર થવાની પ્રક્રિયા સામે વાંધાજનક ટિપ્પણીઓ સહિતના વર્તન માટે બળાપો કાઢ્યો, પરંતુ પેગાસસ મામલે એક શબ્દ પણ ઉચ્ચાર્યો નહીં

(એજન્સી) નવી દિલ્હી, તા.૩

પેગાસસ મામલે સંસદના ચોમાસુ સત્રમાં વિપક્ષના વિરોધ પ્રદર્શનને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સંવિધાન અને લોકશાહીનું અપમાન ગણાવ્યું છે. મંગળવારના બીજેપી સંસદીય દળની બેઠકમાં પ્રધાનમંત્રીએ વિપક્ષ દ્વારા સંસદ ના ચાલવા દેવા, પેપરો ફાડવા અને બિલો પસાર થવાની પ્રક્રિયા પર વાંધાજનક ટિપ્પણીઓ પર આરોપ લગાવ્યો હતો કે, તેઓ સંવિધાન અને લોકશાહીનું અપમાન કરી રહ્યા છે. જો કે, સંસદી પ્રક્રિયામાં અડચણરૂપ પેગાસસ મુદ્દે ચર્ચાની વિપક્ષની માગણીનો ઉલ્લેખ સુદ્ધાં વડાપ્રધાને ઉલ્લેખ કર્યો નહીં. પ્રધાનમંત્રીએ કહ્યું કે, સરકાર અને પાર્ટી સાંસદોએ દરેક એ પગલાં ઊઠાવવા જોઈએ જેનાથી ગૃહને સુચારૂ રીતે ચલાવી શકાય. આ પહેલાં બીજેપી સંસદીય દળની બેઠકમાં ઓબીસી વર્ગને મેડિકલના અભ્યાસમાં ૨૭ ટકા અને આર્થિક રીતે નબળા વર્ગ માટે ૧૦ ટકા આરક્ષણ આપવા માટે સાંસદોને પીએમ મોદીએ અભિનંદન પાઠવ્યા. બેઠકમાં પીએમ મોદી સાથે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડા અને અન્ય નેતા પણ સામેલ થયા. આ પહેલાં ૨૭ જુલાઈના પણ બીજેપી સંસદીય દળની બેઠકમાં પીએમ મોદીએ કોંગ્રેસ પર જોરદાર નિશાન સાધતા કહ્યું હતું કે, આ પાર્ટી સંસદ નથી ચાલવા દેતી. પીએમ મોદીએ કહ્યું હતું કે, જ્યારે કોવિડ-૧૯ પર બેઠક બોલાવવામાં આવી તો કોંગ્રેસે બહિષ્કાર પણ કર્યો અને અન્ય દળોને આવવાથી રોક્યા. પીએમ મોદીએ સાંસદોને આગ્રહ કર્યો કે, કોંગ્રેસ વિપક્ષના આ કાર્યને જનતા અને મીડિયા સામે એક્સપોજ કરે. પીએમ મોદીએ સાંસદોને કહ્યું હતું કે, આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થવાના અવસર પર ૭૫ ગામ જાય, ૭૫ કલાક રોકાય. ગામોમાં દેશની ઉપલબ્ધીઓ, દેશની આઝાદી આ તમામ ચીજો વિશે લોકોને જણાવે. તેમણે કહ્યું કે, એ ખાતરી કરવી પડશે કે આઝાદીના ૭૫ વર્ષનો આ કાર્યક્રમ સરકારી કાર્યક્રમ બનીને ના રહી જાય. આ કાર્યક્રમમાં દેશના જન-જનની ભાગેદારી હોવી જોઈએ. ઉલ્લેખનીય છે કે, પેગાસસ જાસૂસી અને કૃષિ કાયદાઓના મુદ્દે બંને ગૃહોની કાર્યવાહીમાં સતત અડચણ આવી રહી છે. સરકાર અને વિપક્ષ વચ્ચેનો મતભેદ દૂર થઈ રહ્યો નથી. ઓગસ્ટ મહિનાના પ્રથમ વર્કિંગ ડે એટલે કે સોમવારે પણ કાર્યવાહીને સ્થગિત કરવી પડી હતી. સંસદ સત્ર ૧૯ જુલાઈથી શરૂ થયું છે. જો કે, વધુ સમય વિપક્ષના સાંસદોના હંગામા અને વિરોધમાં જ બગડ્યો છે. આ દરમિયાન નાણામંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું હતું કે, કોરોનાની બીજી લહેર છતાં આર્થિક સ્થિતિમાં સતત સુધારો થતો જાય છે. ભારતની વિદેશી થાપણો ઓલટાઈમ હાઈ છે જ્યારે જીએસટી કલેક્શન પણ વધ્યું છે.

કોમવાદી ભાષણ કેસમાં જામિયાના શૂટરને જામીન

ગત મહિને હુમલાખોરે હરિયાણાના પટૌડી ખાતે યોજાયેલ મહાપંચાયતમાં ઉશ્કેરણીજનક ભાષણ આપતા ધરપકડ કરવામાં આવી હતી

આ અગાઉ અદાલતે તેના જામીન ફગાવતાં જણાવ્યું હતું કે, 'આવી નફરત ફેલાવતાં શખ્સને સ્વતંત્ર રીતે સમાજમાં ફરવા દેવાય નહીં'

(એજન્સી) નવી દિલ્હી, તા.૩

૨૦૨૦માં દિલ્હીની જામિયા મિલ્લિયા ઈસ્લામિયા યુનિવર્સિટી નજીક સીએએ વિરૂદ્ધ દેખાવો કરી રહેલા લોકો પર ગોળી ચલાવનારા હુમલાખોરને હરિયાણાની એક કોર્ટે જામીન આપ્યા હતા. આ શૂટરની જૂલાઈમાં ધરપકડ કરવામાં આવી હતી. ત્યારબાદ તેને ન્યાયિક હિરાસતમાં મોકલી આપવામાં આવ્યો હતો. હુમલાખોરે પટૌડી ખાતે યોજાયેલ મહાપંચાયતમાં ઉશ્કેરણીજનક ભાષણ આપ્યું હતું. જેથી તેની સામે ભારતીય બંધારણની કલમ ૧૫૩એ અને ૨૯૫એ હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો. આ અગાઉ અદાલતે તેના જામીન ફગાવતાં જણાવ્યું હતું કે, આવી નફરત ફેલાવતાં શખ્સને સ્વતંત્ર રીતે સમાજમાં ફરવા દેવાય નહીં. જૂલાઈમાં જ્યુડિશ્યલ મેજિસ્ટ્રેટ મુહમ્મદ સગીરે આ હુમલાખોરના જામીન ફગાવતાં ઉક્ત ટિપ્પણી કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, આ એ સમય છે જ્યારે ધર્મના આધારે નફરત ફેલાવતાં સમાજ વિરોધી લોકોને કડક સંદેશ આપવાની જરૂર છે. નીચલી કોર્ટે જામીન ફગાવતાં તેણે સેશન્સ કોર્ટમાં જામીન અરજી દાખલ કરી હતી. ગત ચાર જૂલાઈના રોજ પટૌડી ખાતે લવ જેહાદ અને વસ્તી નિયંત્રણની ચર્ચા માટે મહાપંચાયત યોજાઈ હતી. જેમાં આ શૂટર દ્વારા ધાર્મિક ઉશ્કેરણી કરતું નિવેદન આપવામાં આવ્યું હતું. તેના આ વિવાદસ્પદ નિવેદનનો વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. તેણે પોતાના ભાષણમાં ધમકીઓ આપવાનું પણ કામ કર્યું હતું. તેણે જણાવ્યું હતું કે, જો હું સીએએના સમર્થનમાં ૧૦૦ કિ.મી. સુધી યાત્રા કરી શકું છું તો પટૌડી તો ખૂબ જ નજીક છે. તેની આ વાતને હાજર લોકો દ્વારા તાળીઓના ગણગણાટથી વધાવી લેવામાં આવી હતી. ૩૦ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ આ હુમલાખોર દ્વારા જામિયા ખાતે સીએએ વિરોધી લોકો પર પોલીસની હાજરીમાં પિસ્તોલ તાંકવામાં આવી હતી. તેણે ટોળા પર ગોળી ચલાવતાં એક વ્યક્તિને ઈજા પણ પહોંચી હતી. તે સમયે હુમલાખોર ૧૭ વર્ષનો હોવાનો દાવો કરવામાં આવ્યો હતો. જેથી બાળ અદાલતે તેને ૨૮ દિવસ માટે સુધારણા ગૃહમાં મોકલી આપ્યો હતો.

દિલ્હીમાં ડીઝલની કિંમત ૮૯.૮૭ રૂપિયા પ્રતિ લીટર

દિલ્હીમાં ૧ લીટર પેટ્રોલની કિંમત ૧૦૧.૮૪ રૂપિયા

૪૨ દિવસમાં પેટ્રોલ ૧૧.૫૨ રૂપિયા સુધી મોંઘું થયું, મેથી લઈને જુલાઈ સુધી ઇંધણની કિંમતમાં સતત વધારો થયો

(એજન્સી) નવી દિલ્હી, તા.૩

પેટ્રોલ-ડીઝલનીની નવી કિંમત જાહેર થઈ ગઈ છે. આજે સતત ૧૭મા દિવસે પેટ્રોલ અને ડીઝલના ભાવ સ્થિર રહ્યા છે. ૧૮ જુલાઈ પછી સતત પેટ્રોલની કિંમત સ્થિર છે. આજે રાજધાની દિલ્હીમાં પેટ્રોલ ૧૦૧.૮૪ રૂપિયા અને ડીઝલ ૮૯.૮૭ રૂપિયા પ્રતિ લીટર પર સ્થિર છે. જ્યારે મુંબઈમાં પેટ્રોલ ૧૦૭.૮૩ રૂપિયા અને ડીઝલ ૯૭.૪૫ રૂપિયા પ્રતિ લીટર પર છે. ઉલ્લેખનીય છે કે છેલ્લા એક અઠવાડિયાથી પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. અમદાવાદમાં પેટ્રોલ ૯૮.૫૪ રૂપિયા અને ડીઝલ ૯૬.૭૧ રૂપિયા પ્રતિ લીટર છે. ઉલ્લેખનીય છે કે મે મહિના પછી પેટ્રોલ-ડીઝલની કિંમતમાં વધારે જોવા મળ્યો છે. ૪૨ દિવસમાં પેટ્રોલ આશરે ૧૧.૫૨ રૂપિયા સુધી મોંઘું થયું છે. મેથી લઈને જુલાઈ સુધી ઈંધણની કિંમતમાં સતત વધારો થતો રહ્યો છે. દેશમાં ઓછામાં ઓછા ૧૯ રાજ્ય તેમજ કેન્દ્ર શાસિત પ્રદેશમાં પેટ્રોલની કિંમત ૧૦૦ રૂપિયાન પ્રતિ લિટરને પાર કરી ગઈ છે. જેમાં દિલ્હી, મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ, તામિલનાડુ, આંધ્ર પ્રદેશ, તેલંગાણા, રાજસ્થાન, મધ્ય પ્રદેશ, કર્ણાટક, ઉત્તર પ્રદેશ, હરિયાણા, જમ્મુ અને કાશ્મીર, ઓડિશા, લદાખ, બિહાર, કેરળ, પંજાબ, સિક્કિમ અને નાગાલેન્ડ સામેલ છે. પેટ્રોલ-ડીઝલની કિંમતમાં બહુ ઝડપથી ઘટાડો થવાની આશા છે. રવિવારે ઓપેલ સમૂહ વચ્ચે થયેલી બેઠક બાદ આશા રાખવામાં આવી રહી છે કે પેટ્રોલ બહુ ઝડપથી સસ્તું થશે. આ બેઠકમાં પૂર્ણ સહમતિ થઈ છે કે પાંચ OPEC અને એક બિન ઓપેલ દેશ ઓગસ્ટમાં કાચા તેલનું ઉત્પાદન વધારશે. જેના પગલે આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલની કિંમત ઘટશે. તમને જણાવી દઈએ કે પેટ્રોલ અને ડીઝલની કિંમત દરરોજ સવાર છ વાગ્યે બદલાય છે. સવારે છ વાગ્યાથી નવો ભાવ લાગૂ થાય છે. પેટ્રોલ-ડીઝલની કિંમતમાં એક્સાઇઝ ડ્યૂટી, ડીલર કમિશન અને અન્ય વસ્તુઓ જોડ્યા બાદ ભાવ લગભગ જબલ થઈ જાય છે. વિદેશી મુદ્રાના ભાવ, આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડની કિંમતોના આધારે દરરોજ કિંમતમાં ફેરફાર થાય છે.

CDCના નવા અભ્યાસે ચેતવણીનો ઘંટ વગાડ્યો : રસી લેનારા લોકો રસી લીધા વગરના લોકો જેટલા જ વાયરસ ધરાવે છે

(એજન્સી) તા.૩

અમેરિકાના સ્વાસ્થ્ય વિભાગના અધિકારીઓએ શુક્રવારે એક ચેતવણીરૂપ નવા અભ્યાસની વિગતો બહાર પાડી હતી. જે સમાજમાં કોરોના વાયરસના ફેલાવાતી પ્રક્રિયા અંગેના પ્રવર્તમાન ખ્યાલોને સંપૂર્ણપણે ખોટા પુરવાર કરે છે. સેન્ટર ફોર ડિસીઝ કન્ટ્રોલ એન્ડ પ્રિવેન્શન (સીડીસી) દ્વારા તાજેતરમાં હાથ ધરવામાં આવેલા એક સંશોધન મુજબ રસી લઈ લીધા પછી કોવિડ-૧૯ દ્વારા સંક્રમિત થનારા લોકો તેમના શરીરમાં રસી ન લેનારા કોવિડના દર્દીઓ જેટલા જ કોરોના વાયરસ ધરાવે છે. સીડીસીના અઠવાડિક અહેવાલમાં પ્રકાશિત થયેલા આ અભ્યાસના આધારે તાજેતરમાં જ ભલામણ કરવામાં આવી હતી. કે રસી લેનારા લોકોએ પણ ઉચ્ચ સંક્રમણ દર ધરાવતા બંધ ઓરડાઓમાં માસ્ક પહેરવું જોઈએ. આ અભ્યાસ મૈસાચ્યુસેટસના જાણીતા પર્યટન સ્થળ કેપ કોડ ખાતે હાથ ધરવામાં આવ્યો હતો. આ અભ્યાસ મુજબ અનેક વિશાળ જાહેર કાર્યક્રમો પછી અહીં કોવિડ-૧૯ના ૪૬૯ કેસો નોંધાયા હતા. જેમાંથી ૭૪ ટકા કેસો સંપૂર્ણપણે રસીકરણ કરાયેલા લોકોના હતા. સીડીસીના આ અભ્યાસની સાથે સાથે વોશિંગ્ટન પોસ્ટે પણ અમેરિકામાં કોવિડ-૧૯ના કારણે ઉભી થયેલી ગંભીર સ્થિતિ અંગે અહેવાલ પ્રકાશિત કર્યો હતો જેમાં અમેરિકામાં કોવિડના ડેલ્ટા વેરિયન્ટના ફેલાવા અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. બીજી તરફ વ્હાઈટ હાઉસમાં પત્રકારો સાથે વાત કરતા રાષ્ટ્રપતિ જો બાઈડેને સંકેત આપ્યો હતો કે ટૂંક સયમમાં કોવિડ-૧૯ અંગે નવી માર્ગદર્શિકા જાહેર કરવામાં આવશે.

મહામારી દરમિયાન વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક ટીવી ચેનલ, રેડિયો કાર્યક્રમો માટે વિચારણા કરો : બોમ્બે હાઈકોર્ટે કેન્દ્રને કહ્યું

(એજન્સી) મુંબઈ, તા.૩

બોમ્બે હાઈકોર્ટે માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા કેન્દ્ર સરકારને જણાવ્યું કે, તેઓ મહામારી દરમિયાન ગ્રામીણ અને શારીરિક અક્ષમતા ધરાવતા વિદ્યાર્થીઓ સહિત બધા વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક ટીવી ચેનલ, રેડિયો કાર્યક્રમો માટે વિચારણા કરે જેથી તેઓ ઈન્ટરનેટની બિનઉપલબ્ધતાના લીધે શિક્ષણ મેળવવાથી વંચિત ન રહે.

કોર્ટે ધ્યાન દોર્યું કે, ટીવીમાં ફિલ્મો અને મનોરંજનની અસંખ્ય ચેનલો ચાલી રહી છે જેથી એક ખાસ શૈક્ષણિક ટીવી ચેનલ માટે પણ વિચારણા કરી શકાય છે. કોર્ટે કહ્યું કે, ઓનલાઈન શિક્ષણ મેળવવા માટે બધાની પાસે સુવિધાઓ નથી એ માટે આપણે જૂની ટેકનોલોજી તરફ વળવું પડશે. કારણ કે, હવે નેટવર્કનો મુદ્દો કાયમ રહેવાનો જ છે. એમણે કેન્દ્ર સરકાર પાસેથી આ અંગે જવાબ પણ માંગ્યો છે.

હાઈકોર્ટની બેન્ચ અરજદાર નેશનલ એસોસિએશન ફોર બ્લાઈન્ડ દ્વારા દાખલ થયેલ અરજીની સુનાવણી કરી રહી હતી. એમણે માગણી કરી હતી કે, અંધજનો માટે મહામારીમાં શિક્ષણની જોગવાઈ કરવામાં આવે. અરજદારના વકીલે કહ્યું કે, મહારાષ્ટ્રના ગ્રામીણ વિસ્તારોમાં યોગ્ય માળખું નથી જેથી વિદ્યાર્થીઓ ઓનલાઈન શિક્ષણ મેળવી શકે અને વિદ્યાર્થીઓને ભય છે કે, એમને એક વર્ષ ગુમાવવું પડશે જેથી સરકારે રાહત આપવા વિચારણા કરવી જોઈએ.

કોર્ટે સરકારના વકીલને કહ્યું કે, તેઓ સરકાર સમક્ષ શૈક્ષણિક ટીવી ચેનલ ચલાવવાની રજૂઆત કરે. જે રીતે લોકસભા અને રાજ્યસભાની ચેનલો ચાલે છે એ જ રીતે આવી ચેનલો પણ શરૂ થવી જોઈએ.

ટેલિફોનના ઉપયોગને લગતા જેલના નિયમોને સંજીવ ભટ્ટે પડકાર્યા

(એજન્સી) અમદવાદ, તા.૩

NDPS એક્ટ હેઠળ દોષિત ઠરાવેલ પૂર્વ આઈપીએસ અધિકારી સંજીવ ભટ્ટે ગુજરાત હાઈકોર્ટમાં અરજી દાખલ કરી રાજ્યના ગૃહ મંત્રાલયના બે ઠરાવોને પડકાર્યા છે. જે ઠરાવોમાં અમુક વર્ગના કેદીઓને અપાતી ટેલિફોનની સગવડ બંધ કરવામાં આવી છે.

આ ઠરાવોને ૨૦૦૮ના બોમ્બ બ્લાસ્ટના અન્ય ૭ કેદીઓએ પણ પડકાર્યા હતા, બે ઠરાવોને પડકારવામાં આવ્યા છે. એક એપ્રિલ ૨૦૧૦નો છે જેમાં ત્રણ મહિના માટે એક પાયલોટ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો હતો. ગુજરાત સરકારના ગૃહ વિભાગે અમદાવાદ અને વડોદરાની સેન્ટ્રલ જેલોમાં કેદીઓને ફોન વાપરવા છૂટ આપી હતી જેથી ગેરકાયદેસર ફોનોને જેલમાં લાવવાથી અટકાવી શકાય એની સાથે અધિકૃત રીતે એમના ફોનોનું રેકોર્ડિંગ પણ કરી શકાય.

જો કે, આ સગવડ માત્ર એવા કેદીઓને મળી શકશે જેઓ પ્રથમ વખત જેલમાં આવ્યા હોય અને રિઢા ગુનેગારો નહીં હોય અને એવા કેદીઓને સગવડ નહીં આપવી જેમની સામે પોટા, યુએપીએ, NDPS એક્ટ, ફેમા, ફેરા, આર્મ્સ એક્ટ અને અન્ય એવા કાયદાઓ જે દેશ સામે વિદ્રોહ ફેલાવનારાઓ સામે લાગુ કરવામાં આવે છે.

જાન્યુઆરી ૨૦૧૪માં સરકારે એક અન્ય ઠરાવ પસાર કર્યો હતો, જેમાં રાજ્યની બધી જ જેલોમાં ટેલિફોન સેવાઓ ઉપલબ્ધ કરાવવા જણાવાયું હતું. સિવાય કે ઉપરોક્ત કાયદાઓ અને રેપ, હત્યા, એસિડ હુમલા જેવા કેસોમાં સંડોવાયેલ આરોપીઓને સગવડમાંથી બાકાત રાખવામાં આવ્યા હતા.

સંજીવ ભટ્ટના વકીલે રજૂઆત કરી હતી કે, આ બે ઠરાવોમાં જણાવાયું નથી કે કયા કાયદાઓ હેઠળ આ શરતો મૂકવામાં આવી છે. જ્યારે પ્રિઝન એક્ટમાં લખાયું છે કે, જેમને સત્તા આપવામાં આવી હોય એમનો ઉલ્લેખ કરવાનો રહેશે.

સુનાવણી દરમિયાન સરકાર તરફે રજૂઆત કરવામાં આવી હતી કે, જૂન ૨૧ના ખાતાકીય પરિપત્ર દ્વારા જણાવાયું હતું કે, કોવિડ-૧૯ની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ટેલિફોન સગવડ અને ભૌતિક મુલાકાતને મંજૂરી અપાઈ છે. એ સાથે એમણે ભટ્ટની અરજીનો નિકાલ કરવા કહ્યું, કારણ કે, ભટ્ટના પ્રશ્નનો સમાધાન થઈ ગયો છે.

પણ ભટ્ટના વકીલે કોર્ટને જણાવ્યું કે, ખાતા દ્વારા નવેસરથી પરિપત્ર બહાર પાડી જણાવ્યું છે કે, ૧લી ઓગસ્ટથી ટેલિફોન સગવડ બંધ કરવામાં આવે છે. કોર્ટે આ સંદર્ભે સરકારને જવાબ રજૂ કરવા નોટિસ મોકલાવી છે.

કર્ણાટકના હસ્સનમાં ૩૮ વાંદરાઓની હત્યા બદલ ૭ની ધરપકડ

(એજન્સી) હસ્સન, તા.૩

કર્ણાટકના હસ્સન જિલ્લામાં ૩૮ વાંદરાઓની હત્યા બદલ જંગલ ખાતા અને પોલીસે એક મહિલા સહિત સાત વ્યક્તિઓની ધરપકડ કરી છે. પોલીસે જણાવ્યું કે, ધરપકડ કરાયેલ વ્યક્તિઓ વાંદરાઓ પકડનારાઓ છે અને ગામવાસીઓએ વાંદરાઓને પકડવા માટે એમને નાણાં આપ્યા હતા.

આરોપીઓની ઓળખ રામુ, યશોદા, માંજા, માંજે ગૌડા, આયંગરી, શ્રીકાંત અને રામાનુજ આયંગર તરીકે થઈ છે. આ તમામને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યા છે.

આ ઘટના ચોવડાનહલ્લી ગામમાં ૨૯મી જુલાઈએ બની હતી. આરોપીઓએ વાંદરાઓને કંતાનના કોથળાઓમાં બંધ કરી રોડ પર ફેંકી દીધું હતું.

આ ઘટના ત્યારે ધ્યાનમાં આવી જ્યારે સ્થાનિક યુવાઓએ રોડ ઉપર કંતાનના કોથળાઓ જોયા હતા. એમણે કોથળાઓ ખોલીને જોયું તો એમાંથી વાંદરા નીકળ્યા હતા. શરૂઆતમાં અનુમાન હતું કે, ૩૦ વાંદરાઓ મૃત્યુ પામ્યા હતા પણ પછીથી પુષ્ટિ થઈ હતી કે, ૩૮ વાંદરાઓ મૃત્યુ પામ્યા હતા. કર્ણાટક હાઈકોર્ટે સુઓમોટો અરજી દાખલ કરી પોલીસને તપાસના આદેશો આપ્યા હતા.

પોલીસે પ્રાથમિક તપાસ પછી જણાવ્યું હતું કે, ગામવાસીઓ વાંદરાઓના ત્રાસથી પરેશાન હતા જેથી એમણે વાંદરાઓ પકડરાઓનો સંપર્ક કર્યો હતો. એમણે ગામમાંથી ૮૦ હજાર ઉઘરાવી એમને આપ્યા હતા અને વાંદરાઓને પકડવા કહ્યું હતું. આ વ્યક્તિઓએ વાંદરાઓને અઠવાડિયા સુધી બિસ્કીટ અને અન્ય ચીજ વસ્તુઓ ખવડાવી હતી અને એક દિવસે લાગ જોઈ એમને પકડી કોથળામાં બંધ કરી રોડ ઉપર ફેંકી દીધા હતા. ગૂંગળામણથી વાંદરાઓના મૃત્યુ થયા હતા.

આ ઘટના પછી ગામવાસીઓએ પોતાના પાપ ધોવા માટે સ્થાનિક મંદિરમાં વિશેષ પૂજા કરી હતી. કારણ કે વાંદરાઓને હનુમાનજીની જેમ પૂજા કરવામાં આવે છે.

CBSE ધો.૧૦નું પરિણામ : ૫૭,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ૯૫ ટકા કરતા વધુ માર્કસ મેળવ્યા, ૯૦-૯૫ ટકા વચ્ચે સ્કોર કરનારા વિદ્યાર્થીઓની સંખ્યા ૨ લાખથી વધુ

(એજન્સી) નવી દિલ્હી,તા.૩

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (સીબીએસઈ)એ બહાર પાડેલા આંકડાઓ મુજબ ધો.૧૦માં ૫૭,૦૦૦થી વધુ ઉમેદવારોએ ૯૫ ટકા કરતા વધુ માર્કસ મેળવ્યા છે જ્યારે ૯૦થી ૯૫ ટકા વચ્ચે માર્કસ લાવનારા ઉમેદવારોની સંખ્યા બે લાખથી વધુ છે. મંગળવારે સીબીએસઈ દ્વારા જાહેર કરવામાં આવેલું પરિણામ દર્શાવે છે કે, આ વર્ષે ૫૭,૮૨૪ ઉમેદવારોએ ૯૫ ટકા કરતા વધુ માર્કસ મેળવ્યા છે. જ્યારે ગયા વર્ષે આ સંખ્યા ૪૧,૮૦૪ હતી. આ જ રીતે ૯૦થી ૯૫ ટકા વચ્ચે માર્કસ મેળવનાર ઉમેદવારોની સંખ્યા ૧,૮૪,૩૫૮થી વધીને ૨,૦૦,૯૬૨ થઈ ગઈ છે. આ વર્ષે ધો.૧૦ની પરીક્ષા માટે ૨૧.૧૩ લાખથી વધુ રેગ્યુલર ઉમેદવારોએ નોંધણી કરાવી હતી. કોવિડ-૧૯ની બીજી લહેરને પગલે પરીક્ષાઓ સંપૂર્ણપણે રદ થયા પછી બોર્ડે વૈકલ્પિક મુલ્યાંકન નીતિના આધારે પરિણામ જાહેર કર્યું હતું. આ નીતિ મુજબ સમગ્ર વર્ષ દરમ્યાન યોજાયેલી પરીક્ષાઓમાં કરેલા પ્રદર્શનને આધારે તેમનું મુલ્યાંકન કરી પરિણામ તૈયાર કરવામાં આવ્યું હતું. નોંધનીય છે કે ગયા વર્ષે પણ કોવિડ-૧૯ને ફેલાતો રોકવા માટે લાગુ કરવામાં આવેલા રાષ્ટ્રવ્યાપી લોકડાઉનને પગલે બોર્ડની બાકી રહેલી કેટલીક પરીક્ષાઓ રદ કરવી પડી હતી અને જે વિષયોની પરીક્ષાઓ યોજાઈ ગઈ હતી. તેના આધારે પરિણામ તૈયાર કરવામાં આવ્યું હતું. આ વર્ષે સીબીએસઈ ધો.૧૦ બોર્ડની પરીક્ષાનું પરિણામ ૯૯.૦૪ ટકા આવ્યું હતું. જે અત્યાર સુધીનું સૌથી ઉંચુ પરિણામ છે. જ્યારે છોકરીઓનું પરિણામ છોકરાઓ કરતા ૦.૩૫ ટકા વધારે છે. ગયા અઠવાડિયે સીબીએસઈએ ધો.૧૨ બોર્ડની પરીક્ષાનું પરિણામ જાહેર કર્યું હતું. જેમાં ૯૯.૩૭ ટકા વિદ્યાર્થીઓ પાસ થયા હતા.

દોઢ વર્ષ થવા છતાં JNU કેમ્પસ હિંસા મામલે હજુ કોઈ ધરપકડ નહીં, કેન્દ્ર સરકારે સંસદમાં આપેલી માહિતી

●જાન્યુઆરી ૨૦૨૦માં થયેલી આ હિંસા મામલે દિલ્હી પોલીસ દ્વારા ત્રણ કેસો નોંધવામાં આવ્યા હતા : અમદાવાદ સહિતના શહેરોમાં આ હુમલા વિરૂદ્ધ શાંતિપૂર્ણ દેખાવો યોજાયા હતા

●વિદ્યાર્થીઓ પર હુમલા કરવા ઉપરાંત યુનિવર્સિટીની સંપત્તિને પણ વ્યાપક નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું છતાં હુમલાખોરો અંગે પોલીસ તપાસ હજુ દિશાવિહિન : અહેવાલ

(એજન્સી) નવી દિલ્હી, તા.૩



કેન્દ્રીય ગૃહ મંત્રાલયે મંગળવારે સંસદમાં માહિતી આપી હતી કે, જેએનયુ કેમ્પસ હિંસા મામલે હજુ કોઈ ધરપકડ થઈ નથી. આ ઘટના ૨૦૨૦માં બની હતી. કેટલાક માસ્કધારી ગુંડાઓ દ્વારા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ પર સશસ્ત્ર હુમલો કરવામાં આવ્યો હતો. જેમાં અનેક વિદ્યાર્થીઓને ઈજા પહોંચી હતી. જેએનયુ હિંસા અંગે સંસદમાં પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. જેના જવાબમાં ગૃહ રાજ્ય મંત્રી નિત્યાનંદ રાયે જણાવ્યું હતું કે, જાન્યુઆરી ૨૦૨૦માં થયેલી આ હિંસા મામલે દિલ્હી પોલીસ દ્વારા ત્રણ કેસો નોંધવામાં આવ્યા હતા. પણ આ કેસમાં હજુ સુધી કોઈ ધરપકડ કરવામાં આવી નથી. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે જણાવ્યું હતું કે, આ મામલે હજુ તપાસ ચાલી રહી છે. સાક્ષીઓની જુબાની લેવામાં આવી રહી છે. હિંસાના ફૂટેજ મેળવવાની અને તેને તપાસવાની કામગીરી જારી છે. તેમજ શંકાસ્પદ લોકોની પૂછપરછ પણ કરવામાં આવી રહી છે. જો કે હજુ સુધી ત્રણ પૈકી એક પણ મામલામાં ધરપકડ કરવામાં આવી નથી. અત્રે ઉલ્લેખનિય છે કે, પાંચ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ બૂકાનીધારી યુવકો અને યુવતીઓ દ્વારા જેએનયુ પર સશસ્ત્ર હુમલો કરવામાં આવ્યો હતો. આ ગુંડાઓના નિશાના પર યુનિવર્સિટીમાં ભણતાં વિદ્યાર્થીઓ હતા. તેમણે વિદ્યાર્થીઓ પર હુમલા કરવા ઉપરાંત યુનિવર્સિટીની સંપતિને નુકસાન પહોંચાડવાનું પણ કામ કર્યું હતું. પોલીસની હાજરીમાં કલાકો સુધી હિંસાનો આ નાચ ચાલ્યો હોવાનું પણ અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું. જેએનયુએસયુના પ્રમુખ આઈશી ઘોષને પણ આ હુમલામાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ હુમલા બાદ જેએનયુના વિદ્યાર્થીઓ દ્વારા કેમ્પસમાં અને કેમ્પસ બહાર મોટા પાયે દેખાવો કરવામાં આવ્યા હતા. આ હિંસા વિરૂદ્ધનું આંદોલન મુંબઈ, ચેન્નઈ, પૂણે, હૈદરાબાદ, ઓરિસ્સા, કોલકાતા અને અમદાવાદ સુધી પ્રસરી ગયું હતું.

લખનૌમાં સોશિયલ મીડિયા ઉપર હોબાળો થયા પછી, ટેક્સી ડ્રાયવરને માર મારનાર મહિલા સામે FIR નોંધાવાઈ

(એજન્સી) લખનૌ, તા.૩

ત્રણ દિવસ પહેલાં એક વીડિયો વાયરલ થયો હતો, જેમાં એક મહિલા ટેક્સી ડ્રાયવરને માર મારી રહી હતી અને બાજુમાં ઊભેલ બીજી વ્યક્તિ સાથે ગેરવર્તન કરી રહી હતી. એ મહિલા સામે આઈપીસીની કલમો ૩૯૪ અને ૪૨૭ હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો. મહિલા ઉપર ટેક્સી ડ્રાયવર પાસેથી ૬૦૦૦ રૂપિયા લૂંટવાના અને એમનો મોબાઈલ તોડવાના આક્ષેપો સાથે એફઆઈઆર નોંધવામાં આવી હતી. પીડિત સાદતઅલી સિદ્દીકીએ એફઆઈઆર નોંધાવી હતી. મહિલા દ્વારા યુવકને માર મારવાનો વીડિયો વાયરલ થયો હતો જે ઘટના સીસીટીવીમાં પણ જોઈ શકાતી હતી. આ ઘટના અંગે સોશિયલ મીડિયામાં 'અરેસ્ટ લખનૌ ગર્લ' ટ્રેન્ડ થયું હતું એ પછી પોલીસે મહિલા સામે એફઆઈઆર નોંધી હતી. સીસીટીવીમાં દેખાઈ રહ્યું છે કે, મહિલા શનિવારે રાત્રે રોડ ક્રોસ કરી રહી છે જે દરમિયાન તેની પાસે એક કાર ઓચિંતે આવીને ઊભી રહી ગઈ પણ કાર મહિલાને જરાય અડી ન હતી, તેમ છતાંય મહિલાએ પિત્તો ગુમાવ્યો અને રોડના મધ્યમાં જ ડ્રાયવરને લાફા મારી રહી હતી. આ વીડિયો કૃષ્ણનગર કોતવાલી પોલીસ સ્ટેશન વિસ્તારનો છે. અહિયા મહિલાએ ફક્ત ડ્રાયવરને માર જ નથી માર્યું પણ દરમિયાનગિરી કરનાર યુવક સાથે પણ ગેરવર્તન કર્યું હતું. આ ઘટનાના લીધે ટ્રાફિક જામ થઈ ગયું હતું. એક પોલીસવાળો બાજુમાં ઊભો હતો પણ એ ઘટનાસ્થળે ગયો નહીં. એના બદલે પોલીસ ડ્રાયવરને પકડી લઈ ગઈ અને શાંતિ ભંગ કરવા બદલ દંડ ફટકાર્યો જ્યારે મહિલાને ચેતવણી આપી જવા દીધી. જો કે, સોશિયલ મીડિયા ઉપર હોબાળો થયા પછી પોલીસે મહિલા સામે એફઆઈઆર નોંધી હતી.

૧૫ ઓગસ્ટે ઓલિમ્પિક ખેલાડી લાલ કિલ્લા પર મુખ્ય અતિથિ હશે

સંપૂર્ણ ટીમ વડાપ્રધાન મોદી સાથે મુલાકાત કરશે

(એજન્સી) નવી દિલ્હી,તા.૩

આ વખત સ્વતંત્રતા દિવસની ૭૫મી વર્ષગાંઠ ૧૫મી ઓગસ્ટે ઓલિમ્પિક રમતોમાં ભાગ લેનારા તમામ ખેલાડી લાલ કિલ્લા પર મુખ્ય અતિથિ હશે. વડાપ્રધાન મોદી સંપૂર્ણ ઓલિમ્પિક ટીમને આમંત્રણ આપશે અને વ્યક્તિગત રીતે તમામ ખેલાડીઓ સાથે મુલાકાત કરશે. લાલ કિલ્લા પર જતા પહેલા તમામ ખેલાડી વડાપ્રધાન આવાસ પર વડાપ્રધાન મોદી સાથે પણ મુલાકાત કરશે. જણાવી દઈએ કે ટોકયો ઓલિમ્પિકમાં ૧૨૦થી વધુ ખેલાડીઓ સહિત ૨૨૮ લોકોની ટીમ ભારતનું પ્રતિનિધિત્વ કરી રહી છે. વડાપ્રધાન મોદી નિયમિત રીતે ટીમને પ્રોત્સાહિત કરી રહ્યા છે અને તેમણે અનેક ખેલાડીઓ સાથે વાતચીત પણ કરી છે. વડાપ્રધાન મોદીએ આજે સવારે ભારત વિરૂદ્ધ બેલ્જિયમની હોકી મેચ પણ જોઈ. જો કે ભારતને હારનો સામનો કરવો પડયો પરંતુ પછી વડાપ્રધાને ટવીટ કરી ટીમનું મનોબળ વધાર્યું. મેચ પછી વડાપ્રધાન મોદીએ હોકી ટીમનું મનોબળ વધારતા જણાવ્યું કે હાર અને જીત જીવનનો ભાગ છે. આપણી પુરૂષ હોકી ટીમે ટોકયો ઓલિમ્પિકમાં પોતાનું બેસ્ટ પ્રદર્શન કર્યું જે મહત્વપૂર્ણ છે. ટીમને આગામી મેચ અને તેમના ભવિષ્યના પ્રયાસો માટે શુભેચ્છાઓ ભારતને પોતાના ખેલાડીઓ પર ગર્વ છે. ઉલ્લેખનીય છે કે ટોકયો ઓલિમ્પિકમાં ભારત, અત્યાર સુધી બે મેડલ જીતી ચૂકયું છે જયારે ત્રીજુ મેડલ સુરક્ષિત છે. આ વખત દેશ માટે પ્રથમ મેડલ મીરાબાઈ ચાનુએ જીત્યો. મીરાબાઈ ચાનુએ વેઈટલિફિંટગમાં સિલ્વર મેડલ જીત્યો છે તે ઉપરાંત પીવી સિંધુએ બેડમિંટનમાં દેશ માટે બ્રોન્ઝ જીત્યો ત્યાં તે ઉપરાંત ફાઈટર લવલીના બોરગોહેને ૬૯ કિગ્રા વર્ગની હરિફાઈમાં મેડલ પાકો કરી લીધો છે.

વ્હોટ્સએપનું સ્ટેટસ ફેસબૂક પર શેર કરવા ઈચ્છો છો તો અજમાવો સરળ પદ્ધતિ

(એજન્સી) તા.૩

આજકાલ બધા લોકો ઈન્સ્ટેન્ટ મેસેજિંગ એપ વ્હોટ્સએપ પર પોતાના ફોટોથી લઈને સ્ટોરી સુધીને સ્ટેટસ તરીકે લગાવે છે. આ હવે ટ્રેન્ડ બની ગયો છે. કેટલાક લોકો એવા પણ છે, જેના મનમાં પ્રશ્ન થાય છે કે, કેવી રીતે વ્હોટ્સએપ સ્ટેટસને ફેસબૂક પર શેર કરવામાં આવે છે. જાહેર છે તમે પણ સ્ટેટસ શેર કરતા હશો. આજે અમે તમને વ્હોટ્સએપ સ્ટેટસને ફેસબૂક પર શેર કરવાની પદ્ધતિ બતાવીશ.

ફેસબૂક પર આ રીતે શેર કરો વ્હોટ્સએપ સ્ટેટસ

● વ્હોટ્સએપ એકાઉન્ટ ઓપન કરો અને સ્ટેટસ પર જાવ.

● પોતાનું સ્ટેટસ અપડેટ કરો. જેવું જ સ્ટેટસ અપડેટ કરશો ત્યાં સાઈડમાં બે શેયરિંગના ઓપ્શન બતાવશે.

● તેની પર ટેપ કરો.

● હવે શેર ટુ ફેસબૂક સ્ટોરીનું ઓપ્શન દેખાશે તેની પર ટેપ કરો.

● ત્યાર પછી અલોવ પર ટેપ કરો. આટલું કરતા જ તમે સીધા ફેસબૂક પર પહોંચી જશો. અહીં શેર નાઉનો વિકલ્પ મળશે તેની પર ક્લિક કરતા જ તમારૂં વ્હોટ્સએપ સ્ટેટસ ફેસબૂક પર શેર થઈ જશે.

વ્હોટ્સએપ પેમેન્ટ ફિચર

જણાવી દઈએ કે, વ્હોટ્સએપએ પાછલા વર્ષે ૨૦૨૦માં પેમેન્ટ ફિચર જારી કર્યું હતું. તેના દ્વારા યુઝર્સ હવે ચેટિંગ, વીડિયો, કોલિંગની સાથે-સાથે ઓનલાઈન ચૂકવણી પણ કરી શકે છે. આ ફીચર વ્હોટ્સએપના ચેટ બોક્સમાં મળશે. આ પેમેન્ટ ફિચર ગૂગલ-પે, ફોન-પે અને પેટીએમ એપની જેમ જ કામ કરે છે અને તેને સખ્ત ટક્કર પણ આપે છે.

આ રીતે કરો વ્હોટ્સએપ પેમેન્ટ ફિચરનો ઉપયોગ

● વ્હોટ્સએપ ઓપન કરો.

● રાઈટ સાઈડમાં ત્રણ ડોટનો વિકલ્પ જોવા મળશે તેની પર ક્લિક કરો.

● અહીં પેમેન્ટ ઓપ્શન પર ક્લિક કરો.

● હવે પોતાની બેંકની પસંદગી કરી.

● ત્યાર પછી મોબાઈલ નંબર વેરિફાઈ કરવો પડશે.

● વેરિફિકેશનની પ્રક્રિયા પૂરી થયા પછી પોતાના ખાતાની માહિતી એન્ટર કરો.

● આટલું કર્યા પછી તમે વ્હોટ્સએપ દ્વારા ઓનલાઈન ચૂકવણી કરી શકશો.

કોરોના વાયરસ : ભારતમાં મંગળવારે ૩૦,૫૪૯ કેસો નોંધાયા; સોમવાર કરતાં ૨૪ ટકાનો ઘટાડો

(એજન્સી) નવી દિલ્હી, તા.૩

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે મંગળવારે સવારે કોરોનાના નવા આંકડા જાહેર કરી દીધા છે. જે પ્રમાણે દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩૦,૫૪૯ નવા કેસ નોંધાયા છે. જેની સામે ૩૮,૮૮૭ લોકો સાજા થયા છે. સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોનાથી ૪૨૨ લોકોનાં મોત થયા છે. દેશમાં હાલ મોતની ટકાવારી ૧.૩ ટકા છે. જ્યારે સાજા થવાનો દર ૯૭.૪ ટકા છે. નવા આંકડા જાહેર થયા બાદ દેશમાં કોરોનાના કુલ કેસની સંખ્યા ૩ કરોડ ૧૭ લાખ ૨૬ હજાર અને ૫૦૭ થઈ છે. આ સાથે જ દેશમાં સાજા થનારા લોકોની સંખ્યા ૩ કરોડ ૦૮ લાખ ૯૬ હજાર ૩૫૪ થઈ છે. દેશમાં કોરોનાથી કુલ ૪ લાખ ૨૫ હજાર ૧૯૫ લોકોનાં મોત થયા છે. કોરોનાની વેક્સીનની વાત કરવામાં આવે તો અત્યારસુધી દેશમાં કુલ ૪૭ કરોડ ૧૨ લાખ ૯૪ હજાર ૭૮૯ લોકોને વેક્સિન આપવમાં આવી ચૂકી છે. બીજી ઓગસ્ટના રોજ દેશમાં ૧૬ લાખ ૪૯ હજાર ૨૯૫ લોકોને કોરોના વેક્સિન આપવામાં આવી ચૂકી છે. દેશમાં કોરોનાને કારણે કેરળની સ્થિતિ ખરાબ થઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં કેરળમાં ૧૩,૯૮૪ નવા કેસ નોંધાયા છે. જેની સામે ૧૫,૯૨૩ લોકો સાજા થયા છે. કેરળમાં ૨૪ કલાકમાં કોરોનાથી ૧૧૮ લોકોનાં મોત થયા છે. મહારાષ્ટ્રની વાત કવરામાં આવે તો છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં ૯૦ લોકોનાં મોત થયા છે. મહારાષ્ટ્રમાં છેલ્લા ૨૪ કલાકમાં ૪૮૬૯ નવા કેસ નોંધાયા છે, જેની સામે ૮૪૨૯ લોકો સાજા થયા છે. ઓડિશામાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાથી ૬૭ લોકોનાં મોત થયા છે. અહીં ૨૪ કલાકમાં કોરોનાના ૧૦૩૨ કેસ નોંધાયા છે. સોમવારે સ્વાસ્થ્ય મંત્રાલયે જાહેર કરેલા આંકડા પ્રમાણે રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૨૨ કેસ નોંધાયા છે. જેની સામે ૨૫ દર્દીઓ સાજા થયા છે. કોરોનાથી સાજા થનાર દર્દીઓની સંખ્યામાં સતત વધારો યથાવત્ છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં કોવિડ-૧૯ના કારણે એકપણ દર્દીનું મોત થયું નથી. રાજ્યમાં કુલ મૃત્યુઆંક ૧૦,૦૭૬ થયો છે. રાજ્યમાં સાજા થવાનો દર ૯૮.૭૪ ટકા છે. અત્યારસુધીમાં ૩,૪૦,૭૬,૪૦૧ ડોઝ કોરોના વેક્સીનના આપવામાં આવ્યા છે. સોમવારે કુલ ૨,૪૯,૦૯૯ વ્યક્તિઓનું રસીકરણ થયું છે. રાજ્યમાં કોરોના વાયરસની બીજી લહેર સમાપ્ત થઈ ગઈ છે, જેના કારણે હવે ૨૦-૩૦ની વચ્ચે રોજ નવા કેસ નોંધાઈ રહ્યા છે. દરમિયાન રાજ્યમાં સોમવારે કુલ ૨૮ જિલ્લા અને ૪ મહાનગરમાં કોરોના વાયરસના શૂન્ય કેસ નોંધાયા છે. આમ શહેર હોય કે ગામ ગુજરાતમાં કોરોના કાબૂમાં છે. બીજી તરફ રાજ્યમાં હાલમાં ફક્ત ૨૫૧ એક્ટિવ કેસ છે, આ પૈકીના ૦૪ દર્દીઓ વેન્ટિલેટર પર છે. રાજ્યમાં અત્યારસુધીમાં કુલ ૮,૧૪, ૫૯૫ લોકો ડિસ્ચાર્જ થયા છે.

દિલ્હી સરકારે ધારાસભ્યોના પગાર રૂા. ૫૩,૦૦૦થી વધારી રૂા. ૯૦,૦૦૦ કરવાની પરવાનગી આપી

(એજન્સી) નવી દિલ્હી, તા.૩

દિલ્હી કેબિનેટે મંગળવારના ધારાસભ્યોના વેતન-ભથ્થામાં વધારાના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે, જે અનુસાર ધારાસભ્યોને ૩૦ હજાર રૂપિયા દર મહિને બેઝિક વેતન મળશે, જ્યારે અત્યારે ધારાસભ્યોનું દર મહિને વેતન ૧૨ હજાર રૂપિયા છે. દિલ્હી કેબિનેટ દ્વારા મંગળવારના પાસ કરવામાં આવેલા પ્રસ્તાવ અનુસાર ધારાસભ્યોને વેતન અને અન્ય ભથ્થા મળીને કુલ ૯૦ હજાર રૂપિયા દર મહિને મળશે, જ્યારે વર્તમાનમાં દિલ્હીના ધારાસભ્યોને વેતન અને ભથ્થું મળીને કુલ ૫૩ હજાર રૂપિયા દર મહિને મળે છે.

દિલ્હી ધારાસભ્યોનું નવું પ્રસ્તાવિત વેતન ભથ્થામાં બેઝિક વેતન ૩૦ હજાર રૂપિયા, ચૂંટણી ક્ષેત્ર ભથ્થુ ૨૫ હજાર રૂપિયા, સચિવાલય ભથ્થુ ૧૫ હજાર રૂપિયા, વાહન ભથ્થુ ૧૦ હજાર રૂપિયા અને ટેલીફોન ૧૦ હજાર રૂપિયા છે. દિલ્હી સરકારના સૂત્રો પ્રમાણે દિલ્હી અત્યારે પણ એ રાજ્યોમાંથી છે જે પોતાના ધારાસભ્યોને સૌથી ઓછું વેતન આપે છે. અનેક ભાજપ, કૉંગ્રેસ અને ક્ષેત્રીય પાર્ટીઓ દ્વારા શાસિત રાજ્યો પોતાના ધારાસભ્યોને ઘણું વધારે વેતન આપે છે, જ્યારે દિલ્હીમાં રહેવાનો ખર્ચ ભારતના ઘણા ભાગો કરતા વધારે છે.

આ ઉપરાંત અનેક રાજ્ય પોતાના ધારાસભ્યોને અનેક અન્ય સુવિધાઓ અને ભથ્થાઓ આપે છે, જે દિલ્હી સરકાર નથી આપતી, જેમકે રહેઠાણ ભાડા ભથ્થુ, ઓફિસનું ભાડું અને કર્મચારીઓનો ખર્ચ, ઓફિસના ઉપકરણો ખરીદવા માટે ભથ્થુ, ઉપયોગ માટે વાહન, ડ્રાઈવર ભથ્થુ વગેરે દિલ્હી સરકાર દિલ્હી ધારાસભ્યોને નથી આપતી. સૂત્રો પ્રમાણે વર્ષ ૨૦૧૫માં દિલ્હી સરકારે ધારાસભ્યોના વેતન વધારવાના કાયદાને દિલ્હી વિધાનસભાથી પાસ કરીને કેન્દ્ર સરકારને મોકલ્યો હતો. કેન્દ્ર સરકારે ધારાસભ્યોના વેતન અને ભથ્થા મામલે સૂચનો આપ્યા છે. કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવેલા સૂચનો પર દિલ્હી કેબિનેટે ચર્ચા કરીને નવા પ્રસ્તાવ પર મહોર મારી છે.

કુમાર મંગલમ બિરલાએ વોડાફોન આઈડિયાનો હિસ્સો સરકારને વેચવાની ઓફર કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૩

આદિત્ય બિરલા ગ્રુપના ચેરમેન કુમાર મંગલમ બિરલાએ દેવા હેઠળના વોડાફોન આઈડિયા લિમિટેડમાં (વીઆઈએલ)નો પોતાનો હિસ્સો સરકારને અથવા જે તેનું યોગ્ય રીતે પરિચાલન કરી શકે તેને વેચવાની ઓફર કરી. અબજોપતિ બિઝનેસમેને કેબિનેટ સચિવ રાજીવ ગૌબાને જૂનમાં લખેલ પત્રમાં આ રજૂઆત કરી હતી. સત્તાવાર માહિતી મુજબ વીઆઈએલ પાસે એડજસ્ટેડ ગ્રોસ રેવન્યુના કુલ ૫૮,૨૫૪ રૂપિયા દેણદારી છે જેમાંથી કંપનીએ રૂા.૭,૮૫૪.૩૭ કરોડ ચૂકવ્યા છે અને ૫૦,૩૯૯.૬૩ કરોડ બાકી છે. વીઆઈએલ અને ભારતી એરટેલના એજીઆર મુદ્દે સુપ્રીમ કોર્ટમાં સરકારની ગણનામાં સુધાર અંગેની અપીલ કરી જેને નામંજૂર કરવામાં આવી. પત્રમાં બિરલાએ કહ્યું કે બિરલા વીઆઈએલમાં ૨૭ ટકા હિસ્સો ધરાવે છે. એજીઆર દેણદારી અને સ્પેકટ્રમની ચૂકવણી માટે સીમિત સમય તેમજ સૌથી મહત્ત્વનું સેવાઓના દર ન્યૂનતમ કીમતથી ઉપર રાખવાની વ્યવસ્થા ના હોવાના કારણે રોકાણકારો કંપનીમાં રોકાણ કરવા ઈચ્છુક નથી. બિરલાએ ૭ જૂને લખેલ પત્રમાં જણાવ્યું હતું કે સરકાર તરફથી જુલાઈ સુધીમાં આ ત્રણે મુદ્દે તાત્કાલિક ધોરણે સહયોગ ના મળવાના લીધે વીઆઈએલની નાણાંકીય સ્થિતિ ડૂબવાના આરે પંહોચી ગઈ છે, જેને સંભાળવી મુશ્કેલ બન્યું છે. બિરલાએ કહ્યું કે વીઆઈએલ સાથે જોડાયેલ ૨૭ કરોડ ભારતીયો પ્રત્યે મારૂં કર્તવ્ય બને છે કે હું તેમના હિતમાં નિર્ણય લઉં. આથી આ બાબતને ધ્યાનમાં રાખતા મારી કંપનીની પોતાની હિસ્સેદારી સરકાર અથવા સરકારના કહેવા પર એવા એકમને સોંપવા તૈયાર છું જે તેનું પરિચાલન કરવા સમર્થ હોય. આ મુદ્દે આદિત્ય બિરલા જૂથ અથવા વીઆઈએલ તરફથી તાત્કાલિક કોઈ ટિપ્પણી કરવામાં આવી નથી તેમજ ૭ જૂન બાદ સરકાર અને બિરલા વચ્ચે કોઈપણ પ્રકારનો સંદેશાવ્યહાર થયો હોય તે જાણી શકાયું નથી. સપ્ટેમ્બર ૨૦૨૦ સુધીમાં વીઆઈએલને રૂપિયા ૨૫,૦૦૦ કરોડનું ભંડોળ એકત્રિત કરવાની મંજૂરી મળી નથી પરંતુ કંપની અત્યાર સુધી આ ભંડોળ એકત્ર કરી શકી નથી. બિરલાના પત્ર મુજબ વીઆઈએલને હજુ સુધી કોઈ ચીની રોકાણકારોએ સંપર્ક કર્યો નથી. વિદેશી રોકાણકારો કે મોટભાગે બિન-ચીન કંપનીમાં રોકાણ કરવા ખચકાટ અનુભવી રહ્યા છે.

વીઆઈએલનું માર્ચ ૩૧, ૨૦૨૧ સુધીમાં ભાડાની જવાબદારી સાથે કુલ દેવું રૂા.૧,૮૦,૩૧૦ કરોડ છે. આ રકમમાં ૯૬,૨૭૦ કરોડનું વિલંબિત સ્પેકટમ પેમેન્ટ અને એજીઆરની વિશ્વસનિયતા સાથે રૂા.૨૦,૦૮૦ કરોડનું બેન્કો અને નાણાંકીય સંસ્થા પાસેનું દેવું સામેલ છે.

એડિટર્સ ગિલ્ડની સુપ્રીમ કોર્ટમાં અરજી : પેગાસસ સ્પાયવેર વિવાદમાં SIT દ્વારા તપાસ કરાવવામાં આવે

(એજન્સી) તા.૩

એડિટર્સ ગિલ્ડ ઓફ ઈન્ડિયાએ પેગાસસ સ્પાયવેર વિવાદમાં સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) દ્વારા કોર્ટની દેખરેખ હેઠળ તપાસની માગણી કરવા માટે સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો છે.

મંગળવાર, ૩ ઓગસ્ટના અહેવાલોમાં જણાવાયું છે કે, એડવોકેટ રૂપાલી સેમ્યુઅલ, રાઘવ ટંકા અને લઝાફીર અહમદ બી.એફ. મારફતે આ અરજી દાખલ કરવામાં આવી હતી. બાર અને બેન્ચે અહેવાલ આપ્યો છે કે, આ જૂથે સર્વેલન્સ માટે સ્પાયવેરનો ઉપયોગ કરવા માટે વિદેશી કંપનીઓ સાથે કરારની વિગતો અને જે લોકો સામે આ સ્પાયવેરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો તેની વિગતો આપવા માટે કેન્દ્રને નિર્દેશ આપવાની માંગ કરી છે.

એડિટર્સ ગિલ્ડ ઓફ ઈન્ડિયાની અરજી, લાઈવલો દ્વારા ટાંકવામાં આવી છે, જેમાં કહેવામાં આવ્યું છે કે, પ્રેસની સ્વતંત્રતા સરકાર અને તેની એજન્સીઓ દ્વારા પત્રકારોના રિપોર્ટિંગમાં દખલ ન કરવા પર આધાર રાખે છે, જેમાં સ્રોતો દ્વારા સત્તાના દુરૂપયોગની તપાસ અને ભ્રષ્ટાચાર, સરકારી અસમર્થતા જાહેર કરવા અને વિરોધ કરનારાઓ સાથે વાત કરવા જેવા મુદ્દાઓનો સમાવેશ થાય છે. અરજીમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે, ભારતના નાગરિકોને એ જાણવાનો અધિકાર છે કે, શું વહીવટી સરકાર બંધારણ હેઠળ તેમની સત્તાની મર્યાદાઓનું ઉલ્લંઘન કરી રહી છે અને તેમના મૂળભૂત અધિકારોની સુરક્ષા માટે શું પગલાં લેવામાં આવ્યા છે. સંસદીય પ્રક્રિયાઓ મારફતે જવાબદારી અને બંધારણીય મર્યાદાઓ લાગુ કરવાના પ્રયાસો માટે સરકારની જવાબદારી છે. ચાર ભારતીય પત્રકારો અને એક કાર્યકર્તા સહિત પાંચ સંભવિત લક્ષ્યોએ પણ ગોપનીયતાના તેમના મૂળભૂત અધિકારની સુરક્ષા માટે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી છે. આ દરમિયાન, અન્ય વિવિધ પક્ષોએ પણ પેગાસસ સ્પાયવેર વિવાદ અંગે સુપ્રીમ કોર્ટમાં અરજીઓ કરી છે, જેમાં વરિષ્ઠ પત્રકારો એન. રામ અને શશીકુમાર તેમજ સીપીઆઈ (એમ) રાજ્યસભાના સાંસદ જોન બ્રિટસ અને એડવોકેટ એમ.એલ. શર્માનો સમાવેશ થાય છે. મુખ્ય ન્યાયાધીશ એન.વી. રમન અને ન્યાયમૂર્તિ સૂર્યકાંતની સુપ્રીમ કોર્ટની ખંડપીઠ ૫ ઓગસ્ટના રોજ પેગાસસ 'સ્નૂપગેટ'ની તપાસની માગણી કરતી અરજીઓની સુનાવણી કરશે.

પેગાસસ વિવાદ શું છે ?

ઓનલાઈન ન્યૂઝ પોર્ટલ ધ વાયર દ્વારા 'પેગાસસ પ્રોજેક્ટ' હેઠળ ૧૮ જુલાઈથી પ્રકાશિત થયેલા અહેવાલોમાં જાણવા મળ્યું છે કે, ૩૦૦થી વધુ પત્રકારો, કાર્યકરો, વિપક્ષના નેતાઓ, સરકારી અધિકારીઓ અને વર્તમાન કેન્દ્રીય મંત્રીઓ પણ ઈઝરાયેલી એનએસઓ મારફતે સર્વેલન્સના સંભવિત લક્ષ્યો હોઈ શકે છે. શુક્રવાર, ૩૦ જુલાઈએ સરકારે કહ્યું હતું કે, આ જાસૂસીના આરોપો પરનો વિવાદ કોઈ 'મુદ્દો નથી' જ્યારે વિપક્ષે સંસદમાં જવાબ માંગ્યો છે. કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી, ભૂતપૂર્વ ચૂંટણી કમિશનર અશોક લવાસા, ચૂંટણી વ્યૂહરચનાકાર પ્રશાંત કિશોર, તેમજ મહિલા કર્મચારી કે જેમણે ભારતના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ રંજનગોગોઈ અને તેમના પરિવારના કેટલાક સભ્યો સામે જાતીય સતામણીના આરોપો લગાવ્યા હતા તેઓ આ સ્પાયવેરના સંભવિત નિશાન તરીકે જાહેર થયા હતા.

જમ્મુ-કાશ્મીરના તનવીર અહેમદ ખાને IESની પરીક્ષામાં સમગ્ર ભારતમાં બીજો નંબર મેળવ્યો

તનવીરના પિતા ખેત મજૂર અને રિક્ષાચાલક તરીકે કામ કરતાં હતા : સાધારણ પરિવારમાંથી આવતાં યુવકની અસાધારણ અને આજની યુવા પેઢી માટે દાખલારૂપ સફળતા

(એજન્સી) શ્રીનગર, તા.૩

૨૬ વર્ષીય તનવીર અહેમદ ખાનની ઝળહળતી સફળતાએ કાશ્મીર ખીણને ગૌરવ અપાવવાનું અને તેની યશકલગીમાં વધારો કરવાનું કામ કર્યું છે. આ આશાસ્પદ યુવાન તનવીરે ભારતીય ઈકોનોમિક સર્વિસ (આઈઈએસ) એક્ઝામમાં સમગ્ર ભારતમાં બીજો રેન્ક મેળવ્યો હતો. આ પરીક્ષામાં સફળ થનાર તનવીર પ્રથમ કાશ્મીરી બન્યો છે. યુનિયન પબ્લિક સર્વિસ એક્ઝામ (યુપીએસસી) દ્વારા ગત

કરી રહ્યો ત્યારથી મેં આ પરીક્ષામાં સફળ થવાનું નક્કી કર્યું હતું. પણ મને સમય મળતો ન હતો. આઈઈએસ પરીક્ષા વિશે વાત કરતાં તનવીરે જણાવ્યું હતું કે, લોકડાઉન દરમ્યાન મને આ પરીક્ષાની તૈયારી કરવાનો સમય મળ્યો અને અંતે મેં તેમાં સફળતા મેળવી. આ પરીક્ષામાં ઓછી બેઠકો અને મારા મર્યાદિત સાધનો હોવાથી મારી માટે આ સરળ ન હતું. સંપૂર્ણપણે આ પરીક્ષા પર ધ્યાન કેન્દ્રીત કરવું એક જોખમ હતું. પણ લોકડાઉનને

હું મારી આ સફળતા મારા મામાને સમર્પિત કરૂં છું, જેમણે અમારા પરિવારને આર્થિક સહાય કરવાનું અને હુંફ આપવાનું કામ કર્યું હતું : તનવીર

૩૦મી જુલાઈના રોજ આઈઈએસની પરીક્ષાના પરિણામો જાહેર કરવામાં આવ્યા હતા. આ સાથે ઈન્ડિયન સ્ટેટસ્ટિક્સ સર્વિસ એક્ઝામ (આઈએસએસ) ૨૦૨૦ના પરિણામો પણ જાહેર કરવામાં આવ્યા હતા. તનવીર અહેમદ ખાન કાશ્મીરના કુલગામના નેગીનપોરા કુન્દ વિસ્તારનો રહેવાસી છે. તનવીરે સ્થાનિક સરકારી શાળામાંથી શિક્ષણ મેળવ્યું હતું. ત્યારબાદ અનંતનાગની ગર્વમેન્ટ ડિગ્રી કોલેજ બોયઝ ખાતેથી આર્ટસમાં સ્નાતકની પદવી મેળવી હતી. તનવીરે ૨૦૧૮માં કાશ્મીર યુનિવર્સિટીમાંથી અર્થતંત્રમાં માસ્ટરની ડીગ્રી મેળવી હતી. ત્યારબાદ તનવીર કોલકાતા ગયો હતો, જ્યાં તેણે આઈઈએસની તૈયારી કરવા સાથે એમફીલ કર્યું હતું. તનવીરે જણાવ્યું હતું કે, તેના પિતા ખેત મજદૂર અને રિક્ષા ચલાવવાનું કામ કરતા હતા. મારા પિતાની નિયમિતતાએ હંમેશા મને પ્રોત્સાહિત કરવાનું કામ કર્યું હતું. હું હંમેશા એક સંયુક્ત પરિવારમાં રહ્યો છું. જેથી મારા કુટુંબમાં ઘણા સભ્યો છે. હું મારી આ સફળતા મારા મામાને સમર્પિત કરૂં છું. જેમણે અમારા પરિવારને આર્થિક સહાય કરવાનું અને હુંફ આપવાનું કામ કર્યું હતું. હું તેમનો ખૂબ-ખૂબ આભારી છું. તનવીરે પોતાની આ સફળતાનો શ્રેય પોતાના અન્ય એક મામા ગુલામ નબીને પણ આપ્યો હતો, જેઓ વ્યવસાયે શિક્ષક છે. જેમણે તમામ મુશ્કેલીઓ વચ્ચે તેને ગુણવત્તાસભર શિક્ષણ આપવાનું કામ કર્યું હતું. તનવીરે જણાવ્યું હતું કે, મારા શિક્ષકોનું હંમેશા મારા જીવનમાં શ્રેષ્ઠ યોગદાન રહ્યું છે. હું વધુ અભ્યાસ માટે કોલકાતા ગયો હતો. હું માસ્ટરની તૈયારી કારણે મને સારો સમય મળ્યો હતો. મેં મારૂં સંપૂર્ણ ધ્યાન માત્ર આ પરીક્ષા પર જ કેન્દ્રીત કર્યું હતું. હું આ પરીક્ષામાં સફળતા અંગે આત્મવિશ્વાસ ધરાવતો હતો. પણ મર્યાદિત બેઠકો હોવાથી અને હું એક સ્થળેથી આવતો હતો જ્યાંથી ક્યારેય કોઈએ આ પરીક્ષા પાસ ન કરી હોવાથી હું થોડો મુંઝવણમાં હતો. તનવીરની આ સફળતાથી તેના સમગ્ર ગામમાં ખુશીનો માહોલ છે. અન્ય ગામમાંથી લોકો તનવીરને શુભેચ્છા પાઠવવા તેના ઘરે આવી રહ્યા છે. તનવીરના મામા ગુલામ નબી, તેના સ્થાનિક શિક્ષકો અને તેના નાનાએ આ સફળતા બદલ ખુશી વ્યક્ત કરી હતી. તેઓએ જણાવ્યું હતું કે, તેના પિતા પુત્રની સફળતા માટે ૨૪ કલાક કામ કરતાં હતા અને તનવીરે પણ આ સિદ્ધિ હાંસલ કરવા સખ્ત પરિશ્રમ કર્યો હતો.

મારી માહિતી મુજબ, પૂર્વ બંગાળ ISLમાં રમશે : મમતા બેનરજી

કેટલીક બાબતો અંગે બે પક્ષકારો વચ્ચે સમજૂતી થઈ નથી પણ ટૂંક સમયમાં આ મામલો ઉકેલી લેવાશે : બંગાળના મુખ્યમંત્રી

(એજન્સી) કોલકાતા, તા.૩

બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ પૂર્વ બંગાળના પ્રસંશકોને ખાતરી આપી હતી કે, ઈન્ડિયન સુપર લીગમાં રેડ એન્ડ ગોલ્ડ ટીમ રમશે. તેમણે સંકેત આપ્યા હતા કે, કલબ અને રોકાણકારો વચ્ચે સમજૂતીને ચાલી રહેલી મડાગાંઠ ટૂંક સમયમાં ઉકેલાઈ જશે. કરાર અંગે ચર્ચા ચાલી રહી છે. કેટલીક બાબતો છે જેની પર સંમતિ થઈ રહી નથી અને બે પાર્ટીઓ વચ્ચે કેટલાક મતભેદો છે પણ મને આશા છે કે, મળતી માહિતી મુજબ પૂર્વ બંગાળ આઈએસએલમાં રમશે. નેતાજી ઈન્ડોર સ્ટેડિયમ ખાતે ખેલા હોબે દિવસ પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં મમતાએ ઉક્ત વાત જણાવી હતી. અત્રે ઉલ્લેખનિય છે કે ગત સપ્ટેમ્બરમાં મમતાએ પડદા પાછળ રહી પૂર્વ બંગાળના રોકાણકાર તરીકે શ્રી સિમેન્ટ લિ.ને લાવવાની ભૂમિકા ભજવી હતી. આમ દેશની ટોચની ફૂટબોલ કલબમાં આ ટીમના સામેલ થવાનો માર્ગ નાટયાત્મક રીતે મોકળો બન્યો હતો. જો કે તે સમયે બે પક્ષકારો દ્વારા થયેલી સમજૂતી હજુ સુધી અમલમાં આવી શકી નથી. કેમ કે, કલબ દ્વારા આ કરારમાં કેટલાક સુધારા કરવાની માગણી કરવામાં આવી છે અને જણાવવામાં આવ્યું હતું કે, આ કરારની કેટલીક શરતો કલબના ખેલાડીઓનું અપમાન કરનારી છે. અલબત્ત બંગાળના મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, કરાર મામલે જારી મતભેદ ઉકેલવા માટે કલબે નરમ વલણ અપનાવ્યું છે. મમતાએ જણાવ્યું હતું કે, ગત વખતે મે આ મામલે કોઈ હસ્તક્ષેપ કર્યો ન હતો, કેમ કે મારી પાસે કોઈ

વિકલ્પ ન હતો. પણ આ વખતે મે એ વાતની ખાતરી કરી છે કે, આ સ્પર્ધામાં બંગાળ તરફથી અન્ય એક ટીમ હશે. મમતાએ જણાવ્યું હતું કે, આ એ સમય છે જ્યારે તમામ વસ્તુ બરાબર થશે. જો કે રોકાણકાર માટે એ સરળ વાત નથી કે, તેઓ પાંચ વર્ષ માટે કોઈ જવાબદારી ઉપાડે. રોકાણકારો દ્વારા લગભગ રૂા. ૫૦ કરોડ જેટલો ખર્ચ કરવામાં આવશે. અલબત્ત લાંબી સમજાવટ બાદ શ્રી સિમેન્ટ લિમિટેડે કલબમાં રોકાણ કરવાની સંમતિ દર્શાવી હતી. પૂર્વ બંગાળે પણ નરમ વલણ અપનાવવું પડશે જેથી આ કરાર માટેનો માર્ગ મોકળો બની શકે.

થાણે : મમતાની એકાઉન્ટ ડીફ્રિઝ કરવાની અરજી ફગાવી દેવામાં આવી

(એજન્સી) થાણા, તા.૩

અહીંની ખાસ નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ એક્ટ (એનડીપીએસ) કોર્ટે ભૂતપૂર્વ બોલીવુડ અભિનેત્રી મમતા કુલકર્ણીના તેમના બેંક ખાતા અને એફડી ડિફ્રિઝ કરવા તેમજ અંધેરીમાં બે ફલેટને સીલ કરવાની અરજી ફગાવી દીધી છે. ૨,૦૦૦ હજાર કરોડના ડ્રગ્સ કેસમાં ખાતા અને પ્રોપર્ટી સીલ કરવામાં આવ્યા હતા. એડિશનલ સેશન્સ જજ રાજેશ એસ ગુપ્તા કે જેઓ સ્પેશિયલ એનડીપીએસના જજ પણ છે તેમણે ગત સપ્તાહે આ આદેશ આપ્યા. પોતાની અરજીમાં કુલકર્ણીએ તેના વકિલ મારફતે રજૂઆત કરી હતી કે તે એક ભારતીય નાગરિક છે અને તેને આ કેસમાં ખોટી રીતે સંડોવવામાં આવેલ છે. તેણીએ કહ્યું કે તે તેના પરિવારની એકમાત્ર કમાણી કરનાર વ્યક્તિ છે અને તેને તેની બહેન માનસિક સ્વાસ્થ્યથી પીડાતી હોવાથી તેના પાલનપોષણની જવાબદારી પણ તેના શિરે છે. તેણીએ વધુમાં રજૂઆત કરી હતી કે તેના છ બેંક ખાતા અને ત્રણ એફડી સ્થગિત કર્યા હોવાથી તે બહેનના તબીબી ખર્ચને પંહોચી વળવા અસમર્થ છે. તેણીએ માંગ કરી હતી કે અંધેરીમાંના તેના



ફલેટને સીલ કરવામાં આવ્યો છે જેનો ઉપયોગ તે તેની બહેનની સારવાર માટે કરતી હતી કેમકે તે વધુ સુવિધાયુક્ત હતો. સરકારી વકીલે ધ્યાન દોર્યું કે આરોપીએ ગુનામાં સક્રિય ભૂમિકા ભજવી હતી જેના બદલ આ કેસમાં તેની પર ચાર્જશીટ કરવામાં આવી હતી. તે આ એપ્રિલ ૧૨, ૨૦૧૬માં કેસ નોંધાયો ત્યારથી ફરાર થઈ કેન્યા ભાગી ગયેલ છે. ફરિયાદીએ આગળ રજૂઆત કરી હતી કે આરોપીને પાછા લાવવાના તમામ પ્રયાસ નિષ્ફળ ગયા હતા. કોર્ટ દ્વારા આરોપીને અનેકવાર નોટિસ આપવા છતાં તે ક્યારે પણ કોર્ટ સમક્ષ કે તપાસ એજન્સી સમક્ષ ઉપસ્થિત નથી રહ્યા. તેથી તેમના બેંક ખાતા ફ્રિઝ કરવામાં આવ્યા અને આરોપીની માલિકીનો ફલેટ સીલ કરવામાં આવ્યો હતો. ફરિયાદીએ કોર્ટનું ધ્યાન દોર્યું હતું કે જો આરોપીની આ અરજી મંજૂર કરવામાં આવશે તો આરોપી ક્યારેય કોર્ટ કે એજન્સી સમક્ષ ઉપસ્થિત થશે નહિ. કોર્ટે બંને પક્ષનો સાંભ્યા બાદ ન્યાયધીશે આરોપી દ્વારા કરવામાં આવેલ અરજી ફગાવી દેતા કહ્યું કે આરોપી કોર્ટ સમક્ષ તેમજ તપાસ એજન્સી સમક્ષ હાજર ના થયો હોવાથી તથ્યો અને પરિસ્થિતિ જોતાં મને બેંક ખાતા ડિફ્રિઝ અને ફલેટને ડિ-સીલ કરવા કોઈ નક્કર કારણ દેખાતું નથી.

ટાઈમ્સઓફઈન્ડિયાએ આ કેસ પર સૌ પ્રથમ વખત રિપોર્ટ આપ્યો હતો. ૧૪, એપ્રિલ ૨૦૧૬માં ક્રાઈમ બ્રાન્ચે સોલાપુર અને થાણે અને અમદાવાદના અન્ય સ્થળોએ એવન લાઈફ સાયન્સિસ નામની ફાર્માસ્યુટિકલ ફેકટરીમાંથી ૨૦ ટન એફેડ્રિન અને ૨.૫ ટન એસેટિક એનહાઈડ્રાઈડ જપ્ત કર્યા હતા. જેમાં તપાસમાં મમતા કુલકર્ણી, તેના પતિ વિકી ગોસ્વામી સહિત કેન્યા સ્થિત ડ્રગ માફિયાની સંડોવણી સામે આવી હતી.

રાહુલ ગાંધીની વિપક્ષના નેતાઓ સાથે મુલાકાત

વિપક્ષ એક થશે તો RSS-ભાજપ દબાવી નહીં શકે : રાહુલ

રાહુલના આમંત્રણ પર ૧૪ જેટલા વિરોધી દળોના નેતા બેઠકમાં હાજર રહ્યા, બસપા-આપના કોઈ નેતા બેઠકમાં સામેલ ન થયા

(એજન્સી) નવી દિલ્હી, તા.૩

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ આજે સવારે બ્રેકફાસ્ટ માટે વિપક્ષી પાર્ટીઓના નેતાઓને આમંત્રણ આપ્યુ હતુ. આ બેઠકમાં ૧૪ પાર્ટીઓના નેતા સામેલ થયા હતા. જેમાં શિવસેના, એનસીપી, ટીએમસી આરજેડી જેવા પક્ષોનો સમાવેશ થતો હતો .રાહુલ ગાંધીએ આ દરમિયાન વિપક્ષી નેતાઓને કહ્યું હતું કે, જો આપણે વિપક્ષ તરીકે એકતા જાળવીશું તો આરએસએસ અને ભાજપ આપણને દબાવી નહીં શકે. આમ તો બેઠક માટે ૧૬ પક્ષોને આમંત્રણ આપવામાં આવ્યું હતું. જોકે બસપા અને આમ આદમી પાર્ટીના કોઈ નેતા આ બેઠકમાં સામેલ થયા નહોતા. તેમની ગેરહાજરી અંગેનું કારણ ખબર પડી નથી. કોંગ્રેસના નેતા મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું

હતું કે, સંસદમાં સરકારને ઘેરવાની રણનીતિ પર ચર્ચા કરવા માટે બેઠક બોલાવવામાં આવી હતી. તમામ પાર્ટીઓ એક છે. ઉલ્લેખનીય છે કે, બેઠક બાદ રાહુલ ગાંધીએ અન્ય નેતાઓ સાથે સંસદ સુધી સાયકલ માર્ચ કરીને પેટ્રોલ ડીઝલના વધી રહેલા ભાવ અને મોંઘવારીનો વિરોધ કર્યો હતો.

માંજો બનાવવામાં ૭૩ વર્ષથી એકચક્રી શાસન ચલાવનાર મનસૂરખાન જન્નતનશીન

હૈદરાબાદના 'માંજા મેન' પ્રેમાળ યાદગીરી બન્યા

મશહૂર હૈદરાબાદી માંજો બનાવતા મોહંમદ મનસૂરખાનના જનાઝામાં સેંકડો લોકો નાત-જાતના ભેદભાવ વિના ઉમટી પડ્યા, પતંગના રસીકો તથા વેપારીઓ શોકમાં ડૂબ્યા

(એજન્સી) હૈદરાબાદ, તા.૩

હૈદરાબાદના માંજા મેકર તરીકે પ્રખ્યાત મોહંમદ મનસૂરખાન હવે માત્ર યાદો બની ગયા છે. ૯૦ વર્ષના માંજા મેને રવિવારે પોતાના અંતિમ શ્વાસ લીધા હતા ત્યારે હૈદરાબાદ ઓલ્ડ સિટી ખાતેના દબીરપુરામાં આવેલી માતા કી ખીડકીમાં આવેલા મંજુ માયા કા તબેલાના તેમના મકાનમાં તમામ પરિવારજનો હાજર હતા. તેમના સાત પુત્રો અને એક દીકરી છે. મનસૂરખાન જ્યાં રહે છે ત્યાં રહેતા વેપારી મોહંમદ હફીઝે કહ્યું કે, તેઓ ખરેખર મારા પ્રિય હતા અને હું મનસૂરખાન દ્વારા બનોવલ માંજા જ વાપરતો હતો. તેમને હું મારા બાળપણથી માંજા બનાવતા જોવું છું. તેમનું મૃત્યુ મારા અને ઘણા અન્યો માટે દુઃખભરી ઘડી છે. મનસૂરખાનને માંજા બનાવવામાં મદદ કરતા ત્રણમાંથી એક દીકરો મોહંમદ જાવેદે કહ્યું કે, ગયા અઠવાડિયે જ અમે આ વર્ષે માંજા કઈ રીતે બનાવવો તેની ચર્ચા કરી હતી. અનેક શાળા અને કોલેજો બંધ હોવાથી યુવાઓ હવે પતંગો ચગાવવા માટે જાન્યુઆરીની રાહ નહીં જુએ અને વહેલા ચગાવશે જ્યારે જાન્યુઆરીમાં આ ઉત્સવ આવે છે. ઘણા પ્રશંસકો માટે મનસૂરખાન માંજાના સંરક્ષકથી ઓછા ન હતા સાથે જ તેઓ પતંગ ચગાવવાની

પરંપરામાં વપરાતા દોરાને ગમ, કાચના ભૂકા અને એલોવેરાથી ધારદાર બનાવવામાં નિપૂણ હતા. જો કે, ચાઈનીઝ દોરીની પરંપરા વધતાં મનસૂરખાનનો ધંધો મંદ પડ્યો હતો. જો કે, પતંગ વેચનારી દરેક દુકાનોના વેપારી તેમની પાસેથી માંજો ખરીદવા માટે રાજ્યભરમાંથી આવતા હતા. પતંગના શોખીન ડેક્કન હેરિટેજના મેનેજિંગ ટ્રસ્ટી મોહંમદ સૈફુલ્લાહે કહ્યું કે, હું મનસૂરખાન સાહબ પાસેથી જ માંજો ખરીદતો હતો જેઓ માંજો બનાવવા માટે સમગ્ર હૈદરાબાદમાં વિખ્યાત હતા. અમારા નંબર માટે અમારે કલાકો સુધી રાહ જોવી પડતી હતી, જ્યારે આગળની વ્યક્તિ સંપૂર્ણ રીતે માંજો ખરીદે પછી જ નંબર આવતો. હું તેમની પાસેથી ગંધક માંજો ખરીદતો હતો. તેમના મૃત્યુ સાથે દરેક સમાજ માટે સેવા આપતી વ્યક્તિને ગુમાવ્યા છે પછી તે મોટા હોય કે નાના બાળકો તેઓ પતંગ ચગાવવાને વધુ ઉત્સાહજનક બનાવતા હતા. જાવેદખાને કહ્યું કે, તેઓ ૭૩ વર્ષથી માંજો બનાવતા હતા. મારા પિતાએ ૧૭ વર્ષની ઉમરમાં જ કામ શરૂ કર્યું હતું અને ક્યારેય બંધ કર્યું નહીં. તેમની પુત્રવધુ મોહંમદી બેગમે કહ્યું કે, તેઓ પ્રેમાળ અને દયાળુ હતા, દરેક સાથે હંમેશા મૈત્રી રાખતા અને બાળકોને પ્રેમ કરતા, તેઓ બાળકોને પતંગ ચગાવવા પ્રોત્સાહન આપતા હતા. ગુલઝાર હૌઝ ખાતે છેલ્લા ૫૦ વર્ષથી પતંગનો ધંધો કરતા વેણુગોપાલ બજાજે કહ્યું કે, પતંગ ચગાવવા માટે મનસૂરખાનનો માંજો સૌથી સારો છે, એક સજ્જન વ્યક્તિ. ઘણા બધા લોકો હૈદરાબાદી માંજાની માંગ કરે છે. તેમના પુત્ર જાવેદખાને કહ્યું કે, મારી ઉંમર ૫૫ વર્ષની છે અને હું ૧૨ વર્ષનો હતો ત્યારથી મારા પિતા સાથે ધંધામાં છું. મેં માંજાની આવી લોકપ્રિયતા જોઈ નથી અને બડા કબ્રસ્તાનમાં તેમની દફનવિધિમાં સેંકડો લોકો ઉમટી પડ્યા હતા.

દેશભરની ખાનગી હોસ્પિટલો દ્વારા ખરીદવામાં આવતી રસીઓ વિશે કોઈ ડેટા ઉપલબ્ધ નથી : મોદી સરકાર

(એજન્સી) તા.૩

કેન્દ્ર સરકારે જણાવ્યું છે કે, તેની પાસે દેશભરમાં ખાનગી હોસ્પિટલો દ્વારા ખરીદવામાં આવતી રસીઓનો કોઈ ડેટા નથી. આ જવાબ એવો પ્રશ્ન ઊભો કરે છે કે, સરકાર ખાનગી હોસ્પિટલો માટે રસીઓ ખરીદવા માટે ૨૫% અને રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો માટે ૭૫% તેની પોતાની માર્ગદર્શિકાનું પાલન કેવી રીતે કરી રહી છે. RTI કાર્યકર્તા કન્હૈયાકુમારે માહિતીના અધિકાર કાયદાનો ઉપયોગ કરીને પૂછેલા પ્રશ્નોના જવાબમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય (MoH & FW) તરફથી આ માહિતી જાહેર કરવામાં આવી હતી. કેન્દ્રીય મંત્રાલયે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, તમામ સ્રોતો દ્વારા અત્યાર સુધી રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોને ૪૮.૬૪ કરોડ ડોઝ પૂરા પાડવામાં આવ્યા હોવા છતાં અમુક ટેટાનો અભાવ છે. તદુપરાંત, ૩.૧૪ કરોડ બેલેન્સ અને બિનઉપયોગી કોવિડ રસી ડોઝ હજુ પણ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો અને ખાનગી હોસ્પિટલો પાસે ઉપલબ્ધ છે. સરકારની સુધારેલી માર્ગદર્શિકા અનુસાર, મોટી અને નાની ખાનગી હોસ્પિટલો અને પ્રાદેશિક સંતુલનને ધ્યાનમાં રાખીને રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો ખાનગી હોસ્પિટલોની માંગને એકત્રિત કરશે. આ એકત્રિત માંગના આધારે, ભારત સરકાર ખાનગી હોસ્પિટલોને આ રસીઓની સપ્લાય અને નેશનલ હેલ્થ ઓથોરિટીના ઈલેક્ટ્રોનિક પ્લેટફોર્મ દ્વારા તેમની ચૂકવણીની સુવિધા આપશે. આ એ સુનિશ્ચિત કરવા માટે છે કે, 'નાની અને દૂરસ્થ ખાનગી હોસ્પિટલો રસીઓનો સમયસર પુરવઠો મેળવવા માટે વધુ ન્યાયી એક્સેસ પ્રદાન કરવામાં આવે અને પ્રાદેશિક સંતુલન જળવાઈ રહે.' સરકારની માર્ગદર્શિકા જણાવે છે કે, દેશમાં ઉત્પાદકો દ્વારા ઉત્પાદિત ૭૫% રસીઓ પોતે ખરીદશે અને રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોને વિનામૂલ્યે પૂરી પાડવામાં આવશે. આ રાષ્ટ્રીય રસીકરણ કાર્યક્રમની શરૂઆતથી જ નક્કી કરવામાં આવ્યું છે. આ ડોઝ સરકારી રસીકરણ કેન્દ્રો દ્વારા પ્રાથમિકતા મુજબ તમામ નાગરિકોને રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો દ્વારા મફતમાં આપવામાં આવશે. તમામ ખાનગી હોસ્પિટલોએ રસી મેળવવા માટે કોવિન વેબસાઈટ પર ખાનગી કોવિડ રસીકરણ કેન્દ્ર (PCVC) તરીકે નોંધણી

કરાવવી પડે છે, જેનાથી સરકારનો આ ડેટા ખોટો હોવાનો દાવો કરવામાં આવે છે. સરકારે ખાનગી હોસ્પિટલમાં ઓર્ડર કરી શકે તેવા મહત્તમ ડોઝ પર મર્યાદા લગાવી હતી, જેમાં જણાવ્યું હતું કે, ખાનગી હોસ્પિટલમાં વપરાશનો અંદાજ અગાઉના મહિનામાં CVCની પસંદગીના સપ્તાહ દરમિયાન દૈનિક સરેરાશ વપરાશને ગુણાકાર કરીને કરી શકાય છે. મંજૂરી માત્ર CoWIN પર જ આપવામાં આવે છે, અને રસીના ડોઝ માટે ચૂકવણી પણ નેશનલ હેલ્થ ઓથોરિટી પોર્ટલ (NHA) દ્વારા ઈલેક્ટ્રોનિક રીતે કરવી પડશે, ત્યારબાદ ઓર્ડરની પ્રક્રિયા કરવામાં આવશે. રસીકરણ અભિયાન ચલાવતી ૪૭,૬૭૯ સાઈટ્સમાંથી ૨૪૮૫ ખાનગી હોસ્પિટલો અને ક્લિનિક્સ દ્વારા ચલાવવામાં આવે છે. પરંતુ, તાજેતરમાં આરોગ્ય સચિવ રાજેશ ભૂષણે કહ્યું હતું કે, કેટલાક ખાનગી રસીકરણ કેન્દ્રોએ તેમના માટે નિર્ધારિત ૨૫% માટે કોઈ ઓર્ડર આપ્યો નથી. તેમણે ભાર મૂક્યો હતો કે, ખાનગી કેન્દ્રો દ્વારા કોવિડ-૧૯ રસીકરણની ધીમી ગતિએ 'ગંભીર ચિંતાનું કારણ' છે. ખાનગી ક્ષેત્ર દ્વારા ડોઝની ખરીદીમાં ડેટા અને પારદર્શિતાનો આ અભાવ છે અને સરકારી હોસ્પિટલોમાં રસીઓની અછત છે, જ્યાં રસીઓ વિનામૂલ્યે આપવામાં આવે છે. આ રાજ્યોને રસી પુરવઠાની દ્રષ્ટિએ અસમાનતા સૂચવે છે. ખાનગી હોસ્પિટલોમાં આપવામાં આવેલા ડોઝની સંખ્યા જાણવાની જરૂર છે કારણ કે, માત્ર ૬%થી ઓછી વસ્તીને રસી આપવામાં આવી છે. રસીની આ અછતને કારણે દિલ્હીમાં ૩૧ જુલાઈ સુધી સરકારી કેન્દ્રો પર સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા દ્વારા ઉત્પાદિત કોવિશિલ્ડનો પ્રથમ ડોઝ આપવાનું બંધ કરવાની ફરજ પડી હતી. ૧ ઓગસ્ટ, ૨૦૨૧ના રોજ, સરકારે સરકારી કેન્દ્રોને કોવિશિલ્ડના પ્રથમ ડોઝ ફરી શરૂ કરવાની સૂચના આપી હતી. સરકારી કેન્દ્રોમાં રસીની અછત છે અને રસીઓની ઉચ્ચ કિંમતને કારણે રાષ્ટ્રીય રાજધાનીમાં પેઈડ રસી લેનારા ઓછા લોકો હતા. કોવિશિલ્ડના એક ડોઝની કિંમત ૭૮૦ રૂપિયા અને કોવાક્સિનની કિંમત ૧૪૧૦ રૂપિયા છે, જે મોટા ભાગના ભારતીયો માટે મોંઘી છે અને મોટાભાગના લોકો મફત રસીઓ લેવાનું પસંદ કરી રહ્યા છે.

તમિલનાડુમાં, ખાનગી હોસ્પિટલોએ માત્ર ૫ લાખ ડોઝ ખરીદ્યા છે જો કે, જુલાઈ માટે તેમની ફાળવણી ૧૭ લાખ ડોઝ હતી. રાજ્ય સરકારે CSR ફંડનો ઉપયોગ કરીને બાકીના ૧૨ લાખ ડોઝ ખરીદ્યા અને લોકોને મફતમાં આપ્યા હતા. તમિલનાડુએ કેન્દ્ર સરકારને ખાનગી હોસ્પિટલો માટે ૨૫% ક્વોટા ઘટાડીને ૧૦% કરવાની વિનંતી કરી હતી, પરંતુ તેને ઠુકરાવી દેવામાં આવી હતી. રાજસ્થાનમાં ખાનગી હોસ્પિટલોને ૧૬.૩ લાખ ડોઝ ફાળવવામાં આવ્યા હતા, પરંતુ તેઓ મહિનામાં માત્ર ૨.૨ લાખ ડોઝનો ઉપયોગ કરી શક્યા. મે મહિનાથી રાજ્યની ખાનગી હોસ્પિટલોમાં માત્ર ૩.૫ લાખ ડોઝ આપવામાં આવ્યા છે. કોંગ્રેસે જૂન ૨૦૨૧માં માંગ કરી હતી કે, તમામ નાગરિકોને સરકારી અને ખાનગી હોસ્પિટલો અને કેન્દ્રોમાં રસીકરણ મફત કરવું જોઈએ. સરકારની નીતિ પર સવાલ ઊઠાવતા કોંગ્રેસના નેતા જયરામ રમેશે કહ્યું હતું કે, સરકારે રાજ્યો સાથે પરામર્શ કરીને પારદર્શક ફાળવણી ફોર્મ્યુલા તૈયાર કરવી જોઈએ અને રસી વિતરણમાં કોઈ ભેદભાવ ન હોવો જોઈએ. ભારત સરકાર સંસદના પ્રશ્નોના જવાબોમાં કહી રહી છે કે, તેની પાસે બીજા કોવિડ-૧૯ તરંગ દરમિયાન ઓક્સિજનની અછતને કારણે થયેલા મૃત્યુનો ડેટા નથી, કોવિડ-૧૯ના કારણે મૃત્યુ પામેલા આરોગ્ય કર્મચારીઓની સંખ્યાનો કોઈ ડેટા નથી, રોગચાળામાં લોકડાઉનને કારણે જીવ ગુમાવનારા સ્થળાંતરકારોની સંખ્યા, કેટલા સ્થળાંતરકારોએ નોકરી ગુમાવી, રોગચાળાને કારણે પોલીસ કર્મચારીઓના મૃત્યુ અંગેનો કોઈ ડેટા નથી, અસંગઠિત ક્ષેત્રનો કોઈ ડેટા નથી, પ્લાઝમા બેંકોનો કોઈ ડેટા નથી અને દેશમાં સફાઈ કામદારોના મૃત્યુનો કોઈ ડેટા નથી, આમ જરૂરી ડેટા વગર વળતરનો પ્રશ્ન જ ઊભો થતો નથી. સરકારે એ પણ કહ્યું છે કે, ખેડૂતોના વિરોધ દરમિયાન કેટલા ખેડૂતોએ પોતાનો જીવ ગુમાવ્યો છે તેની કોઈ માહિતી નથી અને વિદેશમાં રહેલા કાળા નાણાં અંગે પણ કોઈ માહિતી નથી.

દહેજની એસઆરએફ કંપનીમાં ધડાકાભેર ટેન્ક ફાટતા એક કામદારનું મોત : બેને ગંભીર ઈજા

દહેજની એસઆરએફ કંપનીમાં થયેલ બ્લાસ્ટમાં મોતને ભેટેલ વાગરાનો ઝુબેર રાણાના પરિવારજનોની મુલાકાતે કંપની કર્મીઓ પહોંચ્યા હતા. જે તસવીરમાં નજરે પડે છે. ઈન્સેટ તસવીરમાં મૃતક ઝુબેર રાણાની ફાઈલ તસવીર.
(તસવીર : સૈયદ અમજદ, વાગરા)

વાગરા, તા.૩

વાગરાના દહેજ ઔદ્યોગિક વસાહતમાં આવેલ એસઆરએફ કંપનીમાં ઉત્પાદન પ્રક્રિયા દરમિયાન ટેન્કમાં બ્લાસ્ટ થતા એક કામદારનું મોત નીપજ્યું હતું. જ્યારે બે ઈજાગ્રસ્તોને ગંભીર ઈજાઓને પગલે વડોદરા ખાતે રીફર કરાયા હતા. દહેજ સ્થિત ફલોરોકાર્બન રેફ્રિજરેટન્ટ ગેસનું ઉત્પાદન કરતી મલ્ટી નેશનલ કંપની એસઆરએફના પી-૨ પ્લાન્ટમાં સલ્ફ્યુરીક એસિડની ટાંકીમાં રાસાયણિક પ્રક્રિયા દરમિયાન એકાએક ભારે દબાણ સર્જાતા ટેન્ક ધડાકાભેર ફાટયું હતું. બ્લાસ્ટને કારણે ઉડેલા ફુવારાથી ત્રણ કામદારો ગંભીર રીતે દાઝ્યા હતા. જે પૈકી વાગરાના ઝુબેર અબ્બાસ રાણાનું ભરૂચની ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

જ્યારે ગંભીર રીતે ઘાયલ રાજેન્દ્ર સિંહ જસવંત સિંહ પરમાર તેમજ ગુપીયા બબનપ્રસાદ ગુપ્તાને વધુ સારવાર માટે વડોદરાની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે રીફર કરવામાં આવ્યા હતાં.દુર્ઘટનાને પગલે દહેજ પોલીસ તેમજ ફાયર એન્ડ સેફટી વિભાગ દ્વારા તપાસના ચક્રો ગતિમાન કરાયા છે. નોંધનીય છે કે મલ્ટી નેશનલ કંપની એસઆરએફના દહેજ યુનિટ ખાતે વાર્ષિક ૫૦૦૦૦ મિલિયન ટન ફ્લોરોકાર્બન રેફ્રિજરેટન્ટ ગેસનું ઉત્પાદન કરવામાં આવી રહ્યું છે. જેની ક્ષમતા વધારી ૧૫૦૦૦ એમ.ટી.પી.એ. કરવા સારૂ ગત ૨૮મી જુલાઈએ જ રૂપિયા ૫૫૦ કરોડના વિસ્તરણ પ્રોજેકટની જાહેરાત કરવામાં આવી હતી. વિસ્તરણ પ્રક્રિયા ૨૦૨૪ સુધીમાં સંપન્ન થવાની માહિતી અંગત આધારભૂત સૂત્રો પાસેથી સાંપડી છે.

કંપની દ્વારા માનવતાના ધોરણે રૂપિયા ૪૦ લાખની સહાયની જાહેરાત

દહેજની એસઆરએફ કંપનીમાં બોઈલર ફાટતા અકસ્માતનો ભોગ બનનાર મૃતક ઝુબેર રાણાના પરિવારને માનવતાના ભાગરૂપે રૂપિયા ચાલીસ લાખની સહાય આપવાની જાહેરાત કરવામાં આવી હતી. તેના માટે કંપનીના ઉચ્ચ અધિકારીઓ મૃતક ઝુબેર રાણાના ઘરે વાગરા પહોંચ્યા હતા. જ્યા તેઓએ પરિવારજનોની વિગતો મેળવી ચેક ઈસ્યુ કરવા માટે આગળની વિધિ હાથ ધરવામાં આવી હતી. જો કે કંપની તરફથી મદદ આપવાની જાહેરાત કરવા સાથે અકસ્માત વળતરની રકમ તેમજ સરકારી સહાય આપવાની બાકી રહેતી હોવાની વિગતો જાણવા મળી રહી છે. અત્રે નોંધનીય છે કે, મૃતકના પરિજનોને આર્થિક મદદ માટે ભરૂચ જિલ્લા કોંગી પ્રમુખ પરિમલ સિંહ રાણા તેમજ જોલવાના સુલેમાન પટેલ ઉપરાંત વાગરાના સ્થાનિક અગ્રણીઓ ગુલામ ડિશવાળા અને મૈયુદ્દીન રાહીએ ઉગ્ર રજૂઆતો કરતા કંપનીએ સહાય આપવા તૈયારી દર્શાવી હતી.

કોટન કિંગ ગણાતા કરજણ તાલુકામાં વ્યાપક અસર, પાકોની વૃદ્ધિ અટકી

કાનમ પ્રદેશના કપાસ પર રસાયણ હુમલો ? હજારો એકરમાં પાકને ગંભીર અસર

(સંવાદદાતા દ્વારા)

પાલેજ, તા.૩

કોટન કિંગ ગણાતા કરજણ તાલુકામાં રસાયણ હુમલો થયો છે. હજારો એકર જમીનમાં ઉભા પાક ઉપર અદ્રશ્ય કેમિકલની અસર થતાં પાકની વૃદ્ધિ અટકી પડી છે જેના કારણે ખેડૂતોમાં રોષ જોવા મળી રહ્યો છે. માજી ધારાસભ્ય સતીષભાઈ પટેલ નિશાળીયાએ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ કરજણ ખાતે આ અંગે તાત્કાલિક ખેડૂતો સાથે મીટિંગ કરી હતી તેમજ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી રૂપાણીને રજૂઆત કરતાં તારીખ ૩જી ઓગસ્ટના રોજ આણંદ કૃષિ યુનિવર્સિટીના તજજ્ઞો તેમજ પ્રદૂષણ વિભાગના અધિકારીઓએ કરજણ તાલુકાના જીથરડી ગામની મુલાકાત લઈ ખેતીવાડીનું નિરીક્ષણ કર્યું હતું. કરજણ તાલુકાના જીથરડી ગામે માજી ધારાસભ્યની રજૂઆતના પગલે આણંદ કૃષિ યુનિવર્સિટીના તજજ્ઞો તેમજ પ્રદૂષણ બોર્ડના અધિકારીઓએ ખેડૂતો સાથે ખેતરોમાં જઈ તેમજ અન્ય પાકોનું નિરીક્ષણ કર્યું હતું. યુનિવર્સિટીના આણંદના તજજ્ઞો પ્રો.બી ડી પટેલ / ડો.કે.સી .પટેલ./ડો.બી આર પટેલ /ડો.એસ .એચ.પટેલ એકર્યું હતું પ્રદૂષણ વિભાગના અ ા . એ ન્જિ નિ યર હેનલપાદરીયા/ તેમજ વૈજ્ઞાનિક અધિકારી પર્યાવરણ વિભાગના આર આર બડગુજર/જિલ્લા ખેતી વાડી અધિકારી વસાવા /તેમજ મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા ખેડૂતોને કપાસના પાક ઉપર થઈ રહેલ ગંભીર અસર અંગે રજૂઆત પણ કરી હતી. છોડની વૃદ્ધિ ન થાય એ ખૂબ જ ગંભીર બાબત હોવાનું રજૂઆતમાં જણાવ્યું હતું.

ગરીબોને પૂરતા પ્રમાણમાં અનાજ ફાળવવા આવેદન અપાયું

વંથલી કોંગ્રેસે ભાજપ સરકારની નિષ્ફળતા સામે સૂત્રોચ્ચાર કરી રેલી કાઢી

જૂનાગઢ, તા.૩

વંથલી શહેર અને તાલુકા કોંગ્રેસ દ્વારા વર્તમાન ભાજપ સરકારની શિક્ષણ, આરોગ્ય, મોંઘવારી સહિત તમામ ક્ષેત્રે નિષ્ફળતાઓના પરિણામે જન જીવન ખોરવાઈ જતાં અને પેટ્રોલ, ડીઝલ અને રાંધણ ગેસના વધતા જતાં ભાવ સામે રોષ પૂર્ણ રેલી કાઢી ભાજપ સરકારની નિષ્ફળતા સામે સૂત્રોચ્ચાર કરાયા હતા. ગુજરાત રાજ્યમાં લોકોની સુખાકારી, પ્રજાલક્ષી કાર્યો કરવાના ભાજપ સરકાર સરેઆમ નિષ્ફળ નિવડતા વર્તમાન ગુજરાત સરકારને ૫ વર્ષ પૂરાં થતાં હોય તેની ઉજવણી અને તાયફાઓમાં વ્યસ્ત રાજ્ય સરકાર કોરોના કાળમાં બેરોજગાર બનેલ પરિવારોની વેદનાઓને વાચા આપવાના બદલે તાયફાઓ કરવામાં વ્યસ્ત રહેતા જનઆક્રોશ ચરમસીમાએ પહોચતા આજરોજ વંથલી કોંગ્રેસ દ્વારા અન્ન અધિકાર અભિયાન અંતર્ગત રાજ્ય મા ગરીબ લાભાર્થીઓને અન્નપૂર્ણા યોજના હેઠળ પૂરતા પ્રમાણમાં અનાજ ફાળવવા અને આ યોજના હેઠળ વધુમાં વધુ લાભાર્થીઓને લાભ આપવા માંગણી કરતું આવેદન પત્ર મામલતદાર વંથલી મારફત રાજયના રાજયપાલને પાઠવવામાં આવ્યું હતું.

આ તકે જૂનાગઢ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ નટુભાઈ પોંકિયા, જિલ્લા પ્રભારી હરિભાઈ પટેલની ઉપસ્થિતિમાં વંથલી તાલુકાનાં કોંગ્રેસ પ્રમુખ મનસુખભાઈ પાડલિયા, શહેર પ્રમુખ ઈરફાન શાહ સોહરવરદી, કોંગ્રેસ અગ્રણીઓ મુકેશભાઈ ચૌહાણ, શરદ ફળદુ, સિરાજ વાજા, રમેશ વાણવી, કારાભાઈ સિંધલ, તોસિફ અઝીઝ, અજય વાણવી, કારાભાઈ મણવર, લાખાભાઈ કારેથા, સુભાષ ડાંગર, ભરત ચાવડા, સુરેશ સોંદરવા, તાજીમ જાયરા સહિતના અનેક પદાધિકારીઓ અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા..

નમાઝીઓને કાદવકીચડમાંથી પસાર થવું પડે છે

શહેરાના શેખજીવાળા ફળિયામાં ગટરલાઈનની વ્યવસ્થા ન હોવાથી રહીશોને હાલાકી

(તસવીર : બસીર અન્સારી, શહેરા)

શહેરા, તા.૩

શહેરા વિસ્તારના શેખજીવાળા ફળિયામાં ગટરનો વ્યવસ્થિત રીતે નિકાલ ન હોવાથી વરસાદી પાણીથી કાદવ કીચડ થવા પામ્યો છે. જેનાથી શેખજીવાળા ફળીયા સ્થાનિક રહીશો તેમજ રાહતદારીઓને હાલાકી વેઠવાનો વારો આવ્યો છે અને આ શેખજીવાળમાં મદીના મસ્જિદ આવેલી છે. જે મુસ્લિમ બિરાદરો નમાજ પઢવા માટે અવરજવાર કરવામાં આ રસ્તેથી જાય છે. જેથી સ્થાનિક રહીશો દ્વારા નગરપાલિકાને લેખિત તેમજ મૌખીક રજૂઆતો કરવામાં આવી છે. છતાં પણ હજુ સુધી આ ગટર લાઈનની વ્યવસ્થા કરવામાં નથી આવી. જેથી સ્થાનિક રહીશો તેમજ રાહદારીઓની માંગણી છે કે અહી વહેલી તકે ગટર લાઈનની વ્યવસ્થા કરવામાં આવે જે જરૂરી છે.

ધ્રાંગધ્રાની સરકારી હોસ્પિટલનો બનાવ

કોલ્ડસ્ટોરેજ બંધ હોવા છતાં ૩ દિ' મૃતદેહ મૂકી રખાયો; જીવાત પડતા વિવાદ

સુરેન્દ્રનગર, તા.૩

સુરેન્દ્રનગર જિલ્લાની ધાંગધ્રા સરકારી હોસ્પિટલની વધુ એક બેદરકારી ભર્યો કિસ્સો સામે આવ્યો છે હોસ્પિટલ ખાતે રાખવામાં આવેલી ડેડબોડીને ચાર દિવસ સુધી સામાન્ય તાપમાનમાં રાખવામાં આવતા આ લાશ કોહવાઈ જવા પામી હતી. જેને લઈને સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે.

મળતી વિગત અનુસાર સુરેન્દ્રનગરની ધાંગધ્રા સરકારી હોસ્પિટલ ખાતે ૩૦ જુલાઈના રોજ ધાંગધ્રાના ગ્રામ્ય પંથક માંથી એક બિનવારસી લાશ મળી આવી હતી ત્યારે આજુબાજુના લોકો દ્વારા તાત્કાલિક ધોરણે ધાંગધ્રા પોલીસનો સંપર્ક સાધી અને ધ્રાંગધ્રા સરકારી હોસ્પિટલ ખાતે આ બિન વારસી લાસ ને લઈ જવામાં આવી હતી. તને ત્યાં ધાંગધ્રા સરકારી હોસ્પિટલમાં જ એક રૂમમાં આ લાશ ને મૂકી દેવામાં આવી હતી ત્યારે સામાન્ય તાપમાનમાં ચાર દિવસ સુધી આ લાશને રાખવામાં આવી હતી.

સામાન્ય તાપમાનમાં આ લાશને રાખવામાં આવતા આ ડેડબોડીમાં જીવાતો પડી જવા પામી હતી જેને લઈને આ વાત સુરેન્દ્રનગર પંથકમાં ફેલાઈ જતા ચકચાર મચી જવા પામી છે ધાંગધ્રા હોસ્પિટલની બેદરકારી સામે આવતા હોસ્પિટલના ડોક્ટરો તથા ત્યાંના સ્ટાફ દ્વારા તાત્કાલિક પણ એ આ લાશ ના અગ્નિસંસ્કાર કરી દેવામાં આવ્યા છે.

મળતી વિગત અનુસાર ધાંગધ્રા હોસ્પિટલમાં જે કોલ્ડ સ્ટોરેજ આવેલું છે તે ઘણા સમયથી બંધ હાલતમાં હોવાના પગલે અનેક વખત રજૂઆત કરવામાં આવી હતી.

લોકો દ્વારા કોલ્ડ સ્ટોરેજ શરૂ કરવાની માંગણી કરાઈ હતી. લેખિતમાં રજૂઆત કરી છે તે છતાં પણ સત્તાધીશો દ્વારા આ મામલે કોઈપણ જાતની કાર્યવાહી કરવામાં ન આવતા દર્દીઓમાં રોષની લાગણી ફેલાઈ જવા પામી છે.

અમરેલી : વડિયા-બાપુનગર બસ બંધ થતાં મુસાફરોને હાલાકી

અમરેલી, તા.૩

અમરેલી જિલ્લાના છેવાડાના તાલુકા મથક એવા વડિયા વિસ્તારને ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (એસટી) વિભાગ દ્વારા તાલુકા મથક હોવા છતાં લાંબા રૂટની મુસાફરીની સુવિધાઓ ધરાવતી બસો બાબતે ઓરમાયુ વર્તન કરવામાં આવતુ હોય તેવુ જોવા મળી રહ્યુ છે. હાલ વડિયા વિસ્તારના લોકો માટે સમગ્ર ૩પોમાં મોટા રૂટની એકમાત્ર બસ વડિયા-અમદાવાદ (બાપુનગર) હતી તે વડિયા વિસ્તારના લગભગ ૫૦ જેટલાં ગામોના લોકોને કોઈ ગંભીર રોગની સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં જવા માટેની મહત્વની સુવિધા હતી તે બસ છેલ્લા ઘણા દિવસથી રદ કરવામાં આવી છે. તેને કારણે અમદાવાદ માટેને એકમાત્ર વાહન વ્યવહારની સુવિધા પણ વડિયાના લોકોની છીનવાઈ છે. જોકે આ બાબતે ઊંડી તપાસ કરતા હજુ આ બસનુ ઓનલાઈન બુકિંગ બંધ કરવામાં આવ્યું નથી. લોકો ઓનલાઈન બુકિંગ કરાવે તો ફરી બસ કેન્સલ બાબતે જાણ પણ કરવામાં આવે છે. તો વડિયા વિસ્તારના લોકો પ્રત્યે એસટીના લાંબા અંતરના રૂટ વધારવાના બદલે એકમાત્ર લાંબો રૂટ હતો તે પણ બંધ કરવામાં આવતા લોકોમાં અનેક પ્રકારની ચર્ચાઓ જોવા મળી રહી છે. એક બાબતે લોકો દ્વારા ફરી આ સુવિધા આપવામાં આવે તેવી માંગણી કરાઈ રહી છે.

ધોળકા નગરપાલિકામાં 'આપ'ના કાર્યકરોનું વિવિધ સમસ્યા પ્રશ્ને હલ્લાબોલ

ધોળકા, તા.૩

આજરોજ આમ આદમી પાર્ટી ધોળકા શહેરના આશરે પચાસ જેટલા કાર્યકરો ધોળકા નગરપાલિકા કચેરીમાં ઘૂસી જઈને વિવિધ સમસ્યા અંગે ભારે હલ્લાબોલ કરતાં ચકચાર મચી ગઈ હતી.આમ આદમી પાર્ટી દ્વારા આવેદનપત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી હતી કે ગંદા પાણીના કાંસમાંથી નીકળતો કચરો માટી તેમજ ગંદુ પાણી લોકોના ઘરમાં ઘૂસી જાય છે. કાંસની સફાઈ ૨૪ કલાકમાં નહીં કરવામાં આવે તો આમ આદમી પાર્ટી ધોળકા શહેર દ્વારા ધોળકા નગરપાલિકામાં આંદોલન કરવાની ચીમકી આપી હતી. આ હલ્લાબોલ દરમિયાન વિસ્તારનાં સ્થાનિક લોકોએ પણ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. ધોળકા શહેર આમ આદમી પાર્ટીના પ્રમુખ યોગેશ રાઠોડ ઉપરાંત "આપ "ના ધોળકાનાં અગ્રણીઓ નસીમ અન્સારી, ગોવિંદ રાણા, લક્ષ્મણભાઈ ચૌહાણ, સુરેશ સોનારા, અંકુરભાઈ રાવલ, રાહુલ પટેલ, ભાર્ગવ પટેલ, સંજય રાઠોડ, વિશાલ શ્રીમાળી, ભવનભાઈ પાંડવ, નિલેશ ગોહેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

ડભોઈમાં કોલેરાના કેસો નોંધાતા પ્રાંત અધિકારીએ મુલાકાત લીધી

ડભોઈ, તા.૩

ડભોઈ પંથકમાં નજીવા વરસાદ અને પારાવાર ગંદકી થવાની શાતે પાણીજન્ય રોગો એ માથું ઉચક્યું છે છેલ્લા ત્રણ ચાર દિવસમાં ડભોઈ નગરમાં બે જેટલા કોલેરાના કેસો જોવા મળ્યા છે તો તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં એક એમ કુલ ત્રણ કેસ કોલેરાના આવતા તંત્ર દોડતું થયું છે અને હાલ તકેદારીના ભાગ રૂપ ગંદકીવાળા વિસ્તારોને સફાઈ કરવા સૂચના અપાઈ રહી છે.

ડભોઈ નગર વિસ્તારમાં બે કોલેરાના કેસ તેમજ ગ્રામ્ય વિસ્તારમાં એક કોલેરાનો કેસ મળી આવતા જ તંત્ર દોડતું થયું છે. તેવામાં આજ રોજ પ્રાંત અધિકારી શિવાની ગોયલ, ચીફ ઓફિસર એસ.કે.ગરવાલ, સહિત આરોગ્ય અધિકારી ડો.ગુડીયારાની દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોના કોલેરા અસરગ્રસ્તોની મુલાકાતે પહોચ્યા હતા સાથે નિરિક્ષણ કરી સ્વચ્છતા જાળવવા સૂચનો કર્યા હતા. ઘરે ઘરે ક્લોરીનેશન ટેસ્ટ કરવામાં આવી રહ્યા હોવાનું મેડિકલ ટીમ દ્વારા જણાવાયું છે સાથે જ આર.સી.ટેસ્ટ અને ક્લોરીન ટેબલેટનું વિતરણ કરવામાં સર્વે હાથ ધરાયો છે. લોકોમાં જાગૃતી લાવના પ્રયાસ પણ હાથ ધરાયા છે. નગર પાલીકા તરફથી સુપર ક્લોરિનેશન ગટર લીકેજ અને પાણીની લીકેજ લાઈનોનો સર્વે હાથ ધર્યા છે સાથે સફાઈ અને દવાનો છંટકાવ પણ હાથ ધરવામાં આવ્યો છે કોલેરાના કેસો આવતા પાણીપુરીની લારીઓ બંધ કરવા ફરજ પડી છે તેમજ લોકો માટે સ્વચ્છ અને ઉકાળેલું પાણી પીવા માટે તંત્ર દ્વારા આગ્રહ કરવામાં આવ્યો છે. કોલેરાના કેસો વધે નહીં તે માટે ખાસ તકેદારી રાખવામાં આવી રહી હોવાનું પ્રાંત અધિકારી શિવાની ગોયલ દ્વારા જણાવાયું હતું.

પાવીજેતપુર સોની સમાજનો સન્માન સમારોહ યોજાયો

પાવજેતપુર સોની સમાજનો સન્માનનો કાર્યક્રમ નવ નિયુક્ત પ્રમુખ અલ્પેશભાઈ સોનીએ આયોજન કર્યું જેમાં મહા મંડળના સભ્ય મુકેશભાઈ ડોક્ટરની વરણી આવકારી સોની સમાજના ઉચ્ચ અભ્યાસ ડિગ્રી પ્રામ યુવાનો પૂર્વ પ્રમુખ વડીલોનું સન્માન કરાયું હતું. કાયક્રમ સફળ બનાવવા માટે યુવા ઉપ પ્રમુખ ભાવિનસોની જય સોની, પ્રવિણ ભાઈ સોની દેવાંગ સોની, ગણેશ ભાઈ રાકેશ સોની, દીકેશ સોહિલ સોની, તેજ ગઢ, બોડેલીના સોનીઓ હાજર રહ્યા હતા.કાર્યક્રમ અનીલભાઈ સોની સમાપન કર્યું હતું.

સલુણ દૂધ ઉત્પાદક મંડળીના માજી મંત્રી કમ સેક્રેટરીએ ૧૩.૭૮ લાખની ઉચાપત કરી

નડિયાદ, તા.૩

નડિયાદના સલુણમાં દૂધ ઉત્પાદક મંડળીના માજી મંત્રી કમ સેક્રેટરીએ પોતાના પદ પર રહીને મંડળીમાં ગોલમાલ કરી લાખો રૂપિયાની ઉચાપત આચરી છે. ઓડિટ કરતાં આ ઉચાપતનો ભાંડો ફુટ્યો હતો.

મળતી માહિતી મુજબ વર્ષ ૨૦૧૭માં મંડળીના વ્યવસ્થા કમીટીની મળેલ બેઠકમાં ઠરાવ કરી મંત્રી કમ સેક્રેટરી પદે કલ્પેશ વાઘેલાને બેસાડવામાં આવ્યા હતા. ૬ સપ્ટેમ્બર ૨૦૧૭ના રોજ તેમણે ચાર્જ સંભાળ્યો હતો. આ દરમિયાન ૩૧ જાન્યુઆરી ૨૦૧૯ સુધી મંડળીના મંત્રી કમ સેક્રેટરી પદ સુધી રહ્યા હતા.

કલ્પેશ વાઘેલાએ પોતાના પદ પર રહીને વર્ષ ૨૦૧૮માં એક ઠરાવ કરી ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકમાંથી ૧ લાખ ૮૫ હજારની અને મંડળીના કર્મચારીઓના નામે કુલ રૂપિયા ૩ લાખ ૨૦ હજારની લોન મેળવી હતી. જે પૈકી લોનના રૂપિયા ૧ લાખ ૩૩ હજાર ૪૪૮ જમા કરાવ્યા હતા. અને બાકીની અન્ય રકમ જમા કરાવી નહોતી. આ ઉપરાંત મંડળીના સિલક પરની ૧૨ લાખ ૨૪ હજાર ૧૮૫ રોજમેળાપમાં ઉધારી નહોતી. આમ કુલ રૂપિયા ૧૩ લાખ ૭૮ હજાર ૪૯૯ની ઉચાપત આચરી હતી.

આ બાદ કલ્પેશ વાઘેલાએ કમીટી સભ્યો સમક્ષ અરજી કરી મંત્રી કમ સેક્રેટરી પદ છોડ્યું હતું. જે બાદ નવા સેક્રેટરી કમ મંત્રી તરીકે લાલજી વાઘેલા નીમાયા હતા. આ બાદ ફેબ્રુઆરી ૨૦૨૧માં મંડળીનું ઓડીટ કરવામાં આવતાં ઓડિટર અધિકારી સામે પુરેપુરી ઘટના પ્રકાશમાં આવી હતી. જેનો અહેવાલ જિલ્લા રજીસ્ટારને સોંપતા જિલ્લા રજીસ્ટારે આરપેએડી દ્વારા ઉચાપત આચરનાર સામે કાર્યવાહી કરવા મંડળીને જણાવ્યું હતું. આથી મંડળીના વ્યવસ્થા કમીટીના સભ્ય હસમુખ પટેલે મંડળીના પૂર્વ મંત્રી કમ સેક્રેટરી કલ્પેશ વાઘેલા સામે કુલ રૂપિયા ૧૩ લાખ ૭૮ હજાર ૪૯૯ની ઉચાપત આચરી હોવાની ફરિયાદ નડિયાદ ગ્રામ્ય પોલીસમાં આપી છે.

યુનિટી જન સેવા ટ્રસ્ટ મોડાસા સંચાલિત અલ્ફેશાની હોસ્પિટલમાં સન્માન સમારોહ યોજાયો

મોડાસા, તા.૩

અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે યુનિટી જન સેવા ટ્રસ્ટ મોડાસા સંચાલિત હજીયાની મરિયમબેન બાબુભાઈ ટાઢા અલ્ફેશાની હોસ્પિટલની સ્થાપના ૫ ઓક્ટોબર ૨૦૨૦માં થઈ હતી અને ૩૧મી જુલાઈ ૨૦૨૧ના રોજ કેસ ૪૦,૦૦૦ સુધી પહોંચ્યા છે. આ હોસ્પિટલના મેડિકલ ઓફિસર ડૉક્ટર જાસ્મિનબેનને સુંદર કામગીરી કરવા બદલ હોસ્પિટલના દાતા દાનવીર બાબુભાઈ ટાઢા દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા તથા ફિજીયોથેરાપીમાં ૧૩૮૨, લેબોરેટરીમાં ૫૨૩૬ કેસ પુરા થયેલ છે. આ હોસ્પિટલમાં રૂપિયા ૧૦/-ની ફીમાં દવા, ઈન્જેકશન, બોટલ, સાથે પ્રાથમિક રોગ સારવાર કરવામાં આવે છે. આ પ્રસંગે યુનિટી જન સેવા ટ્રસ્ટના પ્રમુખ ગુલામમોહમ્મદ ભૂરા, ઉપપ્રમુખ સલીમભાઈ સાબલીયા, સેક્રેટરી રઈશભાઈ મોડાસીયા તથા યુનિટીના તમામ કારોબારી સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. હોસ્પિટલ ચેરમેન ઉસ્માનભાઈ મનવા, હોસ્પિટલ સેક્રેટરી સલીમભાઈ પટેલ, સિરાજભાઈ સુથારે પ્રોગ્રામને સફળ બનાવ્યો હતો.

સંસ્થા સમાચાર

જામનગરની રંગુનવાલા હોસ્પિ.માં આજરોજ આંખનો વિનામૂલ્યે કેમ્પ યોજાશે

ગુરૂવાર તા.૦૫/૦૮/૨૦૨૧ સવારના ૯ વાગ્યે આંખનો વિનામૂલ્યે કેમ્પ રંગુનવાલા સાર્વજનિક ટ્રસ્ટ, શ્રી રણછોડદાસ બાપુ આશ્રમ-રાજકોટ તથા જિલ્લા અંધત્વ નિયંત્રણ સોસાયટી-જામનગરના સહયોગથી રંગુનવાલા હોસ્પિટલમાં યોજવમાં આવેલ છે.

આ કેમ્પમાં દર્દીઓને ચેક કરી યોગ્ય દવા-ટીપા આપવામાં આવશે અને મોતિયાના દર્દીઓને શ્રી રણછોડાદાસ આશ્રમ હોસ્પિટલ-રાજકોટ બસમાં લઈ જવામાં આવશે. ત્યાં રહેવાની અને જમવાની વ્યવસ્થા કરવામાં આવશે ત્યાં આંખનું ઓપરેશન ફેકો પદ્ધતિથી (ટાંકા વગર) કરી બસમાં પરત જામનગર મૂકી જવામાં આવશે.

જામનગરના મોખાણામાંથી ધાડ, લૂંટના ગુનાને અંજામ આપતી મધ્યપ્રદેશની ગેંગ ઝડપાઈ

જામનગર, તા.૩

જામનગર શહેર અને જિલ્લામાં ચોરી લૂંટ તને ધાડ પાડવાના ઈરાદાથી મોખાણા ગામની સીમ વિસ્તારમાંથી પસાર થઈ રહેલી ધાડપાડુ ગેંગના એક ટાબરિયા સહિતના પાંચ શખ્સોને લોકલ ક્રાઈમ બ્રાંચની ટીમે દબોચી લીધા છે, અને તેઓ પાસેથી ચોરી-લૂંટ અને ધાડથી મેળવેલા બે વાહનો સહિત રૂપિયા એક લાખથી વધુની માલમતા કબજે કરી લીધી છે. જેઓની પૂછપરછમાં દરમિયાન તેઓએ જોડીયા અને મોરબીની બે લૂંટ ઉપરાંત જામનગર જિલ્લામાં અન્ય ૨ સ્થળે ચોરી કર્યાની કબુલાત આપી છે.

જામનગરની લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે જામનગર તાલુકાના મોખાણા ની સીમ વિસ્તારમાં નદીકાંઠે ધાડપાડુ ગેંગ સક્રિય બની છે, અને બે મોટરસાયકલ માં બેસી ને ધાડ પાડવાની પેરવી કરી રહી છે. જે બાતમીના આધારે મોડી રાત્રે એસીબીની ટીમે વોચ ગોઠવી મોખાણા ગામ નજીકની નદીના બેઠા પુલ પાસેથી ધાડપાડુ ગેંગના પાંચ શખ્સોને આંતરી લીધા હતા. જેમાં એક કાયદાથી સંઘર્ષિત કિશોર (ટાબરિયો) પણ સામેલ હતો. જ્યારે બાકીના ચાર મધ્યપ્રદેશ ના વતની હતા.જેઓ ના નામ પુછતા તેઓએ પોતાના સંતોષ ગુમાનભાઈ ગરબડી, દિનેશ રૂડાભાઈ ડાવર, અનિલ કરમશીભાઈ ભુરીયા, અને રવિ ઝવરચંદ માવડા હોવાનું જણાવ્યું હતું. એલસીબીની ટીમે તેઓ પાસેથી બે મોટર સાયકલ, છરી, પાઇપ, કુહાડી, લાકડી, મોબાઈલ ફોન વગેરે સહિત ૧ લાખથી વધુની માલમતા કબજે કરી છે. પોલીસ દ્વારા ચારેયની પૂછપરછ કરવામાં આવી હતી, જેમાં તેઓએ ગત ૨૫.૭.૨૦૨૧ના મોડી રાત્રે જોડિયા તાલુકાના પીઠડ ગામમાં રહેતા હેમરાજભાઈ મેંદપરાના ઘરમાં ધાડ પાડી હતી. ઉપરાંત આજથી દસ દિવસ પહેલા મોરબી જિલ્લાના આમરણ રોડ પરથી એક મોટરસાયકલ ચાલકને રોકી તેનું બાઈક, મોબાઈલ ફોન, અને રેઇનકોટની લૂંટ ચલાવ્યાનું કબૂલ્યું હતું. આ ઉપરાંત તેઓએ કાલાવડમાં હેલીપેડ કોલોનીમાંથી એક મોટરસાયકલની ચોરી કર્યાની કબૂલાત આપી છે, જ્યારે પ્રોલ તાલુકાના લતીપર ગામમાંથી પણ એક મોટર સાયકલ ચોરી કરી હોવાનું કબૂલ્યું છે. પોલીસ દ્વારા મધ્યપ્રદેશની ધાડપાડુ ગેંગને રિમાન્ડ પર લેવા કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

અન્નોત્સવ દિવસ : વડાપ્રધાને ગુજરાતના લાભાર્થીઓ સાથે સંવાદ કર્યો

દિવાળી સુધી ગરીબોને મફત અનાજ આપવાની વડાપ્રધાનની જાહેરાત

અમદાવાદ, તા.૩

રૂપાણી સરકારનાં પાંચ વર્ષ પૂર્ણ કરવાના અવસરે આજે અન્નોત્સવ દિવસની ઉજવણી કરવામાં આવી છે, જેના ભાગરૂપે દાહોદ જિલ્લામાં રાજયકક્ષાના કાર્યક્રમનું આયોજન કરાયું છે, જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અનાજ કલ્યાણ યોજનાના લાભાર્થીઓ સાથે વર્ચ્યુઅલ સંવાદ કર્યો હતો. એમાં દાહોદ અને રાજકોટના લાભાર્થીઓને આ યોજના લેવામાં કોઇ તકલીફ પડે છે કે નહીં, વચેટિયા હેરાન કરતા નથી ને એ અંગે પૂછયું હતું. મોદીએ લાભાર્થીઓ સાથે સંવાદમાં જણાવ્યું હતું કે દિવાળી સુધી ગરીબોને મફત અનાજ મળશે. મોદીએ ગુજરાત સરકારની કામગીરીને વખાણી હતી.

વડાપ્રધાન મોદીએ નિવેદન આપતા જણાવ્યું હતું કે, 'હજુ દિવાળી સુધી ગરીબોને મફત અનાજ મળશે. દરેક સંભવ મદદ કરવી જ અમારો અર્થ છે. રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ હેઠળ આવતા તમામ લાભાર્થીઓને દર વ્યક્તિદીઠ ૫ કિ.ગ્રા વધારાનું રાશન આપવામાં આવે છે. આજે વિશ્વભરમાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનાના વખાણ થઇ રહ્યાં છે.

વધુમાં જણાવ્યું કે, 'આ યોજના પાછળ સરકાર દ્વારા ૨ કરોડથી વધુનો ખર્ચ કરવામાં આવે છે. જેનો હેતુ માત્ર એક જ છે કે, ભારતની એક પણ વ્યક્તિ ભૂખી ન સૂવે. આ યોજનામાં રાશન કાર્ડધારકોને પહેલાં કરતાં બે ગણી માત્રામાં અનાજ આપવામાં આવી રહ્યું છે. આ યોજના દિવાળી સુધી ચાલશે.

વડાપ્રધાન મોદીએ રાજય સરકારની પ્રશંસા કરતા જણાવ્યું કે, 'ગુજરાતમાં સાડા ત્રણ કરોડ લાભાર્થીઓને મફત અનાજનો લાભ મળી રહ્યો છે. એ માટે હું ગુજરાત સરકારની પ્રશંસા કરું છું. દેશના બીજા હિસ્સાના શ્રમિકોને પણ ગુજરાત રાજયએ પ્રાથમિકતા આપી છે. ગુજરાતે સૌથી પહેલાં વન નેશન વન રાશન કાર્ડનો લાભ આપ્યો છે.

આ સાથે જણાવ્યું કે, 'ગુજરાતના એક મોટા ભાગમાં પાણી માટે મહિલાઓને ચાલીને જવું પડતું. રાજકોટમાં પણ પાણી માટે ટ્રેન મોકલવી પડતી. પરંતુ આજે સરદાર સરોવર ડેમ, સૌની યોજના અને કેનાલોના નેટવર્કથી નર્મદાનું પાણી પહોંચી રહ્યું છે. જેના કારણે આજે ગુજરાત ૧૦૦ ટકા 'નળ સે જલ' ઉપલબ્ધ કરાવવામાં હવે દૂર નથી. આ પરિવર્તન પણ આખો દેશ અનુભવી રહ્યો છે. તદુપરાંત પીએમ મોદીએ રાજકોટના એક લાભાર્થી સાથે વાત કરતા પૂછ્યું હતું કે, 'આ યોજનાનો લાભ લેવામાં કોઇ તકલીફ તો નથી પડી રહી ને.' એમાં લાભાર્થીએ જણાવ્યું હતું કે, 'કોરોનાકાળમાં આ યોજના હેઠળ અનાજ મળવાથી ઘણી રાહત છે. અત્રે નોંધનીય છે કે, આ અવસરે ૧૭ હજાર પંડિત દિનદયાલ ઉપાધ્યાય ગ્રાહક ભંડાર પરથી 'અન્નોત્સવ' અન્વયે ૪.૨૫ લાખ

બિલ્ડરે ફ્લેટ બૂકિંગના ૨૦ લાખ લીધા બાદ પજેશન નહીં આપતા મામલો કાઈમ બ્રાન્ચમાં પહોંચ્યો

ફરિયાદીએ તપાસ કરતાં અનેક લોકોએ આ ફ્લેટની સ્કીમમાં ફ્લેટો નોંધાવી પૈસા ભર્યા હતાં પરંતુ તેઓને બિલ્ડરો દ્વારા કોઈ જવાબ આપવામાં આવ્યો નહોતો

અમદાવાદ, તા.૩

અમદાવાદ શહેર નજીક આવેલ વિંઝોલ ગામ પાસે આર્ચી ઈન્ફ્રાકોન પ્રા. લિ.નામના બિલ્ડર દ્વારા ઓમ ઓરબી નામની ફ્લેટોની સ્કિમ મુકી લોકો પાસેથી ફ્લેટના બુકિંગના પૈસા પડાવી છેતરપિંડી કરી હોવાની ફરિયાદ અમદાવાદ ક્રાઈમ બ્રાંચમાં નોંધાઈ છે. આર્ચી ઈન્ફ્રાકોન પ્રા. લિ.ના ત્રણ ભાગીદારો જીગર પરીખ, સુધિર પટેલ અને પારિતોષ પટેલ સામે ગુનો નોંધવામાં આવ્યો છે.મણિનગરમાં રહેતી મહિલાએ બે ફ્લેટ બુક કરાવ્યા હતા. જે પેટે તેમણે કુલ રૂપિયા ૨૦.૪૨ લાખ ચૂકવ્યા હતાં. બાદમાં તેનો કોઈ દસ્તાવેજ કે પજેશન નહીં આપી છેતરપિંડી કરવામા આવતાં તેઓએ આ મામલે ફરિયાદ નોંધાવી છે. અનેક લોકો સાથે બિલ્ડરે આ રીતે છેતરપિંડી કરતાં ક્રાઈમ બ્રાન્ચે વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે મણિનગરના ઉત્તમનગર પાસે આવેલ જીલાઈન ચિત્રાકૂટ ધામ નામની સોસાયટીમાં દિપલબેન શાહને તેમજ તેમની માતાને મકાન ખરીદવાનું હોવાથી તેઓએ વર્ષ ૨૦૧૩માં વિંઝોલ ગામની સીમમાં આર્ચી ઈન્ફ્રાકોન પ્રા. લિ. દ્વારા ઉભી કરવામાં આવેલી ઓમ ઓરબી નામની ફ્લેટની સ્કિમમાં સેમ્પલ ફ્લેટ જોયા હતાં અને તેઓને ફ્લેટ પસંદ આવતાં બિલ્ડર જીગરભાઈ સાથે વાતચીત કરી બે ફ્લેટ બુક કરાવ્યા હતાં જે પેટે તેમણે ટોકન અને બુકિંગના પૈસા જમા કરાવ્યા હતાં. એક બનાખાત કરાર તેમજ પહોંચો આપવામાં આવી હતી. કુલ ૨૦ લાખ ૪૨ હજાર તેઓએ બંને ફ્લેટના જમા કરાવી દીધા હતાં. ત્યાર બાદ અવાર નવાર ફ્લેટ પર જઈ તેઓ તપાસ કરતાં ચાર કે પાંચ બ્લોક બનીને તૈયાર થયાં હતાં. અંદરનું થોડું કામ બાકી હતું.

બિલ્ડરને આ મામલે વાત કરતાં તેઓએ ચાર મહિનામાં કામ પતી જશે એવું કહ્યું હતું. છતાં પણ કામગીરી પુરી ના થતાં તેઓએ પૈસા પરત આપી દેવાની વાત કરી હતી. તેઓએ બેંકમાં ચેક નાંખતાં રીટર્ન થયાં હતાં બાદમાં કોર્ટમાં પણ આ મામલે સમાધાન થયું હતું. આ મામલે કોર્ટમાં પણ તેઓએ ફરિયાદ કરી હતી. તેઓએ ફ્લેટમાં તપાસ કરતાં ફ્લેટના દરવાજા પર બેંકની નોટીસ લગાવેલી જોવા મલી હતી, જે મામલે બિલ્ડરને પૂછતાં ત્રણેય ભાગીદારોએ કોઈ જવાબ આપ્યો નહોતો. આ ઉપરાંત તપાસ કરતાં અનેક લોકોએ આ ફ્લેટની સ્કિમમાં ફ્લેટો નોંધાવી પૈસા ભર્યા હતાં પરંતુ તેઓને બિલ્ડર જીગર પરીખ, પારિતોષ પટેલ અને સુધીર પટેલ દ્વારા કોઈ જવાબ આપવામાં આવ્યો નહોતો. ક્રાઈમ બ્રાંચે આ મામલે તમામ સામે ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે.

રાજ્યની ગ્રાન્ટેડ સ્કૂલોમાં હંગામી ધોરણે વર્ગ વધારો આપવાનો નિર્ણય

● ચાલુ વર્ષે ધોરણ-૧૧ અને ૨૦૨૨-૨૩માં ધોરણ-૧૨મા હંગામી વર્ગ વધારો અપાશે ● હંગામી વર્ગ વધારા માટે ગ્રાન્ટ નહીં મળે, વર્ગોની મંજૂરી એક વર્ષ બાદ રદ થઈ જશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩

રાજ્યની ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોને હંગામી ધોરણે વર્ગ વધારો આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. શિક્ષણ વિભાગની દરખાસ્ત પર સરકારે મંજૂરીની મહોર મારી છે. જેથી હવે ચાલુ વર્ષ માટે ધોરણ-૧૧ અને ત્યારપછીના એટલે કે ૨૦૨૨-૨૩માં ધોરણ-૧૨ માટે હંગામી વર્ગ વધારો આપવામાં આવશે. આ વર્ગ વધારા માટે ગ્રાન્ટેડ સ્કૂલોને વધારાની કોઈ ગ્રાન્ટ મળશે નહીં. ઉપરાંત મંજૂર થયેલી વર્ગોની મંજૂરી એક વર્ષ બાદ આપોઆપ રદ થઈ જશે. હંગામી ધોરણે વર્ગ વધારો આપવાની સત્તા પણ જિલ્લા શિક્ષણાધિકારીને સોંપવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્યમાં કોરોનાની સ્થિતીના પગલે સરકાર દ્વારા ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષા રદ કરી ધોરણ-૧૦માં ભણતા અંદાજે ૮.૫૭ લાખ વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવામાં આવ્યું હતું. માસ પ્રમોશનના કારણે વર્ષ ૨૦૨૦-૨૧માં ધોરણ-૧૦માં ભણતા વિદ્યાર્થીઓ પાસ થઈને ધોરણ-૧૧માં પ્રવેશ પાત્ર જાહેર કરવામાં આવ્યા છે. જેને કારણે વર્ષ ૨૦૨૧-૨૨માં ધોરણ-૧૧માં વધુ વર્ગો મંજૂર કરવાની જરૂરિયાત ઉભી થઈ છે. જેથી રાજ્યમાં આવેલી ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોમાં તદ્દન કામચલાઉ ધોરણે વર્ષ ૨૦૨૧-૨૨ માટે ધોરણ-૧૧ના પ્રથમ વર્ગ અને વર્ગ વધારા માટે તથા વર્ષ ૨૦૨૨-૨૩ માટે ધોરણ-૧૨ના વર્ગ વધારાની મંજૂરી જિલ્લા શિક્ષણાધિકારી કક્ષાએથી હંગામી ધોરણે મંજૂર કરવાની મંજૂરી આપવા કમિશનર શાળાઓની કચેરીએ દરખાસ્ત કરી હતી.

સરકાર સમક્ષ કરેલી દરખાસ્ત પર મંજૂરીની મહોર મારવામાં આવી છે. આ અંગે સરકાર દ્વારા ઠરાવ બહાર પાડી જણાવાયું છે કે, રાજ્યમાં આવેલી ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં તદ્દન કામ ચલાઉ ધોરણે વર્ગોને હંગામી મંજૂરી આપવામાં આવશે. જેમાં વર્ગોની મંજૂરી તદ્દન કામ ચલાઉ રહેશે, તથા ધોરણ-૧૧ના પ્રથમ વર્ગ અને વર્ગ વધારા માટે વર્ષ ૨૦૨૧-૨૨ અને ધોરણ-૧૨ના પ્રથમ વર્ગ અને વધારાના વર્ગ માટે વર્ષ ૨૦૨૨-૨૩ પુરતા જ વર્ગ વધારા મંજૂર કરવાના રહેશે.

ધોરણ-૧૧ના પ્રથમ ક્રમિક વર્ગ માટે જગ્યાની સગવડને ધ્યાને લેતા પ્રતિવર્ગ દીઠ ૭૫ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો રહેશે. જયાં વધુ સુવિધા ઉપલબ્ધ હોય ત્યાં શાળાના વડા પોતાની વિવેકબુધ્ધિ અનુસાર પ્રવેશ આપી શકશે. કામચલાઉ વર્ગ વધારા માટે પ્રથમ વર્ગ માટે ન્યુનતમ વિદ્યાર્થી સંખ્યા ૭૫ રહેશે. ત્યારબાદ અન્ય વર્ગોની જરૂરીયાત ઉભી થાય તો શાળાની ભૌતિક સુવિધાને ધ્યાને લઈને ગ્રામ્ય વિસ્તારમાં ઓછામાં ઓછી ૨૪ વિદ્યાર્થી સંખ્યા અને શહેરી વિસ્તારમાં ૩૬ વિદ્યાર્થી દીઠ વર્ગ વધારો આપી શકાશે.

આ કામચલાઉ વર્ગો માટે સરકાર દ્વારા કોઈ પણ નાણાકીય ગ્રાન્ટ ફાળવવામાં આવશે નહીં. કામચલાઉ વર્ગો માટેની મંજૂરી જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી કક્ષાએથી સરકારના નિયમો અનુસાર અને શાળાની ભૌતિક સુવિધા અને વિદ્યાર્થીઓની સંખ્યાને ધ્યાને લઈને આપવામાં આવશે. હંગામી મંજૂર થયેલા વર્ગોને મળેલી મંજૂરી એક વર્ષ બાદ આપોઆપ રદ થઈ જશે.

CBSE ધોરણ-૧૦મા શહેરના એક હજાર વિદ્યાર્થીને ૯૦ ટકાથી વધુ ગુણ

● અમદાવાદની મોટાભાગની સ્કૂલોનું ૧૦૦ ટકા પરિણામ ● DPS બોપલના ૨૪૪ અને ઉદગમના ૧૩૬ વિદ્યાર્થીને ૯૦ ટકાથી વધુ ગુણ મળ્યા ● DPSની રિશીકાને ૯૯.૩૩ ટકા જ્યારે ઉદગમની પ્રાચીને ૯૯.૨૦ ટકા ગુણ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા ધોરણ-૧૦નું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં અમદાવાદની સ્કૂલોનું ૧૦૦ ટકા પરિણામ આવ્યું હોવાનું જાણવા મળે છે. અમદાવાદ શહેરના વિદ્યાર્થીઓએ પરિણામમાં મેદાન માર્યું છે. ૯૦ ટકા કરતા વધુ ગુણ મેળવનારા વિદ્યાર્થીઓની સંખ્યા શહેરમાં ૧૦૦૦ જેટલી છે. જેમાં સૌથી વધુ DPS સ્કૂલના ૨૪૪ અને ઉદગમ સ્કૂલના ૧૩૬ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. બોપલની DPS સ્કૂલની રિશિકા મહેશ્વરીના ૯૯.૩૩ ટકા જ્યારે ઉદગમની પ્રાચી કેશરીને ૯૯.૨૦ ટકા આવ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, CBSE બોર્ડ દ્વારા ધોરણ-૧૦નું મંગળવારે પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. ધોરણ-૧૦માં સમગ્ર દેશની ૨૧૪૬૭ સ્કૂલોના વિદ્યાર્થીઓ નોંધાયા હતા. ગતવર્ષે આ સ્કૂલોની સંખ્યા ૨૦૩૮૭ જેટલી હતી. આમ, આ વખતે સ્કૂલોની સંખ્યામાં પણ વધારો જોવા મળ્યો હતો. ધોરણ-૧૦ની પરીક્ષા માટે સમગ્ર દેશમાંથી ૨૧૫૦૬૦૮ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જેમાંથી ૩૬૮૪૧ ખાનગી વિદ્યાર્થીઓ હતા. જ્યારે ૨૧૧૩૭૬૭ રેગ્યુલર વિદ્યાર્થીઓ હતા.

બોર્ડ દ્વારા ૨૦૯૭૧૨૮ વિદ્યાર્થીઓનું પરિણામ જાહેર કર્યું હતું. જ્યારે ૧૬૬૩૯ વિદ્યાર્થીઓનું પરિણામ હજુ પ્રોસેસમાં હોવાનું સામે આવ્યું છે. બોર્ડ દ્વારા જાહેર કરાયેલા ૨૦૯૭૧૨૮ વિદ્યાર્થીઓ પૈકી ૨૦૩૬૯૬૭ વિદ્યાર્થીઓ પાસ થવામાં સફળ રહ્યા છે. આમ, ધોરણ-૧૦નું સમગ્ર દેશનું પરિણામ ૯૯.૦૪ ટકા જેટલું ઉંચુ આવ્યું છે. ધોરણ-૧૦ના પરિણામમાં વિદ્યાર્થીનીઓ ફરીવાર મેદાન મારી ગઈ છે. ધોરણ-૧૦માં વિદ્યાર્થીઓનું પરિણામ ૯૮.૮૯ ટકા આવ્યું છે. જ્યારે વિદ્યાર્થીનીઓનું પરિણામ ૯૯.૨૪ ટકા આવ્યું છે. આમ, વિદ્યાર્થીઓ કરતા વિદ્યાર્થીનીઓનું પરિણામ ૦.૩૫ ટકા જેટલું ઉંચુ આવ્યું છે. જ્યારે ૧૭૬૩૬ વિદ્યાર્થીઓ કમ્પાર્ટમેન્ટ પરીક્ષા આપશે.

ઉદગમ સ્કૂલના વિદ્યાર્થીઓએ ધોરણ-૧૦માં ખુબ જ સારો દેખાવ કર્યો હતો. સ્કૂલના ૩૦૨ વિદ્યાર્થીઓ ધોરણ-૧૦માં નોંધાયા હતા અને તમામ વિદ્યાર્થીઓ પાસ થયા છે. જેમાં ૯૦ ટકા કરતા વધુ ગુણ મેળવનારા વિદ્યાર્થીઓની સંખ્યા ૧૩૬ જેટલી છે. જ્યારે ૮૦ ટકા કરતા વધુ ગુણ મેળવનારા વિદ્યાર્થીઓની સંખ્યા ૯૭ જેટલી છે. ગણીતમાં ૧૫ વિદ્યાર્થીઓને ૧૦૦માંથી ૧૦૦ ગુણ મળ્યા છે. જ્યારે સાયન્સમાં ૧ અને સોસિયલ સાયન્સમાં ૩, સંસ્કૃતમાં ૧૭ વિદ્યાર્થીઓને ૧૦૦માંથી ૧૦૦ ગુણ મળ્યા છે. આમ, કુલ ૩૬ વિદ્યાર્થીઓ પરફેક્ટ ૧૦૦ લાવવામાં સફળ રહ્યા છે.

બોપલ ખાતે આવેલી DPS સ્કૂલના વિદ્યાર્થીઓનું પરિણામ પણ ૧૦૦ ટકા આવ્યું છે. સ્કૂલના ૪૪૫ વિદ્યાર્થીઓ ધોરણ-૧૦ની પરીક્ષામાં નોંધાયા હતા અને તમામ પાસ થયા છે. જેમાંથી ૨૪૪ જેટલા વિદ્યાર્થીઓને ૯૦ ટકા કરતા વધુ ગુણ મળ્યા હોવાનું જાણવા મળે છે. જ્યારે ૯૭ વિદ્યાર્થીઓને ૯૫ ટકા કરતા વધુ ગુણ મળ્યા હોવાનું સામે આવ્યું છે. સ્કૂલના વિદ્યાર્થીઓના એવરેજ માર્ક ૮૮.૬૮ ટકા રહ્યા છે. સ્કૂલના ૪૨ વિદ્યાર્થીઓને પરફેક્ટ ૧૦૦ ગુણ મળ્યા છે.

તુલીપ ઈન્ટરનેશન સ્કૂલના ૧૨૭ વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા માટે નોંધાયા હતા અને તમામ પાસ થયા છે. જેમાંથી ૪૫ વિદ્યાર્થીઓને ૯૦ ટકાથી વધુ ગુણ મળ્યા હોવાનું જાણવા મળે છે. જ્યારે ૭૬ વિદ્યાર્થીઓને ૭૧ ટકાથી લઈને ૮૯ ટકા વચ્ચે ગુણ મળ્યા છે.

ઝેબર સ્કૂલનું પણ ધોરણ-૧૦નું પરિણામ સારુ રહ્યું છે. સ્કૂલના ૧૬૮ વિદ્યાર્થીઓ ધોરણ-૧૦માં નોંધાયા હતા અને તમામ વિદ્યાર્થીઓ પાસ થવામાં સફળ રહ્યા છે. સ્કૂલના ૩૯ વિદ્યાર્થીઓને ૯૦ ટકા કરતા વધુ ગુણ આવ્યા છે. જ્યારે ૫૨ વિદ્યાર્થીઓને ૮૦ ટકાથી વધુ ગુણ મળ્યા હોવાનું સામે આવ્યું છે. ગ્લોબલ ઈન્ડિયન ઈન્ટરનેશનલ સ્કૂલના પ્રિન્સીપાલ સીઝર ડી સિલ્વાએ જણાવ્યું હતું કે, લગભગ ૪૦% બેચના વિધાર્થીઓએ ૯૦% થી ઉપર અને ૭૨% બેચના વિદ્યાર્થીઓએ ૮૦% થી વધુ ગુણ મેળવ્યા છે. GIIS અમદાવાદના વિદ્યાર્થીઓએ સાયન્સ, સોશિયલ સ્ટડી અને કમ્પ્યુટર એપ્લિકેશન્સમાં ૧૦૦% ગુણ મેળવ્યા છે. ૫૩ વિદ્યાર્થીઓની બેચ માટે શાળા સરેરાશ ૮૫% પરિણામ રહ્યું હતું.

કેન્દ્રીય વિદ્યાલયોનું ૧૦૦ ટકા પરિણામ

ધોરણ-૧૦માં કેન્દ્રીય વિદ્યાલયોનું પરિણામ ૧૦૦ ટકા રહેવા પામ્યું છે. ગતવર્ષે કેન્દ્રીય વિદ્યાલયોનું પરિણામ ૯૯.૨૩ ટકા હતું. જોકે, આ વખતે કેન્દ્રીય વિદ્યાલયના તમામ વિદ્યાર્થીઓ પાસ થયા છે. જ્યારે સેન્ટ્રલ તિબેટીયન સ્કૂલ્સ એડમિનિસ્ટ્રેશન (CTSA)નું પરિણામ પણ ૧૦૦ ટકા આવ્યું છે. ગતવર્ષે તેનું પરિણામ ૯૩.૬૭ ટકા જેટલું રહ્યું હતું. આ ઉપરાંત જવાહર નવોદય વિદ્યાલયનું પરિણામ ૯૯.૯૯ ટકા, સરકારી સ્કૂલોનું પરિણામ ૯૬.૦૩ ટકા, ગ્રાન્ટેડ સ્કૂલોનું પરિણામ ૯૫.૮૮ ટકા અને ખાનગી સ્કૂલોનું પરિણામ ૯૯.૫૭ ટકા જેટલું આવ્યું છે.

દેશના ૫૭,૮૨૪ વિદ્યાર્થીઓને ૯૫ ટકાથી વધુ ગુણ મળ્યા

ધોરણ-૧૦ના પરિણામમાં સમગ્ર દેશમાંથી ૫૭૮૨૪ જેટલા વિદ્યાર્થીઓ એવા હતા કે જેમને ૯૫ ટકા કરતા પણ વધુ ગુણ મળ્યા હોવાનું સામે આવ્યું છે. જ્યારે ૯૦ ટકા કરતા વધુ અને ૯૫ ટકા કરતા ઓછા ગુણ આવ્યા હોય તેવા વિદ્યાર્થીઓની સંખ્યા ૨૦૦૯૬૨ હતી. આમ, સમગ્ર દેશના અઢી લાખથી વધુ વિદ્યાર્થીઓને ધોરણ-૧૦માં ૯૦ ટકા કરતા વધુ ગુણ મળ્યા હોવાનું સામે આવ્યું છે.

અજમેર વિભાગનું ૯૯.૮૮ ટકા પરિણામ

ગુજરાત રાજ્યનો જેમાં સમાવેશ થાય છે તેવા અજમેર વિભાગનું પરિણામ ૯૯.૮૮ ટકા જેટલું ઉંચું આવ્યું છે. સૌથી વધુ પરિણામ ત્રિવેન્દ્રમ વિભાગનું આવ્યું છે. આ વિભાગના ૯૯.૯૯ ટકા વિદ્યાર્થીઓ પાસ થવામાં સફળ રહ્યા છે. જ્યારે સૌથી ઓછું પરિણામ ગુવાહાટી વિભાગનું આવ્યું છે. જ્યાં ૯૦.૫૪ ટકા વિદ્યાર્થીઓ પાસ થયા છે. આ ઉપરાંત બેંગાલૂરૂમાં પણ ૯૯.૯૬ ટકા, ચેન્નાઈમાં ૯૯.૬૪ ટકા, પુનેનું ૯૯.૬૨ ટકા પરિણામ આવ્યું છે.

DPS ઈસ્ટ સ્કૂલને રૂા.૧ લાખનો દંડ ફટકારવામાં આવ્યો

● નિયમનું ઉલ્લંઘન ચાલુ રાખે તો પ્રતિદિન રૂા.૧૦ હજારનો દંડ ફટકારવા પણ આદેશ ● સ્કૂલને શિક્ષણ બોર્ડ દ્વારા પણ રૂા.૨ લાખનો દંડ કરવામાં આવે તે માટે ભલામણ કરાઈ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩

DPS ઈસ્ટ સ્કૂલને રૂા.૧ લાખનો દંડ ફટકારવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તાજેતરમાં અમદાવાદ ગ્રામ્ય ડીઈઓ અને ડીપીઈઓ દ્વારા સ્કૂલનું હિયરીંગ રાખવામાં આવ્યું હતું અને તેમાં શાળા દ્વારા રજૂ કરાયેલા ખૂલાસાનો અભ્યાસ કર્યા બાદ નિયમનો ભંગ કરવામાં આવ્યો હોવાનું સામે આવતા સ્કૂલને રૂ. ૧ લાખનો દંડ અને ઉલ્લંઘન ચાલુ રાખે તો પ્રતિદિન રૂ. ૧૦ હજારનો દંડ ફટકારવાનો આદેશ કરાયો છે. ઉપરાંત શિક્ષણ બોર્ડને પણ રૂ. ૨ લાખનો દંડ કરવા માટે ભલામણ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, CBSE બોર્ડ દ્વારા ૨૦૧૯માં DPS ઈસ્ટ શાળાનું એફીલીએશન રદ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પ્રાથમિક શિક્ષણ નિયામક દ્વારા ૨૦૨૦માં શાળાની માન્યતા એપ્રિલ-૨૦૨૧થી રદ કરવાનું નક્કી કરાયું હતું. ઉપરાંત એપ્રિલ-૨૦૨૧થી વિદ્યાર્થીઓને અન્ય શાળામાં ખસેડી ૨૦૦૮થી ૨૦૧૧ સુધીની અમાન્ય શાળા તરીકે ચલાવેલી શાળાને અંકે રૂા.૫૦ લાખનો દંડ બે માસમાં ચલણથી જમા કરાવવા માટે જે તે સમયે હુકમ કર્યો હતો. જેની સામે શિક્ષણ વિભાગે પણ આ હુકમને કાયમ રાખ્યો હતો.

CBSE દ્વારા ૨૦૨૦માં રાજ્ય સરકારનું એનઓસી રજૂ કરવા માટે શાળાને જણાવ્યું હતું. જેની સામે સ્કૂલ દ્વારા સરકાર સમક્ષ એનઓસી માટે અરજી કરી હતી. જોકે, શિક્ષણ વિભાગ દ્વારા શાળાની એનઓસીની દરખાસ્ત નામંજુર કરી હતી. ત્યારબાદ DPS ઈસ્ટ દ્વારા પ્રાથમિક સ્કૂલની મંજુરી માટે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સમક્ષ અરજી કરી હતી. આ અરજી પણ નામંજુર કરવામાં આવી હતી. ઉપરાંત બોર્ડ સમક્ષ માધ્યમિક સ્કૂલ શરૂ કરવા માટે કરેલી અરજી પણ નામંજુર થઈ હતી.

આ કાર્યવાહી દરમિયાન અમદાવાદ ગ્રામ્ય ડીઈઓ દ્વારા ૨ જુલાઈ, ૨૦૨૧ના રોજ શાળા બંધ કરવા માટે જણાવ્યું હતું. પરંતુ સ્કૂલ બંધ કરવામાં આવી ન હતી. જેથી સ્કૂલના વહીવટદાર એવા અમદાવાદ શહેર ડીઈઓ દ્વારા તપાસ માટે ટીમ મોકલી હતી અને ત્યારબાદ સ્કૂલને બંધ કરવા માટે નોટીસ ફટકારી હતી. જેમાં માન્યતા વગર શાળા ચલાવવા માટે સ્કૂલ સામે શિક્ષાત્મક કાર્યવાહી કેમ ન કરવી તે બાબતે શો-કોઝ નોટીસ ફટકારી હતી અને તે અંગેની સુનાવણી પણ રાખવામાં આવી હતી.

અમદાવાદ ગ્રામ્ય ડીઈઓ અને ડીપીઈઓની સંયુક્ત સુનાવણી રાખવામાં આવી હતી. જેમાં શાળાના આચાર્યનું રૂબરૂ નિવેદન લેવામાં આવ્યું હતું. જેમાં તેમણે ધોરણ-૯ અને ૧૧ના વર્ગ જ બંધ કરશે તેમ જણાવ્યું હતું. આ મુદ્દે શાળાના આચાર્યએ સુનાવણી વખતે પોતાનો પાંચ પાનાનો જવાબ પણ રજૂ કર્યો હતો. આ જવાબનો અભ્યાસ કર્યા બાદ ટીમ દ્વારા શિક્ષાત્મક કાર્યવાહી કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

અમદાવાદ ગ્રામ્ય ડીઈઓ આર.આર.વ્યાસ અને ડીપીઈઓ એમ.એન. પટેલ દ્વારા સંપુર્ણ હકીકતની ચકાસણી કર્યા બાદ એવા તારણ પર આવ્યા હતા કે આરટીઈ એક્ટ ૨૦૦૯ નિયમ-૧૮ પ્રાથમિક વિભાગ માટે અને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ અધિનિયમ-૪૨નો ભંગ થયો હોવાનું જણાયું હતું. જેથી નિયમના ભંગ બદલ તેમની સામે કાર્યવાહી કરવાનું નક્કી કરાયું હતું.

આમ, RTE એક્ટ ૨૦૦૯ નિયમ-૧૮ના ઉલ્લંઘન બદલ DPEO અમદાવાદ દ્વારા રૂ. ૧ લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે. ઉપરાંત ઉલ્લંઘન ચાલુ રાખવામાં આવે તો તેવા હજારનો દંડ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ઉપરાંત ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ કલમ-૪૨ના ભંગ બદલ DEO અમદાવાદ ગ્રામ્યએ રૂા.૨ લાખનો દંડ કરવા માટે શિક્ષણ બોર્ડને ભલામણ કરી છે.

વસ્ત્રાલની સ્કૂલમાં શિક્ષકે પાંચ વિદ્યાર્થીઓને ફૂટપટ્ટીથી ફટકાર્યા

વિદ્યાર્થીઓ મજાક કરતા હોઈ શિક્ષકે ક્લાસની બહાર લઈ જઈ માર માર્યો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩

શહેરના વસ્ત્રાલ વિસ્તારમાં આવેલી એક સ્કૂલમાં ધોરણ-૧૦માં અભ્યાસ કરતા પાંચ વિદ્યાર્થીને શિક્ષકે ફુટપટ્ટી વડે ફટકાર્યો હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. વિદ્યાર્થી સ્કૂલમાં મજાક કરતા હોઈ શિક્ષકે તમામ વિદ્યાર્થીઓને ક્લાસની બહાર લઈ જઈ ફટકાર્યા હતા. જેના લીધે વિદ્યાર્થીઓના કાંડા અને હાથ પર મારના નિશાન પડી ગયા હતા. આ ઘટનાને લઈને વિદ્યાર્થીના પિતાએ સ્કૂલ સંચાલકો સમક્ષ રજૂઆત કરી હતી. જેથી સમગ્ર ઘટનાની તપાસ કરી શિક્ષક કસુરવાર જણાશે તો તેની સામે પગલા લેવાની તૈયારી દર્શાવવામાં આવી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, વસ્ત્રાલમાં આવેલી એકલવ્ય એજ્યુકેશન કેમ્પસમાં ધોરણ-૧૦માં કર્મદીપ સિંહ ઝાલા અભ્યાસ કરે છે. મંગળવારે સવારે નિત્ય ક્રમ મુજબ કર્મદીપ સ્કૂલે ગયો હતો. ત્યારે ક્લાસમાં કર્મદીપ, અંશ અને અન્ય ત્રણ વિદ્યાર્થીઓએ ચાલુ વર્ગમાં મશ્કરી કરતા હતા. આ વખતે ગોપાલ અહેરવાર નામના શિક્ષકે તેમને જોઈ જતાં વિદ્યાર્થીઓને વર્ગની બહાર કાઢીને ફૂટપટ્ટી વડે માર માર્યો હતો. ત્યારબાદમાં અન્ય શિક્ષકે જોતા ફરીથી વિદ્યાર્થીઓને વર્ગમાં લઈ જઈને માર્યા હતા. શિક્ષકે વિદ્યાર્થીઓને ખુબ જ ફટકાર્યા હોઈ તેમના હાથ અને કાંડા પર મારના નિશાન પડી ગયા હતા. આ ઘટના અંગે વાલી દ્વારા સ્કૂલના સંચાલકોને લેખિતમાં ફરિયાદ કરી હતી. ઉપરાંત અન્ય જગ્યાએ પણ ફરિયાદ કરી હોવાનું સામે આવ્યું છે. શિક્ષક દ્વારા પાંચેક વિદ્યાર્થીઓને ખુબ જ ફટકાર્યા હોવાથી તેઓ ડરી ગયા હતા. આ ઘટના અંગે પાંચ વિદ્યાર્થીઓ પૈકી ૨ વિદ્યાર્થીઓના વાલીઓએ સંચાલકો સમક્ષ ફરિયાદ કરી હતી. જેથી સંચાલકોએ સમગ્ર ઘટનાની તપાસ કરી જો શિક્ષક કસુરવાર જણાશે તો તેની સામે યોગ્ય કાર્યવાહી કરવાની તૈયારી દર્શાવી હતી.

UN : ઈઝરાયેલે છેલ્લા ૨૦ દિવસમાં ૪ પેલેસ્ટીનીઓની હત્યા કરી, ૧૦૯ને ઈજાઓ પહોંચાડી

(એજન્સી) રોઈટર, તા.૩

યુનાઈટેડ નેશન્સની એક રિપોર્ટમાં જણાવ્યું છે કે ઈઝરાયેલે છેલ્લા ૨૦ દિવસમાં બે બાળકો સહિત ૪ પેલેસ્ટીનીઓની હત્યા કરી હતી અને ૧૪૧ બાળકો સહિત ૧૦૯૦ લોકોને ઈજાઓ પહોંચાડી હતી. રિપોર્ટમાં જણાવાયું છે કે ૮ અને ૨૮ જુલાઈ વચ્ચે યુ.એન.ની કો-ઓર્ડિનેશન ઓફ હ્યુમેનિટરિયન અફેર્સે જણાવ્યું છે કે પેલેસ્ટીનીઓની હત્યાઓ અને ઘાયલ કરવાની ઘટનાઓ વેસ્ટબેંકમાં બની હતી. એમણે એ પણ જણાવ્યું છે કે આ વર્ષની શરૂઆતથી આજ સુધી ઈઝરાયેલે વેસ્ટબેંકમાં ૧૧ બાળકો સહિત ૫૦ પેલેસ્ટીનીઓની હત્યા કરી છે. આ જ સમયગાળામાં ૫૮૪ બાળકો સહિત ૧૧૨૩૨ પેલેસ્ટીનીઓ ઘવાયા પણ હતા. વેસ્ટબેંકના નેબ્લસ શહેરના બેઈતા ગામમાં સ્થિત એવ્યાર નામથી ઓળખાતી આઉટપોસ્ટ પાસે ઈઝરાયેલે નવેસરથી ગેરકાયદેસર વસાહતો ઊભી કરી છે. યુ.એન.એ રિપોર્ટમાં જણાવ્યું છે કે ઉપરોક્ત સમય દરમિયાન જે ૧૧૨૩૨ પેલેસ્ટીનીઓ ઘવાયા હતા એમાંથી ૯૩૯ પેલેસ્ટીનીઓ ગેરકાયદેસરની વસાહતો પાસે ઘવાયા હતા. આ વસાહતો બેઈતા પાસે આવેલ પેલેસ્ટીનીઓની માલિકીની જમીન ઉપર બાંધવામાં આવ્યા હતા. જોકે વસાહતીઓ ૨જી જુલાઈએ વસાહતો ખાલી કરી ગયા હતા એના પછી ઈઝરાયેલી દળો અહીંયા ચોકી કરી રહ્યા છે. તેઓ ઈઝરાયેલ સરકારના નિર્ણયની રાહ જોઈ રહ્યા છે. ઈઝરાયેલી સત્તાવાળાએ નિર્ણય કરવાનો છે કે આ જમીનને સરકારી જમીન જાહેર કરીએ અથવા યહુદીઓના ધાર્મિક સ્થળ તરીકે જાહેર કરીએ.

UNએ ઈઝરાયેલને વેસ્ટબેંકમાં કરવામાં આવેલી પેલેસ્ટીની બાળકની હત્યા સંદર્ભે તપાસ કરવા કહ્યું



(એજન્સી) તા.૩

યુનાઈટેડ નેશન્સે ઈઝરાયેલને વિનંતી કરી છે કે પેલેસ્ટીની બાળકની કરાયેલ હત્યાની તપાસ કરવામાં આવે. ૧૨ વર્ષીય મુહમ્મદ મુથ્યાદ બહ્જત અલ- અલામીને વેસ્ટબેંકના દક્ષિણી ભાગમાં સ્થિત બેઈત ઉમર શહેર પાસે છાતીમાં ગોળી મારવામાં આવી હતી. યુ.એન. સેક્રેટેરી જનરલના પ્રવક્તા એરી કનેકોએ પત્રકારોને જણાવ્યું હતું કે સેક્રેટેરી જનરલ એન્ટોનીઓ ગુટરેસને અલ-અલામીની હત્યાની જાણકારી છે. એમણે કહ્યું કે ગુટરેસે ઈઝરાયેલના સત્તાવાળાઓને વિનંતી કરી છે કે તેઓ આ હત્યા બાબતે તપાસ કરે. આ પહેલા બુધવારે પેલેસ્ટીની સ્વાસ્થ્ય મંત્રાલયે જાહેરાત કરી હતી કે અલ અલામીને ઈઝરાયેલી સૈનિકોએ છાતીમાં ગોળી મારી હતી જ્યારે તે શહેરના પ્રવેશના માર્ગ પર કારમાં બેઠો હતો. મંત્રાલયે પુષ્ટિ કરી હતી કે એમને ગંભીર હાલતમાં હેબ્રોનની અલ-અહલી હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા પણ ગંભીર ઈજાઓના લીધે એમનું મૃત્યુ થયું હતું.

લેબેનોની એથ્લીટનો ઈઝરાયેલી ખેલાડી સાથે ફાઈટ કરવાનો ઈન્કાર, ખેલાડીઓનું આવું વલણ તોપ અને ટેન્કોથી પણ વધુ ખતરનાક છે : ઈઝરાયેલી મીડિયા



(એજન્સી) તા.૩

બલ્ગેરિયામાં આયોજિત થનારી વર્લ્ડ માર્શલ આર્ટસ ચેમ્પિયનશીપમાં જાયોની શાસનના ખેલાડીની સાથે હરીફાઈથી બચવા માટે લેબેનોની એથ્લીટે હરીફાઈમાંથી પોતાનું નામ પરત લઈ લીધું. મીડિયા રિપોર્ટ મુજબ શનિવારે લેબેનોની એથ્લીટ અબ્દુલ્લાહ મિનિયાતુએ જ્યારે આ જોયું કે ચેમ્પિયનશીપમાં તેમનો સામનો ઈઝરાયેલી ખેલાડી સાથે થશે, તો તેમણે પોતાનું નામ પરત લઈ લીધું. હરીફાઈમાંથી પોતાનું નામ પરત લીધા પછી તેમણે જણાવ્યું કે જાયોની શાસનને માન્યતા ના આપવાના કારણે તે તેનાથી હરીફાઈ કરશે નહીં, કારણ કે જો તે એવું કરે છે તો આ જાયોની શાસનની સાથે સંબંધોને સામાન્ય કરવા જેવું હશે. તેમના કોચ મોહમ્મદ અલ ગુરબીનું કહેવું હતું કે દુર્ભાગ્યથી મોહમ્મદ અબ્દુલ્લાની પ્રથમ ફાઈટ ઈઝરાયેલી ખેલાડી સાથે હતી માટે અમે આ હરીફાઈમાં ભાગ ના લેવાનો નિર્ણય કર્યો. એટલા માટે કે તેમાં ભાગ લેવો, જાયોની શાસનને માન્યતા આપવા જેવું હશે, જે અમારા બાળકોના હત્યારા છે અને તેણે અમારી જમીન પર કબજો કરી રાખ્યો છે. અલ-જજાયર, સુદાન અને ઈરાન જેવા કેટલાક મુસ્લિમ દેશોના ખેલાડી આ પહેલા પણ રમતોમાં જાયોની શાસનના ખેલાડીઓ સાથે રમવાથી ઈન્કાર કરી ચુક્યા છે. ઈઝરાયેલી મીડિયાએ મુસ્લિમ અને અરબ દેશોના ખેલાડીઓના આ પગલાંને ટેન્ક અને હથિયારોથી પણ વધુ ખતરનાક ગણાવ્યું છે.

ઈસ્લામ વિરૂદ્ધ અંતિમવાદી વલણ ધરાવતી વ્યક્તિ સામે વિજય મેળવ્યા પછી સીરિયન સગીરે યુવા લોકો માટે ચેરિટીની સ્થાપના માટે પ્રતિબદ્ધતા દર્શાવી

(એજન્સી) લંડન, તા.૩

ઈસ્લામ વિરૂદ્ધ એક્ટિવિસ્ટ અને ઈંગ્લિશ ડિફેન્સ લીગના સ્થાપક ટોમી રોબિન્સન સામે કાયદાકીય વિજય મેળવ્યા પછી શાળાના સગીર સીરિયન વિદ્યાર્થી જમાલ હિજાઝીએ પ્રતિજ્ઞા કરી કે તે આ નાણાનો ઉપયોગ યુવાઓ માટે ચેરિટીની સ્થાપના માટે કરશે. એમણે એક ઈન્ટરવ્યુમાં કહ્યું કે આ નાણા હું કોઈ પણ જાતિના મારા જેવા નબળા યુવાઓ જેઓ મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે એમને મદદ કરવા માટે ખર્ચ કરીશ. ફક્ત એમને ત્રાસ આપનારાઓ જ નહિ પણ વંશીય બાબતોથી પીડાતા લોકોને પણ મદદ કરીશ. ૧૮ વર્ષીય જમાલને બદનક્ષીના કેસમાં બે વર્ષની કાયદાકીય લડાઈ પછી વળતર પેટે ૧ લાખ પાઉન્ડ મળ્યા છે. ૩૮ વર્ષીય સ્ટીફનને પણ કાયદાકીય ખર્ચ પેટે ૫ લાખ પાઉન્ડ ચૂકવવા આદેશ કરવામાં આવ્યું છે. જેતે વખતે હિજાઝી ઉપર એમના સહપાઠીઓ દ્વારા કરાયેલ વંશીય હુમલાઓ પછી એમણે રોબિન્સન સામે ખોટા અને બદનક્ષીભર્યા નિવેદનો ફેસબુક ઉપર ફેલાવવાના આક્ષેપો મુક્યા હતા. એમણે ૨૦૧૮ના વર્ષનો એક વીડિયો રજૂ કર્યો હતો જેમાં દર્શાવવામાં આવ્યું હતું કે હિજાઝીને જમીન પર પાડી દેવામાં આવ્યા છે. સહપાઠીઓ એમના ઉપર પાણી રેડી રહ્યા છે અને વંશીય ટિપ્પણીઓ કરી રહ્યા છે. આ વીડિયો સોશિયલ મીડિયામાં ફરતો થયા પછી રોબિન્સને દાવો કર્યો હતો કે હિજાઝી નિર્દોષ નથી, એમણે શાળામાં અંગ્રેજ છોકરીઓને ધમકીઓ આપી હતી. એમણે કહ્યું કે હિઝાઝીએ અન્ય શાળાના વિદ્યાર્થીને પણ છરાથી હુમલો કરવાની ધમકી આપી હતી. જો કે આક્ષેપો સીરિયન શરણાર્થીઓ દ્વારા નકારવામાં આવ્યા હતા. ચુકાદામાં જજે નોંધ્યું કે આરોપીએ પીડિતને લક્ષ્ય બનાવ્યા હતા જેના લીધે એમના કુટુંબને ઘર છોડવા અને યુવા વિદ્યાર્થીને અભ્યાસ છોડવાની ફરજ પડી હતી. સામાવાળા એમને નુકસાન પહોંચાડવા માટે જવાબદાર છે.

વિદાય લેનાર રાષ્ટ્રપતિએ તકલીફો બદલ ઈરાનીઓની માફી માંગી

(એજન્સી) એનાદોલુ, તા.૩

ઈરાનના વિદાય લઈ રહેલ રાષ્ટ્રપતિ હસન રૂહાનીએ એમના ૮ વર્ષના શાસનકાળ દરમિયાન દેશવાસીઓએ ભોગવેલ મુશ્કેલીઓ બદલ એમની માફી માંગી હતી. એમણે પોતાની છેલ્લી કેબિનેટમાં સંબોધન કરતા કબૂલ કર્યું હતું કે, એમની સરકારે લોકોને સત્ય બાબતોનો ફક્ત અમુક ભાગ જ બતાવ્યો હતો. કારણ કે, એમને ભય હતું કે જો એ બધું સત્ય કહી દેશે તો એ દેશની એકતાને જોખમમાં મૂકશે. રૂહાનીએ વધુ વિગતો નહીં આપતા ફક્ત એ જ કહ્યું કે, જે અમે લોકોને જણાવ્યું હતું એ હકીકતોની વિરૂદ્ધ ન હતું પણ અમોએ લોકોને સત્ય હકીકતોનો અમુક ભાગ બતાવ્યો ન હતો. રૂહાનીની સરકાર આ અઠવાડિયે એમના બે ટર્મનું શાસનકાળ પૂર્ણ કરશે. એમના અનુગામી તરીકે ન્યાયતંત્રના વડા અને ટોચના રૂઢીવાદી નેતા ઈબ્રાહીમ રઅઈસી દેશનું સુકાન સંભાળશે. વિદાય લઈ રહેલ રાષ્ટ્રપતિએ લોકો સાથે ઓછા સંપર્કો રાખ્યા હતા એ બદલ એમણે લોકો પાસેથી એમની ભૂલો અને ક્ષતિઓ બદલ માફી માંગી હતી. એમણે સંસદના અમુક સભ્યો ઉપર આક્ષેપો મૂક્યા હતા કે, તેઓએ ૨૦૧૫ની પરમાણુ સમજૂતીના પુનઃ સ્થાપનામાં અવરોધવા માટે ભૂમિકા ભજવી હતી. રૂહાનીએ કહ્યું કે, પણ હવે એની ચર્ચા કરવાનો કોઈ અર્થ નથી. એમણે કહ્યું કે, અમે જે રીતે યોજના બનાવી હતી જો એ મુજબ વર્ત્યા હોત તો પરમાણુ સમજૂતીની પુનઃ સ્થાપના થઈ શકી હોત અને અમારા ઉપર મૂકાયેલ પ્રતિબંધો દૂર થઈ શક્યા હોત પણ અમે અન્ય મુદ્દાઓમાં અટવાઈ ગયા હતા. રૂહાનીની સરકાર ઉપર કોવિડ-૧૯ના સંચાલન અને આર્થિક ક્ષેત્રે નિષ્ફળ રહ્યા હોવાના આક્ષેપો મૂકાયા હતા. રૂહાનીએ પોતાના બચાવમાં કહ્યું કે, જો કોઈ એમના શાસનનું મૂલ્યાંકન કરવા માંગતો હોય તો એમણે આર્થિક યુદ્ધ, કોવિડ-૧૯ અને દુષ્કાળને પણ ધ્યાનમાં લેવું જોઈએ.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

૫ વર્ષ આપણી સરકારના
સૌના સાથથી સૌના વિકાસના...

નારી ગૌરવ દિવસ

નારી ગૌરવના જતન માટે
પ્રયત્નશીલ સરકાર

મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના
અંતર્ગત આજે
૧૦ હજાર સખી મંડળની
૧ લાખ બહેનોને
વગર વ્યાજે
₹ ૧૦૦ કરોડનું
ધિરાણ અપાશે

રાજ્યભરમાં નારી ગૌરવ દિવસે યોજાનાર કાર્યક્રમો

- શહેરી વિસ્તારમાં ૩૮ અને ગ્રામ્ય વિસ્તારમાં ૭૦ કાર્યક્રમો સહિત મહિલા ઉત્કર્ષ યોજનાના કુલ ૧૦૮ કાર્યક્રમો યોજાશે
- શહેરી વિસ્તારમાં ૫૦૦૦ અને ગ્રામ્ય વિસ્તારમાં ૫૦૦૦ સખી મંડળો મળી કુલ ૧૦,૦૦૦ સખી મંડળો કાર્યક્રમમાં જોડાશે
- ₹ ૧૭.૧૭ કરોડના ખર્ચે નિર્મિત આંગણવાડી (નંદ ઘર) તથા અન્ય કચેરીના ૨૨૩ મકાનોનું લોકાર્પણ અને ₹ ૧૩.૯૬ કરોડના ખર્ચે નિર્માણ થનાર ૧૪૦ મકાનોનું ખાતમુહૂર્ત
- ₹ ૨.૪૦ કરોડના ખર્ચે લુણાવાડા (મહીસાગર) અને નવસારી ખાતે નવનિર્મિત સખી વન સ્ટોપ સેન્ટરનું લોકાર્પણ તથા ગાંધીનગર, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લા ખાતે નિર્માણ પામનાર સખી વન સ્ટોપ સેન્ટરનું ખાતમુહૂર્ત

નારી ગૌરવ દિવસનો મુખ્ય કાર્યક્રમ

મુખ્ય મહેમાન
મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી
વિશેષ ઉપસ્થિતિ
મહિલા અને બાળ વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી વિભાવરીબેન દવે

તારીખ: ૪.૮.૨૦૨૧, સમય: સવારે ૧૦.૦૦ કલાકે, સ્થળ: વડોદરા

મહિલાઓની સુરક્ષા, સલામતી અને સશક્તિકરણ માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે.
- શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ....

ગુજરાત ટુડે
બુધવાર ૪ ઓગસ્ટ ૨૦૨૧
૨૪ ઝિલહજ હિજરી ૧૪૪૨
અષાઢ વદ અગિયારસ સંવત ૨૦૭૭

કોરોનાનું ફરીથી વધતું સંક્રમણ

ફરી એક વખત કોરોનાએ પગ પસારવાનું શરૂ કરી દીધું છે. તે અંગે સ્વાભાવિક જ ચિંતા થવા લાગી છે કે ક્યાંક આ ત્રીજી લહેરના ભણકારા તો નથી ? કોરોનાની બીજી લહેર રોકાયા છતાં ઘણા સમયથી ઈન્ફેકશનના આંકડા ૩૫થી ૪૦ હજારની વચ્ચે હતા. પરંતુ છેલ્લા કેટલાક દિવસથી તે ૪૦ હજારની ઉપર જઈ રહ્યા છે.

શુક્રવારે આ ૪૪ હજારથી પણ ઉપર પહોંચી ગયા હતા. અત્યાર સુધી દેશમાં કુલ કેસોની અડધી સંખ્યા મહારાષ્ટ્ર અને કેરળથી આવી રહી હતી, હવે એક માત્ર કેરળથી અડધા કેસ નોંધાવા લાગ્યા છે. દક્ષિણના અન્ય રાજ્ય અને પશ્ચિમ બંગાળ, ઓડિશા તેમજ પૂર્વોત્તરમાં પણ અત્યારે કોરોનાનો જોઈએ એવો ઘટાડો થઈ રહ્યો નથી. હવે દિલ્હીમાં પણ કેસ વધી રહ્યા છે. તબીબી વૈજ્ઞાનિકોનું કહેવું છે કે કોરોનાનું ડેલ્ટા સ્વરૂપ વધુ ખતરનાક સાબિત થઈ રહ્યું છે. હાલમાં 'આર ફેક્ટર' એક ટકાથી નીચે આવી રહ્યું નથી. તેનો દર એક ટકાથી વધુ હોવાનો અર્થ છે કે કોરોનાના કેસ ઝડપથી વધી શકે છે. માટે આ સ્થિતિ અંગે વધુ ચિંતા દર્શાવવામાં આવી રહી છે. આમ તો બીજી લહેર અટકવા લાગી, ત્યારથી ત્રીજી લહેરની આશંકા વ્યક્ત થવા લાગી હતી. સતત લોકોને જરૂરી સાવધાની રાખવાનું જણાવવામાં આવી રહ્યું છે. હવે અમેરિકા અને યુરોપીય દેશોમાં કોરોનાની ત્રીજી લહેર ફેલાવાની શરૂ થઈ ગઈ છે, તે માટે પણ અહીં પગ પસારવાની આશંકા વ્યક્ત થવા લાગી છે.

જો કે, હાલમાં વિદેશી ફ્લાઈટો બંધ છે, પરંતુ આપણા દેશમાં જ જ્યારે કોરોનાનું ડેલ્ટા સ્વરૂપ બન્યું છે, તો બહારના બદલે અંદરથી તેના ઈન્ફેકશનનું જોખમ છે. કેરળ વગેરે રાજ્યોમાં કોરોના પર નિયંત્રણ ન મેળવી શકવાના કેટલાક કારણો સ્પષ્ટ છે. બીજી લહેર ધીમી પડવાની સાથે જ જ્યારે આંશિક રીતે લોકડાઉન ખુલવાનું શરૂ થયું તો લોકોએ માની લીધું કે કોરોનાનો ભય સમાપ્ત થઈ ગયો. બજારો, રસ્તાઓ, જાહેર વાહનોમાં પણ ભીડભાડ શરૂ થઈ ગઈ. તેમાં સરકારો તરફથી પણ બેદરકારી દાખવવામાં આવી. તે બેદરકારીના પરિણામ પણ આવવાના શરૂ થઈ ગયા. તેના કારણે ત્યાં ફરીથી લોકડાઉનનો નિર્ણય લેવો પડ્યો છે.

વૈજ્ઞાનિકો કોરોના કીટાણુથી બચવા માટે કોરોના વિરોધી રસી લગાવવા પર ભાર આપતા રહ્યા છે. રસીકરણ અભિયાનમાં ગતિ લાવવાના સતત પ્રયાસ પણ થઈ રહ્યા છે. પરંતુ હાલમાં તેના બચાવની સૌથી અસરકારક પદ્ધતિ ભીડથી બચવું, નાક-મોઢું ઢાંકીને રાખવા, હાથ ધોતા રહેવું. આ જ વસ્તુઓમાં વધુ બેદરકારી જોવા મળી રહી છે. આ બરાબર છે કે કામ-ધંધા બંધ કરીને રાખી શકાતા નથી પરંતુ જીવનની સાથે બેદરકારી દાખવવી કોઈ સમજદારીની વાત નથી. સરકારો માટે દરેક સમયે લોકો પર દેખરેખ રાખવી સંભવ નથી. મહાનગરોમાં પોલીસ ચોક્કસ કેટલીક હદ સુધી નાક-મોઢું ના ઢાંકનારાઓ પર દંડ ફટકારતી, તેમને પાઠ શીખવવાનો પ્રયાસ કરતી દેખાઈ રહી છે, પરંતુ નાના શહેરો, નગરો અને ગામડાઓમાં આવું કરવું સંભવ થઈ શકતું નથી. બેદરકારીને કોઈપણ રીતે યોગ્ય ગણી શકાય નહીં.

અભિપ્રાય : યોગી આદિત્યનાથની બે બાળકની નીતિ સામેના ભયસ્થાનો

ચર્ચા

- વૃંદા કરાત

ઉત્તરપ્રદેશ વસ્તી (અંકુશ, સ્થિરતા અને કલ્યાણ) બિલ ૨૦૨૧ વાસ્તવમાં નાગરિકોના અધિકારો પર કરવામાં આવેલો સૌથી મોટો કુઠારાઘાત છે. છેલ્લા કેટલાક દાયકાઓમાં લાવવામા આવેલા પ્રાઈવેટ મેમ્બર્સ બિલની દરખાસ્તો અથવા તો વસ્તી અંકુશના પગલા તથા અત્યાર સુધીના બીજા ૩૫ જેટલા કાયદામાં સૌથી કુખ્યાત કાયદો છે. આ બિલને લઘુમતી વિરોધી બિલ તરીકે અને લોકોને વિભાજીત કરતા ચૂંટણીલક્ષી પ્લોટ તરીકે જોવામાં આવી રહ્યુ છે. આદિત્યનાથ સરકારનો ઈરાદો અને એજન્ડા ચોક્કસપણે આ હોઈ શકે. પરંતુ આ બિલને જો વ્યાપક રીતે જોઈએ તો તે ગરીબ વિરોધી, મહિલા વિરોધી અને બાળક વિરોધી બિલ છે. કમનસીબે કેટલાય રાજકીય પક્ષો જે સરકારમાં છે તેણે વસતી અંકુશ અંગે શિક્ષાત્મક પગલા અપનાવ્યા છે અને હવે તેઓને એક પરિમાણીય ટીકા કરવું વધુ સુગમ લાગી રહ્યુ છે, જેનું એકમાત્ર ધ્યેય ઉત્તરપ્રદેશની અંદર કોમી ધ્રુવીકરણનું છે જેના માટે તે જાણીતું છે.

નવ ઉદાર આર્થિક સુધારાવાદના સમયગાળામાં જ્યાં અસમાનતામાં નોંધપાત્ર વધારો થયો છે ત્યાં આ બિલ નાગરિકોને બંધારણ દ્વારા અને કાયદા દ્વારા આપવામાં આવેલા અધિકારથી વંચિત રાખે છે અને તે ફળદ્રુપતાના આધારે નાગરિકોના બે સેટ્સ પર અસર કરે છે. તે વાત સારી રીતે પ્રસ્થાપિત છે કે ફળદ્રુપતાનો દર સામાજિક અને આર્થિક નિર્દેશાંકો જેવા કે ગરીબી, આરોગ્ય, સાક્ષરતા, બાળમૃત્યુદર સાથે જોડાયેલા છે. ભારતમાં એનએફએચએસના આંકડા દર્શાવે છે કે અનુસૂચિત જાતિ, દલિતો, મુસ્લિમો અને તેના પછી ઓબીસીમાં ફળદ્રુપતા દર વધારે છે. બીજા શબ્દોમાં કહીએ તો તેઓ ગરીબ અને સામાજિક રીતે કચડાયેલા વર્ગ છે. આ બિલ ગરીબ લોકોને અને ગરીબીમાં સબડતા લોકો માટે અત્યાચાર સમાન છે.

આ બિલની જોગવાઈ આઠ અને તેની વિવિધ પેટા જોગવાઈઓ બે બાળકોથી વધારે બાળકો હોય તો સરકાર પ્રાયોજિત બધી યોજનાઓના ફાયદા લેતા અટકાવે છે, તેઓને તેના લીધે સરકારી નોકરીઓ અને પ્રમોશનો પણ નહી મળે અને આ રીતે શ્રમ કાયદાનો પણ ભંગ કરવામાં આવે છે. આ પ્રકારની ઓપન એન્ડેડ જોગવાઈ રચવાનો સીધો અર્થ એમ થાય કે આ જોગવાઈ અમલમાં આવ્યા પછી ત્રીજું બાળક આવ્યું તો મકાનનો અધિકાર, શિક્ષણનો અધિકાર અને વિવિધ પ્રકારની સામાજિક સુરક્ષાની યોજનાઓના અધિકાર બધાનો ઈન્કાર કરવામાં આવે છે. આનો અર્થ એમ પણ કરી શકાય કે ત્રીજા બાળકને આંગણવાડીમાં હાજર રહેવા દેવામાં નહીં આવે અથવા તો મધ્યાહન ભોજન યોજનાનો લાભ નહી મળે. સરકારના ઈરાદાને જોતાં હવે આ વાત અસંભવિત લાગતી નથી. ખાસ પ્રકારની પેટા જોગવાઈઓ જણાવે છે કે એક કુટુંબમાં ફક્ત ચાર જણને જ રાહતના દરે અનાજ આપવામાં આવશે. વાસ્તવમાં આ બાબત સ્પષ્ટપણે ફૂડ સિક્યોરિટી એક્ટનો ભંગ છે, જેમા આવી કોઈ જોગવાઈ નથી. ફૂડ સિક્યોરિટીની જોગવાઈ અને આવી અન્ય જોગવાઈઓને ચાતરી જવા માટે બિલમાં સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે અગાઉની બીજી કોઈપણ જોગવાઈઓ હશે તે આ કાયદો અમલી બનતા મહત્ત્વની નહી રહે અથવા તો નામશેષ કે બિનઅસરકારક થઈ જશે.

શું કોઈપણ રાજ્ય સરકાર સંસદ દ્વારા પસાર કરવામાં આવેલા કાયદા દ્વારા નાગરિકોને મળતાં ફાયદાથી વંચિત કરી શકે? દિલ્હીમાં તાજેતરમાં અરવિંદ કેજરીવાલ સરકારે રાશનની ડોરસ્ટેપ ડિલિવરીની જાહેરાત કરી ત્યારે કેન્દ્ર સરકારે તેનો તેમ કહીને વિરોધ કર્યો કે તે ફૂડ સિક્યોરિટી એક્ટની વિરુદ્ધ છે. તો પછી શા માટે તે હવે બાળકને રાશનથી વંચિત રાખતા કાયદાની દરખાસ્ત અંગે મૌન છે? સ્વાભાવિક રીતે તે કહેવાની જરૂર ભાગ્યે જ છે કે આ પ્રકારની પોલિસીઓના લીધે ભૂખમરો અને કુપોષણમાં વધારો થશે અને બાળમૃત્યુદર પણ વધશે. વાસ્તવમાં એક રીતે આ સીધી બાળકના અધિકાર પર તરાપ જ છે. આમ નવા જન્મેલા બાળક કે નવજાત શિશુને પરેશાન કરવા માટે યુપી સરકાર આ કાયદો લાવી છે.

આપણે બધા જાણીએ છીએ કે વસ્તી અંકુશની બધી જ નીતિઓના કેન્દ્રસ્થાને મહિલાઓના શરીર પરનો અંકુશ છે અને અહીં મહિલાને બાળકને જન્મ આપવાના તેના અધિકારથી વંચિત રાખવામાં આવી રહી છે. ભારતમાં પિતૃસત્તાશાહી માળખામાં પુત્રને પહેલી પસંદગી આપવામાં આવે છે, આજે પણ પુત્રપ્રાપ્તિ માટે ગર્ભ ધરાવતી મહિલાઓ જાતીય પરીક્ષણ કરાવે છે અને જો સ્ત્રી ભ્રૂણ કે બાળકી હોય તો તેની ગર્ભમાં જ હત્યા કરી દેવાય છે. ડિસેમ્બર ૨૦૨૦ના અંતે ૧૮ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશના એનએફએચએસ-ફાઈવના પ્રથમ રાઉન્ડના આંકડા પ્રકાશિત કરવામાં આવ્યા તેમા યુપીના આંકડા ઉપલબ્ધ નથી તે સમયે આપણે ૨૦૧૫માં નીતિ આયોગે પ્રકાશિત કરેલા આંકડા તરફ જઈશું. યુપીમાં આમ પણ ૧૦૦૦ પુરુષોએ ૮૭૯ મહિલાનો ચિંતાજનક રેશિયો છે, જે દેશમાં સૌથી ખરાબ રેકોર્ડ છે. હવે આ સંજોગોમાં બે બાળકની નીતિ લાદવાના લીધે પ્રસૂતા મહિલા પર જાતીય ચકાસણી કરાવવાનું દબાણ આવશે અને જો તેમા પુત્ર નહીં હોય અને સ્ત્રી ભ્રૂણ હશે તો બાળકીની ગર્ભમાં જ હત્યા કરી દેવાશે. મહિલાઓ પાસે આ કિસ્સામા કોઈ ખાસ પસંદગી નહીં હોય. અહીં મહિલાઓની ફળદ્રુપતા પર અંકુશ લાવવાની વાત છે ત્યારે વસ્તી અંકુશના મોટાભાગના પગલાઓ મહિલાઓ પર વિપરીત અને જુદી-જુદી અસર પાડે છે.

કેટલીક રાજ્ય સરકારોએ સ્થાનિક મ્યુનિસિપાલિટીની ચૂંટણી લડવા માટે બે બાળકનો નિયમ લાદ્યો છે તેની અત્યંત નકારાત્મક અસરો પડી છે. સરવેએ સ્પષ્ટ દર્શાવ્યું છે કે તેનો ભોગ મહિલાઓ બની છે. તેમા પણ અનામત મતવિસ્તારોમાંથી લડતી મહિલાઓ પર અસર પડી છે. ઘણી મહિલા ડિસ્ક્વોલિફાઈ થઈ છે. કેટલાક કિસ્સામાં તો ઉમેદવારો પુરુષો હતા અને તેઓએ ત્રીજું બાળક આવવા જ દીધું નથી. બીજા શબ્દોમાં કહીએ તો મહિલાઓ અને બાળકોને તેઓ લગ્ન કરીને જ્યાં વસે છે તે ઘર છોડી દેવા જ કહેવાયું છે. પંચાયતી રાજ મંત્રાલય સમર્થિત ૨૦૦૯નો અહેવાલ તે અભ્યાસને ટાંકે છે કે પાંચ રાજ્યોના ૨૧ જિલ્લામાં બે બાળકનો નિયમ લાગુ પડતા ડિસ્કવોલિફાઈ થયેલા ૫૪ ટકા ઉમેદવારો ક્યાં તો અભણ હતા અથવા તો તેમણે પ્રાથમિક શિક્ષણ મેળવ્યું હતું. જ્યારે ડિસ્કવોલિફાઈ થયેલામાં ૭૮ ટકા અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને ઓબીસી કેટેગરીના હતા. તેઓ સામાજિક રીતે નબળા વર્ગના છે.તેમાના અડધાની વાર્ષિક આવક માંડ માંડ ૨૦,૦૦૦ રૂપિયા હતી અને કેટલાકની તેનાથી પણ ઓછી હતી. સુપ્રીમ કોર્ટે પણ મહિલા સંગઠનોએ આ કાયદાઓને પડકારતા અને મહિલા ઉમેદવારોને અસર કરતા કાયદાને પડકાર્યા હોવા છતાં પણ તેને જાળવીને લોકશાહીની પ્રક્રિયાને ઘણો અન્યાય કર્યો છે. યુપી બિલમાં સ્થાનિક ચૂંટણીઓમાં ડિસ્ક્વોલિફાઈ કરવા બે બાળકોના નિયમનો સમાવેશ કરવામાં આવ્યો છે. અહીં ભૂતકાળના તે અનુભવોને ધ્યાનમાં લેવાયા નથી કે તેના લીધે ગરીબ અને તેમા પણ ખાસ કરીને દલિત, આદિવાસી અને મહિલાઓના લોકશાહી માટેના અધિકારો પર કેટલી અસર પડશે અને કેવી અસર પડશે.

આ બિલમાં કથિત પ્રોત્સાહન આપતી કલમોમાં ચારથી સાતની જોગવાઈ મહિલાઓ સામેની છે. કેટલાક પ્રોત્સાહનો જેવા કે સરકારી કર્મચારીને પ્રમોસન, વ્યાજમુક્ત લોન વગેરે કર્મચારી કે તેની પત્ની બે બાળકો પછી સ્ટરીલાઈઝેશન કરાવે તે શરતે આપવામાં આવ્યા છે. તેમા પણ એક બાળક પછી સ્ટરીલાઈઝેશન કરાવ્યું તો વધારે પ્રોત્સાહન મળશે. નેશનલ હેલ્થ મિશન ૨૦૧૭-૧૮ દ્વારા પ્રકાશિત કરવામાં આવેલા રિપોર્ટ મુજબ ભારતમાં ૯૩.૧ ટકા સ્ટરિલાઈઝેશન પ્રક્રિયા મહિલા પર થાય છે. આ બિલના બધા પ્રોત્સાહનો સ્ટરીલાઈઝેશન સાથે જોડાયેલા હોવાથી આપણે માની શકીએ કે આ સંદર્ભમાં મહિલાઓ પરના બોજામાં હજી પણ વધારો થશે. યુપી બિલ વાસ્તવમાં મેલ્થુસિયન માળખામાં લેવાયેલા પગલાંથી પાછોતરુ પગલું છે. તેમાં વસ્તી વધારા સામેના પડકારોને દાયકાઓ પહેલા દફનાવી દેવાયા હતા. ૧૯૯૪માં વસ્તી અને વિકાસ પર યોજાયેલી આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં વિકાસને વસ્તી વૃદ્ધિ માટેનું સૌથી મોટું ગર્ભનિરોધક માનવામાં આવ્યું હતું અને તેના ડેક્લરેશન કે જાહેરનામાને ભારત સહિત ૧૭૯ દેશોએ સ્વીકાર્યુ હતું. આ જ અભિગમનું પ્રતિબિંબ વાજપેયીજીના સમયે અપનાવવામાં આવેલી રાષ્ટ્રીય વસ્તી નીતિ ૨૦૦૦માં પડ્યુ હતુ, જેના અંગે સરકારે માહિતીગત અને નાગરિકોની સ્વૈચ્છિક પસંદગીના આધારે ટાર્ગેટ ફ્રી અભિગમ અંગે પ્રતિબદ્ધતા દાખવી હતી. ૨૦૧૯માં નૈરોબીમાં યોજાયેલી વૈશ્વિક વસતી કોન્ફરન્સમાં ભારતે ભારપૂર્વક જણાવ્યું હતું કે તેની નીતિમાં સ્વૈચ્છિક અને માહિતીગત પસંદગીઓને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. તાજેતરમાં ડિસેમ્બર ૨૦૧૦માં સુપ્રીમ કોર્ટમાં ચાલતી પીટીશનમાં કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે તેના સોગંદનામામાં જણાવ્યું હતું કે મંત્રાલય સરકારી નોકરીઓ અને સબસિડી માટે બે બાળકની નીતિ ફરજિયાત નહીં બનાવે. તેણે વધુમાં જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય અનુભવોએ દર્શાવ્યું છે કે બાળકો આટલી જ સંખ્યામાં રાખવા તેવી બળજબરીભરી નીતિ છેવટે તો ખોટનો સોદો જ પુરવાર થઈ છે અને તેના લીધે સીધી ડેમોગ્રાફી પર અસર પડી છે. ચીન તેનું ઉત્તમ ઉદાહરણ છે. હવે કોર્ટમાં આ જ પ્રકારનું વલણ અપનાવનારી કેન્દ્ર સરકારના નેજા હેઠળની ભાજપ સંચાલિત સરકારો તેનાથી વિપરીત અભિગમ દાખવી રહી છે અને બે બાળકોની નીતિને પ્રોત્સાહન આપી રહી છે. આમ પ્રજનનના અધિકારથી લઈને ફળદ્રુપતા પર અંકુશના પગલાં તેવા સમયે લેવામાં આવી રહ્યા છે જ્યારે એનએફએચએસ-૫ના આંકડાએ દર્શાવ્યું છે કે નૈસર્ગિક રીતે જ ફળદ્રુપતાના દરમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. કુલ ૧૭ રાજ્યોના આંકડાનું વિશ્લેષણ કરતા બિહાર, મણિપુર અને મેઘાલયને બાદ કરતાં બાકીના બધા રાજ્યોનો ટીએફઆર ૨.૧ કે તેનાથી પણ ઓછો હતો, જેનો અર્થ એમ થાય કે મોટાભાગના રાજ્યોમાં રિપ્લેસમેન્ટ લેવલ ફર્ટિલિટી જોવા મળી છે. ૨૦૦૫-૦૬તી ૨૦૧૫-૧૬ના આંકડા દર્શાવે છે કે હિંદુ કુટુંબોમાં ફળદ્રુપતાનો દર ૨.૬થી ઘટીને ૨.૧ થયો છે, જ્યારે મુસ્લિમોમાં તે ઘટીને ૩.૪થી ૨.૬ થયો છે, જે બીજા કોઈપણ સમાજની તુલનાએ નોંધપાત્ર ઘટાડો છે. રાજ્ય દીઠ જોઈએ તો આસામમાં મુસ્લિમ મહિલાનો ફળદ્રુપતા દર ૩.૭થી નોંધપાત્ર પ્રમાણમાં ઘટીને ૨.૪ થયો છે. આ દર બિહારમાં હિંદુ કુટુંબના ૨.૯ના ફળદ્રુપતા દર કરતાં પણ ઓછો છે. જમ્મુ-કાશ્મીરમાં મુસ્લિમોમાં ફળદ્રુપતા દર ૧.૪૫ છે. આ ડેટા બે મહત્ત્વના તારણો તરફ દોરી જાય છે. પ્રથમ તારણ એ છે કે ફર્ટિલિટિ રેટ કોઈપણ પ્રકારના આકરા પગલાં વગર ૨.૧ના રિપ્લેસમેન્ટ દરથી પણ નીચે ઉતરી ગયો છે. બીજું મુસ્લિમો કુટુંબ નિયોજન કરતા નથી તે પ્રકારનો કોમવાદી પ્રચાર તેમની સામે ચલાવાઈ રહ્યો છે તે સંપૂર્ણપણે હકીકતોથી વિપરીત છે. વસતી તો આમ પણ વધવાની છે કેમકે વધુને વધુ યુવાનો કુટુંબનું આયોજન કરવાના જ છે અને કરશે. વર્તમાન ટ્રેન્ડને ધ્યાનમાં રાખતા આરોગ્ય મંત્રાલયે અંદાજ મૂક્યો છે કે ૨૦૨૫ સુધીમાં ફર્ટિલિટી દર ઘટીને ૧.૯૩ અને ૨૦૩૦ સુધીમાં ૧.૮ થઈ જશે. યુપી સરકાર ભલે કદાચ મુસ્લિમોને લક્ષ્યાંક બનાવવા માંગતી હોય પરંતુ એક બાળકના બિલના વિરોધમાં વિશ્વ હિન્દુ પરિષદ (વીએચપી) મેદાનમાં ઉતરી છે. આરએસએસના વડા મોહન ભાગવતે આગ્રામાં૨૦૧૬માં યોજાયેલી બેઠકમાં જણાવ્યું હતું કે કયો કાયદો હિન્દુઓને વધારે બાળકોને જન્મ આપતા રોકે છે? યોગી સરકાર દ્વારા લવાયેલો કાયદો તે મોહન ભાગવતને અપાયેલો જવાબ છે. જો તેઓની વસ્તી વધી રહી છે તો શા માટે આપણી વસ્તી વધી રહી નથી, હિંદુત્વના નેતાઓનું માનવું છે કે હિંદુ મહિલાની ફરજ છે કે તે વધુને વધુ બાળકોને જન્મ આપે. યોગી સરકાર આ વાત સાંભળે છે. શું તેઓ આ બિલથી ખુશ થશે, જરા પણ નહી. તેઓનું સ્પષ્ટપણે માનવું છે કે આ પ્રકારના બિલને કાયદાકીય માન્યતા મળવાથી લગ્ન બહારના સંબંધોમાં વધારો થશે. આ બિલની જોગવાઈ ૧૮માં કહેવામાં આવ્યું છે કે મુસ્લિમ પુરુષ તેમના પર્સનલ લો હેઠળની પેટા જોગવાઈ (૨) મુજબ એક કે વધુ વખત લગ્ન કરી શકશે અને તેની દરેક પત્નીના બે-બે સંતાન હોય તો પણ તેને કાયદા હેઠળ પ્રોત્સાહન મળશે. તેણે પેદા કરેલા બાળકોને ધ્યાનમાં લેતા તેને કદાચ બીજા પ્રોત્સાહનો ન મળે, પરંતુ તેના બાળકો અને તેની પત્નીઓને તેના ફાયદા તો મળશે. વિપક્ષો અને નેતાઓએ પણ આ બિલનો અભ્યાસ કર્યો છે અને તેને કોમવાદીકરણનું છટકું ગણાવી તેનો પ્રતિકાર કર્યો છે. આ બિલ સ્પષ્ટપણે ગરીબ પર કુઠારાઘાત કરે છે. તેનો વિરોધ થવો જોઈએ અને સર્વગ્રાહી ધોરણે તેનો પ્રતિકાર થવો જોઈએ.

(લેખિકા સીપીઆઈ (એમ) પોલિટબ્યૂરોની સભ્ય છે અને રાજ્યસભાનાં પૂર્વ સભ્ય છે)

(સૌ.: એનડીટીવી)

વિદ્યાની અરથી ઊંચકે તેને વિદ્યાર્થી કહેવાય...

દૃષ્ટિકોણ

- રવીન્દ્ર પારેખ

વિદ્યાર્થીનો કોશગત અર્થ ભણનાર, અભ્યાસી છે. આજના વિદ્યાર્થીને જોઈએ તો તે ભણવા સિવાયની જ પ્રવૃત્તિઓ વધારે કરતો દેખાય છે. સ્કૂલનો વિદ્યાર્થી કદાચ ભણવા પર વધુ ધ્યાન આપતો હોય એમ બને. એટલે જ ૯૯ કે ૯૮ ટકા માર્ક્સ એ લાવે છે ને વધુ હોશિયાર હોય તો ૧૦૦માંથી ૨૦૦ ટકા પણ લાવી શકે, પણ ૧૦૦થી વધુ ટકા આપવાનું ચલણ નથી એટલે ૧૦૦ ટકાએ જ સંતોષ માનવાનો રહે. કોરોનાને કારણે વગર પરીક્ષાએ કે આગલી પરીક્ષાને આધારે વિદ્યાર્થીઓએ ઘણા ટકા બનાવ્યા છે, છતાં આ વખતનાં પરિણામોથી કોઈને સંતોષ નથી, કારણ, સૌ જાણે છે કે આ પરિણામો કેવી રીતે આવ્યાં છે ! આ ટકાવારી કોલેજોમાં કદાચ બહુ મહત્ત્વની નથી, ત્યાં ક્લાસનું મહત્ત્વ છે. કોઈ સ્કૉલર હોય તો તેને યુનિવર્સિટી ચંદ્રકથી સંતોષ થાય છે. છેલ્લાં વર્ષનાં યુનિવર્સિટી રિઝલ્ટ્સ, પછી તો નોકરીનું કારણ બને છે ને વિદ્યાર્થી, વિદ્યાર્થી ન રહેતા ધંધાર્થી કે નોકરિયાતની ભૂમિકામાં આવે છે.

આજે કોલેજના વિદ્યાર્થીઓ અને યુનિવર્સિટીની ભૂમિકાઓ અંગે થોડી વાતો અગાઉના વિદ્યાર્થીઓના સંદર્ભમાં કરવી છે. એમાં કોઈ પૂર્વગ્રહ કે પક્ષપાતનો ઈરાદો નથી, કેવળ સંવેદનાઓ, ભાવનાઓ વહેંચવી અને સમજવી છે. એમાં હું ક્યાંક ખોટો હોઈ શકું છું ને મારી કોઈ ગેરસમજ હોય તો તે સુધારવાનો પણ વાંધો નથી. એટલું છે કે જે સમજ કેળવાઈ છે તે ચકાસવાનો હેતુ છે.

હું પી.ટી. સાયન્સ કોલેજનો વિદ્યાર્થી. ૧૯૬૭માં એસ.વાય.માં હતો ને અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદમાં વિદ્યાર્થી પ્રવૃત્તિમાં જોડાયેલો. ૧૯૬૫થી હું લેખક તરીકે છપાતો થઈ ગયેલો. લખવાને કારણે થોડો જાણીતો થયેલો ને થોડુંઘણું બોલતો પણ ખરો એટલે ૧૯૬૯માં સુરત શાખાનો મંત્રી પણ થયેલો. કોઈ મિત્રના કહેવાથી જનસંઘનો ખજાનચી પણ થયેલો અને વિઠ્ઠલવાડીમાં કોઈ સભામાં લાલકૃષ્ણ અડવાણી આવેલા ત્યારે કૈં બોલેલો પણ ખરો. નાનપરામાં એકાદવાર અધ્યાપક ચંપકલાલ સુખડિયા અમને થોડા વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની બેઠકમાં એક વાર લઈ ગયેલા. હું કુતૂહલવશ, કશી સભાનતા કે અપેક્ષા વગર જતો. પછી બી.એસસી. થયો કે વિદ્યાર્થી પરિષદ ને સંઘ ને જનસંઘ બધું ભુલાઈ ગયું. ત્યારે કૈં ઘટી ગયું કે કૈં ખૂટે છે એવી લાગણી પણ ન થઈ. એ પછી વિજ્ઞાન શિક્ષકની અને બેન્કની નોકરીમાં લાગ્યો.

અહીં આત્મકથા લખવા બેઠો નથી, પણ વિદ્યાર્થી કાળમાં વિદ્યાલક્ષી પ્રવૃત્તિઓમાં રસ પડેલો અને વિદ્યાર્થી પરિષદની પ્રવૃત્તિને મેં વિદ્યાની પ્રવૃત્તિ તરીકે જ લીધેલી. મને લખવા, વાંચવાનું ગમતું એ નિમિત્તે વિદ્યાર્થી પરિષદના એકાદ અંકનું સંપાદન કરેલું ને એમાં વાર્તા, કવિતા જેવું લખેલું પણ ખરું. ત્યારે તો એવું સ્વપ્નુંય નહીં કે આ સંસ્થાની પ્રવૃત્તિઓ રાજકારણને ક્યાંક અડે છે. કહેવાતું એવું જ કે વિદ્યાર્થી પરિષદ રાજકીય સંસ્થા નથી. વિદ્યાર્થીઓએ રાજકારણમાં જોડાવું જોઈએ એવું ભાન પણ ત્યારે નહીં. વિદ્યાર્થીએ તો ભણવાનું, એણે બીજી માથાકૂટમાં નહીં પડવાનું, એવું ત્યારે મનાતું અને કહેવાતું. એ કાળે જે નિર્દોષતા ને બાઘાઈ કોલેજના વિદ્યાર્થીઓમાં હતી એવી જ મારામાં પણ હતી, ગતાગમ ઓછી જ ! સ્વમાન ગમતું ને તે જાળવતો. મારી ત્યારે કશી રાજકીય સમજ નહીં. કોઈની મને રાજકારણમાં ખેંચવાની વૃત્તિ હોય તો તે પારખવાની અક્કલ પણ નહીં. ભણવાનું પૂરું થયું કે એ પ્રવૃત્તિ મારા કશા પ્રયત્ન વિના આપોઆપ જ પૂરી થઈ ગઈ.

કહેવાનું તાત્પર્ય એ છે કે ત્યારે વિદ્યાર્થીઓ રાજકારણથી મોટેભાગે દૂર રહેતા. જોકે એવા વિદ્યાર્થીઓ પણ હતા જ જે રાજકારણમાં રસ લેતા ને આગળ જતા એમણે રાજકીય કારકિર્દી પણ બનાવી. એવા બહુ ઓછા હતા, પણ હતા. એવું જ અધ્યાપકોનું પણ હતું. એમનો પણ રાજકારણમાં ખાસ રસ નહીં. ત્યારે તો આજની વીર નર્મદ યુનિવર્સિટી, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી તરીકે ઓળખાતી. એના અને અન્ય યુનિવર્સિટીના કુલપતિ શૈક્ષણિક યોગ્યતા અને અનુભવને લીધે આવે છે એવી ત્યારે સમજ. કોઈ કદાચ રાજકારણી હોવાને લીધે કુલપતિ થતા તો પણ તેમની શૈક્ષણિક પાત્રાતા એ પદને શોભાવવા જેટલી તો છે જ એવી ખાતરી રહેતી. મુદ્દો એ છે કે ત્યારે રાજકારણ અને શિક્ષણ અલગ હતાં. શિક્ષણમાં કમાણી ઓછી હતી એમ જ રાજકારણમાં પણ ત્યારે ખાસ મળતર ન હતું. વડાપ્રધાન હોય ને અચાનક ગુજરી જાય તો માથે દેવું બોલતું હોય એવા સમયનો હું વિદ્યાર્થી. એ પરથી ખ્યાલ આવશે કે મળતર કેટલું હશે. શિક્ષણમાં જેમ યોગ્ય માણસો ઉચ્ચ હોદ્દા પર આવતા એમ જ રાજકારણમાં પણ ઉચ્ચ હોદ્દે યોગ્ય વ્યક્તિ મુકાય એની કાળજી લેવાતી. થોડુંઘણું ત્યારે પણ ગરબડિયું હશે જ, પણ આજે થોડુંઘણું જ નથી એનો અફસોસ છે.

પહેલાં નિર્દોષતા કે બાઘાઈ જે પ્રમાણમાં વિદ્યાર્થીઓમાં જોવા મળતી, એ આજે ઓછી જ બચી છે. વિદ્યાર્થીને પ્રવૃત્તિના વિસ્તારની સગવડો ને તકો પણ આજે વધારે મળી છે. એમાંની એક રાજકારણ છે. જોકે, આજે વિદ્યાર્થી પરિષદ કે અન્ય કેટલીક સંસ્થાઓ રાજકારણનો ભાગ છે એવું હવે સ્પષ્ટ થઈ ગયું છે. એમાં ઘણાનો હેતુ આગળ જતાં રાજકારણમાં સક્રિય થવાનો હોય ને એટલે એમાં જોડાયા હોય એમ બને. બધાંનો જ હેતુ એવો હોય એમ કહેવાનું નથી, પણ એવો હેતુ નથી જ, એવું પણ નથી. રાજકારણમાં આગળ ન વધે તો પણ કેટલીક રમત તો વિદ્યાર્થીઓ હવે શીખી જ લે છે. એને એટલું તો સમજાય છે કે સાચું હોય કે ખોટું, રાજકીય વગ અને પૈસા વગર કામ ભાગ્યે જ થાય છે. કૈં પણ ખોટું કરવા માટે અને અસત્યની સ્થાપના માટે એ અનિવાર્ય છે. કૈં પણ હક વગરનું જોઈએ છે તો રાજકીય વગ કે પૈસા હોય તો એ સહેલું થઈ જાય છે. વિદ્યાર્થીના પ્રવેશની વાત હોય કે કોઈ અધ્યાપકની નિમણૂકની વાત હોય કે ઈવન કોઈ કુલપતિ કે કમિશનરની જ પસંદગી કેમ ન કરવાની હોય, રાજકીય વગ કે પૈસા ન હોય તો ઘણાં કામ અટકી પડે છે. આજે તો એવી સ્થિતિ છે કે સત્ય અને રાજકારણ એક બીજાના પર્યાય નથી. હું માનું છું કે જગતમાં બધું જ ખરાબ નથી. રાજકારણમાં પણ બધું ખરાબ નથી, ઓછી તો ઓછી, હજી ગરીબોને મદદ થાય છે, યોજનાઓ ચાલે છે, વિકાસ થાય છે. સત્ય ક્યાંક પ્રકાશે છે. લાયક અને હોશિયાર વિદ્યાર્થીઓ છે જ ને હજી યોગ્ય ઉમેદવાર પસંદ થાય છે, પણ એનું પ્રમાણ નહિવત છે. આજના વિદ્યાર્થીએ જાણી લીધું છે કે તેના પિતાએ કોઈ હોદ્દે રહીને કે કોઈ ધંધામાં કરીને કેવી રીતે કરોડોની સંપત્તિ ભેગી કરી છે ! તે એ પણ જાણી ગયો છે કે ટકવું હોય તો ભ્રષ્ટ થવા સિવાય ચાલે એમ નથી. વિદ્યાર્થી આનાથી દૂર રહે એવી અનુકૂળતા જ નથી. એમ કરવું પડે એ આજની માંગ છે. એનો એટલો વાંધો નથી, જેટલો એમાં સંડોવાવું પડે એવી નિવાર્યતા ઊભી કરનારનો છે. આ ભ્રષ્ટતા શીખવા વિદ્યાર્થી કોઈ રાજકીય સંસ્થા કે રાજકારણ પ્રેરીત સંસ્થામાં પ્રવેશે છે. તેણે હકનું નથી તે જ મેળવવું છે ને રાજનીતિના પાઠ કોલેજ કાળથી જ શીખવા છે. કમાલ એ છે કે અનીતિને આપણે રાજનીતિનું નામ આપ્યું છે. વિદ્યાર્થી એ (અ)નીતિ શીખે છે. એ જ એનો આદર્શ છે. કોઈ રાજકીય ગુરુ શોધીને એ એમાં ઊંડો ઊતરે છે ને જેની મદદથી લાભ મેળવી શકાય એમ છે એ બધી દિશાએ તે નજર દોડાવે છે. એ જુએ છે તેની કોલેજમાં ને યુનિ.માં ચાલતી રાજરમતો. કોને ફોડી, તોડી, જોડીને લક્ષ્ય સાધી શકાય એમ છે તે એ જુએ છે ને થાય એટલું ખોટું કરીને બધું અંકે કરતો જાય છે. એને માટે કોઈ પણ વ્યક્તિ એ આગળ વધવાનું પગથિયું માત્ર છે. એવાં પગથિયાં વટાવતાં જઈને એ કોઈ પાર્ટીનો નેતા કે મંત્રી બને છે. કામ દ્વારા નામ અને દામ મેળવે છે ને એ ખસે તો પછી એનાં સંતાનો આગળ આવે છે. આમ તો આ વારસાગત નથી, પણ વારસાઈ હોય એમ વહીવટ ચાલે છે. રાજાનો દીકરો રાજા જ બને એમ મંત્રીનો દીકરો મંત્રી જ બને, એવું નથી જ થતું એવું ક્યાં છે ? વાત એટલી જ નથી. વિદ્યાર્થી પાસેથી કેવળ શિક્ષણ અંગેની જે વફાદારી રહેતી હતી, એ હવે નથી. જે ક્ષેત્ર રાજકારણથી દૂર રહેવું જોઈતું હતું એનાથી જ શિક્ષણ શરૂ થાય છે. રાજકારણ એટલે ભ્રષ્ટતા, રાજકારણ એટલે અનીતિ, રાજકારણ એટલે અસત્ય- એવી જે વ્યાખ્યાઓ અત્યારે ચરમસીમાએ છે એમાંથી શિક્ષણ બાકાત નથી એનું દુ:ખ છે. આવું રાજકારણ ઈચ્છવા જેવું છે ? એ ઈચ્છવા જેવું છે કે વિદ્યાર્થી અનીતિ, અન્યાય અને અસત્યનો પાયો શિક્ષણ દ્વારા મજબૂત કરે ? આ બધું મજબૂત થાય છે કારણ રાજકીય વગવાળી વ્યક્તિ કુલપતિ થાય છે. આ બધું મજબૂત થાય છે કારણ યોગ્ય ઉમેદવારનો હક મારીને રાજકીય વગવાળી વ્યક્તિ અધ્યાપક કે શિક્ષક થાય છે. આ બધું મજબૂત થાય છે કારણ રાજકીય વગનો લાભ લઈને કોઈ વિદ્યાર્થી પાસ થાય છે. કોઈ આદર્શ, કોઈ સિધ્ધાંત કે કોઈ નિષ્ઠા જ જ્યાં ખપના ન રહ્યાં હોય ત્યાં વિદ્યાર્થી ભણનાર ન રહેતા, વિદ્યાની અરથી ઊંચકનાર જ થાય એમાં નવાઈ નથી. શિક્ષણનો આખા દેશે મળીને સર્વનાશ કર્યો છે ને એની અસરો પેઢીઓ સુધી પહોંચે તો આઘાત ન લાગવો જોઈએ...

વિદ્યાર્થી પાસેથી કેવળ શિક્ષણ અંગેની જે વફાદારી રહેતી હતી, એ હવે નથી. જે ક્ષેત્ર રાજકારણથી દૂર રહેવું જોઈતું હતું એનાથી જ શિક્ષણ શરૂ થાય છે. રાજકારણ એટલે ભ્રષ્ટતા, રાજકારણ એટલે અનીતિ, રાજકારણ એટલે અસત્ય- એવી જે વ્યાખ્યાઓ અત્યારે ચરમસીમાએ છે એમાંથી શિક્ષણ બાકાત નથી એનું દુ:ખ છે. આવું રાજકારણ ઈચ્છવા જેવું છે ? એ ઈચ્છવા જેવું છે કે વિદ્યાર્થી અનીતિ, અન્યાય અને અસત્યનો પાયો શિક્ષણ દ્વારા મજબૂત કરે ? આ બધું મજબૂત થાય છે કારણ રાજકીય વગવાળી વ્યક્તિ કુલપતિ થાય છે. આ બધું મજબૂત થાય છે કારણ યોગ્ય ઉમેદવારનો હક મારીને રાજકીય વગવાળી વ્યક્તિ અધ્યાપક કે શિક્ષક થાય છે. આ બધું મજબૂત થાય છે કારણ રાજકીય વગનો લાભ લઈને કોઈ વિદ્યાર્થી પાસ થાય છે. કોઈ આદર્શ, કોઈ સિધ્ધાંત કે કોઈ નિષ્ઠા જ જ્યાં ખપના ન રહ્યાં હોય ત્યાં વિદ્યાર્થી ભણનાર ન રહેતા, વિદ્યાની અરથી ઊંચકનાર જ થાય એમાં નવાઈ નથી. શિક્ષણનો આખા દેશે મળીને સર્વનાશ કર્યો છે ને એની અસરો પેઢીઓ સુધી પહોંચે તો આઘાત ન લાગવો જોઈએ...

સંસ્કાર સૌરભ

વિખવાદોને હંમેશા મંત્રણાથી ઉકેલો.

- હદીસ બોધ

બોધ વચન

સ્વતંત્રતા એ એવી ચીજ છે કે જે તમે બીજાઓને આપ્યા સિવાય મેળવી શકો નહિ.

- વિલિયમ એ.વ્હાઈટ

આજની આરસી

૪ ઓગસ્ટ બુધવાર ૨૦૨૧
૨૪ ઝિલહજ હિજરી ૧૪૪૨
અષાઢ વદ અગિયારસ સંવત ૨૦૭૭
સુબ્હ સાદિક ૪-૪૫
ખત્મે ઝવાલ ૧૨-૪૬
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૬-૧૨
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૭-૨૦

ફુરસદિયું

શું તમે દુખાવા વગર દાંત કાઢી શકો છો ?
ડૉક્ટર : ના
પપ્પુ : હું કાઢી શકું છું.
ડૉક્ટર : કેવી રીતે ?
પપ્પુ : હી હી હી હી

ભારતીય ટીમ હવે બ્રોન્ઝ મેડલ માટે રમવા ઉતરશે

ઓલિમ્પિક સેમીફાઈનલમાં બેલ્જિયમ સામે પુરૂષ હોકી ટીમની હારથી ભારતનું દિલ તૂટ્યું; 'પનોતી' ટ્રેન્ડ થયું

ટોક્યો, તા.૩

ભારતીય પુરૂષ હોકી ટીમે ટોક્યો ઓલિમ્પિકના સેમિફાઇનલ મુકાબલામાં બેલ્જિયમ વિરુદ્ધ ૨-૫થી હારનો સામનો કરવો પડ્યો છે. બન્ને ટીમો વચ્ચે ત્રણ ક્વાર્ટરમાં બરાબર હતી, પરંતુ અંતિમ ક્વાર્ટરમાં બેલ્જિયમે દમદાર ગેમ રમીને આગેકૂચ કરી લીધી. ભારતીય ટીમ હવે બ્રોન્ઝ માટે રમવા માટે ઉતરશે.આ સાથે જ સોશ્યલ મીડિયા પર 'પનોતી' ટ્રેન્ડ થઈ રહ્યું છે. હાફ ટાઈમ સુધી બન્ને ટીમ-૨-૨ની બરાબરી પર હતી. બન્ને ટીમ વચ્ચે સમતોલ સ્પર્ધા ચાલી રહી હતી. બન્ને ટીમના ખેલાડીઓ ચાન્સ આપવા માટે તૈયાર નહોતા. આવામાં બન્ને ટીમને ચાન્સ મળ્યા અને ૨-૨ ગોલ કરીને બરાબરી કરી લીધી હતી. બેલ્જિયમે બીજી મિનિટે પેનલ્ટી કોર્નર પર ગોલ કર્યો તે પછી ભારતીય ટીમે કમબેક કર્યું હતું. અને લેવલ બરાબર કર્યું હતું.

ભારતીય ટીમમાં હરમનપ્રીત સિંહે પેનલ્ટી કોર્નર પર ગોલ કરીને સ્કોલરલાઈન ૧-૧થી બરાબર કરી દીધી હતી. આ પછી મનદીપે ગોલ કરીને ભારતને આગળ પહોંચાડ્યું હતું. જોકે, બેલ્જિયમના હેન્ડરિક્સે પેલન્ટી કોર્નર પર બરાબરી કરી લીધી હતી. ત્રીજા ક્વાર્ટરમાં બેલ્જિયમે વાઝોડાની જેમ ઉતરી હતી. બેલ્જિયમે અહીં પહેલા હાફમાં જ ગોલ કરીને સારી શરુઆત કરી લીધી હતી. આ પછી ભારતે આગળ નીકળવા માટે પ્રયાસો કર્યા ત્યાં બેલ્જિયમ ૫-૨થી આગળ નીકળી ગયું હતું. બેલ્જિયમ રિયો ઓલિમ્પિક બાદ સતત બીજીવાર ફાઈનલમાં પહોંચી છે, હવે ટીમ પાસે ગોલ્ડ જીતવાની તક છે. જ્યારે ભારતીય ટીમ પાસે બ્રોન્ઝ મેડલ જીતવાની તક રહેલી છે.

ભારતીય સ્ટ્રાઈકર મનદીપ સિંઘે જણાવ્યું, આ અમારા માટે ખરાબ દિવસ રહ્યો છે, કારણ કે અમે સેમિફાઈનલ ગુમાવી છે. પરંતુ હજુ અમારી પાસે એક મેચ છે. જેથી અમે બ્રોન્ઝ જીતવા માટે મહેનત કરીશું. અમે આગામી મેચમાં અમારું શ્રેષ્ઠ પ્રદર્શન કરીશું. અમે આગામી મેચ સાથે બ્રોન્ઝ સાથે જીતી લઈએ તે માટે એક બીજાને પ્રોત્સાહિત કરીશું.

૪૧ વર્ષ પછી ભારતે સેમિફાઈનલમાં પહોંચીને ઈતિહાસ રચી દીધો હતો, ત્યારે દેશમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ લાઈવ મેચ જોવા બેસી ગયા હતા. ભારતીય ટીમ પાસે ઘણી આશા હતી પરંતુ બેલ્જિયમની ટીમ ચેમ્પિયનની જેમ રમી હતી, આમ છતાં ભારત પાસે હજુ પણ મેડલ જીતવાની તક રહેલી છે. વડાપ્રધાન મોદીએ ખેલાડીઓનો ઉત્સાહ વધારતા લખ્યું છે કે, હાર અને જીત તો રમતનો ભાગ છે, તમે આગામી મેચમાં સારું પ્રદર્શન કરો તેવી શુભેચ્છાઓ.

ડિસ્કસ થ્રોઅરમાં ભારતીય કમલપ્રીત કૌરની થઈ હાર

ટોક્યો, તા.૩

ટોક્યો ઓલિમ્પિક્સમાં ભારતની મેડલની આશાને વધુ એક ફટકો પડ્યો છે. ઐતિહાસિક પ્રદર્શન કરનારી ડિસ્કસ થ્રોઅર કમલપ્રીત કૌર ટોક્યોમાં મેડલ જીતવામાં નિષ્ફળ રહી છે. સોમવારે રમાયેલી ડિસ્કસ થ્રોની ફાઈનલમાં કમલપ્રીત કૌર છઠ્ઠા સ્થાને રહી હતી. કમલપ્રીત પ્રથમ વખત ઓલિમ્પિક્સમાં ભાગ લઈ રહી હતી અને તેણે પ્રથમ ઓલિમ્પિક્સમાં જ પોતાની પ્રતિભાનો ડંકો વગાડી દીધો છે. કમલપ્રીત હજી સુધી ભારત માટે એશિયન ગેમ્સ અને કોમનવેલ્થ ગેમ્સમાં રમી નથી. ટોક્યો ઓલિમ્પિક્સમાં મહિલાઓની ડિસ્કસ થ્રો ફાઈનલમાં ફક્ત બે જ એશિયન મહિલા એથ્લેટ ક્વોલિફાઈ થઈ શકી હતી. જેમાં એક કમલપ્રીત કૌર અને બીજી ચીનની ચેન યાંગ હતી જે ૧૦માં સ્થાને રહી હતી. ૨૫ વર્ષીય કમલપ્રીત આઠ રાઉન્ડની સ્પર્ધામાં એક પણ વખત મેડલની રેસમાં જોવા મળી ન હતી. તેણે ત્રીજા રાઉન્ડમાં પોતાનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરતા ૬૩.૭૦ મીટરનો થ્રો કર્યો હતો અને છઠ્ઠા સ્થાને રહી હતી. આમ તેના માટે ફાઈનલ નિરાશાજનક રહી હતી. મહિલાઓની ડિસ્કસ થ્રો સ્પર્ધાનો ગોલ્ડ મેડલ અમેરિકાની વાલારિ ઓલમેનના નામે થયો છે. તેણે ૬૮.૯૮ મીટરના અંતર સાથે ગોલ્ડ મેડલ જીત્યો છે. જ્યારે જર્મનીની ક્રિસ્ટિન પુડેન્ઝે ૬૬.૮૬ મીટર સાથે સિલ્વર અને ક્યુબાની યામી પેરેઝે ૬૫.૭૨ મીટર સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

પીવી સિંધુ ભારત પરત ફરી, એરપોર્ટ પર થયું ભવ્ય સ્વાગત

નવી દિલ્હી, તા.૩

પીવી સિંધુ ઓલિમ્પિક મેડલ જીત્યા બાદ ભારત પરત આવતા તેનુ એરપોર્ટ પર ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. આ દરમિયાન ખેલાડી ખુબ ખુશ દેખાઈ રહી હતી. પીવી સિંધુએ કહ્યું, હું ખૂબ જ ખુશ અને ઉત્સાહિત છું. બેડમિન્ટન ખેલાડી પીવી સિંધુ ટોક્યો ઓલિમ્પિકમાં બ્રોન્ઝ મેડલ જીત્યા બાદ ભારત પરત ફરી હતી.

એરપોર્ટ પર તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. જ્યારે તે દેશ પહોંચી ત્યારે તેણે કહ્યું કે તે મારા માટે ખૂબ જ ખુશીની ક્ષણ છે. મેડલ જીતીને હું ખૂબ ખુશ છું. સિંધુએ કહ્યું કે, હું ખૂબ જ ખુશ અને ઉત્સાહિત છું. બેડમિન્ટન એસોસિએશન સહિતના દરેકનો મને ટેકો અને પ્રોત્સાહન આપવા બદલ હું તેમની આભારી છું. તે ખુશીની ક્ષણ છે.

મેચ બપોરે ૩:૩૦ કલાકે શરૂ થશે

ભારત-ઈંગ્લેન્ડ વચ્ચે આજે નોટિંઘમમાં પ્રથમ ટેસ્ટ મેચ

નોટિંઘમ, તા.૩

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે પાંચ મેચની ટેસ્ટ શ્રેણીનો આવતીકાલ બુધવાર ૪ ઓગસ્ટથી પ્રારંભ થશે. બંને ટીમો વચ્ચે પ્રથમ ટેસ્ટ ટ્રેંટ બ્રિજમાં રમાશે. ભારત-ઈંગ્લેન્ડ ટેસ્ટ સીરિઝની સાથે જ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશીપ-૨નો આરંભ થશે. ઓપનર શુભમન ગિલ સહિત બે ખેલાડી ઈજાગ્રસ્ત થતાં તેમના રિપ્લેસમેન્ટ તરીકે પૃથ્વી શૉ અને સૂર્યકુમાર યાદવને મોકલવામાં આવ્યા છે.

ઓપનિંગમાં રોહિત શર્માની સાથે કોણ ડેબ્યુ કરશે એ જોવાનું રહેશે. જ્યારે ત્રીજા ક્રમે ચેતેશ્વર પુજારા, ચોથા ક્રમે કેપ્ટન વિરાટ કોહલી, પાંચમા ક્રમે વાઈસ કેપ્ટન અજિંક્ય રહાણે નિશ્ચિત છે. છઠ્ઠા સ્થાને વિકેટકિપર બેટ્સમેન રિષભ પંત, સાતમા ક્રમે ઓફ સ્પિનર રવિચંદ્રન અશ્વિન અને તે પછી આઠમા ક્રમે શાર્દુલ ઠાકુર, નવમા ક્રમે મોહમ્મદ શમી, દસમા ક્રમે ઈશાંત શર્મા અને અગિયારમા ક્રમે જસપ્રીત બુમરાહ ઉતરી શકે છે. ભારતીય સમય પ્રમાણે ટેસ્ટ ૩.૩૦ કલાકે શરૂ થશે. બપોરે ૩ કલાકે ટોસ થશે. મેચનું લાઈવ ટેલિકાસ્ટ સ્ટાર સ્પોર્ટ્સ નેટવર્ક પરથી થશે. પ્રેક્ટિસ મેચમાં લોકેશ રાહુલે શાનદાર દેખાવ કર્યો હતો. હવામાનને જોતા જાડેજાનો સમાવેશ કરવામાં ન આવે તેવી શકયતા છે.

પ્રથમ ટેસ્ટ અગાઉ નોટિંઘમનાં ટ્રેન્ટબ્રિજ ગ્રાઉન્ડની તસવીરો સામે આવી હતી જેમાં પિચ પર ખૂબ ખાસ જોવા મળી રહી છે. ઘસવાળી પિચના કારણે એન્ડરસન અને સ્ટુઅર્ટ બ્રોડ જેવા બોલર્સને મદદ મળશે અને તેના કારણે ભારતની તકલીફોમાં વધારો થાય તેવી સંભાવના છે. ભારતને વિદેશની ધરતી પર ફાસ્ટ બોલરો સામે રમવામાં તકલીફ પડતી હોય છે. પિચ પર ઘાસ વધારે હોય એવા સંજોગોમાં ભારતની મુશ્કેલીમાં વધારો થતો હોય છે. સીમ અને સ્વિંગ બોલરો સામે ભારતના બેટ્સમેનો ઘૂંટણિયા ટેકવી દે તેવું અનેક વાર બન્યું છે. હવે જો આ પ્રવાસમાં પણ પિચ સ્વિંગ બોલરોને મદદ કરતી હશે તો તેની અસર ભારતીય બેટિંગ લાઈનઅપ પર દેખીતી રીતે જ થશે.

IDFC ફર્સ્ટ બેન્ક લિમિટેડ IDFC FIRST Bank
(અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે અને હાલમાં આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે.)
CIN : L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર્સ, ૮મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧. ટેલિ: +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦/ ફેક્સ: +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

પરિશિષ્ટ-૪ [રૂલ-૮ (૧)]
કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)

જે અંતર્ગત, નીચે સહી કરનાર કે જે સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ એક્ટ ૨૦૦૨ હેઠળ **આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે અને હાલમાં આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)**ના અધિકૃત અધિકારી છે અને કલમ ૧૩ (૧૨)નાં સાથે સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ ૨૦૦૨નાં નિયમ ૩ હેઠળ આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરતા **તા.૨૦.૦૪.૨૦૨૧** રોજ ડિમાન્ડ નોટિસ જારી કરવામાં આવી છે. જેમાં **૧. નટરાજ કન્સ્ટ્રક્શન કો., ૨.શ્રી અશ્વિનકુમાર એન. પટેલ, ૩. શ્રી નિર્મલકુમાર નરોત્તમદાસ પટેલના રૂા.૫,૧૬,૧૧,૪૦૬.૨૯/- (ફક્ત પાંચ કરોડ સોળ લાખ અગિયાર હજાર ચારસો છ અને ઓગણત્રીસ પૈસા પૂરા)** દેણદાર અને સહ-દેણદારો/ ગેરેન્ટરોને નોટિસ જણાવેલ દેણદારો સામે કથિત સૂચના પ્રાપ્ત થયાની તારીખથી ૬૦ દિવસની અંદર સૂચનામાં ઉલ્લેખ કરાયેલી રકમની ભાવિ કે **તા.૧૨.૦૪.૨૦૨૧** મુજબ સુધી પુનઃ ચુકવણી કરવા માટે આ સાથે જાણ કરવામાં આવે છે.

દેણદાર આ રકમ ચૂકવવામાં નિષ્ફળ જવાથી દેણદાર અને જાહેર જનતાને આ દ્વારા સૂચના આપવામાં આવે છે કે, નીચે સહી કર્તા દ્વારા સિક્યુરિટી ઈન્ટ્રેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ-૨૦૦૨ના નિયમ ૮ સાથે વાંચતા તેની કલમ ૧૩ પેટા કલમ (૪) હેઠળ તેને અપાયેલી સત્તાનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણન કરાયેલી મિલકતનો ભૌતિક કબજો **૨જી ઓગસ્ટ, ૨૦૨૧**નાં રોજ લેવામાં આવ્યો છે.

ખાસ કરીને દેણદાર તથા જાહેર જનતાને અત્રે ચેતવવામાં આવે છે કે અહીં વર્ણવેલી મિલકતના સોદામાં પડવું નહીં અને જો તે મિલકતને લગતા કોઈપણ સોદા **આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે અને IDFC બેન્ક લિમિટેડ સાથે વિલય થયેલ છે) રૂા.૫,૧૬,૧૧,૪૦૬.૨૯/- (ફક્ત પાંચ કરોડ સોળ લાખ અગિયાર હજાર ચારસો છ અને ઓગણત્રીસ પૈસા પૂરા)** ઉપરાંત વધારા વ્યાજ અને અન્ય ખર્ચ સહિત ચુકવણીની તારીખ સુધી સહિતની રકમ માટેના હકને આધીન રહેશે.

દેણદારોનું ધ્યાન દોરવાનું કે કાયદાની ૧૩ની પેટા કલમ (૮) મુજબની જોગવાઈ અનુસાર ઉપલબ્ધ સમયમાં મિલકત પરત મેળવી શકે છે.

સ્થાવર મિલકતોનું વર્ણન

મિલકતના તમામ ભાગ અને હિસ્સાઓ ફ્રીહોલ્ડ સ્થાવર મિલકતના બંગલો નં.૧૪, ક્ષેત્રફળ ૪૬૨ ચો.વાર એટલે કે ૩૮૬.૨૯ ચો.મી. અને બાંધકામ ક્ષેત્રફળ ૨૩૯.૪૮ ચો.મી. જે ન્યુ મણીસાગર કો.ઓ.હા.સો.લિ. (રજિ. નં.૧૫૦૧૯ તા. ૧૧-૧૨-૧૯૯૨)ના નામે આદિત્ય બંગ્લોઝ તરીકે સ્થિત છે. મુ. જમીન બેરીંગ સર્વે નં.૫૬+૪૪ પૈકી +૩૩+૪૯/૨/૧ પૈકી (ફાઈનલ પ્લોટ નં.૧૫/૧થી ૬, ટીપીએસ ૨) મોજે થલતેજ, તા. ઘાટલોડિયા, જિ. અમદાવાદ અને રજિ. સબ જિ. અમદાવાદ-૯(બોપલ) ગુજરાત રાજ્ય સાથે, નીચે મુજબની ખૂંટ : **ઉત્તર : ટીપી રોડ, દક્ષિણ : બંગલો નં.૧૨/એ, પૂર્વ : બંગલો નં.૯, પશ્ચિમ : બંગલો નં.૧૫**

તારીખ :- ૨-૦૮-૨૦૨૧
સ્થળ : અમદાવાદ
લોન એકાઉન્ટ નં. : 14355615 અને 14575786

સહી/-
અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિમિટેડ
(અગાઉ કેપિટલ ફર્સ્ટ અને લિમિટેડ તરીકે હાલમાં આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)

ગુજરાત ટુડે ટચુકડી જાહેર ખબર

જોઈએ છે

અમદાવાદ પાંચકૂવા વિસ્તારમાં કાપડની દુકાન માટે માણસ જોઈએ છે. પગાર 8000થી 9000 ઉંમર ૧૮થી ૩૦ 9104211758

વેચવાનું છે

ફ્લેટ વેચવાનો છે
2 BHK દાણીલીમડા અમદાવાદ 8980207566

પેન્ટ હાઉસ વેચવાનું છે
૨૭૫ વાર, ગેલેક્સી ફ્લેટ, પ્રેયસ હાઈસ્કૂલ પાસે, વિનય ગેસ સર્વિસ સામે, ખાનપુર મો. 9427704143

સંજર પાર્ક વિ-૧. રો-હાઉસ વેચવાનું છે તાત્કાલિક, ગુડલક બેરલ માર્કેટ 9825797094

મહેમદાવાદમાં ફ્લેટ વેચવાનો છે
ટાઈટલ ક્લિયર, દસ્તાવેજવાળું, 9825797054

મકાન અને જમીન ભાડે-વેચાણ

મુસ્લિમ વિસ્તારમાં પ્રોપર્ટી
લેવા-વેચવા તેમજ ભાડે આપવા માટે મળો એવન પ્રોપર્ટી કન્સલટન્ટ મતીનભાઈ 8490903000 હૈદરભાઈ 9227777881

જમીન-પ્લોટ-ગોડાઉન-દુકાન-બંગ્લોઝ-ટેનામેન્ટ-ફ્લેટ-ડુપ્લેક્ષ-ભાડે-લે-વેચ જુહાપુરા-સરખેજ 8141837313-ગુલુચાચા

2 BHK ફ્લેટ ભાડે
પહેલો માળ સોના પેલેસ કાદરી પાર્ટી પ્લોટની બાજુમાં ફતેહવાડી, 9825055027

ભાડે આપવાની છે
દુકાન ૫૫૦ સ્કે.ફૂટ ગોળલીમડા આસ્ટોડિયા રોડ, 9173191551/ 7990786859

લગ્ન વિષયક

ખાતુન મુસ્લિમ મેરેજ બ્યુરો
દ્વારા Graduate માટે સમસ્ત મુસ્લિમ સમાજના લગ્ન માટે પસંદગી અને પરીચય મેળો ૪ સપ્ટે. અમદાવાદ રજિસ્ટ્રેશન માટે વેબસાઈટ : www.khatoon matrimonial.com 7874188748

લગ્ન વિષયક
સમસ્ત મુસ્લિમ ઘાંચી સમાજના લગ્ન ઈચ્છુક દીકરા તથા દીકરીઓ માટે પસંદગી અને પરિચય મેળો અમદાવાદ ખાતે. તા.5/9/21 રવિવાર સવારે ૧૦ વાગે, સોરઠિયા ઘાંચી હોલ, સોનલ ચાર રસ્તા, જુહાપુરા, અમદાવાદ ખાતુન મુસ્લિમ મેરેજ બ્યુરો દ્વારા 9173188748

લગ્ન વિષયક
જેબનખાલાને બના દી જોડી
રીશ્તો કે લીયે મિલે શાહેઆલમ દરવાજા રાજા ઓટોકે પીછે 8347353659 જેબનખાલા અહેમદાબાદ શાહેઆલમ

લગ્ન વિષયક
બીજા લગ્ન માટે એક પત્ની ધરાવતા એજ્યુકેટેડ પોતાનો કારોબાર ધરાવતા ૪૧ વર્ષીય દીનદાર યુવક માટે સુંદર, સમજદાર, બેવા ૩૫થી ૪૫ વયની મહિલાની જરૂર છે. 9099555987

અગત્યની સૂચના
લગ્ન વિષયકની તેમજ અન્ય કોઈપણ યોજનાની જાહેરખબરમાં વિજ્ઞાપન દાતાએ આપેલી માહિતી ઉપર વિશ્વાસ મૂકતાં પહેલા વાચકે પૂરતી ચકાસણી કરી લેવી. જેની ખાસ નોંધ લેવી.
-વ્યવસ્થાપક

વ્યવસાયીલક્ષી/ અન્ય

પુસ્તક લેખન
તમારા સાહસ, શૌર્ય, સમર્પણ ઉદારતાની ઘટના અને જીવનકાર્યનું પુસ્તક લખાવવા સંપર્ક 8799072098

કબજા નોટિસ (સ્થાવર સંપત્તિ માટે)

જ્યારે સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંકના અધિકૃત અધિકારી તરીકે હસ્તાક્ષર કર્યા છે. નાણાકીય સંપત્તિઓના સિક્યુરાઇઝેશન અને પુનઃ નિર્માણ હેઠળ અને સુરક્ષા વ્યાજ અધિનિયમ, ૨૦૦૨ના અમલીકરણના નિયમ ૮ (૧)ના પાલનમાં અને આપેલ સત્તાના ઉપયોગમાં સુરક્ષા વ્યાજ (એન્ફોર્સમેન્ટ) નિયમો ૨૦૦૨ના નિયમ-૩ સાથે વાંચેલ કલમ ૧૩ (૧૨) હેઠળ દરેક ખાતા સામે ઉલ્લેખિત તારીખે ડિમાન્ડ નોટિસ/એસ બહાર પાડી સંબંધિત દેવાદારોને દરેક ખાતાની અંદર જણાવેલ રકમ પરત કરવા માટે બોલાવે છે. નોટિસ (ઓ)/ઉક્ત નોટિસ/રસીદની તારીખથી ૬૦ દિવસ ઉધાર લેનાર/તેરકમ પરત કરવામાં નિષ્ફળ રહ્યા છે, આથી ઉધાર લેનારાઅને સામાન્ય રીતે જાહેર જનતાને નોટિસ આપવામાં આવે છે કે અધિનિયત હેઠળ નીચે વર્ણવેલ મિલકત/કલમ ૧૩ હેઠળ તેને/તેણીને સોંપવામાં આવેલી સત્તાનો કબજો લીધો છે. (૪) દરેક ખાતા સામે જણાવેલ તારીખો પર જણાવેલા નિયમોના નિયમ ૮ સાથે વાંચેલા કાયદાના ખાસ કરીને ઉધાર લેનારા અને સામાન્ય રીતે જાહેર જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે મિલકત/જ સાથે વ્યવહાર ન કરો અને મિલકતો/જિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંકના ચાર્જને આધીન રહેશે, લોન મુજબ રકમ અને તેના પર વ્યાજ કરાર. ઉધાર લેનારાઓનું ધ્યાન એક્ટની કલમ ૧૩ની પેટા-કલમ (૮) ની જોગવાઈઓ માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં, સુરક્ષિત સંપત્તિને રિડીમ કરવા માટે આમંત્રિત કરવામાં આવે છે.

ક્રમ નં.	લોન એગ્રીમેન્ટ નંબર	દેણદારો /સહદેણદારોના નામ	ડિમાન્ડ નોટિસ તારીખ	બાકી નીકળતી રકમ	કબજા મેળવેલ તારીખ	સ્થાવર મિલકતોનું વર્ણન
1.	50088378	1. લક્ષ્મી ટેક્સટાઈલ્સ 2. અશ્વિનકુમાર દલપતરામ સોપારીવાલા 3. ગીતાબેન અશ્વિનભાઈ સોપારીવાલા	31.07.2020	રૂા.82,26.536.37/- (રૂા. બ્યાસી લાખ છવ્વીસ હજાર પાંચસો છત્રીસ સાડત્રીસ પૈસા માત્ર)	28/07/2021	રો-હાઉસ નં.૨૧ અને ૨૨ ક્ષેત્રફળ ૧૩૮.૫૪ સ્કે.મીટર શિવદર્શન રો-હાઉસ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી લિમિટેડ સ્થિત જમીન બેરિંગ રેવન્યુ સર્વે નં.૧૪૮, સંરચના ટાઉન પ્લાનિંગ સ્કીમ નં.૧૩ ફાઈનલ પ્લોટ નં.૨૨ ગામ : અડાજણ, તા.સીટી જિલ્લો - સુરત-૩૯૫૦૦૯
2.	52233448	1. એસ.આર.મોદી રિટેઈલ પ્રાઈવેટ લિમિટેડ 2. સંજય રજનીકાન્ત મોદી 3. નેહા સંજય મોદી	28.04.2021	રૂા.6,33,57,032.31/- (રૂા. છ કરોડ તેત્રીસ લાખ સત્તાવન હજાર બત્રીસ અને એકત્રીસ પૈસા માત્ર)	28/07/2021	બંગ્લો નં.૨૫/એ ક્ષેત્રફળ એરિયા ૪૨૩.૯૧.૭૯ સ્કે.મીટર એટલે ૫૦૭ સ્કે.યાર્ડ અને ૨૩૫૯ સ્કે.ફીટ એટલે ૨૧૯.૧૭ સ્કે.મીટર બિલ્ટઅપ એરિયા બાંધકામ, સાથે શહેરની અવિભાજ્ય જમીન રોડ અને સીઓપી "સર્જન કો.ઓ.હા.સો.લિ.માં "સ્થિત રેવન્યુ સર્વે નં.૬૧ પૈકી-૧, ૬૪,૬૫ પૈકી, ૭૨ પૈકી-૧ અને ૭૩, ટી.પી.સ્કીમ નં.૪ (ઉમરા દક્ષિણ), ફાઈનલ પ્લોટ નં.૨૩થી ૨૬, ૩૫, ૩૭, ૪૩ અને ૪૪ (મોજે : ઉમરા, પાર્લે પોઈન્ટ, સિટી ઓફ સુરત-૩૯૫૦૦૭
3.	51377225	1. રોકડ નિલેશ ધીરૂભાઈ 2. રોકડ દક્ષાબેન નિલેશભાઈ 3. રોકડ પરેશભાઈ 4. કસ્તુરબેન ધીરૂભાઈ	16.04.2021	રૂા.52,06,432/- (રૂા. બાવન લાખ છ હજાર અને ચારસો બત્રીસ માત્ર)	29/07/2021	પ્લોટ નં.૧૫૨, (૧૩૯.૦૦૧૬૨૫ સ્કે.મીટર્સ) રામનગર કો.ઓ.હા.સો.લિ.માં સ્થિત જમીન બેરિંગ આર.એસ.નં.૩૫૮/૧એ અને ૩૫૮ ૧/બી કતારગામ, તા.ચોર્યાસી, જિ.સુરત અને સંરચના ટી.પી.નં.સ્કીમ નં.૪ એફ.પી.નં.૨૦, ૪૨ અને ૪૩/એ-બીમાં સુરત-૩૯૫૦૦૮ .
4.	51880407	1. નં.૧ વર્લ્ડવાઈડ એકસપ્રેસ પ્રાઈવેટ લિમિટેડ 2. ગૌરવ કવાત્રા 3. રીતુ કવાત્રા	09.04.2021	રૂા.5,43,52,42.47/- (રૂા. પાંચ કરોડ તેતાલીસ લાખ બાવન હજાર બેતાલીસ અને સુળતાલીસ પૈસા માત્ર)	28/07/2021	૧) દુકાન નં.૪૦૧૨૪૦૮, કુલ બિલ્ડઅપ એરિયા ૫૦૨.૬૩ સ્કે.મીટર ચોથો માળ, વિંગ-બી "બી" ટાઈપ બિલ્ડિંગ, કલબ ૧૦૦ એમ્પાયર બાંધકામ અને જમીન બેરિંગ ફાઈનલ પ્લોટ નં.૫૯ ક્ષેત્રફળ ૪૦૨૦.૦૦ સ્કે.મીટર, બ્લોક નં. ૧૫૧/એ ક્ષેત્રફળ ૫૭૦૨.૦૦ સ્કે.મીટર ઓફ ટી.પી.એસ. નં.૪૬ રેવન્યુ સર્વે નં.૧૧૧, રાજ ગ્રીન હાઈટસ પાછળ, સુરત ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા ગુજરાત-૩૯૫૦૦૫ ૨) ૫૦૧૨૫૦૮, કુલ બિલ્ટઅપ એરિયા ૫૦૨.૬૩ સ્કે.મીટર ૫મો માળ, વિંગ-બી "બી" ટાઈપ બિલ્ડિંગ, કલબ ૧૦૦, એમ્પાયર બાંધકામ અને જમીન બેરિંગ ફાઈનલ પ્લોટ નં.૫૯ ક્ષેત્રફળ ૪૦૨૦.૦૦ સ્કે.મીટર, બ્લોક નં. ૧૫૧/એ ક્ષેત્રફળ ૫૭૦૨.૦૦ સ્કે.મીટર ઓફ ટી.પી.એસ. નં.૪૬ રેવન્યુ સર્વે નં.૧૧૧, રાજ ગ્રીન હાઈટસ પાછળ, સુરત ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા ગુજરાત-૩૯૫૦૦૫ ૩) ૬૦૧૨૬૦૮, કુલ બિલ્ડઅપ એરિયા ૫૦૨.૬૩ સ્કે.મીટર ૬ઠ્ઠો માળ, વિંગ-બી "બી" ટાઈપ બિલ્ડિંગ, કલબ ૧૦૦ એમ્પાયર બાંધકામ અને જમીન બેરિંગ ફાઈનલ પ્લોટ નં.૫૯ ક્ષેત્રફળ ૪૦૨૦.૦૦ સ્કે.મીટર, બ્લોક નં. ૧૫૧/એ ક્ષેત્રફળ ૫૭૦૨.૦૦ સ્કે.મીટર ઓફ ટી.પી.એસ. નં.૪૬ રેવન્યુ સર્વે નં.૧૧૧, રાજ ગ્રીન હાઈટસ પાછળ, સુરત ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા ગુજરાત-૩૯૫૦૦૫ ૪) ૮૦૧૨૮૦૬, કુલ બિલ્ડઅપ એરિયા ૫૦૨.૬૩ સ્કે.મીટર ૮મો માળ, વિંગ-બી "બી" ટાઈપ બિલ્ડિંગ, કલબ ૧૦૦ એમ્પાયર બાંધકામ અને જમીન બેરિંગ ફાઈનલ પ્લોટ નં.૫૯ ક્ષેત્રફળ ૪૦૨૦.૦૦ સ્કે.મીટર, બ્લોક નં. ૧૫૧/એ ક્ષેત્રફળ ૫૭૦૨.૦૦ સ્કે.મીટર ઓફ ટી.પી.એસ. નં.૪૬ રેવન્યુ સર્વે નં.૧૧૧, રાજ ગ્રીન હાઈટસ, પાછળ, સુરત ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા ગુજરાત-૩૯૫૦૦૫
5.	51364239	1. મુકેશ જૈન 2. સંગીતા જૈન	16.04.2021	રૂા.52,16,258.90/- (રૂા. બાવન લાખ સોળ હજાર બસો અઠ્ઠાવન અને નેવું પૈસા માત્ર)	29/07/2021	મિલકત નં.૧ ફ્લેટ નં.એ-૭૦૨, (૧૦૭૦ સ્કે.ફીટ) મધુરમા કો.ઓ.હાઉસિંગ સોસાયટી લિ.માં સ્થિત જમીન બેરિંગ પ્લોટ નં. ૪ અને ૫ આર.એસ.નં.૪૬/૩ પૈકી, ઓફ ભટાર કંચનજંગા ભટાર ચાર રસ્તા ભટાર, તા.સીટી, જિ.સુરત, ગુજરાત-૩૯૫૦૦૭ અને મિલકત નં.૨ દુકાન નં.૪૦૫૧ (૧૯.૭૬ સ્કે.મીટર) ત્રીજો માળ ગોલવાલા માર્કેટમાં જમીન બેરિંગ પ્લોટ નં.૧૦ અને આર.એસ.નં.૨૫ પૈકીના ઉમરવાડા સંરચના ટી.પી. સ્કીમ નં. ૮ એફ.પી. નં.૧૩૭ પૈકી, મહાવીર ટેક્સટાઈલ માર્કેટ સામે, રિંગ રોડ તા.સીટી, જિ.સુરત, ગુજરાત-૩૯૫૦૦૩
6.	41969839	1. ચીરાગ જયંતીભાઈ પંચાલ 2. જયંતીભાઈ ચુનીલાલ પંચાલ	06.04.2021	રૂા.2,89,947.54/- (રૂા.બે લાખ નેવ્યાસી હજાર નવસો સુળતાલીસ અને ચોપ્પન પૈસા)	28/07/2021	ફ્લેટ નં.એ/૭૦૩ સાતમો માળ, ક્ષેત્રફળ એરિયા ૧૦૩૧ સ્કે.ફીટ, સુપર બિલ્ટઅપ, સાશ્વત કો-ઓ.હા.સો.લિ.માં, સ્થિત ટી.પી.સ્કીમ નં.૩૨ ક્રમ નં.૩૨ સિરિ. નં.૧૬૮/૧, એફ.પી.નં.૭૯બી, હની પાર્ક સામે, હની પાર્ક રોડ, અડાજણ, સુરત-૩૯૫૦૦૯
7.	52083942 52117464	1. બિડયારથી શંભુ દયાલ ભાદાણી 2. સુમન શંભુદયાલ ભાદાણી	28.04.2021	રૂા.64,32,056,66/- (રૂા. ચોસઠ લાખ બત્રીસ હજાર છપ્પન અને છાસઠ પૈસા માત્ર) લોન એગ્રીમેન્ટ નં.૫૨૦૮૩૯૪૨ / રૂા.36,48,750,62/- (રૂા. છત્રીસ લાખ અડતાલીસ હજાર સાતસો પચાસ અને બાસઠ પૈસા માત્ર)	28/07/2021	ફ્લેટ નં.૨૩૧ બિલ્ટઅપ એરિયા ક્ષેત્રફળ ૧૮૬૯.૮૭ સ્કે.ફીટ એટલે ૧૭૩.૭૮ સ્કે.મીટર બીજો માળ અગમ ક્રોસ રોડ સામે, હોરીઝોન પાછળ, વીઆઈપી રોડ બિલ્ડીંગ એચ ક્ષેત્રફળ ૭૧.૦૫ સ્કે.મીટર અવિભાજ્ય પર્પોશનેટ હિસ્સા સાથે બિલ્ડિંગ જાણીતા સ્ટાર ગેલેક્સી, બાંધકામ જમીન બેરિંગ ડિવિઝન સર્વે નં.૩૦૨ ઉપર (જૂના રિવિઝન સર્વે નં.૪૭૧) ટી.પી. સ્કીમ નં.૬ એફ.પી.નં.૩૨ પાર્ટ ક્ષેત્રફળ ૨૧૪૭૯ સ્કે.મીટર. ઉત્તર બાજુ તરફ ૨૯૫૪૭ સ્કે.મીટર અને રિવિઝન સર્વે નં.૨૯૨ ૯૯/૧/(રેવ.સર્વે નં.૪૯૦) પાર્ટ ટી.પી.સ્કીમ નં.૬ (વેસુ) ફાઈનલ પ્લોટ નં.૩૧ ક્ષેત્રફળ ૨૭૨૫ સ્કે.મીટર પ્લોટ નં.૨ અને ૩૧ પૈકી, કુલ ક્ષેત્રફળ ૨૪૨૦૪ સ્કે.મીટર ગામ (વેસુ) સબ જિલ્લો ચોર્યાસી, જિલ્લો સુરત-૩૯૫૦૦૭ સુમન શંભુદયાલ ભદાણીના નામથી ઉભેલ છે.
8.	65005143211 4635674 51697793 51731428	૧.જીવન જ્યોત મોટર્સ પ્રા.લિ. ૨. સ્વ.શ્રી નરેશભાઈ જીવણલાલ નટવરલાલ ઈંટવાલા (જ્યારથી મૃત્યુ પામ્યા) તેમના કાયદેસર વારસદાર શ્રી તનશીક નરેશભાઈ ઈંટવાલા અને જયશ્રી નરેશચંદ્ર ઈંટવાલા ૩) જયશ્રીબેન નરેશચંદ્ર ઈંટવાલા ૪) ગંગા ઓટોમોબાઈલ્સ ૫) હેમંત દિલીપસિંહ સોલંકી	06.04.2021	લોન નં.૬૫૦૦૫૧૪૩૨૧૧ રૂા.10,43,85,075.81/- (રૂા. દસ કરોડ તેતાલીસ લાખ પંચ્યાસી હજાર પંચોતેર અને એકયાસી પૈસા માત્ર) **બાકી રકમ :** લોન એકાઉન્ટ નં. ૪૬૩૫૬૭૪ પૈકી રૂા.48,60,417.82/- (રૂા. અડતાલીસ લાખ સાઈઠ હજાર ચારસો સત્તર બ્યાસી પૈસા માત્ર) બાકી રકમ : લોન એકાઉન્ટ નં. ૫૧૭૩૧૪૨૮ પૈકી રૂા.1,64,15,583.08/- (રૂા. એક કરોડ ચોસઠ લાખ પંદર હજાર પાંચસો ત્યાસી અને આઠ પૈસા માત્ર) **બાકી રકમ :** લોન એકાઉન્ટ નં. ૫૧૬૯૭૭૯૩ પૈકી રૂા.4,93,48.559.64/- રૂા. ચાર કરોડ ત્રાણું લાખ અડતાલીસ હજાર પાંચસો ઓગણસાઈઠ અને ચોસઠ પૈસા માત્ર)	28/07/2021 અને 29/07/2021	મિલકત નં.૧ના તમામ ભાગ અને હિસ્સા જમીન બ્લોક નં.૨૦૦૯, ક્ષેત્રફળ એરિયા ૯૯૮૧.૦૦ સ્કે.મી., ખાતા નં.૧૦૭૨, ડ્રીમ હોન્ડા, નવસારી આરટીઓ પાસે, એન.એચ.૮ ગામ સિસોદરા) ગણેશ સબ જિલ્લો નવસારી જિલ્લો નવસારી ૩૯૬૪૬૩ મિલકત નં.૨ પૈકી દુ.નં.એલ/૧/એ-બી (૨૨૦૦ સ્કે.ફીટ)ની સારથી કોમ્પ્લેક્ષ - પોડીયમ બિલ્ડિંગ સારથી કો.ઓ.હા.સો.લિ.એ બાંધેલ, જમીન બેરિંગ સર્વે નં.૩૮,૩૯+ ફુલપડા, તોરાવા, કમ્પાઉન્ડ હીરાબાગ, વરાછા રોડ, ટી.પી.નં.૧૭,૩૮,૩૯,૪૦, પીએઆઈ એફ.પી.નં.૯૬/બી, સુરત-૩૯૫૦૦૬. પ્રોપર્ટી નંબર ૧ જમીન બ્લોક નં. ૨૦૦૯ ના તમામ ભાગ અને પાર્સલ છે ૯૯૮૧.૦૦ સ્કે.મીટર ખાતા નં. ૧૦૭૨, ડ્રીમ હોન્ડા, નવસારી આર.ટી.ઓ. પાસે એન.એચ.૮, ગામ સીસોદ્રા (ગણેશ), સબ-ડિસ્ટ્રિક્ટ-નવસારી, ડિસ્ટ્રિક્ટ નવસારી - ૩૯૬૪૬૩, પ્રોપર્ટી નં. ૨ હોવાથીશોપ નં. એલ/૧/એ-બી, (૨૨૦૦ સ્કે.ફીટ), સારથી કોમ્પ્લેક્સ -પોડિયમ બિલ્ડિંગમાં સારથી કો.ઓ.હા. દ્વારા બનાવવામાં આવ્યું છે. સમાજ. લિ., જમીન ધરાવતી જી.ન્દ્ર. ફુલપાડાના ૩૮+૩૯+૪૦, તુરવા કમ્પાઉન્ડ, હીરાબાગ, વરાછા રોડ, ટી.પી. નંબર ૧૭,૩૮,૩૯,૪૦, પીએઆઈ. એફ.પી.આઈ. નંબર ૯૬/બી, સુરત -૩૯૫૦૦૬, પ્રોપર્ટી નં. ૩ હોવાને કારણે યોગ્ય શીર્ષક અને મકાન નંબરના નીચલા ગ્રાઉન્ડ ફ્લોર અને ઉપલા ગ્રાઉન્ડ ફ્લોરમાં રસ ૨૪૨૩.૦૦ ચો.ફૂટ. ૨૨૫.૧૯ ચોરસ મીટર, અને કાર્પેટ એરિયા લગભગ ૧૭૦૦.૦૦ ચોરસ.૨૪૩.૦૬ ચો.મી. ૧૫૭.૯૯ ચોરસ મીટર, અનુક્રમે અને સાથે મળીને કુલ અવિભાજિત પ્રમાણસરશેર સાથે જમીનની નીચે લગભગ ૬૧.૩૮ અનુક્રમે ૨૩.૦૭ + ૩૮.૦૧ ચો.મી. ૨૧ મી સદીનાબિઝનેસ સેન્ટરતરીકે ઓળખાય છે, જેસિટી સર્વે નોંધનીજમીન પર બાંધવામાંઆવે છે રૂસ્તમપુરા રીંગ રોડ, ઉધનાદરવાજા પાસે, સુરત ખાતે વોર્ડ નં.૨ ના નં.૩ ભાગ ૧,૨, ૧૩ અને ૧૪-મેસર્સના નામે ૩૯૫૦૦૨. ગંગાઓટોમોબાઈલ્સ ભાગીદારી.

તારીખ : ૦૪-૦૮-૨૦૨૧
સ્થળ : સુરત

સહી/-
અધિકૃત ઓફિસર
સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંક
(સુભાજીત ચટ્ટોપાધ્યાય)

UNSC વોચ : કાઉન્સિલની મર્યાદિત સક્રિયતાની પૃષ્ઠભૂમિમાં ભારતની અધ્યક્ષતા શરૂ થઈ છે

પરંપરા પ્રમાણે કાઉન્સિલના પ્રમુખ કેટલાક ચોક્કસ મુદ્દાઓ પર કેટલીક ખુલ્લી ચર્ચાઓ યોજતા હોય છે. ભારત પણ પોતાની અધ્યક્ષતા દરમિયાન દરિયાઈ સુરક્ષા, શાંતિ સ્થાપના અને આતંકવાદ જેવા મુદ્દાઓ પર ચર્ચા યોજશે

(એજન્સી) તા.૩

ભારતે હવે યુનાઈટેડ નેશન્સ સિક્યોરિટી કાઉન્સિલની (યુએનએસસી) એટલે કે સંયુક્ત રાષ્ટ્રસંઘ સુરક્ષા પરિષદની અધ્યક્ષતા સંભાળી છે. ભારત એક મહિના સુધી આ વૈશ્વિક સંસ્થાની અધ્યક્ષતા કરશે. ભારતે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની એવા સમયે અધ્યક્ષતા સંભાળી છે જ્યારે અમેરિકા તેની સાથે વધુ સક્રિય છે પરંતુ વિશ્વભરમાં મહત્ત્વાકાંક્ષી દરમિયાનગીરી કરવાની ભૂખ ઓછી છે. પરંપરા પ્રમાણે કાઉન્સિલના પ્રમુખ કોઈ ચોક્કસ વિષય પર કેટલીક ખુલ્લી ચર્ચાઓનું આયોજન કરતાં હોય છે. આગામી સપ્તાહે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી મેરીટાઈમ સિક્યોરિટી એટલે કે દરિયાઈ સુરક્ષા પર એક ઉચ્ચ સ્તરીય પરિષદની ચર્ચાનું અધ્યક્ષસ્થાન સંભાળશે. ભારતના વિદેશ પ્રધાન એસ જયશંકર પણ આતંકવાદ વિરોધી અને શાંતિના જતનમાં ટેકનોલોજી એવા વિષય પર પરિષદની બે બેઠકનું અધ્યક્ષસ્થાન સંભાળશે. સંયુક્ત રાષ્ટ્રસંઘમાં ભારતના સ્થાયી પ્રતિનિધિ રાજદૂત ટી એસ તિરુમૂર્તિએ નોંધ્યું હતું કે ભારતે અધ્યક્ષતા એવા સમયે સંભાળી છે કે જ્યારે વધતા જતા સંઘર્ષને કારણે સંયુક્ત રાષ્ટ્રસંઘના સંસાધનો પર સાડું એવું દબાણ છે અને પરિષદ એજન્ડા પરના મહત્ત્વના મુદ્દાઓ

પર અત્યંત વિભાજિત છે. ૨૦૨૧માં યુએનએસસીની ભારતની અધ્યક્ષતા માટે સીરિયાના મુદ્દાની ગયા મહિને કાઉન્સિલમાં જે પ્રકારની અણધારી એકતા જોવા મળી હતી એટલી તાકિદતા છે નહીં. ઈન્ડિયા એહેડ ન્યૂઝ સાથેની એક મુલાકાતમાં ભારતના સંયુક્ત રાષ્ટ્રસંઘ ખાતેના એક પૂર્વ સ્થાયી પ્રતિનિધિત્વ સૈયદ અકબરુદ્દીને જણાવ્યું હતું કે આંતરવિગ્રહ યુગ પશ્ચાત જે પ્રકારનું કાઉન્સિલ સંગઠન હતું તે હવે રહ્યું નથી. તિરુમૂર્તિએ જણાવ્યું હતું કે આ વખતે યુએનએસસીની ભારતની અધ્યક્ષતા દરમિયાન ભારત ત્રણ હાઈ લેવલ મીટિંગ યોજશે જેમાં દરિયાઈ સુરક્ષા, શાંતિ સ્થાપના અને આતંકવાદનો સામનો જેવા મુદ્દાઓ પર ચર્ચા થશે. જ્યારે સૈયદ અકબરુદ્દીને જણાવ્યું છે કે ૭૫ વર્ષમાં પ્રથમવાર જ્યારે આપણા રાજકીય નેતૃત્વએ યુએનએસસીના કોઈ કાર્યક્રમમાં અધ્યક્ષતા કરવામાં કોઈ રસ દાખવ્યો છે તે બતાવે છે કે લીડરશીપ હવે ફ્રંટથી લીડ કરવા ઈચ્છે છે. યુએનએસસીના અધ્યક્ષતા દરમિયાન મ્યાનમાર, હૈતી અને ઈથોપિયાના તિગરાઈ જેવા મુદ્દાઓ પર કાઉન્સિલમાં ચર્ચા થઈ શકે છે એટલું જ નહીં કાઉન્સિલ આ મુદ્દાઓની ઘટનાઓને નિકટતાથી ફોલો કરશે એવી પણ અપેક્ષા છે.

જો હેમંતા બિશ્વા સરમા આસામના આદિત્યનાથ બનવાની કોશિશ કરશે તો પૂર્વોત્તરનું શું થશે ?

(એજન્સી) તા.૩

રાજકારણીઓ એવો આગ્રહ રાખી રહ્યાં છે કે કોઈ પણ એક ઈંચ પણ જમીન લઈ શકે નહીં અને જે સશસ્ત્રકર્મીઓ સરહદ ઓળંગીને તેમના પ્રદેશમાં આવશે તેમને મારી નાખવામાં આવશે. આ અંગે ૬ સુરક્ષાકર્મીઓને મોતાને ઘાટ ઉતારી દેવાયાં છે. ચર્ચાઓ બાદ પણ બંને પક્ષોએ એક બીજા સામે દોષનો ટોપલો ઢોળવા ટ્વીટરનો સહારો લીધો છે. એક પક્ષે સરહદને પાર કરતાં મહત્ત્વના માલસામાન અને ચીજ-વસ્તુઓને નાકાબંધી કરીને અટકાવવાનું શરૂ કર્યું છે. હા, આ કોઈ ભારત-ચીન કે ભારત-પાકિસ્તાન વચ્ચેનો સરહદી વિવાદ નથી. સંબંધીત સરહદ ભારતમાં જ છે અને આ સરહદ ભારતના બે રાજ્યો આસામ અને મિઝોરમ વચ્ચે આવેલી છે. ટેકનિકલી જોઈએ તો બંને સરકારો ભાજપના વડપણ હેઠળ ગઠબંધન સરકાર દ્વારા શાસિત છે. બંને રાજ્યો વચ્ચેનો વર્તમાન તણાવ ઓક્ટો. ૨૦૨૦ જેટલો જૂનો છે જ્યારે આસામીઓએ એવો આક્ષેપ કર્યો હતો કે મિઝોરમના નાગરિકોએ તેમની ઉપર ઝૂંપડા બાંધ્યાં છે ત્યારબાદ આસામ સરકાર દ્વારા વિવાદાસ્પદ જમીન ખાલી કરાવવાની ઝુંબેશ હાથ ધરાઈ હતી, હિંસક અથડામણ થઈ હતી, એક વ્યક્તિનું અપહરણ થયું હતું જેનું મિઝોરમની કસ્ટડીમાં મોત થયું હતું, મધરાતે બે શાળાઓ પર બોંબમારો કરાયો હતો અને ૩ અઠવાડિયા સુધી નાકાબંધી રહી હતી. ત્યારથી બંને રાજ્યો વચ્ચે તંગદિલી



ભડકી ઊઠી છે અને છેલ્લા ૧૦ મહિનામાં બંને રાજ્યો વચ્ચે અનેક અથડામણો થઈ છે. તાજેતરની અથડામણમાં બંને રાજ્યોએ એક બીજા વિરુદ્ધ આક્ષેપો અને પ્રતિઆક્ષેપો કર્યા છે અને આસામ પોલીસકર્મીઓએ મિઝોરમના છ સુરક્ષાકર્મીઓને ફાઈરીંગ કરીને મારી નાખ્યાં હતાં અને આ ઘટનામાં ડઝન ઘાયલ થયાં હતાં. ત્યારબાદ બંને રાજ્યના મુખ્ય પ્રધાનો વચ્ચે ટ્વીટર પર શાબ્દિક યુદ્ધ ચાલ્યું હતું. દરમિયાન મિઝોરમની પોલીસે આસામના છ અધિકારીઓ સહિત રાજ્યના મુખ્ય પ્રધાન હિમંતા બિશ્વ શર્મા સામે કેસ દાખલ કર્યો હતો. એ જ રીતે મિઝોરમે આસામના સાંસદ સામે કેસ દાખલ કર્યો હતો. આસામ-મિઝોરમ વચ્ચે સરહદી વિવાદમાં વંશીય તત્વ સંકળાયેલું છે. આસામમાં હેમંતા બિશ્વા સરમાએ આ વર્ષના આરંભે આસામના મુખ્ય પ્રધાન તરીકે કાર્યભાર સંભાળ્યો હતો. સરમા વધું પડતાં આક્રમક છે. અરુણાભ સાયક્યાના જણાવ્યા અનુસાર શર્મા આસામમાં પોતાનું સ્થાન વધુ સુદ્રઢ કરવા આ મુદ્દે આક્રમક વલણ અપનાવી રહ્યાં છે. બીજા શબ્દોમાં કહીએ તો સરમા હવે ભાજપના પ્રાદેશિક સંયોજકમાંથી સ્વયંને આસામના આદિત્યનાથ બનાવવા માગે છે. આથી ભાજપ હાઈકમાન્ડ પણ ચિંતામાં છે. જે પ્રદેશમાં હજુ પણ વિદ્રોહ અને બંડ જીવંત છે એવા પ્રદેશમાં આવા પ્રયાસોનું શું પરિણામ આવશે ? ખાસ કરીને વિચારવાની એ જરુર છે કે જો આસામના મુખ્ય પ્રધાન હેમંતા બિશ્વા સરમા આસામના આદિત્યનાથ બનવાની કોશિશ કરશે તો પૂર્વોત્તરનું શું થશે ?

(સૌ. : સ્કોલ.ઈન)

પેગાસસ સૌથી ખરાબ વસ્તુ સિદ્ધ કરવા માટે શ્રેષ્ઠ ટેકનોલોજીનો ઉપયોગ કરે છે

પરંતુ એક સિમ્પલ સોલ્યુશન તરીકે તેના ગ્રાહકોને આ ટુલ વેચવામાં આવે છે જેમાં માત્ર જેની જાસૂસી કરવાની હોય તેનો મોબાઈલ ફોન નંબર એન્ટર કરવાથી કામ પતી જાય છે

(એજન્સી) તા.૩

એનએસઓ ગ્રુપનું પેગાસસ સ્પાયવેર ટેકનોલોજીકલ દ્રષ્ટિએ અત્યંત આધુનિક છે અને તેમાં સર્વેલન્સ સોફ્ટવેર ઈન્ડસ્ટ્રી માટે તેની ટેકનોલોજી એનક્રિપ્શન દ્વારા જે પડકારો ઊભા થાય છે તેને પણ માત કરી શકે છે. સામાન્ય લોકોની પેગાસસ અંગે સમજ ખૂબ જ મર્યાદિત છે અને તેમાં એવું માનવામાં આવે છે કે એસએમએસ, કોન્ટેક્ટ્સ, કેલેન્ડર, લોકેશન, વોટ્સએપ ચેટ, હિસ્ટ્રી, ફોટો અને વીડિયો બ્રાઉઝીંગ દ્વારા ડિવાઈસના યુઝર ડેટાને ઝીરો ક્લીક ડેટા કલેક્શન ટુલ દ્વારા હેક કરી શકાય છે. જો કે પેગાસસના જુદા જુદા લેયર્સ આ સ્પાયવેરની અનન્ય ક્ષમતાઓમાં ઉમેરો કરે છે અને તેને એક સર્વગ્રાહી જાસૂસી ટુલ બનાવે છે કે જેમાં આ સોફ્ટવેરને ઓપરેટ કરનાર ગ્રાહકના પક્ષે બહુ ઓછી ટેકનિકલ તજજ્ઞતાની જરુર છે. આમ પેગાસસ સૌથી ખરાબ વસ્તુ સિદ્ધ કરવા માટે સૌથી શ્રેષ્ઠ ટેકનોલોજીનો ઉપયોગ કરે છે. જો કે ટેકનોલોજી જટિલ છે પરંતુ એક સિમ્પલ સોલ્યુશન તરીકે તેના ગ્રાહકોને આ ટુલ વેચવામાં આવે છે જેમાં માત્ર જેની જાસૂસી કરવાની હોય તેનો મોબાઈલ ફોન નંબર એન્ટર કરવાથી કામ પતી જાય છે. જુદા જુદા લેયર્સમાં ઈન્સ્ટોલેશન લેયર ટાર્ગેટ ડિવાઈસ પર અદ્રશ્યમાન સ્પાયવેરનું દૂરથી ઈન્સ્ટોલેશન કરે છે. આમ એનએસઓ દ્વારા જટિલ ઈન્સ્ટોલેશન

પ્રોસેસને સરળ બનાવવામાં આવી છે. ફોન નંબર દાખલ કર્યા બાદ પેગાસસ સિસ્ટમ આ નંબર એક્ટીવ છે કે કેમ તેની ચકાસણી કરે છે. ફોનના પ્રકારનું એનાલિસીસ કરે છે અને ડિવાઈસની સક્ષમતા ચેક કરવા માટે એન્ડ્રોઈડ ઓર આઈઓએસ જેવી સિસ્ટમનો ઉપયોગ કરે છે. હોમ લોકેશન રજીસ્ટર પેગાસસ જેવા અદ્યતન સ્પાયવેર ટુલ્સ માટે બિલ્ડીંગ બ્લોક તરીકે કામ કરે છે. પેગાસસ સિસ્ટમ ટાર્ગેટને નિશાન બનાવતા પહેલા ઉપલબ્ધ ઈન્સ્ટોલેશન પદ્ધતિને પણ ચેક કરે છે. એનએસઓ સ્પાયવેરના ડિલીવરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને મિકેનિઝમ

સંભાળે છે અને મર્યાદિત જ્ઞાન અને પ્રોસેસ પર નિયંત્રણ ધરાવતા ગ્રાહકોને સમજ આપે છે. આમ ઉચ્ચ સ્તરીય કસ્ટમાઈઝેબિલિટી અને કંટ્રોલને કારણે સર્વેલન્સ ઉદ્યોગમાં ટેક ઉત્સાહિઓ માટે કોઈ ચોક્કસ પ્રકારની ટેકનિકલની જરૂર રહેતી નથી અને આ બાબત પેગાસસને એક બેંચમાર્ક સોફ્ટવેર બનાવે છે.

ઉ.પ્ર. પોલીસ કસ્ટડીમાં દલિત વ્યક્તિને ત્રાસ ગુજારીને મારી નાખ્યાનો પરિવારજનોનો આક્ષેપ

બહરાઈચના પરિવારનો આક્ષેપ છે કે ફરિયાદ કરનાર જમીનદાર મહેન્દ્રએ તેમની કેટલીક જમીન પચાવી પાડી હતી અને ત્યારબાદ અમારા પિતાને મારી નાખવા માટે મહેન્દ્રએ પોલીસને પૈસા ખવડાવ્યા હતા

(એજન્સી) તા.૩

૩૫ વર્ષના વિનોદ જયારે આ ભયાનક ઘટનાનું વર્ણન કરે છે ત્યારે તે ધ્રુસ્કે ધ્રુસ્કે રડવા લાગે છે. વિનોદનો પિતરાઈ ભાઈ ૪૫ વર્ષના બહરાઈચીનું પોલીસ કસ્ટડીમાં ૨૭, જુલાઈના રોજ મૃત્યુ થયું હતું. સંત કબીરનગરના બઘૌલી બ્લોકમાં શિવભાખરીના દલિત રહેવાસી એવા બહરાઈચી ૨૫, જુલાઈથી પોલીસ કસ્ટડીમાં હતો. બહરાઈચી અને તેના ત્રણ પુત્રો પર એક સ્થાનિક ગ્રામીણ મહેન્દ્રની પુત્રીનું અપહરણ કરવાનો આરોપ હતો. મહેન્દ્રએ તેના વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. બહરાઈચીના કસ્ટડીમાં થયેલ મૃત્યુના પગલે સંત કબીરનગરના એસપીએ બાખીરા પોલીસ સ્ટેશનના અધિકારી મનોજકુમારને સસ્પેન્ડ કર્યા છે. બહરાઈચી ખેતી કરીને જીવનનિર્વાહ કરતો હતો. તેની પાસે પાંચ મંડી (૨૦=૧ વિઘા) જમીન હતી. બહરાઈચી પોતાના માતા-પિતા, પત્ની બે પુત્રો સંજય (ઉ.વ. ૨૫) અને કુંદન (ઉ.વ.૨૦) અને સંજયના પત્ની રાની સાથે રહેતો હતો. તેમનો એક પુત્ર અશોક ચેન્નઈમાં પેઈન્ટર તરીકે કામ કરે છે જ્યારે તેમની પુત્રી મંજુને પરણાવી દીધી છે અને બીજે રહે છે. કુંદને તાજેતરમાં જ ઈન્ટરમિડીએટની પરીક્ષા પાસ કરી હતી. સંજય જણાવે છે કે તેમના જમીનદાર મહેન્દ્રએ ૨૦, જુલાઈના રોજ એવી ફરિયાદ કરી હતી કે તેમની પુત્રી નાસી ગઈ છે અને બહરાઈચી, સંજય, અશોક અને કુંદન પર તેનું અપહરણ કરવાનો આરોપ મૂક્યો હતો ત્યારથી ફરિયાદ દાખલ કરાઈ છે ત્યારથી મહેન્દ્રનો

પરિવાર અમને સતત હેરાન કરે છે અને ધમકીઓ આપે છે એવું સંજયે જણાવ્યું હતું. સંજયે એવો પણ આક્ષેપ કર્યો છે કે પોલીસે તેમના પિતા પર થર્ડ ડિગ્રી ટોર્ચર કરતાં કસ્ટડીમાં જ તેમનું મોત થયું હતું. વાસ્તવમાં બહરાઈચીને મહેન્દ્ર અને તેમના પરિવાર સાથે જમીનનો વિવાદ હતો. સંજયે એવો પણ આક્ષેપ કર્યો છે કે તેમના પિતાનો પોસ્ટમોર્ટમ રિપોર્ટ પણ તેમને સોંપવામાં આવ્યો નથી. આમ ઉ.પ્ર. પોલીસે એક દલિત વ્યક્તિને માર મારીને મારી નાખ્યો હોવાના આક્ષેપ થયા છે. બહરાઈચીના પરિવારનો આક્ષેપ છે કે ફરિયાદ કરનાર જમીનદાર મહેન્દ્રએ તેમની કેટલીક જમીન પચાવી પાડી હતી અને ત્યારબાદ અમારા પિતાને મારી નાખવા માટે મહેન્દ્રએ પોલીસને પૈસા ખવડાવ્યાં હતાં. બસ્તીના ડીઆઈજી, સંત કબીરનગરના ડીએમ અને એસપીએ બહરાઈચીના પરિવારને ખાતરી આપી છે કે સમગ્ર મામલામાં યોગ્ય તપાસ થશે અને અપરાધીઓ વિરુદ્ધ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે પરંતુ કેટલાય દિવસો વિતી જવા છતાં હજુ ધરપકડ કરવામાં આવી નથી.

ભારતમાં પેગાસસનો ઉપયોગ આપણને જણાવે છે કે રાષ્ટ્ર અને પક્ષ વચ્ચેની ભેદ રેખા હવે ઝાંખી પડી ગઈ છે

પેગાસસ પ્રોજેક્ટમાં જેમને નિશાન બનાવવામાં આવ્યા છે તેમના નામોની યાદી પ્રથમદર્શીય રીતે રાજયના હિત સાથે કોઈ કનેક્શન દર્શાવતી નથી, પરંતુ સત્તારૂઢ રાજકીય પક્ષ ભાજપના હિત સાથે કનેક્શન ધરાવે છે

(એજન્સી) તા.૩

જુલાઈ, ૨૦૧૭માં ભારતના વડાપ્રધાન ઈઝરાયેલની પ્રથમ મુલાકાત બાદ થોડા સમાહોમાં સુપ્રીમકોર્ટે પુટ્ટાસ્વામી કેસમાં એવો ચુકાદો આપ્યો હતો કે પ્રાઈવસી એ ભારતના બંધારણ હેઠળ મૂળભૂત અધિકાર છે. સામાન્ય સંજોગોમાં આ ચુકાદો એટલો બધો નોંધપાત્ર રહ્યો ન હોત પરંતુ પ્રોજેક્ટ પેગાસસ તપાસના સંદર્ભમાં આ ચુકાદાનો સમય ઘણો સૂચક છે. એવી અટકળ કરવામાં આવી રહી છે કે ઈઝરાયેલની વડા પ્રધાનની પ્રથમ મુલાકાત દરમિયાન ભારતે વિધિવત ફુખ્યાત પેગાસસ માલવેર માટે ઈઝરાયેલ સાથે કરાર કર્યો હતો કે જેનો ઉપયોગ જાસૂસી માટે અનેક પત્રકારો, વિપક્ષી નેતાઓ અને બંધારણીય પદાધિકારીઓ સામે કરવામાં આવ્યો છે. રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલના વડપણ હેઠળની એક એજન્સી-નેશનલ સિક્યોરિટી કાઉન્સિલ સેક્રેટરીયટને એ નાણાકીય વર્ષમાં ૩૧૧ ટકાના બજેટ વધારાની ચોંકાવનારી અને રહસ્યમય ફાળવણી પ્રાપ્ત થઈ હતી અને તેથી એવી અટકળો વહેતી થઈ છે કે આ નાણા ભંડોળનો ઉપયોગ પેગાસસ ખરીદવા માટે કરવામાં આવ્યો હોવો જોઈએ. સરકારનો પ્રતિસાદ અત્યાર સુધી ઈન્કાર, અસ્પષ્ટતા અને આકસ્મિક એકરારની વચ્ચે ઝોલા ખાઈ રહ્યો છે. આ મામલાના સંદર્ભમાં સુપ્રીમકોર્ટમાં ત્રણ પિટિશનો દાખલ કરવામાં આવી છે અને તેની સુનાવણી ૫, ઓગસ્ટ પર છે. જો આક્ષેપો પુરવાર થશે તો તે માત્ર રાજ્ય-સરકાર પ્રેરીત અપરાધ જ નહીં રહે પરંતુ સમગ્ર એક્ઝિક્યુટીવ સુપ્રીમકોર્ટના ૯ જજોના અનાદર અને અવમાનનામાં આવી

જશે કે જેમણે સીમાચિહ્નરૂપ ચુકાદો આપ્યો હતો. ભારત પાસે વ્યક્તિગત પ્રાઈવસી એટલે કે ગોપનીયતાનો દુરૂપયોગ અટકાવવા સર્વગ્રાહી કાનૂની માળખાનો અભાવ છે. પેગાસસ પ્રોજેક્ટમાં જેમને નિશાન બનાવવામાં આવ્યાં છે તેમના નામોની યાદી પ્રથમ દર્શીય રીતે રાજયના હિત સાથે કોઈ કનેક્શન દર્શાવતી નથી પરંતુ સત્તારુઢ રાજકીય પક્ષ ભાજપના હિત સાથે કનેક્શન ધરાવે છે. આમ ભારતમાં પેગાસસનો ઉપયોગ આપણને જણાવે છે કે રાજય અને પક્ષ વચ્ચેની જે ભેદ રેખા છે તે હવે ભૂંસાઈ ગઈ છે. જેઓ પોતે પણ જાસૂસીના એક શિકાર હતાં એવા રાજકીય વિશ્લેષક પ્રશાંત કિશોરે અગાઉ એવી દહેશત વ્યક્ત કરી હતી કે શાસક પક્ષનો એજન્ડા ભારતને એકપક્ષીય રાષ્ટ્રમાં ફેરવવાનો છે. ઈતિહાસકાર રામ ગુહાએ પણ એવી ચેતવણી આપી છે કે આ પેટર્ન ચીનની કોમ્યુનિસ્ટ પાર્ટી અને માઓત્સેતુંગની લાઈન પર આગળ વધી રહી છે.

'મારે બંને રાજ્યો સાથે સંબંધ છે', કૃષ્ણા નદીના કેસની સુનાવણીમાંથી હટી જવા CJIનો સંકેત

એન વી રમન્નાએ એક સત્તાવાર નિવેદનમાં જણાવ્યું છે કે હું આ કેસની કાનૂની રીતે સુનાવણી કરવા માગતો નથી કારણ કે મારે બંને રાજ્યો સાથે સંબંધ છે. જો આ કેસ અને વિવાદ મધ્યસ્થતાથી ઉકેલાય તો સારૂં છે, અમે તેમાં મદદ કરી શકીએ છીએ અન્યથા આ કેસ હું બીજી બેંચને ટ્રાન્સફર કરી દઈશ

(એજન્સી) તા.૩

કૃષ્ણા નદીના જળ વિતરણને લઈને આંધ્રપ્રદેશ અને તેલંગાણા વચ્ચે ચાલી રહેલા વિવાદ અંગે સોમવારે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી થવાની હતી, પરંતુ ચીફ જસ્ટીસ ઓફ ઈન્ડિયા (સીજેઆઈ) એન વી રમન્ના સ્વયં આ કેસથી અલગ થઈને કેસની સુનાવણીમાંથી હટી ગયા છે. હવે આ કેસ પર નવી બેંચ સુનાવણી કરશે. સીજેઆઈ રમન્નાનું કહેવું છે કે તેઓ આ કેસની સુનાવણી હાથ ધરી શકે નહીં કારણ કે તેમને બંને રાજ્યો સાથે સંબંધ છે. સાથે જ તેમણે તેલંગાણા અને આંધ્રપ્રદેશની સરકારોને મધ્યસ્થિ દ્વારા આ વિવાદને ઉકેલવાની અપીલ કરી છે. એન વી રમન્નાએ એક સત્તાવાર નિવેદનમાં જણાવ્યું છે કે હું આ કેસની કાનૂની રીતે સુનાવણી કરવા માગતો નથી કારણ કે મારે બંને રાજ્યો સાથે સંબંધ છે. જો આ કેસ અને વિવાદ મધ્યસ્થતાથી ઉકેલાય તો સારું છે, અમે તેમાં મદદ કરી શકીએ છીએ અન્યથા આ કેસ હું બીજી બેંચને ટ્રાન્સફર કરી દઈશ. આંધ્રપ્રદેશ સરકાર વતી હાજર રહેલા સિનિયર એડવોકેટ દુષ્યંત દવેએ આ બાબતમાં સૂચના મેળવવા સમય માગ્યો હતો. ચીફ જસ્ટીસે ઉમેર્યું હતું કે હું ઈચ્છું છું કે તમે બંને તમારી સરકારને સમજાવો અને આ વિવાદનો ઉકેલ લાવો અમે બિનજરુરી તેમાં દખલ કરવા માગતાં નથી. અત્રે ઉલ્લેખનીય છે કે આંધ્રપ્રદેશે

આ મામલે સુપ્રીમકોર્ટના દ્વાર ખટખટાવ્યાં છે. આંધ્રપ્રદેશે તેલંગાણા વિરુદ્ધ એક અરજી દાખલ કરી છે તેમાં જણાવાયું છે કે તેલંગાણાએ પીવાના પાણી અને સિંચાઈ હેતુ માટે આંધ્રપ્રદેશને તેના કાનૂની હિસ્સાથી વંચિત રાખેલ છે અને તેલંગાણા સરકારના આ પગલાને આંધ્રએ ગેરબંધારણીય અને ગેરકાયદે ગણાવ્યું છે. આંધ્રપ્રદેશે પોતાની અરજીમાં એવી રજૂઆત કરી છે કે આંધ્ર પ્રદેશ પુનર્ગઠન અધિનિયમ ૨૦૧૪ હેઠળ રચાયેલા કૃષ્ણા રીવર મેનેજમેન્ટ બોર્ડ અને કેન્દ્રની સૂચનાઓની ઉપેક્ષા કરીને આ કાયદા હેઠળ રચાયેલ ટોચની કાઉન્સિલમાં લેવાયેલ નિર્ણયોનો અમલ કરવા ઈન્કાર કરી રહ્યું છે.

નડિયાદથી ગુમ થયેલ બાળક વડતાલથી મળી આવ્યો : પરિવારજનોમાં જીવ આવ્યો

નડિયાદ, તા.૮

નડિયાદ પશ્ચિમ વિસ્તારમાંથી ગઈ કાલે સવારે એકાએક રહસ્ય મય રીતે એક ૧૨ વર્ષનો બાળક ગુમ થઈ ગયો હતો. જે સંદર્ભે નડિયાદ પશ્ચિમ પોલીસ મથકે જાણ કરવામાં આવી હતી. જોકે બનાવની ગંભીરતા સમજી જિલ્લા પોલીસે વિવિધ ટીમો કામે લગાડી સીસીટીવી ફુટેજના આધારે બાળકને આજે વડતાલ ખાતેથી શોધી લીધો છે. જે બાદ કાઉન્સિંલગ કરવામાં આવતાં ભણવા બાબતે ઠપકો આપવાનાં ડરથી બાળક ઘરેથી ચાલી ભાગી હોવાનું બહાર આવ્યું છે.

મળતી માહિતી મુજબ નડિયાદ શહેરના પશ્ચિમ વિસ્તારમાં ઈટીએસ સ્કૂલની બાજુમાં નિકીતાબેન ગુંજનભાઈ પટેલ રહે છે. તેમના મામાનો ૧૨ વર્ષિય દિકરો નૈતિક રજનીકાંત પટેલ (રહે.દાગજીપુરા, તા.ઉમરેઠ) તેમની સાથે રહે છે. નૈતિક પોતે નડિયાદમાં ભણે છે અને બહેન બનેવી સાથે રહે છે. ગતરોજ તેના બહેને ઘરેથી કેળા લેવા નૈતિકને સાયકલ લઇને મોકલ્યો હતો. લાંબો સમય વિતવા છતાં પણ નૈતિક પોતાના બહેનના ઘરે પરત આવ્યો નહોતો. તેથી પરિવારજનો ચિંતીત બન્યા હતા. મોડી સાંજ સુધી નૈતિકનો કોઈ અત્તોપત્તો નહી લાગતાં ચિંતાતુર પરિવારજનોએ નડિયાદ પશ્ચિમ પોલીસે દોડી ગયા હતા. જે બાદ બનાવની ગંભીરતા સમજી જિલ્લા પોલીસે એલસીબી, એસઓજી, પેરોલ ફ્લોસ્ક્વોડ, નડિયાદ ગ્રામ્ય, પશ્ચિમ, ટાઉનની વિવિધ ટીમો બનાવી તપાસ આદરવામાં હતી.

પોલીસે જાહેર રસ્તા પર લાગેલા સીસીટીવી ફૂટેજ મેળવી તપાસ આદરતાં નૈતિક પોતે સાયકલ લઈને શારદા મંદિર ચોકડી થઈને કેનાલ નજીક આવેલ ઝલક હોટલ પાસે પહોંચ્યો હતો. જે બાદ તેણે અહીંયા સાયકલ મુકી કોઈ વાહનમાં બેસી વડતાલ તરફ ગયો હોવાનું પોલીસને ક્લુ મળ્યા હતા. દરમિયાન આજે સવારે વડતાલ મંદિરમાં તપાસ આદરતાં બાળક અહીંયા હોવાનું પોલીસને જણાઈ આવતાં પોલીસે બાળ સુરક્ષાના અધિકારીઓને સાથે રાખી નૈતિક નો કબ્જો લીધો છે.

જે બાદ નૈતિક પટેલનું કાઉન્સિલીંગ કરવામાં આવતાં તેણે ભણવા બાબતે ઠપકો આપવાનાં ડરથી ઘરેથી ચાલી નીકળ્યો હોવાનું જણાવ્યું છે. હોમવર્ક ન કર્યું હોવાથી તે ડરના કારણે ચાલી ગયો હોવાનું જાણવા મળ્યું છે. ગણતરીના કલાકોમાં જ ખેડા જિલ્લા પોલીસ પરિવારે બાળકનું મીલન તેના પરિવાર સાથે કરાવતાં પોલીસની કામગીરીને લોકોએ બિરદાવી છે. આ તમામ વચ્ચે ચાલી નીકળનાર બાળક પોતે એકલો ગયો હતો ? અને તેણે રાત ક્યાં વિતાવી ? જેવા અનેક સવાલો ચર્ચાના એરણ પર ચઢ્યા છે.

કોડીનારમાં ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત લાભાર્થીઓને અનાજ વિતરણ કરાયું

કોડીનાર, તા.૩

કોડીનાર દુકાનો ઉપરથી પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના હેઠળ લાભાર્થીઓને વિના મૂલ્યે અનાજ વિતરણ કરવામાં આવ્યું હતું. કોડીનાર નગરપાલિકા ખાતે યોજાયેલા ગરીબ કલ્યાણ અન્ન યોજના વિતરણ કાર્યક્રમમાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ "N.F.S.A" લાભાર્થીઓને પ્રતિ વ્યક્તિ ૩.૫ કિલો ઘઉં અને ૧.૫ કિલો ચોખા મળી કુલ ૫ કિલો અનાજનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ કેન્દ્ર સરકારની અલગ અલગ યોજનાઓ વિશે લાભાર્થીઓને માહિતગાર કરાયા હતા. આ કાર્યક્રમમાં મામલતદાર અસવાર, ચીફ ઓફિસર ડી.ડી.ચાવડા, નગરપાલિકાના પ્રમુખ સુભાસભાઈ ડોડીયા, ગીતાબેન બારડ, મનુભાઈ મેર સહિત પાલિકાના સભ્યો, જીશાનભાઈ નકવી સહિત ભારતીય જનતા પાર્ટીના હોદેદારો અને લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મહિલા આર્ટસ કોલેજ વિદ્યાનગરી હિંમતનગર ખાતે ગુરૂવંદન કાર્યક્રમ યોજાયો

હિંમતનગર, તા.૩

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત વિશ્વ વિદ્યાલય શૈક્ષણિક સંઘ અને વિશ્વમંગલમ્ કેળવણી મંડળ સંચાલિત મહિલા આર્ટસ કોલેજ વિદ્યાનગરી હિંમતનગરના સંયુક્ત ઉપક્રમે "ગુરૂ વંદન કાર્યક્રમ" તારીખ ૨ ઓગસ્ટ ૨૦૨૧ના રોજ યોજાયો હતો. જેમાં અધ્યક્ષપદે શિક્ષણવિદ ડો.ડી.એલ. પટેલ અને મુખ્ય વક્તા પદે આર.એસ.એસ.ના પ્રખર વક્તા પરિમલભાઈ પંડિત (પ્રમુખ પ્રાંત સહ કુટુંબ પ્રબંધન વિભાગ) ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં સંસ્થાના પ્રિન્સિપાલ ડો.કનૈયાલાલ એલ.પટેલે શાબ્દિક સ્વાગતમાં કાર્યક્રમની ભૂમિકા પૂરી પાડી, આવા કાર્યક્રમોની યથાર્થતા પર ભાર મૂક્યો હતો. આ પ્રસંગે સંઘના ઉપપ્રમુખ પ્રો.ડો.એ.કે.પટેલ, સહમંત્રી પ્રો.ડો.કે એસ.ભટ્ટ, સંયોજક પ્રો. ડો.એમ.એમ પ્રજાપતિ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રો.ડો.અરવિંદ પટેલ અને આભારવિધિ પ્રો. ડો.ભાઈલાલભાઈ પટેલે કરી હતી.

પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત
અંકલેશ્વરમાં વિના-મૂલ્યે અનાજ વિતરણ કરાયું

(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

અંકલેશ્વર, તા.૩

પ્રવર્તમાન રાજય સરકારના પાંચ વર્ષ પૂર્ણ થવા નિમિતે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત અંકલેશ્વરના શારદા ભવન ટાઉન હોલ ખાતે રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો હેઠળ સમાવેશ કરાયેલા રાશનકાર્ડ ધારકોને વિનામૂલ્યે અનાજ વિતરણ કાર્યક્રમ વન અને આદિજાતિ વિકાસના મંત્રી રમણલાલ પાટકરની અધ્યક્ષતા હેઠળ યોજાયો હતો જેમાં લાભાર્થીઓને અનાજનું વિતરણ કરવામાં આવ્યું હતું.

અંકલેશ્વરમાં શારદા ભવન ટાઉન હોલ ખાતે રાજય સરકારના વન અને આદિજાતિ વિકાસના મંત્રી રમણલાલ પાટકરની અધ્યક્ષતા હેઠળ યોજાયેલ કાર્યક્રમમાં ભરૂચ જિલ્લા કલેકટર એમડી મોડિયા, ભરૂચ જિલ્લા પ્રમુખ મારૂતીસિંહ અટોદરિયા, પ્રાંત અધિકારી રમેશ ભગોરા સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી અને પ્રધાનમંત્રી નરેન્દ્રમોદી એ વર્ચ્યુલ માધ્યમથી સંબોધન કર્યા બાદ NFSAમાં નોંધાયેલ લાભાર્થીઓને પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ પ્રતિ વ્યક્તિન દીઠ ૩.૫ કીલો ઘઉં અને ૧.૫ કિલો ચોખા મળી કુલ ૫ કીલો અનાજનો જથ્થો વિનામૂલ્યે મંત્રી રમણલાલ પાટકરના હસ્તે વિતરણ કરવામાં આવ્યું હતું.

ફૈઝ ચેરિટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
સુફીસંત ફૈઝ એકેડેમી સ્કૂલ કલાનું ધો.૧૨નું ૧૦૦ ટકા પરિણામ

ગુજરાતી માધ્યમ

મલેક નાઝમીનબાનું સાજીદભાઈ P.R. 94.23

પટેલ અમીશાબેન અરૂણભાઈ P.R. 89.44

પઠાણ મીન્હાજખાં અસીનખાં P.R. 88.03

અંકલેશ્વર, તા.૩

ફૈઝ ચેરિટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત વડોદરા જિલ્લાના કલા ગામે આવેલ સુફીસંત ફૈઝ એકેડમી સ્કૂલ, કલાનું ૨૦૨૧ની HSCનું દર વર્ષની જેમ આ વર્ષે પણ ૧૦૦ ટકા પરિણામ પ્રાપ્ત કરી ઝળહળતી સિદ્ધિ હાંસિલ કરી મેદાન માર્યું છે. જેમાં શાળાની ૨ વિદ્યાર્થીઓ બી-૧ ગ્રેડ, ૧૬ વિદ્યાર્થીઓ બી-૨ ગ્રેડ, ૨૧ વિદ્યાર્થીઓ સી-૧ ગ્રેડ, ૫ વિદ્યાર્થીઓએ સી-૨ ગ્રેડ અને ૧ વિદ્યાર્થીએ ડી ગ્રેડ મેળવેલ છે. જેમાં પ્રથમ સ્થાને મલેક નાઝમીનબાનું સાજીદભાઈ ૯૪.૨૩ P.R. અને દ્વિતિય સ્થાન પટેલ અમીષાબેન અરૂણભાઈ ૮૯.૪૪ P.R. અને તૃતીય સ્થાને પઠાણ મીન્હાજખાં અસીનખાં ૮૮.૦૩ P.R. મેળવીને શાળાની યશકલગીમાં વધુ એક પીછાનો ઉમેરો કર્યો છે.

કોરોના મહામારી જેવી વિપરીત પરિસ્થિતિમાં પણ ઓનલાઈન શિક્ષણ મેળવીને શાળાના વિદ્યાર્થીઓએ ગુણવત્તાસભર પરિણામ લાવી અનેરી સિદ્ધિ હાંસિલ કરી છે. જે બદલ મુશ્તાક અલી બાવાસાહેબે તથા શાળાના મેનેજિંગ ટ્રસ્ટી સૈયદ વાહિદઅલી બાવાસાહેબે દુઆઓ સહિત બિરદાવી હતી. શાળાના પ્રમુખ યુનુસભાઈ અમદાવાદી, ઉપ-પ્રમુખ મકબુલહુસૈન સાલેહ, ડો.મહંમદહુસૈન, સેક્રેટરી પટેલ બશીર વલી, ખજાનચી શેખ રફીક તથા શેખ મોઈન તેમજ તમામ ટ્રસ્ટી અને શાળાના આચાર્ય જાફર દિવાને તમામ વિદ્યાર્થી અને શાળાના શિક્ષકોને શુભેચ્છા પાઠવી હતી.

રાજ્ય સરકારના અન્ન ઉત્સવ વિરૂદ્ધ કોંગ્રેસ દ્વારા ડીએસઓને આવેદન

(સંવાદદાતા દ્વારા)

સુરત,તા.૩

રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીની સરકારના શાસનના પાંચ વર્ષ પૂર્ણ થવા પર સરકાર દ્વારા આજે ઉજવાયેલા અન્ન ઉત્સવ સામે શહેર કોંગ્રેસે ડીએસઓને આવેદનપત્ર પાઠવી ભાજપ સરકારની ભ્રષ્ટાચારી રીત રસમાંથી ગરીબ પરિવારોને ઘઉં, ચોખા, કેરોસીનના નિયમ મુજબ મળતાં જથ્થાથી વંચિત રાખવામાં આવતા હોવાનો આક્ષેપ કરી ગરીબ પરિવારોને અનાજ મળે તેવી અસરકારક વ્યવસ્થા ગોઠવવા માંગ કરી હતી. સુરત શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિએ આવેદનપત્રમાં જણાવ્યું હતું કે, કોંગ્રેસની યુપીએ સરકાર દ્વારા લાગુ કરાયેલ અન્ન સુરક્ષા અધિકાર કાયદાનો અમલ નહીં કરીને ગુજરાતની ભાજપ સરકારે ૫૪ ટકા પરિવારો એટલે કે ૩.૨૫ કરોડ નાગરિકોને અન્ન સુરક્ષા અધિકારથી વંચિત રાખ્યા છે. વર્તમાન સમયમાં ઘઉં, ચોખા, ખાંડ, કેરોસીનનો જથ્થો સંગ્રહખોરો અને કાળા બજારિયાઓ સગેવગે કરી મોટા પાયે ભ્રષ્ટાચાર કરી ગરીબોના હક્ક પર તરાપ મારતા હોય તેવું સ્પષ્ટ દેખાય છે. અન્ન સલામતી અધિનિયમ ૨૦૧૩ મુજબ રાજ્ય સરકારે હજુ પણ અગ્રિમતા અને અંત્યોદય પરિવારની યાદીઓ બનાવી નથી. ગુજરાતના મોટા ભાગના જિલ્લામાં સસ્તા અનાજની દુકાનોમાં અન્ન સલામતી કાયદાનું અમલીકરણ કરવામાં આવતું નથી અને કાયદાની જોગવાઈ પ્રમાણે અનાજ પુરૂ પાડવામાં આવતું નથી. તે સમયસર ઉપલબ્ધ કરવામાં આવે અને જે નાગરિકોને અત્યાર સુધી કાયદા મુજબ અનાજ આપવામાં આવ્યું નથી તેમને અનાજ ભથ્થુ આપવામાં આવે.

ભારતની સરહદમાં ઘૂસી આવેલ પાકિસ્તાનના કિશોરને જોઈન્ટ ઈન્ટ્રોગેશન સેન્ટરમાં ખસેડાયો

ભૂજ, તા.૩

પાકિસ્તાનના સિંધ પ્રાંતનો ૧૫ વર્ષીય કિશોર બકરી ચરાવતા ભારતની સીમા અંદર ઘૂસી આવતા ઝડપી લેવાયા બાદ તેને ભૂજના જોઈન્ટ ઈન્ટ્રોગેશન સેન્ટરમાં ખસેડાયો છે. સિંધ પ્રાંતના શાહીચોક, પોસ્ટ બદીનનો રહેવાસી અલીશેખ અલીનવાઝ રાઉમાને તા.૧/૮ના સવારે ખાવડા નજીક ભારત-પાક.ની આંતરરાષ્ટ્રીય સીમા ઉપર સીમા સુરક્ષા દળે ઝડપી લીધો હતો. આ કિશોર બકરી ચરાવતી વખતે ભૂલથી ભારતની સીમા અંદર આવી ગયો હતો તેવું તેમણે જણાવ્યું હતું. તેની પાસેથી માચીસ અને ચા બનાવવાની ભૂક્કી મળી હતી. તે સિવાય કંઈ મળ્યું નથી.

શહેરા ખાતે ગરીબ લાભાર્થીઓને અનાજનું વિતરણ કરાયું

શહેરા, તા.૩

શહેરા નગરપાલિકામાં આજે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના કાર્યક્રમ હેઠળ લાભાર્થીઓને અનાજ વિતરણ કરાયુ હતુ. પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના હેઠળ શહેરા નગરપાલિકા સભાખંડ ખાતે લાભાર્થીઓને વિનામૂલ્યે અનાજ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. શહેરા નગરપાલિકાના સભાખંડમાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનાનું કાર્યક્રમમાં શહેરા પ્રાંત, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ પૂર્ણ થયે વાજબી ભાવની દુકાન દીઠ એનએફએસએ હેઠળના લાભાર્થીઓને પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ પ્રતિ વ્યક્તિને ૩.૫ કિલો ઘઉં અને ૧.૫ કિલો ચોખા મળી કુલ ૫ કિલો અનાજનો જથ્થો વિનામૂલ્યે શહેરા નગરની વાજબી ભાવની દુકાનેથી રેશનની થેલીમાં આપવામાં આવ્યું. કાર્યક્રમમા મામલતદાર મેહુલ ભરવાડ, પ્રાંત અધિકારી જયકુમાર બારોટ, તાલુકા ભાજપા પ્રમૂખ મગનભાઈ પટેલિયા સહિત હોદેદારો અગ્રણીઓ હાજર રહ્યા હતા.

ધોળકા ખાતે જૂની શાકમાર્કેટમાં સીસી રોડ અને ગટરનું કામ કરવા કોંગ્રેસની માગણી

(તસવીર : મોહંમદી કાંટાવાલા, ધોળકા)

ધોળકા, તા.૩

ધોળકા નગરપાલિકાની હદમાં આવેલ જૂની શાકમાર્કેટ વિસ્તારમાં આવેલ શેઠવાલા હોસ્પિટલ પાસેથી લઈ જામપીઠ બજાર સુધીનો રોડ ખૂબ જ તૂટી ગયો હોય તેને નવેસરથી બનાવવાની કામગીરી હાથ ધરવા માટે તેમજ જૂની શાકમાર્કેટના અંદરના ભાગમાં ચોમાસા દરમ્યાન વરસાદ પડતા કાદવ-કિચડ અને ગંદકી થતી હોય તેનું પણ વિકાસ કાર્ય કરવા ધોળકા શહેર કોંગ્રેસ સમિતિએ માગણી કરી છે. સીસી રોડ રસ્તાનું કામ સમગ્ર વિસ્તારમાં કરવા અને વરસાદી પાણીનો નિકાલ સાથે વિકાસ કાર્ય કરી લોક સમસ્યા હલ કરવા શહેર કોંગ્રેસ પ્રમુખ ફિરોજખાન પઠાણ અને વિવિધ વિસ્તારમાંથી ચૂંટાયેલા નગરપાલિકાના પ્રતિનિધિઓ મનસુરખાન તાલુકદાર, ફારૂકભાઈ ઘાંચી, સાકિરમિયાં મલેક, આમીરભાઈ ટીબલિયા, નૂરજહાં સૈયદ, ફરજાનાબેન ઘાંચી, નિયાજબીબી પઠાણ તથા જૂની શાકમાર્કેટ વિસ્તારના વિવિધ વેપારીઓ દ્વારા ધોળકા નગરપાલિકાના પ્રમુખ/ચીફ ઓફિસરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

ભરૂચના ઝઘડિયા ખાતે આવેલ
અન્ય માલિકીની લીઝ પોતાની હોવાનું જણાવી ગાંધીનગરના ઠગે સુરતના બે ઉદ્યોગપતિ સાથે ઠગાઈ કરી

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૩

ભરૂચના ઝઘડિયા ખાતે આવેલી લીઝ પોતાની હોવાનું કહી સરથાણા જકાતનાકાના ટેક્સટાઈલના વેપારી અને બિલ્ડરને ગાંધીનગરના ઠગે રૂા.૩૭ લાખ રોકડા અને રૂા.૯૮.૫૦ લાખના ચેકો મેળવી પડાવી લઈ વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી.

પોલીસના સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી મુજબ સરથાણા જકાતનાકાના શ્યામધામ મંદિર પાસે પંચવટી સોસાયટીમાં રહેતા હરેશભાઈ વ્રજલાલ રાદડિયા ટેક્સટાઈલ અને કન્સ્ટ્રક્શનના વ્યવસાય સાથે સંકળાયેલા છે. હરેશ રાદડિયાની મિત્ર રમેશ ખેર મારફતે ગાંધીનગર જિલ્લાના પટેલ વાસ નિશાળ પાછળ રહેતા પંકજભાઈ રણછોડ પટેલ સાથે મુલાકાત થઈ હતી. ગાંધીનગરના પંકજ પટેલે પોતાની માલિકની ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકામાં રેવન્યૂ સર્વે નં.૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯ તથા ૨૦ને લાગુ ૫ હેક્ટર વાળી બ્લોક નં.બીની લીઝ આવેલી છે તેવું હરેશ રાદડિયાને જણાવ્યું હતું. આ લીઝ ચોખ્ખી અને ટાઈટલ ક્લીયર હોવાનો પણ પંકજ પટેલને વિશ્વાસ આપ્યો હતો. જો કે, આ લીઝ ગાંધીનગરના અન્ય વ્યક્તિની માલિકીની હતી અને આ ગામના લોકોનો વિરોધ હોવાથી લીઝ પણ બંધ રહેતી હતી. આ તમામ હકીકતો છૂપાવી પંકજ પટેલે અન્ય માલિકીની લીઝ પોતાની હોવાનું કહી હરેશ રાદડિયાને વિશ્વાસમાં લઈ ૧.૩૫ કરોડનો સોદો કર્યો હતો. દરમિયાન બહાના પેટે હરેશ રાદડિયાએ ૩૭ લાખ રોકડા આપ્યા હતા અને ૯૮.૫૦ લાખના ચેકો લખી આપ્યા હતા, જે ચેકો મેળવી લીધા હતા. દરમિયાન થોડા દિવસો બાદ હરેશ રાદડિયાને આ લીઝ ગાંધીનગરના કોઈ વણઝારાની માલિકીની છે અને લીઝ ચાલુ કરવાનો ગામના લોકો વિરોધ કરી રહ્યા હોવાનું જાણવા મળતા તેમની સાથે પંકજ પટેલે વિશ્વાસઘાત કર્યો હોવાનો અહેસાસ થયો હતો. લીઝ માટે આપેલા રૂા.૩૭ લાખ અને રૂા.૯૮.૫૦ લાખના ચેકો હરેશ રાદડિયાએ પંકજ પટેલ પાસે પરત માંગતા ન આપી વિશ્વાસઘાત કર્યો હતો. છેલ્લા ૫ વર્ષથી પંકજ પટેલ હરેશ રાદડિયાને ધક્કા ખવડાવતો હતો. દરમિયાન હરેશ રાદડિયાએ સરથાણા પોલીસ મથકે પંકજ પટેલ વિરૂદ્ધ છેતરપિંડીની ફરિયાદ આપતા પોલીસે તેની સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જિલ્લા જળ અને સ્વચ્છતા એકમ, તાપી

જાહેર નિવિદા નંબર : ૦૯ સને ૨૦૨૧-૨૨

(આઈ.ડી.નં.૪૭૫૯૩૨, ૪૭૫૯૩૩, ૪૭૫૯૩૪, ૪૭૫૯૩૫, ૪૭૫૯૩૬, ૪૭૫૯૩૭, ૪૭૫૯૩૮, ૪૭૫૯૩૯, ૪૭૫૯૪૦, ૪૭૫૯૪૧, ૪૭૫૯૪૨, ૪૭૫૯૪૩, ૪૭૫૯૪૪, ૪૭૫૯૪૫, ૪૭૫૯૪૬, ૪૭૫૯૪૭, ૪૭૫૯૪૮, ૪૭૬૦૧૦, ૪૭૬૦૧૧, ૪૭૬૦૧૨, ૪૭૬૦૧૩, ૪૭૬૦૧૪, ૪૭૬૦૧૫, ૪૭૬૦૧૬, ૪૭૬૦૧૭, ૪૭૬૦૧૮, ૪૭૬૦૧૯, ૪૭૬૦૨૦, ૪૭૬૦૨૧, ૪૭૬૦૨૨, ૪૭૬૦૨૩, ૪૭૬૦૨૪, ૪૭૬૦૨૫)

પાણી પુરવઠા વિભાગના જિલ્લા જળ અને સ્વચ્છતા યુનિટ, વાસ્મો, તાપીના યુનિટ મેનેજરશ્રી, બંગલા નં.૧૪, પ્રસુન પાર્ક સોસાયટી, ધુલિયા રોડ, વ્યારા, જિલ્લો : તાપી ગુજરાત રાજ્ય દ્વારા વિવિધ ગામોમાં મંજૂર થયેલ પાણી પુરવઠાના કામો માટે ગ્રામ્ય પાણી સમિતિ વતી ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

૧. કામનું નામ :- તાપી જિલ્લાના જુદા-જુદા ૩૩ ગામોમાં ગ્રામ્ય પાણી પુરવઠા યોજનાના આંતરિક વિતરણ વ્યવસ્થાના કામો.
૨. અંદાજિક રકમ રૂા.૧૬.૪૪ લાખથી રૂા.૯૮.૦૯ લાખ સુધીના કામો.
૩. ટેન્ડર રજૂ કરવાની છેલ્લી તારીખ : ૨૦/૦૮/૨૦૨૧ના રોજ ૧૮:૦૦ કલાક સુધી
૪. ટેન્ડર દસ્તાવેજો ફિઝિકલ ફોર્મમાં રજૂ કરવાની છેલ્લી તારીખ : ૨૩/૦૮/૨૦૨૧ના રોજ ૧૮:૦૦ કલાક સુધી.

સદર ટેન્ડર માન્ય રાખવા કે રદ કરવા એ યુનિટ મેનેજરના અબાધિત અધિકાર હેઠળ રહેશે, વધુ વિગતો વેબસાઈટ www.nprocure.com પર ઉપલબ્ધ છે.

ગ્રામ્ય કક્ષાની પાણી પુરવઠા યોજનાઓ માટે રાજ્યકક્ષાએ દિવસ-રાત કંટ્રોલરૂમ કાર્યરત છે. જ્યાં ટોલ ફ્રી નંબર ૧૯૧૬ પર પાણી સંબંધિત ફરિયાદ/સુચનો માટે સંપર્ક કરી શકાય છે.

ક્રમાંક : માહિતી-સૂરત/૪૬૦/૨૦૨૧

IDFC ફર્સ્ટ બેન્ક લિમિટેડ

(અગાઉ ફર્સ્ટ બેન્ક લિમિટેડ તરીકે અને આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે વિલય થયેલ છે હાલમા આઈડીએફસી ફર્સ્ટ બેંક તરીકે જાણીતી) CIN : L65110TN2014PLC097792

રજિસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર્સ, ૮મો માળ, હેરિંગટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ - ૬૦૦૦૩૧, ટેલિ.:+૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦/ફેક્સ:+૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

IDFC FIRST Bank

સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટ્રેસ્ટ એક્ટ, ૨૦૦૨ની કલમ ૧૩ (૨) હેઠળ નોટિસ

નીચેના દેણદારો અને સહદેણદારોએ નીચે દર્શાવેલ મુજબની સલામત લોન **આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિમિટેડ (અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે અને આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે વિલય થયેલ છે હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક તરીકે જાણીતી)** પાસેથી લીધેલ છે. નીચે દર્શાવેલ દેણદારો અને સહ દેણદારોની કિંમતી લોન સંબંધિત મિલકતોને ગીરો દ્વારા સલામત કરવામાં આવેલ છે. આથી તેઓ લોન કરારની સંબંધિત શરતો અને નિયમોનું પાલન કરવામાં નિષ્ફળ ગયેલ તથા અનિયમિત થતાં તેમની લોનને આરબીઆઈની માર્ગદર્શિકા અનુસાર તેમની લોનને એનપીએ મુજબ વર્ગીકૃત કરવામાં આવેલ છે. **(અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે અને આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે વિલય થયેલ છે હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક તરીકે જાણીતી)**ની તેમની બાકી રકમ તેમને ઈસ્યુ કરેલ નોટિસ મુજબ નીચેના ટેબલમાં વિસ્તારપૂર્વક વધારાના વ્યાજ સહિત ઉપરોક્ત રકમ પર લાગુ પડતા સંબંધિત તારીખથી અસર થાય તે મુજબના ચાર્જ કરવામાં આવશે.

ક્રમ નં.	લોન એકાઉન્ટ નં.	લોનનો પ્રકાર	દેણદાર અને સહદેણદારના નામ	૧૩ (૨) મુજબની નોટિસની તારીખ	૧૩ (૨) મુજબની નોટિસ અનુસાર બાકી	મિલકતોનું સરનામું
૧.	૨૮૯૬૧૭૭૭	હોમ લોન	૧.અંકુર નારણભાઈ સભાયા ૨. ચેતનાબેન નારણભાઈ સભાયા ૩. અંકુર નારણભાઈ સભાયા	૨૬-૦૭-૨૦૨૧	ભા.રૂા. ૧૭,૫૬,૧૭૭/-	**સ્થાવર મિલકતના તમામ ભાગ અને હિસ્સાઓ** ખુલ્લી જમીનનું ક્ષેત્રફળ ૫૫.૬૧ ચો.મી. (સેલ એગ્રીમેન્ટ મુજબ) સબ પ્લોટ ૫૪/૪નું પ્લોટ નં.૫૪ પર સ્થિત રેવન્યુ સર્વે નં.૯૬૦/૧ પૈકી 'જ્યોતી પાર્ક' વિસ્તાર નામે જાણીતું જામનગર, સિટી જામનગર, તા. અને જિ. અને **આ મુજબની ખૂંટ : પૂર્વ :** ૭.૫૦ મીટર રોડ, **પશ્ચિમ :** પ્લોટ નં.૧૩, **ઉત્તર :** પ્લોટ નં.૫૬, **દક્ષિણ :** સબ પ્લોટ નં.૫૪/૩
૨.	૨૪૬૬૯૦૨૫ અને ૨૪૬૭૨૩૦૩	હોમ લોન	૧. આશિષભાઈ અરવિંદભાઈ અનડકત ૨. દીપા આશિષભાઈ અનડકત	૨૬-૦૭-૨૦૨૧	ભા.રૂા. ૧૭,૯૨,૪૦૧.૫૫/-	**તમામ ભાગ અને હિસ્સાઓ** જમીન પર રહેણાંકના મકાનનું ક્ષેત્રફળ ૪૬.૦૦ ચો.મી. સબ પ્લોટ નં.૬ પૈકી પ્લોટ નં.૩૦/૨૯ પૈકી આરએસએન ૩૩૮પી સીએસ વોર્ડ નં.૮, સી.એસ. નં. ૩૦૯૩, ટીપીએસ નં.૦૫, એફપી નં.૨૨૧ રાજકોટ સિટી, તા. અને જિ. રાજકોટ, રજિ. જિ. રાજકોટ, ગુજરાત રાજ્યમાં, 'રામેશ્વરકૃપા' ૨/૮ વાણિયાવાડીમાં, મનીષા ચશ્માઘર ગલી, જલારામ ચોક, વાણિયાવાડી, રાજકોટ, ગુજરાત-૩૬૦૦૦૧ અને **આ મુજબની ખૂંટ : પૂર્વ :** ૩૦ ફૂટ રોડ, **પશ્ચિમ :** અન્યની મિલકત, **દક્ષિણ :** ૩૦ ફૂટ રોડ, **ઉત્તર :** અન્યની મિલકત
૩.	૨૬૬૯૧૩૬૬	હોમ લોન	૧. ભરતકુમાર એ.ગોહિલ ૨. ધીરજલાલ અમૃતલાલ ગોહેલ ૩. નિર્મલાબેન અમૃતલાલ ગોહેલ	૨૬-૦૭-૨૦૨૧	ભા.રૂા. ૧૦,૨૫,૫૨૬.૩૯/-	**તમામ ભાગ અને હિસ્સાઓ** મિલકત સ્થિત મુ. કૈલાશ પાર્ક, ટેનામેન્ટ નં.૬, નાગેશ્વર પાર્કની પાછળ,જામનગર મેઈન રોડ, ઘંટેશ્વર, રાજકોટ, ગુજરાત-૩૬૦૦૦૧ મિલકત ક્ષેત્રફળ લગભગ ૩૬.૦૬ ચો.મી. અને **આ મુજબની ખૂંટ : ઉત્તર :**કોમન પેસેજ અને પ્લોટ નં.૫૧, **દક્ષિણ :** ટેનામેન્ટ નં.૭, **પૂર્વ :**૧.૮૩ મી. પ્હોળો રોડ, **પશ્ચિમ :** ટેનામેન્ટ નં.૧ અને ૨
૪.	૨૬૬૯૧૨૨૪	હોમ લોન	૧. મહંમદબશીર અવધભાઈ મસ્કતી ૨. મસ્કતી હનીફ અવધભાઈ ૩. મરીયમ અવધભાઈ મસ્કતી	૨૬-૦૭-૨૦૨૧	ભા.રૂા. ૭,૩૨,૮૭૬.૪૬/-	**તમામ ભાગ અને હિસ્સાઓ** રહેણાંકની મિલકતના પ્લોટ નં.૨૭ પૈકી, જમીન ક્ષેત્રફળ ૭૬.૬૫ ચો.મી. 'સુમરા સોસાયટી'માં ગાયત્રીનગર, બિલ્ડિંગ સાથે રેવન્યુ સર્વે નં.૪૩૧/૨ પૈકી ગોંડલ, ગુજરાત અને **આ મુજબની ખૂંટ : ઉત્તર :** લાગુ પ્લોટ નં.૨૭ પૈકી, અન્ય મિલકત, **દક્ષિણ :** લાગુ પ્લોટ નં.૨૯, **પૂર્વ :** લાગુ પ્લોટ નં.૨૭ પૈકી, અન્યની મિલકત, **પશ્ચિમ :** લાગુ પ્લોટ નં.૨૮
૫.	૨૩૨૯૯૧૧૩	હોમ લોન	૧. મોહન કિશનસિંહ રાજપૂત ૨. મંજુ મોહનસિંહ રાજપૂત ૩. મોહન રાજપૂત	૨૬-૦૭-૨૦૨૧	ભા.રૂા. ૨૦,૪૦,૩૩૦.૦૮/-	**તમામ ભાગ અને હિસ્સાઓ** મિલકત બેરીંગના ટેનામેન્ટ નં.સી-૩૮ (જૂનો સી/૩૫) ક્ષેત્રફળ ૪૫૦ ચો. ફૂટ (સેલ એગ્રીમેન્ટ મુજબ) રાજયોગીનગર કો.ઓ.હા.સો.લિ. સ્થિત મુ. કાયમી લીઝ હોલ્ડ જમીન બેરીંગ સર્વે નં. ૫૩ પૈકી (ફાઈનલ પ્લોટ નં.૩૮૦ ટીપીએસ ૩૭) મોજે દાણીલીમડા, તા. મણિનગર, જિ. અમદાવાદ અને રજિ. સબ જિ. અમદાવાદ-૫(નારોલ) અને **આ મુજબની ખૂંટ : પૂર્વ :** આંતરિક રોડ અને યુનિટ નં.બી-૫૪, **પશ્ચિમ :** અન્ય મિલકત, **ઉત્તર :** યુનિટ નં.૩૯, **દક્ષિણ :** યુનિટ નં.૩૭
૬.	૨૫૫૬૮૫૩૩	હોમ લોન	૧. શ્રી શ્રવણ શ્યામલાલ માલી ૨. શ્રીમતી મમતા શ્રવણ માલી	૨૬-૦૭-૨૦૨૧	ભા.રૂા. ૨૮,૪૩,૬૭૭.૯૧/-	**તમામ ભાગ અને હિસ્સાઓ** મિલકતના સબ પ્લોટ/ રો-હાઉસ નં.૪૧, પ્લોટ એરિયા ક્ષેત્રફળ લગભગ ૧૪૩.૧૫ ચો.મી. બિનવહેંચાયેલ શેર સાથે જમીન ક્ષેત્રફળ લગભગભ ૧૦૪.૬૧ ચો.મી. કુલ ક્ષેત્રફળ ૨૪૭.૭૭ ચો.મી અને બાંધકામ ક્ષેત્રફળ ૮૫ ચો.મી. 'સોમનાથ પાર્ક'માં, સ્કીમ સ્થિત નોન-એગ્રિકલ્ચરલ જમીન બેરીંગ બ્લોક/સર્વે નં.૬૩૦ (જૂના એમેગમટેડ રેવન્યુ સર્વે નં.૨૫૯+૨૬૮+૨૬૯/૧) મોજે સીંગરવા, તા. દસ્ક્રોઈ, જિ. અમદાવાદ અને **આ મુજબની ખૂંટ : પૂર્વ :** ખુલ્લો પ્લોટ, **પશ્ચિમ :** ઘર નં.૪૨, **ઉત્તર :** કોમન રોડ, **દક્ષિણ :** કોમન પ્લોટ
૭.	૨૬૬૯૧૫૫૨	હોમ લોન	૧. સુરેશ સદાશીવભાઈ શ્રીમાળી ૨. શ્રીમાળી વસંતીબેન ૩. રાહુલ શ્રીમાળી	૨૬-૦૭-૨૦૨૧	ભા.રૂા. ૯,૭૫,૨૧૦/-	**તમામ ભાગ અને હિસ્સાઓ** સ્થાવર મિલકતના ફ્લેટ નં.૦૨, બ્લોક નં.ડી/૨૧ (એટલે કે ડી/૨-૦૨) ટાઈપ-એ, ગ્રાઉન્ડ ફ્લોર પર,ક્ષેત્રફળ ૩૧.૬૮ ચો.મી. વિસ્તાર સાથે (કાર્પેટ) બિનવહેંચાયેલ શેર સાથે જમીન ક્ષેત્રફળ ૨૨.૮૫ ચો.મી. સ્કીમ નામે 'ઓમ શાંતિનગર-૨ ફેસ-૨' સ્થિત અને ઊભેલ નોન એગ્રિકલ્ચરલ જમીન બેરીંગ સર્વે નં.૪૭૯/કે ફાઈનલ પ્લોટ નં. ૧૫(૧+૨)/૨ ટાઉન પ્લાનિંગ સ્કીમ નં.૫૮ પૈકી સબ પ્લોટ નં.૧ ક્ષેત્રફળ ૬૦૫૫.૯૮ ચો.મી. મોજે ગામ વટવા, તા. વટવા, જિ. અમદાવાદ અને રજિ. જિ. અમદાવાદ-૧૧ (અસલાલી) ગુજરાત રાજ્ય સાથે અને અને **આ મુજબની ખૂંટ : પૂર્વ :** ખુલ્લી જમીન, **પશ્ચિમ :** ફ્લેટ નં.ડી-૨/૦૧, **ઉત્તર :** ફ્લેટ નં.ડી-૧/૦૩, **દક્ષિણ :** ફ્લેટ નં.ડી-૨/૦૩
૮.	૧૧૯૧૧૮૦૨	મિલકત સામે લોન	૧. યુનિક ફાસ્ટનર્સ ૨. જીજ્ઞા કૌશિકભાઈ પુરાણી ૩. મુકુંદભાઈ મોહનભાઈ પટેલ	૨૬-૦૭-૨૦૨૧	ભા.રૂા. ૪૩,૭૦,૩૭૩.૮૦/-	**પ્રથમ મિલકતના વાસ્તવિક માલિકી દ્વારા ભાગ-૧ : તમામ ભાગ અને હિસ્સાઓ** બિન ખેતીલાયક પ્લોટની જમીન બેરીંગ સર્વે નં.૪૧૧/૩, નામે 'પ્રકૃતિ રેસિડેન્સી' તરીકે જાણીતી ટાવર-પર્લ(એ) પૈકી ચોથો માળ, ફ્લેટ નં.૪૦૧ ક્ષેત્રફળ ૧૨૦.૬૬ ચો.મી. બિનવહેંચાયેલ શેર જમીન વિસ્તાર ક્ષેત્રફળ ૯૩.૦૦ ચો.મી. મોજે ગોત્રી, વડોદરા જમીન પર ઊભેલ મુ. રજિ. સબ જિ. અને જિ. વડોદરા અને **આ મુજબની ખૂંટ : પૂર્વ :** ફ્લેટ નં.૪૦૪, **પશ્ચિમ :** ૩૦ મી. રોડ તરફ, **ઉત્તર :** ફ્લેટ નં.૪૦૨ તરફ, **દક્ષિણ :** ૭.૫ મી. રોડ તરફ **પ્રથમ મિલકતના વાસ્તવિક માલિકી દ્વારા ભાગ-૨ : તમામ ભાગ અને હિસ્સાઓ** બિન ખેતીલાયક પ્લોટની જમીન બેરીંગ સર્વે નં.૮૯/૧, ૮૯/૨, ટીપી નં.૨, એફપી નં.૪૮૯ 'સિલ્વર એપાર્ટમેન્ટ' કો.ઓ.હા.સો.લિ. ગ્રાઉન્ડ ફ્લોર, દુકાન નં.૧ પૈકી પશ્ચિમ બાજુ દુકાન નં.૧/બી, ક્ષેત્રફળ ૩૪ ચો.મી. કોમન જમીન ક્ષેત્રફળ ૮.૮૫ ચો.મી. મોજે સાવદ, વડોદરા, સ્થિત મુ. રજિ. જિ. અને સબ જિ. વડોદરા અને **આ મુજબની ખૂંટ : પૂર્વ :** સોસાયટીનો આંતરિક રોડ, **પશ્ચિમ :** ખુલ્લી જગ્યા, મેઈન રોડ, **ઉત્તર :** લેડર, **દક્ષિણ :** દુકાન નં.૦૨ અને દુકાન નં.૧-એ

અત્રે તમને ઉપરોક્ત દિવસમાં દર્શાવ્યા અનુસારની આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિમિટેડ (અગાઉ ફર્સ્ટ બેન્ક લિમિટેડ તરીકે અને આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે વિલય થયેલ છે હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક તરીકે જાણીતી)ની બાકી રકમ કોન્ટ્રાક્ટ દરના વ્યાજ સહિત સંબંધિત તારીખ સુધીના અન્ય ખર્ચાઓ, ચાર્જીસ વગેરે આ જાહેરાત છપાયાના દિન ૬૦માં પરત ચૂકવવા જણાવવામાં આવે છે. તેમાં નિષ્ફળ જતાં નીચે સહી કરનાર સરફેસી એક્ટની કલમ ૧૩ (૪) અને સેક્શન ૧૪ હેઠળ ઉપરોક્ત ગીરો મિલકતો સામે, **આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિમિટેડ (અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે અને આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે વિલય થયેલ છે હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક તરીકે જાણીતી)**ની બાકી રકમ ધ્યાનમાં લેતાં જરૂરી પગલાં લઈ શકે છે. વધુમાં અત્રે તમોને આ સલામત મિલકતો કલમ ૧૩ (૧૩) હેઠળ કોઈપણ રીતે વેચાણ/લીઝ અથવા અન્ય રીતે તબદીલ કરતા પ્રતિબંધિત કરવામાં આવે છે.

સહી/-
અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિમિટેડ
(અગાઉ કેપિટલ ફર્સ્ટ અને લિમિટેડ તરીકે હાલમાં આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)

તારીખ :- ૪-૦૮-૨૦૨૧
સ્થળ : અમદાવાદ

ગોમતીપુર-અમરાઈવાડી વિસ્તારની ટ્રાફિક સમસ્યા નિવારવા

રસ્તો પહોળો કરવા માટે મેટ્રો સર્વિસ પાંચ ફૂટ જમીન મુક્ત કરે તેવી રજૂઆત

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૩

ગુજરાત મેટ્રો લીંક પ્રોજેક્ટ અંતર્ગત શહેરના ખોખરા વિસ્તારમાં જમીન સંપાદન કરવામાં આવી હોવાથી કામદાર રાજ્ય વીમા યોજના ડી-૩૦ દવાખાના પાસેથી લઈ જેઠીબાઈની ચાલી ખાતેની પોસ્ટઓફિસ સુધીનો માર્ગ ખુબ જ સાંકડો થઈ ગયો હોવાથી વાહનચાલકો હેરાન પરેશાન થઈ રહ્યા છે. આથી આ જાહેર માર્ગને પાંચ ફુટ પહોળો કરવા સ્થાનિક મ્યુનિસિપલ કાઉન્સિલરોની આગેવાનીમાં રહેવાસીઓ દ્વારા ગાંધીનગર ખાતે ગુજરાત મેટ્રો લીંક લી.ના

રસ્તો ખૂબ જ સાંકડો થઈ જવાથી વાહનચાલકો હેરાન પરેશાન થઈ રહ્યા છે

એમ.ડી.ને રજૂઆત કરવામાં આવી હતી. ગુજરાત મેટ્રો લીંક પ્રોજેક્ટ અંતર્ગત ખોખરા વિસ્તારમાં જમીન સંપાદન કરી પરિવહન માટે મેટ્રો લીંક સેવા કાર્યરત કરવામાં આવી રહી છે. આ જમીન સંપાદનમાં અસરગ્રસ્તોને પૂરતું વળતર પણ ચૂકવવામાં આવ્યું છે તેનો ઉલ્લેખ કરી ગોમતીપુરના મ્યુનિસિપલ કાઉન્સિલરો ઈકબાલ શેખ અને ઝુલ્ફીખાન પઠાણે જણાવ્યું છે કે ખોખરા વિસ્તારમાં રેલવે ઓવરબ્રિજની સ્મારકામ કરવાની કામગીરી ચાલતી હોવાથી જાહેર માર્ગોને ડાયવર્ઝન આપવામાં આવ્યા છે. જેના કારણે અમઈરાવાડી વિસ્તારમાં કામદાર રાજય વીમા યોજના ડી-૩૦ દવાખાના તથા આ વિસ્તારમાં આવેલ અમરાઈવાડી, સુખરામનગર, રખિયાલ તથા અન્ય વિસ્તારના વાહનચાલકો, ધંધા રોજગાર માટે જતા લોકોને ના છુટકે સાંકડા માર્ગ પરથી પસાર થવાની ફરજ પડે છે. પરિણામે મધુપકુમાર પ્રેમના રહેઠાણથી હીરાલાલની ચાલી ખાતે આવેલ પોસ્ટ ઓફિસ સુધીનો માર્ગ સતત ટ્રાફિકથી ધમધમતો રહેતા ટ્રાફિક જામની વિકરાળ સમસ્યા સર્જાતી રહે છે. પરિણામે વર્ષોથી રહેતા હજારો રહિશો અને વાહનચાલકો વચ્ચે અવારનવાર ઘર્ષણ ઉભું થાય છે. આ સમસ્યા નિવારવા ગુજરાત મેટ્રો લીંક સર્વિસીસ દ્વારા જમીન સંપાદન કરવામાં આવેલ બિનઉપયોગી જમીનમાંથી ૫ ફુટ જેટલી જમીન છોડી દેવામાં આવે તો રસ્તો પાંચ ફુટ પહોળો થવાથી ટ્રાફિકની વિકરાળ સમસ્યામાંથી મુકિત મળી શકે છે.

અમદાવાદીઓ હવે દંડ મામલે બહાના નહીં ચાલે

બે દિવસમાં ૫૩૦ લોકોએ પોતાના કાર્ડ પોલીસ પાસે ઘસાવડાવ્યા !

૨ લાખ ૮૦ હજારનો દંડ મશીન મારફતે વસૂલાયો

અમદાવાદ, તા.૩

ટ્રાફિક વ્યવસ્થા એ કોઈ પણ શહેરની આન બાન શાન અને ઓળખ હોય છે. ત્યારે અમદાવાદમાં ટ્રાફિક વ્યવસ્થા જળવાઈ રહે અને લોકો દંડ ભરે તેના માટે થઈને ટ્રાફિક પોલીસ અનેક વખત નવતર પ્રયોગો કરી ચૂકી છે. જેમાં પી.ઓ.એસ મશીન પણ એક છે. જેના દ્વારા અમદાવાદીઓ હવે દંડ ભરવા માટે રોકડા રૂપિયા નથી તેવા બહાના નહિ બતાવી શકે. અમદાવાદીઓ ટ્રાફિકની વ્યવસ્થાને લઈને હજી સુધી જાગૃત નથી થયા. જેના કારણે શહેરીજનોના ખિસ્સામાંથી લાખો અને કરોડો રૂપિયાનો દંડ ચૂકવાઈ રહ્યો છે અને આજ દંડની ચૂકવણીને લઈને વાહન ચાલકો સ્થળ પર રોકડ રકમ આપવાના લઈને અનેક વખત ટ્રાફિક પોલીસ કર્મીઓ સાથે તકરાર કરતા હોય છે. આવાઅનેક કિસ્સાઓ સામે આવ્યા છે. ત્યારે અમદાવાદ ટ્રાફિક પોલીસે શહેરના અલગ અલગ ટ્રાફિકના ૫ પોલીસ સ્ટેશનમાં આવતા અલગ અલગ ૧૨૦ જેટલા પોઈન્ટ ઉપર હાજર ટ્રાફિક કર્મીઓને પીઓએસ મશીન આપવામાં આવ્યા છે. જેના દ્વારા ડિજીટલ પેમેન્ટ થકી દંડ વસૂલી રહ્યા છે. પીઓએસ મશીન શરૂ થયાને હજી તો બે દિવસ થયા છે. ત્યાં બે દિવસમાં જ ૫૩૦ અમદાવાદીઓ પાસેથી ૨ લાખ ૮૦ હજારનો દંડ પીઓએસ મશીન મારફતે વસૂલાયો છે. આ ૫૩૦ લોકો એવા છે, જેમણે ટ્રાફિક નિયોમો ભંગ કર્યા હતા અને જેમની પાસે રોકડ રકમ ન હતી અને બહાનું ના ચલતા અંતે તેને કાર્ડ મારફતે પેમેન્ટ કરવાનો વારો આવ્યો હતો. ટ્રાફિક વિભાગનો આ નવતર પ્રયોગ કેટલો ફાયડકારક નીવડે છે તે તો આવનારો સમય જ બતાવશે. પણ અત્યાર સુધી વાહન ચાલકોની રોકડ રકમ સ્વરૂપેનો દંડ ભરતી વખતે બહાના બાજી ચાલતી હતી, તે હવે નહિ ચાલે. રોકડ રકમ વાહન ચાલક

કોરોના મહામારી વચ્ચે લોકો જીવન જીવવા સંઘર્ષ કરી રહ્યા છે ત્યારે

રાજ્ય સરકારે લાખો રેશનકાર્ડ ધારકોને BPLમાંથી APLમાં ધકેલી દીધા

કોઈ કારણસર અનાજ ન લઈ શકતા લાખો રેશનકાર્ડ બંધ કરી દેવાયા : કોંગ્રેસ

અમદાવાદ, તા.૩

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા આયોજિત 'અન્ન અધિકાર અભિયાન'માં ભાગ લેવા માટે ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઈ ધાનાણી ડાંગ ખાતે પહોંચ્યા હતા. ડાંગ ખાતે પત્રકારોને સંબોધતાં પરેશ ધાનાણીએ જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્યમાં આજે પણ ૩૧,૪૧,૨૩૧ કરતાં વધુ પરિવારો ગરીબી રેખા નીચે જીવન જીવવા માટે સંઘર્ષ કરી રહ્યા છે. આ ગરીબ પરિવારોને સસ્તા અનાજની દુકાનેથી પૂરતું રાશન મળતું નથી. કેન્દ્રની ભાજપ સરકાર દ્વારા અનાજ, દાળ અને ચોખાની ફાળવણી દિન-પ્રતિદિન ઘટાડાતી જાય છે. કેન્દ્રએ ગુજરાતમાં ગરીબો માટે સસ્તાદરે ચોખા અને ઘઉં ફાળવ્યા હતા, પરંતુ સરકારી તંત્રની બેદરકારીના કારણે ફાળવેલો જથ્થો ઉપાડવામાં રાજયની ભાજપ સરકાર નિષ્ફળ નીવડી છે.

રાજયના આદિવાસી વિસ્તારના ગરીબ લોકોને રાશન લેવા જવું હોય તો પણ ઓનલાઈન સ્લીપ કઢાવવી પડે છે. ડાંગ જેવા પછાત જિલ્લામાં બધા ગામોમાં પૂરતી લાઈટ નથી, સંચાર વ્યવસ્થાનો અભાવ છે ત્યારે ગરીબ માણસને રાશન લેવા માટે પહેલાં પડોશના ગામમાં પહોંચ કઢાવવા જવા માટે ૧૦૦ રૂપિયા લિટર પેટ્રોલનો ડામ સહન કરવો પડે છે. પાવતી કઢાવવા માટે ખાનગી લોકોને એક સ્લીપના રૂ. ૧૦ આપવા પડે છે અને આકરો ખર્ચ કર્યા પછી પણ ગરીબ પરિવારને તેના અધિકારનું રાશન મળતું નથી.

કોરોનાની વૈશ્વિક મહામારી વચ્ચે સામાન્ય માણસ જીવન જીવવા સંઘર્ષ કરી રહ્યો છે ત્યારે રાજય સરકાર દ્વારા લાખો રેશનકાર્ડ ધારકોને બીપીએલમાંથી એપીએલમાં ધકેલવામાં આવી રહ્યા છે, કેટલાય બીપીએલ કાર્ડ રદ્દ કરવામાં આવી રહ્યા છે. સમગ્ર ગુજરાતમાં આજની સ્થિતિએ છેલ્લા છ મહિનામાં જે પરિવારો કોરોનાની મહામારી વચ્ચે કોઈ કારણોસર સસ્તા અનાજની દુકાનેથી અનાજનો જથ્થો લઈ શક્યા નથી તેવા લાખો રેશનકાર્ડ ભાજપ સરકારે સમગ્ર રાજયમાં સીઝ કરી બંધ કરી દીધા છે.

ઘોર કળિયુગના આરંભની આવી અસર !!

માતા-પિતાએ સગીર દીકરીને જ પ્રેગ્નેન્ટ હોવાનું કહીને બદનામ કરી !!

૧૬ વર્ષની દીકરીનો માતા-પિતા સાથે રહેવાનો ઈન્કાર

અમદાવાદ, તા.૩

અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં રહેતી ૧૬ વર્ષીય સગીરાને તેની સગી માસીના દીકરા સાથે પ્રેમ થઈ ગયો હતો. પોતાની નાનીના ઘરે અવારનવાર મળતાં હોવાથી તેઓ વચ્ચે આંખ મળી જતાં બંને ફોન પર વાત કરતાં હતાં. સગીરાની માતાએ મહિલા હેલ્પલાઈન ૧૮૧માં ફોન કરી દીકરીને સમજાવવા ફોન કર્યો હતો. જયારે હેલ્પલાઈનની ટીમે ત્યાં પહોંચી કાઉન્સેલિંગ કરતાં સગીરાએ જણાવ્યું હતું કે મારી ભૂલ થઈ ગઈ હતી અને મેં સુધારવાના પ્રયત્ન કર્યા હતા, પરંતુ મારાં માતા-પિતા ભૂલને યાદ કરાવી મને બહાર બદનામ કરતાં હતાં. હું પ્રેગ્નેટ છું એવું લોકોને કહી બદનામ કરે છે અને આ ત્રાસથી તેમની સાથે રહેવાની સગીરાએ ના પાડી હતી.

મહિલા હેલ્પલાઈન અભયમ્ ૧૮૧ને ચાંદખેડામાં રહેતી મહિલાનો ફોન આવ્યો હતો કે મારી ૧૬ વર્ષની દીકરીને મારી બહેનના દીકરા સાથે સંબંધ છે અને અવારનવાર સમજાવવા છતાં સમજતી નથી. ઘણી વાર અડધી રાતે તથા કેટલીકવાર ત્રણ દિવસે ઘરે આવે છે, જેથી વસ્ત્રાપુર લોકેશનની ટીમ ત્યાં પહોંચી છોકરીનું કાઉન્સેલિંગ કરી પૂછપરછ કરતાં નાનીના ઘરે જ્યારે બધા ભેગા થયા હતા ત્યારે મારા માસીના દીકરા સાથે વધારે વાતચીત થતી હતી. માત્ર ફોન પર જ વાત કરતી હતી, જેની મારા ઘરે જાણ થતાં તેમણે મને ઢોરમાર માર્યો હતો.

મને મારી ભૂલ સમજાઈ ગઈ હતી. મેં એવું કશું જ નથી કર્યું અને માફી પણ માગી હતી. મારી ભૂલ સુધારવાની વાત કરી હતી, પરંતુ તેઓ ભૂલ સુધારવાની જગ્યાએ તેઓ યાદ અપાવતાં હતાં. યાદ કરીને માર મારતાં હતાં. જ્યાં રહે છે ત્યાં તેમજ મારા પરિવારમાં પણ ખોટી વાતો કરીને બદનામ કરે છે. હું પ્રેગ્નેટ છું એમ કહી મારી છાપ ખરાબ કરે છે.

હકીકતમાં એવું કંઈ જ કર્યું નથી. માતા-પિતા શારીરિક ત્રાસ આપે છે. મારૂં ભણવાનું પણ બંધ કરાવી દીધું છે. મારે મારાં માતા-પિતા સાથે નથી રહેવું, અહીંથી લઈ જાઓ એવું તેણે હેલ્પલાઈનની ટીમને જાણ કરી હતી, જેથી તેની ઉંમર ૧૬ વર્ષની હોઈ તેને ચાઈલ્ડલાઈનને જાણ કરી હતી. બાદમાં ચાઈલ્ડલાઈનને સગીરા સોંપી હતી.

જિલ્લા જળ અને સ્વચ્છતા એકમ, તાપી

WASMO

જાહેર નિવિદા નંબર : ૦૯ સને ૨૦૨૧-૨૨

(આઈ.ડી.નં.૪૭૫૯૩૨, ૪૭૫૯૩૩, ૪૭૫૯૩૪, ૪૭૫૯૩૫, ૪૭૫૯૩૬, ૪૭૫૯૩૭, ૪૭૫૯૩૮, ૪૭૫૯૩૯, ૪૭૫૯૪૦, ૪૭૫૯૪૧, ૪૭૫૯૪૨, ૪૭૫૯૪૩, ૪૭૫૯૪૪, ૪૭૫૯૪૫, ૪૭૫૯૪૬, ૪૭૫૯૪૭, ૪૭૫૯૪૮, ૪૭૬૦૧૦, ૪૭૬૦૧૧, ૪૭૬૦૧૨, ૪૭૬૦૧૩, ૪૭૬૦૧૪, ૪૭૬૦૧૫, ૪૭૬૦૧૬, ૪૭૬૦૧૭, ૪૭૬૦૧૮, ૪૭૬૦૧૯, ૪૭૬૦૨૦, ૪૭૬૦૨૧, ૪૭૬૦૨૨, ૪૭૬૦૨૩, ૪૭૬૦૨૪, ૪૭૬૦૨૫)

પાણી પુરવઠા વિભાગના જિલ્લા જળ અને સ્વચ્છતા યુનિટ, વાસ્મો, તાપીના યુનિટ મેનેજરશ્રી, બંગલા નં.૧૪, પ્રસુન પાર્ક સોસાયટી, ધુલિયા રોડ, વ્યારા, જિલ્લો : તાપી ગુજરાત રાજ્ય દ્વારા વિવિધ ગામોમાં મંજૂર થયેલ પાણી પુરવઠાના કામો માટે ગ્રામ્ય પાણી સમિતિ વતી ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

૧. કામનું નામ :- તાપી જિલ્લાના જુદા-જુદા ૩૩ ગામોમાં ગ્રામ્ય પાણી પુરવઠા યોજનાના આંતરિક વિતરણ વ્યવસ્થાના કામો.

૨. અંદાજિક રકમ રૂા.૧૬.૪૪ લાખથી રૂા.૯૮.૦૯ લાખ સુધીના કામો.

૩. ટેન્ડર રજૂ કરવાની છેલ્લી તારીખ : ૨૦/૦૮/૨૦૨૧ના રોજ ૧૮:૦૦ કલાક સુધી

૪. ટેન્ડર દસ્તાવેજો ફિઝિકલ ફોર્મમાં રજૂ કરવાની છેલ્લી તારીખ : ૨૩/૦૮/૨૦૨૧ના રોજ ૧૮:૦૦ કલાક સુધી.

સદર ટેન્ડર માન્ય રાખવા કે રદ કરવા એ યુનિટ મેનેજરના અબાધિત અધિકાર હેઠળ રહેશે, વધુ વિગતો વેબસાઈટ www.nprocure.com પર ઉપલબ્ધ છે.

ગ્રામ્ય કક્ષાની પાણી પુરવઠા યોજનાઓ માટે રાજ્યકક્ષાએ દિવસ-રાત કંટ્રોલરૂમ કાર્યરત છે. જ્યાં ટોલ ફ્રી નંબર ૧૯૧૬ પર પાણી સંબંધિત ફરિયાદ/સુચનો માટે સંપર્ક કરી શકાય છે.

ક્રમાંક : માહિતી-સૂરત/૪૬૦/૨૦૨૧

અમદાવાદમાં કોરોનાનું સંક્રમણ ઘટ્યું તો પાણીજન્ય-મચ્છરજન્ય રોગચાળો વકર્યો

ગત મહિને ઝાડા-ઉલ્ટીના ૬૫૯, કમળાના ૧૭૭ અને ટાઈફોઈડના-૧૬૫ કેસ નોંધાયા

અમદાવાદ, તા.૩

કોરોના બાદ હવે પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળાએ ચિંતા વધારી છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં છેલ્લા એક મહિનામાં ઓપીડીની સંખ્યા વધી છે. ડેન્ગ્યુ અને મલેરિયા જેવા કેસો સતત વધી રહ્યા છે. અમદાવાદ સિવિલમાં જૂન મહિનામાં પાણીજન્ય અને મચ્છરજન્ય કેસનો આંકડો ૧૪૭ હતો . જે વધીને જુલાઈ મહિનામાં આ આંકડો ૨૩૧એ પહોંચ્યો છે. સતત પાણીજન્ય અને મચ્છરજન્ય રોગમાં વધારો થઈ રહ્યો છે. ત્યારે લોકો પણ રોગચાળાથી બચવા માટે તકેદારી રાખવી પડશે.

અમદાવાદ શહેરમાં ગંદકીના કારણે રોગચાળો વકર્યો છે. કોરોના કેસ ઘટ્યા છે પરંતુ હવે મચ્છરજન્ય અને પાણીજન્ય કેસમાં વધારો થયો છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ચોપડે જુલાઈ મહીનામા ઝાડા ઉલ્ટી - ૬૫૯ કેસ, કમળા - ૧૭૭ કેસ, ટાઈફોડના - ૧૬૫ કેસ, સાદા મેલેરિયાના - ૧૨૦ કેસ, ઝેરી મેલેરિયાના - ૧૦ કેસ,ડેન્ગ્યુ -૭૨ કેસ , ચિકનગુનિયા - ૩૪ કેસ નોંધાયા છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના મેલેરિયા વિભાગે છેલ્લા એક સપ્તાહમાં શહેરની જૂદી જૂદી કન્ટ્રક્શન ૬૨૬ સાઈટ, ૩૮૬ કોમર્શિય એકમો, ૫૬૦ હોટલ , અને હોસ્પિટલ તેમજ રહેણાક મકાન તપાસ કર્યા હતા. ચેકીંગ દરમિયાન બેદરકારી જોવા મળી તેને દંડ ફટકારવામાં આવ્યો છે. પરંતુ તંત્રના કારણે લોકો હેરાન થાય તો કોઈ કાર્યવાહી થતી નથી.

અમદાવાદ શહેરમાં ચોમાસાના વરસાદ બાદ ગંદકી વધી રહી છે. રોડ પર ખાડાને બાજુમાં વરસાદી પાણી ભરાયેલ રહે છે સાથે જ કચરાની ગંદકી જેના કારણે લોકો બીમાર પડી રહ્યા છે. અમદાવાદ શહેરમાં રોગચાળો વધી રહ્યો છે. તંત્રની નિષ્ફળતાના કારણે લોકો પરેશાન થઈ રહ્યા છે.

એસએસડીએસપી-૧૯માં સબસિડી મામલે એસઓએસ બનશે ફાયદા સ્વરૂપ

અમદાવાદ,તા.૩

પોલિસી ફોર ડેવલોપમેન્ટ ઓફ સ્મોલ સ્કેલ ડિસ્ટ્રીબ્યુટેડ સોલાર પ્રોજેક્ટ ૨૦૧૯ હેઠળ વીજળીની ખરીદી કરવામાં માટે ઉદ્યોગ વિભાગ દ્વારા સબસીડી આપવાનું બંધ કરી દેવાનો ઉદ્યોગો વિભાગે થોડા દિવસ પહેલા જ નિર્ણય લીધો છે. તેનો પ્રત્યાઘાતરૂપે ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ પણ આ સબસીડી આપવાનું બંધ કરી દીધું હોવાની જાહેરાત કરી દીધી છે. આવા સમયે આઈવી કેપિટલ દ્વારા સોલર ઓપ્ટીમલ સોલ્યુશન (એસઓએસ) આશાની નવી કિરણ સાબીત થઈ શકે સબસીડી કેન્સલ થવાને લીધે પ્રોફિટમા થતા ૨૨ ટકાના નુકસાનથી પોતાના રોકાણને બચાવવા માટે રોકાણ કારો પાસે આ સારી તક છે.

અમદાવાદમાં હવે હાયપોકસી થકી પણ ફિટનેસ તરફ

અમદાવાદ,તા.૩

આંતરરાષ્ટ્રીય ફિટનેસ અને વજન ઘટાડતી બ્રાન્ડ હાયપોકસી સ્ટુડીયોએ પહેલો સ્ટુડીયો શરૂ કર્યો. હાયપોકસી અમદાવાદીઓ માટે નવીન, અત્યંત અસરકારક, લક્ષિત ચરબી બર્નિંગ સારવાર લાવે છે. આયુસી વ્યાસ (ઓપરેશન હેડ, ફિટનેસ એકસપર્ટ) અને ટવિંકલ શર્મા (અભિનેત્રી) લોન્ચિંગ ઈવેન્ટમાં હાજર હતા.

કાર ટ્રેડ ટેક લિ.નો આઈપીઓ ૯મી ઓગસ્ટના રોજ ખુલશે

અમદાવાદ,તા.૩

કારવાલે, કારટ્રેડ, શ્રીરામ ઓટોમોલ, બાઈકવાલે, કારટ્રેડ એકસચેન્જ, એડ્રોઈટ ઓટો અને ઓટો બિઝ જેવી પોતાની કેટલીક ઈન્ટીગ્રેટેડ બ્રાન્ડસ મારફતે મલ્ટી-ચેનલ ઓટો પ્લેટફોર્મ ટેકના ઈકિવટી શેરનો આઈપીઓ (ઓફર)૦૯ ઓગસ્ટ, ૨૦૨૧, સોમવારે ખુલશે અને ૧૧ ઓગસ્ટ, ૨૦૨૧, બુધવારે બંધ થશે. ઓફર માટે પ્રાઈસ બેન્ડ ઈકિવટી શેરદીઠ રૂા.૧,૫૮૫થી રૂા.૧,૬૧૮ નક્કી કરી છે.

અમદાવાદ-મુંબઇ વચ્ચે ૧૫ કોચ સાથે તેજસ ટ્રેન દોડશે

અમદાવાદ,તા.૩

અમદાવાદ-મુંબઈ વચ્ચે તા. ૭મી ઓગષ્ટથી તેજસ ટ્રેન પુનઃ દોડાવવાનો નિર્ણય આઈઆરસીટીસી દ્વારા લેવામા આવ્યો છે. હવે ટ્રેન ૧૦ કોચના સ્થાને ૧૫ કોચ સાથે દોડાવવામાં આવશે એવી પણ જાહેરાત આઈઆરસીટીસી દ્વારા કરવામાં આવી છે. આ ઉપરાંત તેજસ ટ્રેનમા મુસાફરોની સલામતીનું સૌથી વધુ ધ્યાન રાખવામાં આવ્યુ છે. જેમાં કોરોનાની મહામારીને ધ્યાનમાં રાખીને આરોગ્ય પ્રોટોકોલનું સ્તર લોકોની અપેક્ષા મુજબનું રાખવામાં આવ્યું છે.

૭ તારીખથી શરૂ થતી તેજસ ટ્રેનના કોચમાં પ્રવેશતાં પહેલા થર્મલ સ્ક્રિનિંગ અને સામાનના જીવાણું નાશની પ્રક્રિયા હાથ ધરાશે અને આરોગ્ય સેતુ એપ્લિકેશન દરેક મુસાફર માટે ફરજીયાત રહેશે. તેજસ ટ્રેન અઠવાડિયામાં ચાર દિવસ શુક્ર, શિન, રવિ અને સોમવારે દોડાવવાનું નક્કી કરવામાં આવ્યુ છે. આ ઉપરાંત ભારત દર્શન સ્પેશિયલ ટુરિસ્ટ ટ્રેનમાં દક્ષિણ દર્શન માટે તા.૨ થી ૧૩નવેમ્બર અને હરિહર ગંગે ટ્રેન ૧૬મીથી ૨૭મી નવેમ્બર માટેની ટ્રેન દોડાવવાશે. જ્યારે પિલગ્રીમ સ્પે ટૂરીસ્ટ ટ્રેન ઉત્તર દર્શન તા.૩૧મી ઓકટોબરથી ૯ નવેમ્બર માટે દક્ષિણ દર્શન ૧૧ ડિસેમ્બરથી ૨૨ ડિસેમ્બર અને રામ જન્મભુમિ અને છપૈયા માટે ૨૫ ડિસેમ્બરથી ૧ જાન્યુઆરી માટેની ટ્રેન દોડાવાશે. આઈઆરસીટીસી દ્વારા હવા ટુરનું પણ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં આંદામાન માટે બે ટુર પેકેજ ફુલ થઇ ગયા છે અને વધુ ૩ ટુરનું આયોજન કરવામાં આવી રહ્યુ છે.

હાવડા-અમદાવાદ સ્પેશિયલ ટ્રેનના સિંદખેડા સ્ટેશન પરના સમયમાં ફેરફાર

અમદાવાદ, તા.૩

રેલવે પ્રશાસને પશ્ચિમ રેલવેના ઉધના-જલગાંવ સેક્શનના સિંદખેડા સ્ટેશન પર હાવડા-અમદાવાદ સ્પેશિયલ ટ્રેનના આગમન-પ્રસ્થાનના સમયમાં આંશિક ફેરફાર કર્યો છે. જે આ પ્રમાણે છે. ટ્રેન નંબર ૦૨૮૩૪ હાવડા-અમદાવાદ સ્પેશિયલ સિંદખેડા સ્ટેશન પર આગમન/ઉપડવાનો સમય ૦૪:૧૨/ ૦૪:૧૩ કલાકને બદલે ૦૪:૦૨/૦૪:૦૩ રહેશે.

IDFC ફર્સ્ટ બેન્ક લિમિટેડ

IDFC FIRST Bank

(અગાઉ ફર્સ્ટ બેન્ક લિમિટેડ તરીકે અને આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે વિલય થયેલ છે હાલમા આઈડીએફસી ફર્સ્ટ બેંક તરીકે જાણીતી) CIN : L65110TN2014PLC097792

રજિસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર્સ, ૮મો માળ, હેરિંગટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ - ૬૦૦૦૩૧, ટેલિ.:+૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦/ફેક્સ:+૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટ્રેસ્ટ એક્ટ, ૨૦૦૨ની કલમ ૧૩ (૨) હેઠળ નોટિસ

નીચેના દેણદારો અને સહદેણદારોએ નીચે દર્શાવેલ મુજબની સલામત લોન **આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિમિટેડ (અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે અને આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે વિલય થયેલ છે હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક તરીકે જાણીતી)** પાસેથી લીધેલ છે. નીચે દર્શાવેલ દેણદારો અને સહ દેણદારોની કિંમતી લોન સંબંધિત મિલકતોને ગીરોદ્વારા સલામત કરવામાં આવેલ છે. આથી તેઓ લોન કરારની સંબંધિત શરતો અને નિયમોનું પાલન કરવામાં નિષ્ફળ ગયેલ તથા અનિયમિત થતાં તેમની લોનને આરબીઆઈની માર્ગદર્શિકા અનુસાર તેમની લોનને એનપીએ મુજબ વર્ગીકૃત કરવામાં આવેલ છે. **(અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે અને આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે વિલય થયેલ છે હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક તરીકે જાણીતી)**ની તેમની બાકી રકમ તેમને ઈસ્યુ કરેલ નોટિસ મુજબ નીચેના ટેબલમાં વિસ્તારપૂર્વક વધારાના વ્યાજ સહિત ઉપરોકત રકમ પર લાગુ પડતા સંબંધિત તારીખથી અસર થાય તે મુજબના ચાર્જ કરવામાં આવશે.

ક્રમ નં.	લોન એકાઉન્ટ નં.	લોનનો પ્રકાર	દેણદાર અને સહદેણદારના નામ	૧૩ (૨) મુજબની નોટિસની તારીખ	૧૩ (૨) મુજબની નોટિસ અનુસાર બાકી	મિલકતોનું સરનામું
૧.	૨૮૯૬૧૭૭૭	હોમ લોન	૧.અંકુર નારણભાઈ સભાયા ૨. ચેતનાબેન નારણભાઈ સભાયા ૩. અંકુર નારણભાઈ સભાયા	૨૬-૦૭-૨૦૨૧	ભા.રૂા. ૧૭,૫૬,૧૭૭/-	**સ્થાવર મિલકતના તમામ ભાગ અને હિસ્સાઓ** ખુલ્લી જમીનનું ક્ષેત્રફળ ૫૫.૬૧ ચો.મી. (સેલ એગ્રીમેન્ટ મુજબ) સબ પ્લોટ ૫૪/૪નું પ્લોટ નં.૫૪ પર સ્થિત રેવન્યુ સર્વે નં.૯૬૦/૧ પૈકી 'જ્યોતી પાર્ક' વિસ્તાર નામે જાણીતું જામનગર, સિટી જામનગર, તા. અને જિ. અને **આ મુજબની ખૂંટ : પૂર્વ :** ૭.૫૦ મીટર રોડ, **પશ્ચિમ :** પ્લોટ નં.૧૩, **ઉત્તર :** પ્લોટ નં.૫૬, **દક્ષિણ :** સબ પ્લોટ નં.૫૪/૩
૨.	૨૪૬૬૯૦૨૫ અને ૨૪૬૭૨૩૦૩	હોમ લોન	૧. આશિષભાઈ અરવિંદભાઈ અનડકત ૨. દીપા આશિષભાઈ અનડકત	૨૬-૦૭-૨૦૨૧	ભા.રૂા. ૧૭,૯૨,૪૦૧.૫૫/-	**તમામ ભાગ અને હિસ્સાઓ** જમીન પર રહેણાકના મકાનનુ ક્ષેત્રફળ ૪૬.૦૦ ચો.મી. સબ પ્લોટ નં.૯ પૈકી પ્લોટ નં.૩૦/૨૯ પૈકી આરએસએન ૩૩૮પી સીએસ વોર્ડ નં.૮, સી.એસ. નં. ૩૦૯૩, ટીપીએસ નં.૦૫, એફપી નં.૨૨૧ રાજકોટ સિટી, તા. અને જિ. રાજકોટ, રજિ. જિ. રાજકોટ, ગુજરાત રાજ્યમાં, 'રામેશ્વરકૃપા' ૨/૮ વાણિયાવાડીમાં, મનીષા ચશ્માઘર ગલી, જલારામ ચોક, વાણિયાવાડી, રાજકોટ, ગુજરાત-૩૬૦૦૦૧ અને **આ મુજબની ખૂંટ : પૂર્વ :** ૩૦ ફૂટ રોડ, **પશ્ચિમ :** અન્યની મિલકત, **દક્ષિણ :** ૩૦ ફૂટ રોડ, **ઉત્તર :** અન્યની મિલકત
૩.	૨૬૬૯૧૩૬૬	હોમ લોન	૧. ભરતકુમાર એ.ગોહિલ ૨. ધીરજલાલ અમૃતલાલ ગોહેલ ૩. નિર્મલાબેન અમૃતલાલ ગોહેલ	૨૬-૦૭-૨૦૨૧	ભા.રૂા. ૧૦,૨૫,૫૨૬.૩૯/-	**તમામ ભાગ અને હિસ્સાઓ** મિલકત સ્થિત મુ. કૈલાશ પાર્ક, ટેનામેન્ટ નં.૬, નાગેશ્વર પાર્કની પાછળ,જામનગર મેઈન રોડ, ઘંટેશ્વર, રાજકોટ, ગુજરાત-૩૬૦૦૦૧ મિલકત ક્ષેત્રફળ લગભગ ૩૬.૦૬ ચો.મી. અને **આ મુજબની ખૂંટ : ઉત્તર :**કોમન પેસેજ અને પ્લોટ નં.૫૧, **દક્ષિણ :** ટેનામેન્ટ નં.૭, **પૂર્વ :**૧.૮૩ મી. પ્હોળો રોડ, **પશ્ચિમ :** ટેનામેન્ટ નં.૧ અને ૨
૪.	૨૬૬૯૧૨૨૪	હોમ લોન	૧. મહંમદબશીર અવધભાઈ મસ્કતી ૨. મસ્કતી હનીફ અવધભાઈ ૩. મરીયમ અવધભાઈ મસ્કતી	૨૬-૦૭-૨૦૨૧	ભા.રૂા. ૭,૩૨,૮૭૬.૪૬/-	**તમામ ભાગ અને હિસ્સાઓ** રહેણાંકની મિલકતના પ્લોટ નં.૨૭ પૈકી, જમીન ક્ષેત્રફળ ૭૬.૬૫ ચો.મી. 'સુમરા સોસાયટી'માં ગાયત્રીનંગર, બિલ્ડિંગ સાથે રેવન્યુ સર્વે નં.૪૩૧/૨ પૈકી ગોંડલ, ગુજરાત અને **આ મુજબની ખૂંટ : ઉત્તર :** લાગુ પ્લોટ નં.૨૭ પૈકી, અન્ય મિલકત, **દક્ષિણ :** લાગુ પ્લોટ નં.૨૯, **પૂર્વ :** લાગુ પ્લોટ નં.૨૭ પૈકી, અન્યની મિલકત, **પશ્ચિમ :** લાગુ પ્લોટ નં.૨૮
૫.	૨૩૨૯૯૧૧૩	હોમ લોન	૧. મોહન કિશનસિંહ રાજપૂત ૨. મંજુ મોહનસિંહ રાજપૂત ૩. મોહન રાજપૂત	૨૬-૦૭-૨૦૨૧	ભા.રૂા. ૨૦,૪૦,૩૩૦.૦૮/-	**તમામ ભાગ અને હિસ્સાઓ** મિલકત બેરીંગના ટેનામેન્ટ નં.સી-૩૮ (જૂનો સી/૩૫) ક્ષેત્રફળ ૪૫૦ ચો. ફૂટ (સેલ એગ્રીમેન્ટ મુજબ) રાજયોગીનગર કો.ઓ.હા.સો.લિ. સ્થિત મુ. કાયમી લીઝ હોલ્ડ જમીન બેરીંગ સર્વે નં. ૫૩ પૈકી (ફાઈનલ પ્લોટ નં.૩૮૦ ટીપીએસ ૩૭) મોજે દાણીલીમડા, તા. મણિનગર, જિ. અમદાવાદ અને રજિ. સબ જિ. અમદાવાદ-૫(નારોલ) અને **આ મુજબની ખૂંટ : પૂર્વ :** આંતરિક રોડ અને યુનિટ નં.બી-૫૪, **પશ્ચિમ :** અન્ય મિલકત, **ઉત્તર :** યુનિટ નં.૩૯, **દક્ષિણ :** યુનિટ નં.૩૭
૬.	૨૫૫૬૮૫૩૩	હોમ લોન	૧. શ્રી શ્રવણ શ્યામલાલ માલી ૨. શ્રીમતી મમતા શ્રવણ માલી	૨૬-૦૭-૨૦૨૧	ભા.રૂા. ૨૮,૪૩,૬૭૭.૯૧/-	**તમામ ભાગ અને હિસ્સાઓ** મિલકતના સબ પ્લોટ/ રો-હાઉસ નં.૪૧, પ્લોટ એરિયા ક્ષેત્રફળ લગભગ ૧૪૩.૧૫ ચો.મી. બિનવહેંચાયેલ શેર સાથે જમીન ક્ષેત્રફળ લગભગભ ૧૦૪.૬૧ ચો.મી. કુલ ક્ષેત્રફળ ૨૪૭.૭૭ ચો.મી અને બાંધકામ ક્ષેત્રફળ ૮૫ ચો.મી. 'સોમનાથ પાર્ક'માં, સ્કીમ સ્થિત નોન-એગ્રિકલ્ચરલ જમીન બેરીંગ બ્લોક/સર્વે નં.૬૩૦ (જૂના એમેગમટેડ રેવન્યુ સર્વે નં.૨૫૯+૨૬૮+૨૬૯/૧) મોજે સીંગરવા, તા. દસ્ક્રોઈ, જિ. અમદાવાદ અને **આ મુજબની ખૂંટ : પૂર્વ :** ખુલ્લો પ્લોટ, **પશ્ચિમ :** ઘર નં.૪૨, **ઉત્તર :** કોમન રોડ, **દક્ષિણ :** કોમન પ્લોટ
૭.	૨૬૬૯૧૫૫૨	હોમ લોન	૧. સુરેશ સદાશીવભાઈ શ્રીમાળી ૨. શ્રીમાળી વસંતીબેન ૩. રાહુલ શ્રીમાળી	૨૬-૦૭-૨૦૨૧	ભા.રૂા. ૯,૭૫,૨૧૦/-	**તમામ ભાગ અને હિસ્સાઓ** સ્થાવર મિલકતના ફ્લેટ નં.૦૨, બ્લોક નં.ડી/૨૧ (એટલે કે ડી/૨-૦૨) ટાઈપ-એ, ગ્રાઉન્ડ ફ્લોર પર,ક્ષેત્રફળ ૩૧.૬૮ ચો.મી. વિસ્તાર સાથે (કાર્પેટ) બિનવહેંચાયેલ શેર સાથે જમીન ક્ષેત્રફળ ૨૨.૮૫ ચો.મી. સ્કીમ નામે 'ઓમ શાંતિનગર-૨ ફેસ-૨' સ્થિત અને ઊભેલ નોન એગ્રિકલ્ચરલ જમીન બેરીંગ સર્વે નં.૪૭૯/કે ફાઈનલ પ્લોટ નં. ૧૫(૧+૨)/૨ ટાઉન પ્લાનિંગ સ્કીમ નં.૫૮ પૈકી સબ પ્લોટ નં.૧ ક્ષેત્રફળ ૬૦૫૫.૯૮ ચો.મી. મોજે ગામ વટવા, તા. વટવા, જિ. અમદાવાદ અને રજિ. જિ. અમદાવાદ-૧૧ (અસલાલી) ગુજરાત રાજ્ય સાથે અને અને **આ મુજબની ખૂંટ : પૂર્વ :** ખુલ્લી જમીન, **પશ્ચિમ :** ફ્લેટ નં.ડી-૨/૦૧, **ઉત્તર :** ફ્લેટ નં.ડી-૧/૦૩, **દક્ષિણ :** ફ્લેટ નં.ડી-૨/૦૩
૮.	૧૧૯૧૧૮૦૨	મિલકત સામે લોન	૧. યુનિક ફાસ્ટનર્સ ૨. જીજ્ઞા કૌશિકભાઈ પુરાણી ૩. મુકુંદભાઈ મોહનભાઈ પટેલ	૨૬-૦૭-૨૦૨૧	ભા.રૂા. ૪૩,૭૦,૩૭૩.૮૦/-	**પ્રથમ મિલકતના વાસ્તવિક માલિકી દ્વારા ભાગ-૧ : તમામ ભાગ અને હિસ્સાઓ** બિન ખેતીલાયક પ્લોટની જમીન બેરીંગ સર્વે નં.૪૧૧/૩, નામે 'પ્રકૃતિ રેસિડેન્સી' તરીકે જાણીતી ટાવર-પર્લ(એ) પૈકી ચોથો માળ, ફ્લેટ નં.૪૦૧ ક્ષેત્રફળ ૧૨૦.૬૬ ચો.મી. બિનવહેંચાયેલ શેર જમીન વિસ્તાર ક્ષેત્રફળ ૯૩.૦૦ ચો.મી. મોજે ગોત્રી, વડોદરા જમીન પર ઊભેલ મુ. રજિ. સબ જિ. અને જિ. વડોદરા અને **આ મુજબની ખૂંટ : પૂર્વ :** ફ્લેટ નં.૪૦૪, **પશ્ચિમ :** ૩૦ મી. રોડ તરફ, **ઉત્તર :** ફ્લેટ નં.૪૦૨ તરફ, **દક્ષિણ :** ૭.૫ મી. રોડ તરફ **પ્રથમ મિલકતના વાસ્તવિક માલિકી દ્વારા ભાગ-૨ : તમામ ભાગ અને હિસ્સાઓ** બિન ખેતીલાયક પ્લોટની જમીન બેરીંગ સર્વે નં.૮૯/૧, ૮૯/૨, ટીપી નં.૨, એફપી નં.૪૮૯ 'સિલ્વર એપાર્ટમેન્ટ' કો.ઓ.હા.સો.લિ. ગ્રાઉન્ડ ફ્લોર, દુકાન નં.૧ પૈકી પશ્ચિમ બાજુ દુકાન નં.૧/બી, ક્ષેત્રફળ ૩૪ ચો.મી. કોમન જમીન ક્ષેત્રફળ ૮.૮૫ ચો.મી. મોજે સાવદ, વડોદરા, સ્થિત મુ. રજિ. જિ. અને સબ જિ. વડોદરા અને **આ મુજબની ખૂંટ : પૂર્વ :** સોસાયટીનો આંતરિક રોડ, **પશ્ચિમ :** ખુલ્લી જગ્યા, મેઈન રોડ, **ઉત્તર :** લેડર, **દક્ષિણ :** દુકાન નં.૦૨ અને દુકાન નં.૧-એ

અત્રે તમને ઉપરોક્ત દિવસમાં દર્શાવ્યા અનુસારની **આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિમિટેડ (અગાઉ ફર્સ્ટ બેન્ક લિમિટેડ તરીકે અને આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે વિલય થયેલ છે હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક તરીકે જાણીતી)**ની બાકી રકમ કોન્ટ્રાક્ટ દરના વ્યાજ સહિત સંબંધિત તારીખ સુધીના અન્ય ખર્ચાઓ, ચાર્જીસ વગેરે આ જાહેરાત છપાયાના દિન ૬૦માં પરત ચૂકવવા જણાવવામાં આવે છે. તેમાં નિષ્ફળ જતાં નીચે સહી કરનાર સરફેસી એક્ટની કલમ ૧૩ (૪) અને સેકશન ૧૪ હેઠળ ઉપરોકત ગીરો મિલકતો સામે, **આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિમિટેડ (અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે અને આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે વિલય થયેલ છે હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક તરીકે જાણીતી)**ની બાકી રકમ ધ્યાનમાં લેતાં જરૂરી પગલાં લઈ શકે છે. વધુમાં અત્રે તમોને આ સલામત મિલકતો કલમ ૧૩ (૧૩) હેઠળ કોઈપણ રીતે વેચાણ/લીઝ અથવા અન્ય રીતે તબદીલ કરતા પ્રતિબંધિત કરવામાં આવે છે.

સહી/-
અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિમિટેડ
(અગાઉ કેપિટલ ફર્સ્ટ અને લિમિટેડ તરીકે
હાલમાં આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)

તારીખ :- ૪-૦૮-૨૦૨૧
સ્થળ : અમદાવાદ

નદીઓના પાણીની વહેંચણી મુદ્દે કેન્દ્રનું વલણ તેલંગાણા વિરોધી, આંધ્રપ્રદેશ 'દાદાગીરી' કરે છે : કે.સી.આર.

(એજન્સી) હૈદરાબાદ,તા.૩

જળશકિત મંત્રાલયે ૧૫ જુલાઈના રોજ જાહેરનામુ બહાર પાડી ૧૦૭ જેટલી સિંચાઈ યોજનાઓને રિવર મેનેજમેન્ટ બોર્ડના અધિકારક્ષેત્ર હેઠળ લઈ લીધા પછી તેલંગાણાના મુખ્યમંત્રી કે.ચંદ્રશેખર રાવે આ અંગે પ્રતિક્રિયા આપતા દાવો કર્યો હતો કે નદીઓના પાણીની વહેંચણી મુદ્દે કેન્દ્ર સરકારનું વલણ તેલંગાણા વિરોધી છે. નાગાર્જુના સાગર ખાતે સોમવારે યોજાયેલી એક જાહેરસભામાં કે.સી.આરે. કહ્યું હતું કે તમે જાણો છો કે કેન્દ્ર સરકારનું વલણ તેલંગાણા વિરોધી છે આંધ્રપ્રદેશ કૃષ્ણા નદી પર ગેરકાયદેસર રીતે સિંચાઈ યોજના બનાવી રહ્યો છે. રાવે તેલંગાણાના આ વલણને દાદાગીરી ગણાવી હતી. તેમણે આ પણ કહ્યું હતું કે તે નાગાર્જુના સાગરની સિંચાઈ

જરૂરિયાતોને પહોંચી વળવા માટે ગોદાવરી નદીના પાણીને પાલેરથી પેદ્દા દેવુલા પલ્લી સુધી વાળશે.

દેશના પ્રતિષ્ઠિત નાગરિકોએ કેન્દ્રના 'મુસ્લિમ મહિલા અધિકાર દિવસ'ને એક ઢોંગ ગણાવ્યો

(એજન્સી) તા.૩

ત્રિપલ તલાક કાયદાના અમલની બીજી વર્ષગાંઠ નિમિત્તે સોમવારે તમામ ક્ષેત્રના ૬૦થી વધુ નાગરિકોએ કેન્દ્રની ૧ ઓગસ્ટના રોજ 'મુસ્લિમ મહિલા અધિકાર દિવસ' તરીકેની ઘોષણાને ફગાવી દીધી હતી. તેઓએ આ બિલને 'સરકાર દ્વારા તમામ મુસ્લિમોને બીજા-વર્ગના નાગરિકો બનાવવા' માટેની નિંદાત્મક ટિપ્પણીઓ કરી હતી. કેન્દ્રીય લઘુમતી બાબતોના મંત્રી મુખ્તાર અબ્બાસ નકવીએ શનિવારે જાહેરાત કરી હતી કે, ૧ ઓગસ્ટ 'મુસ્લિમ મહિલા અધિકાર દિવસ' તરીકે મનાવવામાં આવશે અને રવિવારે આ કાર્યક્રમમાં સ્મૃતિ ઈરાની અને ભૂપિંદર યાદવ સહિત નરેન્દ્ર મોદી સરકારના ઘણા વરિષ્ઠ મંત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પગલાં પર સવાલ ઊઠાવતા નિવેદનમાં આ નાગરિકોએ કહ્યું કે, 'અમે સરકારના નિંદાત્મક ઢોંગને નકારીએ છીએ, અમે 'તમારા' મુસ્લિમ મહિલા અધિકાર દિવસને નકારીએ છીએ અને અમે કહીએ છીએ, કે મુસ્લિમોને પરેશાન કરીને તમે મુસ્લિમ મહિલા અધિકાર દિવસની ઉજવણી કરવાની હિંમત કેવી રીતે કરી શકો છો !' આ નિવેદન પર મુસ્લિમ અને બિન-મુસ્લિમ મહિલાઓ, પુરૂષો અને અનેક જાતિઓ અને પ્રદેશોના ઘણા લોકોએ સહી કરી છે. હસ્તાક્ષર કરનારાઓમાં આયોજન પંચના ભૂતપૂર્વ સભ્ય સૈયદા હમીદ, પારદર્શિતા કાર્યકર્તા અરૂણા રોય, નેશનલ ફેડરેશન ઓફ ઈન્ડિયન વિમેન્સના એની રાજા, AIDWAના ઉપપ્રમુખ સુભાષિની અલી, PUCLના કવિતા શ્રીવાસ્તવ, JNUના નિવેદિતા મેનન અને વિકાસ રાવલ, સમાજશાસ્ત્રી નંદિનીસુંદર અને થિયેટર આર્ટિસ્ટ માયા કૃષ્ણ રાવનો સમાવેશ થાય છે. આ નિવેદનમાં મુસ્લિમો પર મોદી સરકારની નીતિને પ્રકાશિત કરવાનો

પ્રયાસ કરવામાં આવ્યો છે, જેમાં દેશના સૌથી મોટા લઘુમતી જૂથને હાંસિયામાં ધકેલી દેવા માટે તેમની સરકાર હેઠળ કરવામાં આવેલા વિવિધ પ્રયાસોની યાદી આપવામાં આવી છે. નાગરિકતા સંશોધન કાયદો અને નાગરિકોના રાષ્ટ્રીય રજિસ્ટર જેવા કાયદાઓ ઘડવાના મોદી સરકારના નિર્ણયનો ઉલ્લેખ કરીને, મુસ્લિમ સમુદાય પરના અત્યાચાર પર મૌન વિષે બોલતા તેઓએ કહ્યું કે, 'આવી સરકારને મુસ્લિમના નામે કોઈપણ મહિલાઓ માટે રાષ્ટ્રીય દિવસ જાહેર કરવાનો કોઈ નૈતિક અધિકાર નથી.' આ પગલાંને નકારવાનું તેમનું કારણ સમજાવતાં નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, 'આ સરકારે કે જેણે મુસ્લિમોને પરેશાન કરવા માટે અવિરત કામ કર્યું છે, ભારતમાં મુસ્લિમોના બંધારણીય અધિકારોને ખતમ કરી દીધા છે, હવે ૧ ઓગસ્ટના રોજ સરકાર મુસ્લિમ મહિલા અધિકાર દિવસ જાહેર કરવાની ઉતાવળ કરી રહી છે અને કથિત ત્રિપલ તલાક વિરોધી કાયદા (મુસ્લિમ મહિલાના લગ્નના અધિકારોનું રક્ષણ) અધિનિયમ, ૨૦૧૯ના પસાર થવાની ઉજવણી કરે છે, જે મુસ્લિમ મહિલાઓના અધિકારોનું રક્ષણ કરવાનો દાવો કરે છે, પરંતુ વાસ્તવમાં તેમનો હેતુ અશુભ હતો. રાજ્યસભામાં પૂરતી સંખ્યા ન હોવાથી સરકારે સંસદ દ્વારા ત્રિપલ તલાક બિલને નેવિગેટ કરવાનો પ્રયાસ કર્યો હતો અને છેલ્લે ૨૦૧૯માં ભાજપ મોટા જનાદેશ સાથે સત્તા પર પરત આવ્યા બાદ તરત જ સંસદમાં આ બિલને મંજૂરી આપી હતી. આ નિવેદનમાં કહેવામા આવ્યું છે કે, 'મુસ્લિમ સમુદાયને ઘૂંટણિયે લાવવા માંગતી સરકાર આ વખતે મુસ્લિમ મહિલાઓને બચાવવાનો ઢોંગ કરી રહી છે પરંતુ તેમનો હેતુ આજે પણ એ જ છે જે તે પહેલા હતો.' તેઓએ કહ્યું છે કે, આ સરકારે ભેદભાવપૂર્ણ CAA કાયદો પસાર કરીને મુસ્લિમોના નાગરિકત્વના અધિકારોને ખતમ કરવાનો પ્રયાસ કર્યો છે. આજે સરકાર મુસ્લિમ મહિલાઓના નામે ૧ ઓગસ્ટને 'મુસ્લિમ મહિલા અધિકારોનો દિવસ' તરીકે જાહેર કર્યો છે, પરંતુ જ્યારે આ મહિલાઓ પોતાના અધિકારો માટે રસ્તાઓ પર હતી અને CAA-NPRનો વિરોધ કરી રહી હતી અને તેમના પોતાના દેશમાં, તેમના બાળકોના ભવિષ્ય, તેમના પરિવારના ભવિષ્યને બચાવવા માટે આંદોલન કરી રહી હતી ત્યારે તેમની સાથે વાત કરવા માટે આ સરકાર તૈયાર ન હતી અને આ મુસ્લિમ મહિલાઓને મૌન અને તિરસ્કાર સાથે જવાબ આપ્યો હતો.'

ફોટોજર્નાલિસ્ટ દાનિશ સિદ્દીકીના શરીરને તાલિબાનીઓએ વીંધી નાખ્યું હતું, ચહેરો પણ ઓળખી શકાતો નહોતો : અહેવાલ

(એજન્સી) તા.૩

અફઘાની મીડિયાના અહેવાલો અનુસાર અફઘાનિસ્તાનના એક અધિકારીએ પહેલીવાર પુષ્ટિ કરી છે કે, દાનિશ સિદ્દીકીની હત્યા તાલિબાનીઓએ જ કરી હતી. તેમણે દાનિશને પકડી પાડ્યો હતો અને તેને કસ્ટડીમાં લઈને ગોળીઓથી વિંધી નાખ્યો હતો અને તેના શરીરની વિકૃત હાલત કરી નાખી, તેના ચહેરાને પણ ઓળખી શકાતો નહોતો. ધ ન્યૂયોર્ક ટાઈમ્સ દ્વારા કેટલાક ફોટાઓનું આકલન કરવામાં આવ્યું હતું. આ ફોટા ભારતીય અધિકારીઓ દ્વારા અને અફઘાની હેલ્થ વર્કરો દ્વારા હોસ્પિટલમાં પાડવામાં આવ્યા હતા. તેમાં સિદ્દીકીનો મૃતદેહ વિકૃત હાલતમાં દેખાઈ રહ્યો હતો. ભારતીય અધિકારીઓએ પુષ્ટિ કરી હતી કે તેને ડઝનેક ગોળીઓ વાગી હતી અને ચહેરા તથા છાતી પર અનેક ઈજાના નિશાનો પણ હતા. ભારતીય પત્રકાર અને પુલિત્ઝર પુરસ્કાર વિજેતા ફોટોગ્રાફર દાનિશ સિદ્દીકીના મોતને લઈને ચૌકાવનારો ખુલાસો થયો છે, સિદ્દીકીનું મોત અફઘાનિસ્તાનમાં આકસ્મિક રીતે અફઘાન સેના અને તાલિબાન વચ્ચે ગોળીબારમાં આકસ્મિક રીતે થયુ ન હોવાનું સામે આવ્યુ છે. પત્રકાર દાનિશ સિદ્દીકીની હત્યા કરાઈ હોવાનું બહાર આવ્યું છે. રિપોર્ટમાં એવું બહાર આવ્યું છે કે, તાલિબાની આતંકવાદીઓએ ભારતીય પત્રકાર દાનિશ સિદ્દીકીને જીવતો પકડ્યો હતો

અને પછી તેની ઓળખ પૂછી હતી. તેની ઓળખ કર્યા બાદ તાલિબાની આતંકવાદીઓએ તેની નિર્દયતાથી હત્યા કરી હતી. ઉલ્લેખનીય છે કે, યુએસ સ્થિત એક પત્રિકામાં પ્રકાશિત અહેવાલ મુજબ, તાલિબાન દ્વારા પુલિત્ઝર પ્રાઈઝ વિજેતા ભારતીય ફોટો જર્નાલિસ્ટ દાનિશ સિદ્દીકીની હત્યા કરવામાં આવી હતી. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, દાનિશ સિદ્દીકીને ઓળખ પૂછ્યા બાદ તાલિબાન દ્વારા નિર્દયતાથી હત્યા કરવામાં આવી હતી. તમને જણાવી દઈએ કે, ૩૮ વર્ષીય ભારતીય પત્રકાર દાનિશ સિદ્દીકી અફઘાનિસ્તાનમાં રિપોર્ટિંગ કરી રહ્યા હતા, જ્યારે તેમની તાલિબાન આતંકવાદીઓએ હત્યા કરી. કંધાર શહેરના સ્પિન બોલ્ડક જિલ્લામાં અફઘાન સૈનિકો અને તાલિબાન વચ્ચેની અથડામણને કવર કરતી વખતે પુલિત્ઝર પુરસ્કાર વિજેતા પત્રકારનું મોત થયું હતું, હવે તેમાં નવો ખુલાસો થયો છે. વોશિંગ્ટન એક્ઝામિનરના રિપોર્ટ અનુસાર, દાનિશ સિદ્દીકીએ અફઘાનિસ્તાન નેશનલ આર્મીની ટીમ સાથે સ્પિન બોલ્ડક વિસ્તારમાં પ્રવાસ કર્યો હતો, જેનો ઉદ્દેશ અફઘાનિસ્તાનની વાસ્તવિક પરિસ્થિતિને કેમેરામાં કેદ કરવાનો અને દુનિયાને બતાવવાનો હતો. જ્યારે દાનિશ સ્પિન ભોલ્ડકમાં એક પોસ્ટના ત્રણ માઈલ સુધી અંદર પહોંચી ગયો હતો, ત્યાં તાલિબાનનો હુમલો થયો હતો, જેનાથી તેની ટીમ લશ્કરથી અલગ થઈ ગઈ હતી અને રાત્રી દરમિયાન દાનિશ સિદ્દીકી પણ ટીમથી અલગ થઈ ગયો હતો. રિપોર્ટ અનુસાર, દાનિશ સિદ્દીકી થોડો ઘાયલ થયો હતો અને આશ્રય લેવા માટે મસ્જિદમાં પહોંચ્યો હતો. રિપોર્ટ અનુસાર દાનિશ સિદ્દીકી મસ્જિદમાં હતા, તે સમયે દાનિશ સાથે ત્રણ અફઘાન સૈનિકો પણ હાજર હતા. દાનિશની મસ્જિદમાં સારવાર કરવામાં આવી હતી, જ્યાં તાલિબાનોએ હુમલો કર્યો હતો. રિપોર્ટ અનુસાર, એક પત્રકાર મસ્જિદમાં હોવાની આ સમાચાર આસપાસના વિસ્તારોમાં ફેલાયા, ત્યારબાદ તાલિબાનીઓએ હુમલો કર્યો હતો. રિપોર્ટમાં એ વાત સાફ કરાઈ છે કે, દાનિશને કારણે જ મસ્જિદ પર તાલિબાનોએ હુમલો કર્યો હતો અને દાનિશને આતંકવાદીઓએ પકડી લીધો હતો.

તમામ પક્ષો દ્વારા મહત્ત્વ અપાતા યુપીના બ્રાહ્મણો ખુશખુશાલ : રાજ્યમાં હવે બ્રાહ્મણો કિંગ મેકર્સની ભૂમિકામાં

(એજન્સી) તા.૩

દેવરિયાના લાલન દુબે આજકાલ ખૂબ ખુશ છે. તેનું મુખ્ય કારણ એ છે કે હવે ઉ.પ્ર.માં ચૂંટણીઓ નજીક આવી રહી છે અને રાજ્યમાં તમામ રાજકીય પક્ષો હવે બ્રાહ્મણોનો સ્નેહ સંપાદિત કરવાની કોશિશ કરી રહ્યાં છે. લાલન દુબેએ જણાવ્યું કે ઘણા લાંબા સમય બાદ રાજનીતિમાં બ્રાહ્મણોને યોગ્ય મહત્ત્વ મળી રહ્યું છે. આગામી વિધાનસભાની ચૂંટણી પૂર્વે પોતાને મળી રહેલા મહત્ત્વના કારણે ઉ.પ્ર.ના બ્રાહ્મણો ખુશ છે કારણ કે ભાજપ બસપા અને સપા દ્વારા ચૂંટણી પૂર્વે બ્રાહ્મણોને ખૂબ જ મહત્ત્વ આપવામાં આવી રહ્યું છે. પરંપરાગત રીતે બ્રાહ્મણો પહેલા કોંગ્રેસને મત આપતાં હતાં અને ત્યારબાદ ભાજપને. ત્યારબાદ સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજ પાર્ટી બંને દ્વારા બ્રાહ્મણોને આકર્ષવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો પરંતુ છેલ્લા ત્રણ દાયકાથી યુપીની રાજનીતિમાં ઓબીસી અને દલિતોનું વર્ચસ્વ રહ્યું છે. બસપાએ અયોધ્યામાં સૌપહેલા બ્રાહ્મણોનું સંમેલન યોજ્યું હતું. બસપાના વડા માયાવતીએ એવું જાહેર કર્યું છે કે તેમનો પક્ષ આગામી વર્ષે વિધાનસભા ચૂંટણીમાં સૌથી વધુ બ્રાહ્મણોને ઊભા રાખશે. લાલન

દુબે સંતોષ સાથે કહે છે કે અમને એ દિવસો યાદ છે જ્યારે બસપાના સમર્થકો એવા સૂત્રો પોકારતા હતાં કે તિલક, તરાજૂ ઔર તલવાર, મારો ઈનકો જૂતે ચાર. પરંતુ હવે ભાજપને દલિતો અને ઓબીસીમાં પણ પગપેસારો કર્યો હોવાથી માયાવતી પાસે ભાજપના જય શ્રીરામના નારાનો પડઘો પાડ્યાં વગર કોઈ વિકલ્પ નથી. બ્રાહ્મણ સમુદાય યોગી આદિત્યનાથ સરકારથી દેખીતી રીતે નારાજ છે કારણ કે યોગીની સરકારે બ્રાહ્મણોને હાંસિયામાં ધકેલી દીધાં હતાં. દલિત લેખક અમિતકુમાર જણાવે છે કે માયાવતી હવે દલિતોમાં પોતાનું સમર્થન ઝડપથી ગુમાવી રહ્યાં છે. લખનૌ યુનિવર્સિટીના પ્રો.રવિકાંતે પણ જણાવ્યું છે કે કોંગ્રેસમાંથી જીતીન પ્રસાદનું પક્ષાંતર કરાવીને ભાજપ પણ હવે આગામી ચૂંટણીમાં બ્રાહ્મણોને મહત્ત્વ આપવાનો સંકેત આપ્યો છે. લખનૌમાં ન્યૂઝ પોર્ટલના તંત્રી ઉત્કર્ષ સિંહા કહે છે કે બ્રાહ્મણ સમુદાય પણ એવો સંકેત આપી રહ્યાં છે કે તેમની સંખ્યા કદાચ બહુ નહી હોય પરંતુ તેમ છતાં યુપીની રાજનીતિમાં બ્રાહ્મણોનું મહત્ત્વ છે.

ઉ.પ્ર.ની ચૂંટણીમાં સપાના સુપ્રીમો અખિલેશ યાદવ માટે કપરાં ચઢાણ

સમાજવાદી પાર્ટી પુનઃ સત્તારૂઢ થવા માટે સંઘર્ષ કરી રહી છે ત્યારે તેમના માર્ગ આડે અનેક અવરોધો અને પડકારો છે. અખિલેશ યાદવ સામે સૌથી મોટો પડકાર ભાજપની હિંદુત્વની રાજનીતિનો છે

(એજન્સી) તા.૩

અખિલેશ યાદવ ઉ.પ્ર.ના ઉન્નાઉ જિલ્લામાં પોતાના રથના છાપરા પર ઊભા રહીને રાજ્યમાં ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણી માટેનો પોતાનો પ્રચાર શરુ કરે છે. તેઓ હાથમાં માઈકોફોન લે છે અને જાહેર કરે છે કે ઉ.પ્ર.માં હવે ભાજપના દિવસો ભરાઈ ગયાં છે. આ જ રથમાં તેમણે ૨૦૧૨ની ચૂંટણીમાં પ્રચાર કર્યો હતો અને આ વખતે અખિલેશને આશા છે કે તેઓ ફરીથી સત્તારૂઢ થશે પરંતુ અખિલેશ માટે કપરાં ચઢાણ છે અને સત્તારુઢ થવા માટે તેમણે અનેક અવરોધોને પાર પાડવા પડશે. તેમની સામે બાઈસમે બાયસીકલ એવા પોતાના સૂત્રને વાસ્તવિકતામાં ફેરવવા માટે સૌથી મોટો પડકાર ભાજપની હિંદુત્વની રાજનીતિનો મુકાબલો કરવાનો છે. ૨૦૧૪ બાદ ઉ.પ્ર.ની રાજનીતિમાં ધરખમ ફેરફારો થયાં છે. ભાજપ દલિતો, ઓબીસી અને સવર્ણ જૂથોના હિંદુત્વ પક્ષ તરીકે ઊભરી આવેલ છે. કેટલાક વિશ્લેષકોનું કહેવું છે કે અખિલેશ યાદવ ભાજપની મજબૂત હિંદુત્વ વિચારધારાનો રાજકીય મુકાબલો કરવામાં નિષ્ફળ ગયાં છે. હિંદુત્વનો સામનો કરવામાં અખિલેશનો પડકાર મુશ્કેલ છે. ૧૯૯૧માં ભગવા બ્રિગેડે તેમના પિતા મુલાયમસિંહને મુલ્લા મુલાયમ ગણાવ્યાં હતાં. આમ એક બાજુ અખિલેશ મધ્યમ વર્ગના હિંદુ મતદારોનો ટેકો મેળવવા પોતાના પક્ષને જે મુસ્લિમ પાર્ટીનું લેબલ લાગ્યું છે તે ભૂંસવા માગે છે. બીજી બાજુ તેમને સત્તા

પર આવવા માટે તમામ મુસ્લિમ વોટની જરૂર છે. આમ ઉર્દૂ સામાહિક જદીદ મરકઝના તંત્રી હિસામ સિદ્દીકીએ જણાવ્યું હતું કે અખિલેશની રાહ ઘણી મુશ્કેલ છે. ઉ.પ્ર.ની કુલ વસ્તીના ૧૯ ટકા મુસ્લિમો વિધાનસભા ચૂંટણીમાં સમાજવાદી પાર્ટી (સપા) માટે મહત્ત્વની ભૂમિકા ભજવશે. એવું માનવામાં આવે છે કે મુસ્લિમો અખિલેશને સમર્થન આપશે પરંતુ મુસ્લિમ મત માટે અન્ય વધુ ૩ ઉમેદવારો છે જેમાં બસપા, કોંગ્રેસ અને એઆઈએમઆઈએમનો સમાવેશ થાય છે. એવી પણ અફવાઓ છે કે માયાવતી મુસ્લિમના મતો મેળવવા ૧૦૦ જેટલા મુસ્લિમ ઉમેદવારોને ઊભા રાખશે પરંતુ શિયા યુવા સંગઠન હુસૈની ટાઈગર્સના પ્રમુખ સામિલ શામશીએ જણાવ્યું છે કે માયાવતી મુસ્લિમોનો વિશ્વાસ ગુમાવી બેઠા છે. તેઓ માત્ર એવી બેઠકો પર બસપાના ઉમેદવારને મત આપશે કે જેઓ સપા અને કોંગ્રેસ કરતાં વધુ મજબૂત હોય. એ આઈએમઆઈએમના પ્રમુખ અસદુદ્દીન ઓવૈસીએ એવું જાહેર કર્યું છે કે તેમનો પક્ષ ૧૦૦ બેઠકો પર ચૂંટણી લડશે પરંતુ ૨૦૧૭માં તેમના પક્ષનો દેખાવ સાવ નબળો રહ્યો હતો કે જ્યારે તેમને કુલ વોટના માત્ર ૦.૨ ટકા વોટ મળ્યાં હતાં. અખિલેશ ઓબીસીના મતો મેળવવા પણ કોશિશ કરી રહ્યાં છે. અખિલેશે જણાવ્યું હતું કે અમે તેમને સંગઠનમાં સ્થાન આપી રહ્યાં છીએ અને સ્થાનિક ઓબીસી પક્ષો સામે ગઠબંધન કરવાનો પ્રયાસ કરી રહ્યાં છીએ. આમ ઉ.પ્ર.ની ચૂંટણીમાં સપાના સુપ્રીમો અખિલેશ યાદવ માટે કપરા ચઢાણ છે. સમાજવાદી પાર્ટી પુનઃ સત્તારૂઢ થવા માટે સંઘર્ષ કરી રહી છે ત્યારે તેમના માર્ગ આડે અનેક અવરોધો અને પડકારો છે. અખિલેશ યાદવ સામે સૌથી મોટો પડકાર ભાજપની હિંદુત્વની રાજનીતિનો છે.

અસલી ચાણક્ય જેવા આજે કોઈ ચાણક્ય નથી

ચાણક્ય ફિલોસોફર, શિક્ષક, અર્થશાસ્ત્રી અને ન્યાયવિદ હતા. આજના શાસકો જે ધૂર્ત પ્રયુક્તિઓ અજમાવી રહ્યા છે તેવી પ્રયુક્તિ ચાણક્યએ ક્યારેય અજમાવી ન હોત અને જો તેમણે આવી પ્રયુક્તિઓ અજમાવી હોત તો તેઓ ક્યારેય નિષ્ફળ ગયા ન હોત

(એજન્સી) તા.૩

અત્યાર સુધીમાં ચાણક્ય તેમની કબરમાં સળવળી રહ્યાં હશે અથવા તો તેમના અસ્થિઓ દુઃખમાં પવનના કારણે આમતેમ ફંગોળાઈ રહ્યાં હશે. ચાણક્ય એક ફિલોસોફર, શિક્ષક, અર્થશાસ્ત્રી અને ન્યાયવિદ હતા અને રાજ્ય ચલાવવાની નીતિ પર તેમના નિબંધને અર્થશાસ્ત્ર તરીકે ઓળખવામાં આવે છે અને અર્થ એટલે અર્થશાસ્ત્ર. તેમાં કોઈ રાજશાસ્ત્ર કે ધૂર્તશાસ્ત્ર જેવી કોઈ વાત ન હતી કે જેમાં કોઈ રાજનીતિ ખેલવામાં આવતી હોય. આજકાલની રાજનીતિમાં જે એક ફિલોસોફર કે શિક્ષકની ગહનતા હોવી જોઈએ તે નથી, તેઓ માત્ર શાસકો છે.તેમને જ્યારે ભય કે કોઈની તરફેણ કરવી હોય ત્યારે તેઓ ન્યાયતંત્રને પોતાની મરજી મુજબ ઝૂકાવે છે અને તેઓ અર્થશાસ્ત્રનો 'અ' નહીં જાણતા હોવા છતાં દેશનું અર્થતંત્ર ચલાવે છે જે અત્યારે સૌથી તળીયે ગયું છે. આજે જે અર્થશાસ્ત્રની સ્થિતિ છે તે આ દેશના સૌથી ખરાબમાં ખરાબ નાણાપ્રધાન પણ હાંસલ કરી શક્યાં નહીં હોય. આથી હું આટલા વર્ષોથી એવું માનતી આવી છું કે તે કમસેકમ રાજનીતિ કે રાજશાસ્ત્રમાં માહેર હતા કે તેઓ કમસેકમ ચૂંટણી જીતી શકતા હતા અને કેટલાક સ્થળોએ પ્રચંડ બહુમતીથી





ચૂંટણી જીતતા હતા, પછી ભલે કેટલાક એવું માનતાં હોય કે ઈવીએમમાં ચેડાં કરીને આ શકય બન્યું છે. પરંતુ આજકાલના શાસકો ધૂર્તશાસ્ત્ર માટે સક્ષમ છે તે જોઈને હું ખૂબ જ નિરાશ છું. આથી મને એવું લાગે છે કે તેમણે ગમે તે કારણ હોય પરંતુ પ.બંગાળની ચૂંટણી જીતવાના સઘન પ્રયાસો કર્યા હતા. ગુપ્ત રીતે જાસૂસી કરવાની તેમની ધૂર્ત પ્રયુક્તિઓ જોઈને મને આશ્ચર્ય થયું છે. આથી શું ચાણક્ય, કોણ ચાણક્ય અને ખરેખર ક્યાં ચાણક્ય ક્યાં છે ? ચાણક્યએ આવી ધૂર્ત પ્રયુક્તિઓ ક્યારેય અજમાવી ન હોત અને જો તેમણે અજમાવી હોત તો તેઓ તેમાં નિષ્ફળ પણ ગયા ન હોત. આમ અસલ ચાણક્ય જેવા આજે કોઈ ચાણક્ય નથી અને જુઓ અત્યારે પૂર્વોત્તર ભારતના બે સરહદી રાજ્યો વચ્ચે શું ચાલી રહ્યું છે. આથી મને એ જોઈને આશ્ચર્ય થાય છે કે જે સરકાર ચાણક્ય નીતિની વાત કરે છે તેઓ આ વિવાદ માત્ર ઉકેલવા માટે અસમર્થ જ નથી, પરંતુ બંને રાજ્યોના મુખ્ય પ્રધાનોને અટકાવી પણ શકતા નથી.

(સૌ. : નેશનલ હેરાલ્ડ)

થરાદ 'આપ'ના કાર્યકર દ્વારા

૧૫ ઓગસ્ટે બનાસકાંઠા જિલ્લાના મોટા નેતાની અશ્લીલ સીડી જાહેર કરવાની ધમકી

પાલનપુર, તા.૩

બનાસકાંઠા જિલ્લાના મોટા નેતાનો સેક્સ વીડિયો વાયરલ કરવાની આપના કાર્યકરે પોસ્ટ કરી છે. ૧૫ ઓગસ્ટના દિવસે નેતાજીનો ૪.૬ મિનિટનો સેક્સ વીડિયો પોસ્ટ કરવામાં આવશે તેવુ તેણે કહ્યુ છે. સાથે જ પોસ્ટમાં કહ્યું કે, ૪.૬ મિનિટના વીડિયોમાંથી ૧ મિનિટની કટિંગ કલીપ મૂકવામાં આવશે. તેમણે પોસ્ટમાં કહ્યુ કે, ૧૫ ઓગસ્ટના દિવસે આ પોસ્ટ વાયરલ કરવામાં આવશે. નેતાજીનો સેક્સ વીડિયો પાલનપુર સર્કિટ હાઉસમાં ઉતર્યો હોવાનું અનુમાન છે. થરાદના ભાચર ગામના આમ આદમી પાર્ટીના કાર્યકરે મંગળવારે સવારે તેના ફેસબુક એકાઉન્ટ પરથી એક પોસ્ટ અપલોડ કરી સફેદ લેંઘા ઝભ્ભામાં યુવતી સાથે દેખાતા કપલનો ફોટો મૂકી લખ્યું હતું. બાબત જાણવાની કોશિશ કરતા મઘા પટેલે જણાવ્યું હતું કે "મને ૧૫ દિવસ પહેલા સીડી મળી છે એટલે મહિના પહેલાનો ગમે ત્યારનો બનાવ હોઈ શકે, હું સામાજિક કાર્યકર છું. જેણે આ મને આપ્યો છે તેણે મને કહ્યું કે આ નેતાને થોડા વધારે ફેમસ કરવાના છે તમને વીડિયો આપુ છું તમે એમને ફેમસ કરી દો, વીડિયોમાં કોઈ એડિટિંગ કર્યું છે એ ચેક કરવા ૧૫ ઓગસ્ટનો ટાઈમ લીધો છે. દસ ચોપડી ભણેલા મઘા ભાઈ ખેતી અને પશુપાલન સાથે જોડાયેલા છે. તેમની આ પોસ્ટ બાદ કેટલાક લોકોએ તીખી પ્રતિક્રિયા આપી આવા નેતાને જાહેર કરવા જ જોઈએ તેવી કમેન્ટ્સ કરી હતી જ્યારે કેટલાકે વીડિયો અપલોડ કરાશે કે કેમ તેને લઈ શંકાઓ વ્યક્ત કરી સસ્તી પબ્લિસિટી માટે આવું કરવામાં આવ્યું હોવાનું કમેન્ટમાં લખ્યું હતું.

મુખ્યમંત્રીના જન્મદિવસે માંજલપુરમાં યોજાયેલ કાર્યક્રમમાં

કોર્પોરેટર કલ્પેશ પટેલને ડાયસ પર સ્થાન ન મળતા અધિકારી સામે ગુસ્સો ઠાલવ્યો

ધારાસભ્યની સામે ગુસ્સો વ્યક્ત કરતા અધિકારીએ હાથ જોડીને બેસી જવાનું જણાવ્યું

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૩

રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીના જન્મ દિવસ નિમિત્તે વડોદરા સહિત રાજ્યભરમાં અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. વડોદરામાં માંજલપુર ખાતે યોજાયેલા કાર્યક્રમમાં કોર્પોરેટર કલ્પેશ પટેલ (જય રણછોડ)ને ડાયસ પર જગ્યા નહિ અપાતા મામલો ગરમાયો હતો. મહિલા ધારાસભ્ય મનીષા બેન વકીલની સામે જ પાલિકાના અધિકારી સામે કોર્પોરેટરે પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો હતો.

ગતરોજ રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીનો જન્મદિવસ હોવાને કારણે વડોદરા સહિત રાજ્યભરમાં અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. તેવો જ એક કાર્યક્રમ વડોદરાના માંજલપુરમાં યોજાયો હતો. જેમાં મહિલા ધારાસભ્ય મનીષાબેન વકીલ સહિતના લોકો કાર્યક્રમમાં હાજર હતા. કાર્યક્રમમાં સ્થાનિક કોર્પોરેટર કલ્પેશ પટેલને ડાયસ પર સ્થાન આપવામાં આવ્યું ન હતું. કાર્યક્રમ શરૂ થતા કલ્પેશ પટેલ સ્થળ પર પહોંચ્યા હતા. પ્રથમ તેઓ લોકોની સાથે અગ્ર હરોળમાં બેઠા હતા.

જો કે, ત્યાર બાદ કાર્યક્રમ શરૂ થતા જ તેઓએ ડાયસ પર હાજર પાલિકાના અધિકારી સામે પોતાનો રોષ પ્રગટ કર્યો હતો. એટલું જ નહિ મહિલા ધારાસભ્ય અને લોકોની મોટી સંખ્યામાં હાજરીને અવગણીને તેમણે પોતાને ડાયસ પર સ્થાન નહિ આપવા અંગેના નારાજગી વ્યક્ત કરી હતી. જેને લઈને એક તબક્કે મહિલા ધારાસભ્ય પણ સ્તબ્ધ થઇ ગયા હતા. જો કે પાલિકાના અધિકારીએ આખરે હાથ જોડીને બેસી જવાનું જણાવ્યું હતું.

(તસવીર : અતિક શેખ, વડોદરા)

અત્રે ઉલ્લેખીય છે કે, કલ્પેશ પટેલ (જય રણછોડ) અગાઉ પણ અનેક વિવાદોમાં આવી ચુક્યા છે. ગત વર્ષો પાલિકાની સ્થાનિક કચેરીમાં તેઓએ લેંઘો કાઢી નાંખ્યો હતો. અને જેતે સમયે પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. ત્યારે પણ તેમના વિરોધને લઇને તેઓ ચર્ચાનો વિષય બન્યા હતા.

ગેસ કટરથી ATM મશીન કાપી તસ્કરો દ્વારા રૂા.૨૯ લાખની ચોરી

સુરત, તા.૩

સુરત જિલ્લાના પલસાણા તાલુકાના તાંતીથૈયા ગામે આવેલ ભારતીય સ્ટેટ બેંકના એટીએમ મશીનને તસ્કરોએ ગેસ કટરથી તોડી અંદરથી રૂા. ૨૯.૨૮ લાખની ચોરી કરી ગયા હતા. એટલું જ નહીં. પરંતુ સીસીટીવી કેમેરા, એ.સી. તેમજ એટીએમ મશીન પર તસ્કરોએ જ્વલનશીલ પદાર્થ નાંખી બાળી નાખ્યા હોવાનું બેંક તથા તપાસકર્તાઓ દ્વારા જણાવાયું છે. પોલીસસૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસ મથક વિસ્તારમાં આવેલા તાંતીથૈયા ગામની સીમમાં કડોદરા બારડોલી રોડ પર કિસાન કોલ્ડ સ્ટોરેજની બાજુમાં આવેલ કિસાન કોમ્પ્લેક્ષમાં એક્સિસ બેંકની બાજુમાં આવેલ એટીએમ રૂમમાં મુકેલ એટીએમ મશીનને તસ્કરોએ નિશાન બનાવી ગત ૩૦ જુલાઈથી રાત્રિથી ૩૧ જુલાઈની સવાર સુધીમાં ચોરીને અંજામ આપી એટીએમ મશીનમાં રોકડ લોડિંગ કરવાની જગ્યાએ ગેસ કટરથી કાપ મૂકી ૪ કેસેટ અને તેમાં મુકેલ ૨૯.૨૮ લાખની ચોરી કરી ગયા હતા. ઘટનાની જાણ થતાં જ કડોદરા પોલીસ સ્થળ પર પહોંચી હતી અને તપાસ હાથ ધરી હતી. જ્યાં એટીએમ મશીન, સીસીટીવી કેમેરા અને એ.સી.પર કોઈ જ્વલનશીલ પદાર્થ નાખી તેને બાળી નાખવામાં આવ્યા હતા. કડોદરા પોલીસે ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી છે.

જામનગર શહેરમાં સતત ત્રીજા દિવસે કોંગ્રેસ દ્વારા રૂપાણી સરકાર સામે પોલખોલનો કાર્યક્રમ યોજાયો

જામનગર, તા.૩

જામનગર શહેર કોંગ્રેસ દ્વારા સતત ત્રીજા દિવસે પણ રૂપાણી સરકાર સામેના વિરોધ પ્રદર્શનનો કાર્યક્રમ ચાલુ રાખ્યો છે, અને લાલબંગલા સર્કલમાં રૂપાણી સરકારના અન્ન ઉત્સવની સામે સરકારીની પોલ ખોલવા માટે સડેલા ઘઉંનો જથ્થો રાખીને જાહેરમાં વિરોધ દર્શાવ્યો હતો. ઉપરાંત ચક્કાજામ કરી સરકારની નાકામીઓની પત્રિકાનું વિતરણ કરાયું હતું.

સમગ્ર ગુજરાત રાજ્યમાં રૂપાણી સરકારના સુશાષનના પાંચ વર્ષની ઉજવણી ચાલી રહી છે, ત્યારે આજે અન્ન ઉત્સવની ઉજવણી ના દિવસે પણ કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. ગુજરાતીની રૂપાણી સરકારના ઉજવણીના ત્રીજા દિવસે આજે જ્યારે અન્ન ઉત્સવ ઉજવવામાં આવી રહ્યો છે, ત્યારે શહેર જિલ્લા કોંગ્રેસના કાર્યકરો ધારાસભ્ય વિક્રમભાઈ માડમ ની આગેવાની હેઠળ લાલબંગલા સર્કલમાં એકત્ર થયા હતા, અને જાહેર માર્ગ પર સરકાર દ્વારા અપાતા ઘઉંના સડેલા જથ્થાને માર્ગ પર મૂક્યો હતો, અને સરકાર સામે પોલ-ખોલનો કાર્યક્રમ રાખ્યો હતો. આ ઉપરાંત કોંગ્રેસના કાર્યકરો હાથમાં બેનર પોસ્ટર લઈને ઉભા રહી ગયા હતા, જેના કારણે માર્ગ પર ચક્કાજામ થયો હતો. ત્યારપછી ગુજરાતની રાજ્ય સરકારની નાકામીઓની પત્રિકાઓનું જાહેર માર્ગ પર નીકળનારા રાહદારીઓ તેમજ વાહન ચાલકોને વિતરણ કરવામાં આવ્યું હતું. સાથોસાથ ભાજપ સરકાર વિરૂદ્ધ સૂત્રોચ્ચાર કરાયા હતા.

દિયોદર અને લાખણી કોંગ્રેસના કાર્યકરોનો અન્ન અધિકારના કાર્યક્રમમાં વિરોધ

ડીસા, તા.૩

દિયોદર અને લાખણી તાલુકાના કોંગ્રેસના કાર્યકરોએ સરકારના અન્ન અધિકાર દિવસનો ભાજપ સરકાર સામે વિરોધ નોંધાવ્યો હતો. મોંઘવારી અને પેટ્રોલ-ડીઝલના ભાવ વધતાં જતાં ભાજપ સરકારને આરામ આપો જેવા બેનર સાથે સૂત્રોચ્ચાર કર્યા હતા. જ્યારે બેનર સાથે રેલી સ્વરૂપે રોડ ઉપર ધસી આવી કોંગ્રેસના કાર્યકરોએ ભાજપ સરકાર સામે આકરા પ્રહારો કર્યા હતા. સરકાર સામે વિરોધ કરવા કોંગ્રેસના કાર્યકરો અને આગેવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

હિંમતનગર ખાતે અન્ન વિતરણ કાર્યક્રમમાં પાણી પુરવઠા મંત્રીનું ઉદ્‌બોધન

લોકડાઉન દરમ્યાન રેશનકાર્ડ વગરના ૬.૩૬ લાખ લોકોને વિનામૂલ્યે અનાજ વિતરણ કરાયું

હિંમતનગર, તા.૩

રાજ્ય સરકારના શાસનના પાંચ વર્ષ પૂર્ણ થતા સમગ્ર રાજ્યમાં જનસેવાનો યજ્ઞ આદર્યો છે જેમાં ૧લીથી ૯મી ઓગસ્ટ સુધી વિવિધ કાર્યક્રમો યોજીને લોકોને સરકારની કલ્યાણકારી યોજનાનો લાભ આપવામાં આવશે. જે અંતર્ગત મંગળવારને ૩જી ઓગસ્ટના રોજ સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરના ટાઉનહોલ ખાતે પાણી પુરવઠા મંત્રી કુંવરજી બાવળીયાના હસ્તે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનાના લાભાર્થીઓને અન્ન વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે કુંવરજી બાવળીયાએ જણાવ્યું હતું કે, રાજ્યની ૧૭ હજાર કરતા વધુ વ્યાજબી ભાવની દુકાને જરૂરીયાતમંદ કાર્ડધારકોને તેમને મળવા પાત્ર જથ્થો સમયસર અને સુચારૂ રીતે મળી રહે તેવી સુદ્રઢ વ્યવસ્થા ઉભી કરી છે. તેમણે કહ્યું હતું કે, રાજ્યમાં કોરોના સંક્રમણના પ્રથમ ત્રણ માસમાં એનએફએસએના ૩.૩૬ કરોડથી વધુ લોકોને વિનામૂલ્યે ઘંઉ, ચોખા, ખાંડ, દાળ અને મીઠાના ફૂડ બાસ્કેટ આપવામાં આવ્યા છે. તો વળી પરપ્રાંતિય કારીગર અને મજૂરો તેમજ ઘર વિહોણા રેશનકાર્ડ વગરના ૬.૩૬ લાખ લોકોને આત્મ નિર્ભર ભારત યોજના અંતર્ગત વિનામૂલ્યે અનાજ વિતરણ કરાયું છે. તો કોરોના કપરાકાળમાં લોકડાઉન દરમિયાન મુખ્યમંત્રી ગરીબ કલ્યાણ પેકેજ અંતર્ગત રાજ્યના ૬૫.૪૦ લાખ રેશનકાર્ડ ધારકો તથા ૩.૪૦ લાખ નોન એનએફએસએના બીપીએલ કાર્ડધારકો તેમજ શ્રમ અને રોજગાર વિભાગ હેઠળ નોંધાયેલા ૬.૩૮ લાખ બાંધકામ શ્રમયોગીઓનો પ્રતિકુટુંબને રૂ એક હજારની સહાય પુરી પાડવામાં આવી છે. કાર્યક્રમ જિલ્લા સંગઠનના પ્રમુખ જે.ડી.પટેલે પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યું હતું. જિલ્લાના આ યોજનાના લાભાર્થીઓને મહાનુભાવોના હસ્તે અનાજ કિટસનું વિતરણ કરાયું હતું. આ પ્રસંગે સાબરકાંઠા જિલ્લા કલેક્ટર હિતેષ કોયા, જિલ્લા વિકાસ અધિકારી નીતિન સાંગવાન, જિલ્લા પુરવઠા અધિકારી રાહુલ ચૌધરી, સાબરડેરીના પૂર્વ ચેરમન જેઠાભાઈ પટેલ, કૌશલ્યાકુંવરબા સંગઠન ઉપાધ્યક્ષ, પુરવઠા તથા વિવિધ વિભાગોના અધિકારીઓ, કર્મયોગીઓ તથા લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.



સાંસદ વસાવાની કેન્દ્ર-રાજ્ય સરકારને રજૂઆત

ભરૂચ જિલ્લાની ઔદ્યોગિક વસાહતોમાં બનતી ઘટનાઓના પીડિતોને વળતર ચૂકવવા માંગ

ભરૂચ, તા.૩

ભરૂચ જિલ્લાની ઔદ્યોગિક વસાહતોમાં અવારનવાર અગ્નિકાંડ, ઝેરી ગેસ અને હવા પ્રદુષણની ઘટનાઓમાં સાંસદ મનસુખ વસાવાએ કેન્દ્ર અને રાજ્ય સરકારનું ધ્યાન દોર્યું છે. પોતાના સંસદીય મતવિસ્તારમાં છાશવારે બનતી ઔદ્યોગિક હોનારત ચિંતાજનક હોવાનો ખેદ વ્યક્ત કરી અસરગ્રસ્તોને વળતર ચૂકવવા માંગ કરી છે. કેન્દ્રીય મંત્રીઓ અને મુખ્યમંત્રીને પત્ર લખી આવી ઔદ્યોગિક ઘટનાઓની તપાસ કરી તેના ઉપર હંમેશા માટે રોક લગાવવા તાત્કાલિક પગલાં ભરવા અનુરોધ કરાયો છે. કોટન કિંગ ભરૂચ જિલ્લાના ચાર તાલુકામાં હાલ રાસાયણિક હુમલાના કારણે કપાસના પાકનો હજારો હેકટરમાં દાટ વળી ગયો છે. ભરૂચ જિલ્લા ખેડૂત સમાજે સોમવારે જ કલેકટરને છોડવાઓ સાથે ન્યાય માટે રજુઆત કરી હતી. રાતે જ દહેજની જીઇક્ષ્લ કંપનીમાં સર્જાયેલી એસિડ લિકેજની ઘટનામાં એક કામદારનું મૃત્યુ અને બે ગંભીર રીતે દાઝી ગયા હતા.

જિલ્લાના અંકલેશ્વર, દહેજ, પાનોલી, ઝઘડિયા, જબુસરની મોટી ઔદ્યોગિક વસાહતોમાં અવારનવાર સર્જાતી હોનારતો, અગ્નિકાંડ, ઝેરી ગેસ છોડવાથી ફેલાતા હવા પ્રદુષણ અંગે ભરૂચના સાંસદ મનસુખ વસાવાએ ભારે ચિંતા વ્યક્ત કરી છે. સાંસદે કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગમંત્રી પીયૂષ ગોયેલ, જળ, વાયુ અને પર્યાવરણ મંત્રી ભુપેન્દ્ર યાદવ તેમજ મુખ્યમંત્રી વિજય રૂપાણીને ઉદ્યોગોના કારણે ખેડૂતો, કામદારો અને લોકોને થતી નુકશાની તેમજ જાનહાની અટકાવવા કાયમી પગલાં ભરવા માંગણી કરી છે. સાથે જ અસરગ્રસ્તોને યોગ્ય વળતર ચૂકવવા પત્ર થકી રજૂઆત કરાઈ છે. બીજી તરફ દહેજની SRF કંપનીમાં સોમવારે સલ્ફયુરિક એસિડ ટેક્માં પ્રેશર વધી જતાં થયેલા વિસ્ફોટમાં મૃત્યુ પામેલા ઝુબેર રાણાના પરિવારે મૃતદેહ સ્વીકારવાનો ઈંકાર કર્યો હતો. શહેરની ખાનગી હોસ્પિટલમાં વાગરાના કોંગી આગેવાન સુલેમાન પટેલ સહિત જિલ્લાના અન્ય આગેવાનો ભેગા થઈ ગયા હતા. કંપની સત્તાધીશો સાથે વળતર ચૂકવવાને લઈ સમાધાન થયા બાદ મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ભરૂચ સિવિલમાં ખસેડાયો હતો. મંગળવારે બપોરે ૨ કલાકે કંપની ખાતે કોંગી આગેવાનની ઉપસ્થિતિમાં મૃતકના પરિવારને? ૪૦ લાખનું વળતરનો ચેક આપવામાં આવ્યો હતો.

વિરમગામના સેતવાડ વિસ્તારમાં ગંદકીના સામ્રાજ્ય વચ્ચે કોરોના રસીકરણ કેમ્પનો પ્રારંભ

વિરમગામ, તા.૩

કોરોના મહામારી વચ્ચે મુસ્લિમ સમાજ અને અન્ય સમાજના લોકોમા જાગૃતતા ફેલાવવા વિરમગામ ના સેતવાડ ખાતે કોવીશિલ્ડ વેક્સિન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.જે લોકો વેકસીન નથી લીધી તેમને પ્રથમ ડોઝ લેવાની શરૂઆત કરવામાં આવી હતી. વિરમગામ મુસ્લિમ અગ્રણી સૈયદ અહેમદશાબ બાપુના પ્રયસ્લથી લોકોને કોરોના વેક્સિનની સમજ આપી હતી અને લોકોને વેક્સિન લેવા માટે તૈયાર કર્યા હતા. કોરોના વેક્સિન રસીકરણ કેમ્પમાં વિરમગામ અર્બન હેલ્થ સેન્ટરની ટીમ જેમાં કાંતિભાઈ ઠાકોર, દીવાનસંગ ઠાકોર અને કરૂણાબેન પરમાર દ્વારા કોવીશિલ્ડ વેક્સિનનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો હતો અને જરૂરી સલાહ સુચનો આપવામાં આવ્યાં હતાં. વિરમગામ શહેરના સેતવાડ વિસ્તાર તથા અલગ અલગ

વિસ્તારમાંથી લોકોએ વેક્સિનનો લાભ લીધો હતો. દરેક સમાજના લોકો જાગૃત થાય અને કોરોના વેક્સિન લઇ પોતાને અને પરિવારને સુરક્ષિત રાખે. એક તરફ કોરોનાના ગંભીર રોગથી સુરક્ષિત રહેવા માટે રસી આપવામાં આવી રહી હતી ત્યારે બીજી તરફ એજ રસી લેનારા લોકોને ગટરના ગંદા પાણીની ગંદકીમાંથી પસાર થવું પડે છે આ લોકોને પાણીજન્ય અને મચ્છરજન્ય રોગથી કોણ બચાવશે શું તંત્ર આ બાબતે કોઈ કાર્યવાહી કરશે ખરા..? સ્થાનિક લોકો આ ગટરના ગંદા પાણીથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

હજીરામાં તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી આધેડ મહિલાની ઘાતકી હત્યા

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૩

હજીરા વિસ્તારના દામકા ગામમાં બ્રાહ્મણ પરિવારની આધેડ મહિલાની તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હત્યા કરવામાં આવતા ઈચ્છાપોર પોલીસ દોડતી થઇ ગઇ છે. હત્યા પાછળ જાણભેદુની સંડોવણીની આશંકા સાથે પોલીસે અલગ અલગ દિશામાં તપાસ હાથ ધરી છે. ચોર્યાસી તાલુકાના હજીરા વિસ્તારના દામકા ગામમાં રહેતા કર્મકાંડી વસંતભાઈ જોષીની પત્ની ગીતાબેન (ઉ.વ. ૫૩) આજે વહેલી સવારે ઘરમાંથી લોહીલુહાણ હાલતમાં મળી આવ્યા હતા. વસંતભાઈએ આ અંગેની જાણ પુત્ર કરણને કરતા તે પણ દોડી આવ્યો હતો અને કંટ્રોલ રૂમમાં જાણ કરતા ઈચ્છાપોર પોલીસ દોડી આવી હતી. પોલીસે હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં તીક્ષ્ણ હથિયારના ચારથી પાંચ ઘા પેટમાં ઝીંક્યા હોવાનું અને જાણભેદુ દ્વારા હત્યા કરવામાં આવી હોવાની આશંકા સાથે પોલીસે તપાસ શરૂ કરી છે.

પ્રાંતિજ ખાતે અન્નોત્સવ દિવસની ઉજવણી : ૩૩ લાભાર્થીઓને અનાજની કિટનું વિતરણ કરાયું

(સંવાદદાતા દ્વારા) પ્રાંતિજ, તા.૩

રાજ્ય સરકારના શાસનના પાંચ વર્ષ પૂર્ણ થતા આજે ૩જી ઓગષ્ટે સમગ્ર ગુજરાતમાં "અન્નોત્સવ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે પ્રાંતિજ ખાતે પણ પ્રાંતિજ મામલતદાર કચેરી પુરવઠા વિભાગ દ્વારા અત્રેના રેલવેસ્ટેશન

(તસવીર : એમ.ઉમર મુન્શી, પ્રાંતિજ)

વિસ્તારમાં આવેલ વી.એસ.રાવલ પીટીસી કોલેજ સંકુલમા "અન્નોત્સવ" દિવસ કાર્યક્રમ યોજાયો હતો. જેમા પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર, પૂર્વ શિક્ષણમંત્રી જયસિંહ ચૌહાણ, પ્રાંત અધિકારી સોનલબા પઢેરીયા, મામલતદાર એચ.પી.ભંગોરા, પાલિકાપ્રમુખ દિપકભાઇ કડીયા, ભાજપ શહેર પ્રમુખ નિત્યાનંદ બ્રહ્મભટ્ટ, ભાજપ તાલુકા પ્રમુખ બળવંત પટેલ સહિત સંગઠનના હોદેદારો, કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. આ રાષ્ટ્રીય સુરક્ષા કાયદા હેઠળ વધુ ૫૦લાખ લાભાર્થીના સમાવેશ અંગેની ફિલ્મ દર્શાવવામા આવી હતી. કાર્યક્રમ દરમ્યાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરવામા આવ્યુ હતુ. આ કાર્યક્રમ દરમ્યાન ૩૩ જેટલા લાભાર્થીને ઉપસ્થિત મહેમાનોના હસ્તે અનાજની કિટનું વિતરણ કરવામાં આવ્યું હતુ. સમગ્ર કાર્યક્રમનુ સફળ સંચાલન પુરવઠા મામલતદાર બીપીનભાઈ બારોટ, મનોજભાઈ મિસ્ત્રી સહિતની ટીમ દ્વારા કરવામા આવ્યુ. તો કાર્યક્રમનુ એનાઉન્સમેન્ટ ભાવનાબેન મોદી દ્વારા કરવામા આવ્યુ હતુ.

મેઘરજ તાલુકાકક્ષાનો અન્નોત્સવ કાર્યક્રમ યોજાયો

અરવલ્લી જિલ્લાના મેઘરજ ખાતે આજરોજ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત અન્નોત્સવ કાર્યક્રમ યોજાયો હતો જેમાં રાજ્યના

રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ સમાવિષ્ઠ તમામ લાભાર્થીઓને વ્યક્તી દિઠ અનાજ વ્યાજબી ભાવની દુકાનો પરથી વિના મુલ્યે અનાજ વિતરણની કિટોનું વિતરણ કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે મેઘરજ મામલતદાર એસ.એ.ચૌહાણ, તાલુકા વિકાસ અધિકારી એસ.ટી.સુથાર, તાલુકા પ્રમુખ, ઉપપ્રમુખ, ભાજપ અગ્રણીઓ તેમજ વ્યાજબીભાવની દુકાનોના સંચાલકો અને તોલાટ હાજર રહી તાલુકાની તમામ સસ્તા અનાજની દુકાનોના લાભાર્થીઓને અનાજની કિટોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

(તસવીર : રહીમ બંગા, મેઘરજ)

વાઘોડિયાના ભાજપના ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવનું પુનઃ વિવાદિત નિવેદન

અધિકારીઓ કામ ન કરે તો કહેજો તેમને ચૌદમું રતન બતાવીશ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૩

સોશિયલ મીડિયા પર મધુ શ્રીવાસ્તવનો અધિકારીઓને ધમકી આપતો વીડિયો વાયરલ થઈ રહ્યો છે. જેને લઈને ફરી તેઓ વિવાદમાં આવ્યા છે. આ વીડિયો આજના પાદરા શહેરમાં યોજાયેલા એક કાર્યક્રમનો છે. જેમાં મધુ શ્રીવાસ્તવે અધિકારીઓને 'ચૌદમુ રતન' બતાવવાની ધમકી આપી છે. પરંતુ તેઓ આ વાતને ધમકી માનતા નથી. તેમનું કહેવું છે કે આ કોઈ ધમકી નથી, 'ચૌદમું રતન' એટલે અધિકારી કામ ન કરે તો તેની બદલી કરાવી શકવાની ક્ષમતા છે.

આ વીડિયોમાં મધુ શ્રીવાસ્તવ કહેતા જોવા મળે છે કે, 'જે કોઈ પણ અધિકારીઓ હશે અધિકારીઓ કામ ન કરે તો ચૌદમું રતન ન વાપરૂં તો મારૂં નામ મધુ શ્રીવાસ્તવ નહીં, સમય આવી ગયો છે ઘણું બધું છે. આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયુવેગે વાયરલ થઈ રહ્યો છે. અગાઉ પણ એમએલએ મધુ શ્રીવાસ્તવ પોતાના આવા નિવેદનોના લીધે વિવાદમાં રહ્યાં છે.

મીડિયા સાથે આ અંગે વાત કરતાં મધુ શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે, 'સાચા કામ માટે કોઈ પણ અધિકારી કામ નહીં કરે તો હું ચૌદમું રતન વાપરૂં છું. ચૌદમું રતન એટલે સરકારને ફરિયાદ કરીશ આ અધિકારી વિશે એમ. આ ધમકીનો સવાલ નથી. અમુક જગ્યાએ તલાટી હોય મામલતદાર હોય અને ગરીબ માણસને દાખલો લેવાનો હોય અને દોડમદોડી કરતા હોય તો અમારી સરકારે સૂચના આપી છે કામ કરવાની અને જો ન માને તો હું સરકારને લખીને બદલી કરાવી શકું છું.

તેમણે વધુમાં જણાવ્યું કે, 'મેં મારી પ્રજાને વચન આપ્યું છે એટલા માટે. પ્રજા માટે ચૌદમું રતન બતાવીશ ચૌદમું રતન એટલે સરકારને લખીને આપીશ. આ મધુ શ્રીવાસ્તવ છે જીવનમાં મનુષ્યે અવતાર લીધો છે ભગવાન સિવાય કોઈથી ડરતો નથી. પ્રજાએ મને ચૂંટીને મોકલ્યો છે અને તેના કામ હોય તો કોઈ પણ મોટો લાડ ગર્વનર હોય ચૌદમું રતન બતાવું જ એમાં બે વાત નથી. જો લોકોના કામ થઈ રહ્યા છે એટલે અમારી સરકાર છે. કોઈ પણ જાતનો વ્યક્તિ હશે અમારી પાસે કામ લઈને આવશે અમે કામ કરીશું. જો એનું કામ અધિકારી નહીં કરે તો ચૌદમું રતન બતાવીશ સરકારને લખીને એની બદલી કરાવી નાખું'

આજે મોડાસા ખાતે પાણી પુરવઠામંત્રીની ઉપસ્થિતિમાં 'નારી ગૌરવ દિન' ઉજવાશે

મોડાસા, તા.૩

રાજ્ય સરકારના પાંચ વર્ષના શાસનના સેવાયજ્ઞના ભાગરૂપ આજે ૪ ઓગસ્ટના રોજ સમગ્ર ગુજરાતમાં મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષનો કાર્યક્રમ યોજાશે. જેમાં અરવલ્લી જિલ્લાની ૪૦૦૦ મહિલાઓને લાભ આપવાનો કાર્યક્રમ મોડાસાની ભામાશા હોલ ખાતે પાણી પુરવઠા, પશુપાલન, ગ્રામગૃહ નિર્માણના મંત્રી કુંવરજીભાઇ બાવળિયાના અધ્યક્ષ સ્થાને નારી ગૌરવ દિવસનો કાર્યક્રમ યોજાશે.

આ નિમિત્તે ભામાશા હોલ ખાતે સવારે ૧૧:૩૦ કલાકે દેશમાં મહિલા સશક્તિકરણ દિનની ઉજવણીમાં જિલ્લાની કુલ ૪૦૦ સખીમંડળની ૪૦૦૦ બહેનોને લાભ મળશે. આ પ્રસંગે જિલ્લા કલેક્ટર નરેન્દ્રકુમાર મીના, જિલ્લા વિકાસ અધિકારી શ્વેતા તેવટિયા, જિલ્લા અધિક નિવાસી કલેક્ટર પ્રદીપસિંહ રાઠોડ, જિલ્લા પ્રમુખ તથા જિલ્લા ગ્રામ વિકાસ અધિકારી સંખીમંડળોની મહિલાઓ, અધિકારીઓ તથા મહિલાઓ ઉપસ્થિતિ રહેશે.

કાર્યક્રમ

વેરાવળના ગોવિંદપરા ગામે આગામી તા.૮મીએ સર્વરોગ નિદાન કેમ્પ યોજાશે

ગોવિંદપરાના પૂર્વ સરપંચ હાજી મહંમદહુસેન હાજી નુરમહંમદ સુમરા (પાડુ)ની પ્રથમ પુણ્યતીથી નિમિત્તે દરગાહ કંમ્પાઉન્ડમાં તા.૮ને રવિવારે મેડીકલ કેમ્પનું આયોજન કરેલ છે. જેમાં આંખ, દાંત, નાક-કાન, ગળા, હાડકા, બાળ રોગ નિષ્ણાંત, ચામડીના નિષ્ણાંત ડોક્ટરો તેમજ પટની લેબોરેટરીના અફઝલ પટની સહિતના સેવા આપનાર છે. આ કેમ્પમાં દર્દીઓના નિદાન સાથે દવા તેમજ લેબોરેટરી ચકાસણી ફ્રી આપવામાં આવનાર છે.

મોડાસાના ભામાશા હોલ ખાતે

મહેસૂલમંત્રીની ઉપસ્થિતિમાં 'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના' કાર્યક્રમ યોજાયો

(તસવીર : યુસુફ જમાદાર, મોડાસા)

મોડાસા, તા.૩

રાજ્ય સરકારના શાસનના પાંચ વર્ષ નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું છે. જે અંતર્ગત સમગ્ર ગુજરાતમાં 'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના' કાર્યક્રમ યોજાયો હતો. આ નિમિત્તે અરવલ્લી જિલ્લાના મોડાસાના ભામાશા હોલ ખાતે અન્ન વિતરણનો કાર્યક્રમ મહેસુલ મંત્રી કૌશિક પટેલની ઉપસ્થિતિમાં યોજાયો હતો. જેમાં અરવલ્લી પુરવઠા વિભાગ દ્વારા ૩૯૬ વ્યાજબી ભાવની દુકાનો પર ૨૫ લાભાર્થીઓને ''પ્રધાનમંત્રી અન્ન સુરક્ષા યોજના હેઠળ'' અનાજનું વિતરણનું આયોજન કરાયું હતું. જેમાં અરવલ્લી જિલ્લાના ૧,૫૬,૦૦૦ એનએફએસએ રેશનકાર્ડ કુટુંબોને ''પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના'' અંતર્ગત ૫ કિલો નિઃશુલ્ક અનાજનું વિતરણ કરાયું હતું. આ પ્રસંગે જિલ્લા કલેકટર નરેન્દ્રકુમાર મીના, જિલ્લા વિકાસ અધિકારી શ્વેતા તેવટિયા, જિલ્લા અધિક નિવાસી કલેકટર પ્રદીપસિંહ રાઠોડ, જિલ્લા પ્રભારી જોગણીયા, જિલ્લા પ્રભારી જયશ્રીબેન, મોડાસા પ્રાંત અધિકારી મયંક પટેલ, બાયડ પ્રાંત અધિકારી વિમલ બારોટ, જિલ્લા પુરવઠા અધિકારી ડોડીયા, મામલતદાર ગઢવી અધિકારીઓ તથા લાભાર્થીઓ ઉપસ્થિતિ રહ્યા હતા.

ઠાસરા મામલતદાર ઓફિસ સામે મોંઘવારી મુદ્દે કોંગ્રેસના ધરણા

નડિયાદ, તા.૩

ઠાસરા વિધાનસભાના ધારાસભ્ય કાંતિભાઈ તેમજ કોંગેસના ઠાસરા તેમજ ગળતેશ્વર તાલુકાના કાર્યકરોએ હાલની સરકારને મોઘવારી મુદ્દે આડે હાથે લઈ સવારે ૯:૩૦થી ૧:૦૦ કલાક દરમિયાન ઠાસરા મામલતદાર કચેરી ખાતે ધરણા કાર્યક્રમ યોજયો હતો. ધંધામાં જોડાયેલા કોંગ્રેસના હોદ્દેદારો તેમજ કાર્યકરોએ રોષ પૂર્ણ જણાવ્યું હતું કે, છેલ્લા ૨૨ વર્ષથી ભાજપ સરકારના કાર્યકાળ દરમ્યાન મોઘવારીએ માઝા મૂકી છે. ખેડૂતોને પાકના ટેકાના ભાવ મળતા નથી તેમજ ગીરીબ લોકો વધુ ગરીબાઈથી પીસાતા રહ્યા છે જ્યારે કોંગ્રેસ સરકાર કેન્દ્રમાં શાસન કરતી હતી ત્યારે પેટ્રોલના આંતરરાષ્ટ્રીય ભાવ ૧૦૬ ડોલર હતા ત્યારે પણ ભાવ ૭૫થી ૭૮ રૂપિયા હતો અત્યારે ભાજપનું શાસન હોવાથી ૧૦૦ રૂપિયાની ટોચ વટાવી દીધી છે.

આ ઉપરાંત ઘર ઉપયોગી રાંધણ ગેસ, શાકભાજી તેમજ જીવન જરૂરી ચીજવસ્તુના ભાવ આસમાને પહોંચ્યા છે. દરેક લોકો મોંઘવારીના મારથી પીડાઈ રહ્યા છે. સરકારની નીતિ રીતીથી વેપારીઓના રોજગાર-ધંધા પડી ભાંગ્યા છે. આમ કોંગ્રેસના હોદ્દેદારો ધારાસભ્યો તેમજ કાર્યકરો દ્વારા તા ૯/૮/૨૦૨૧ સુધી ભાજપ સરકાર ની નીતિ રીતી વિરૂધ્ધ દેખાવો કરી સંદેશો પ્રજા સુધી પહોંચાડવા પ્રયત્નશીલ થઈ થયા છે.

ભાજપ દ્વારા 'અન્નોત્સવ દિન'ની ઉજવણી ત્યારે

ભાવનગર ખાતે રાશનની દુકાન પર કોંગ્રેસનો વિરોધ

લોકડાઉનમાં ઢોર ખાય તેવું અનાજ અપાયું અને અત્યારે મોટા તાયફાઓ કરાય છે : શહેર કોંગી પ્રમુખ

ભાવનગર, તા.૩

ભાજપ દ્વારા ''અન્નોત્સવ દિન''ની ઉજવણીના ભાગ રૂપે શહેરના દરેક રાશનની દુકાનો પર અનાજ આપી કરાય રહી ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે આનંદનગર ખાતે આવેલા રેશનશોપ પર જઈ કોંગ્રેસે વિરોધ દર્શાવ્યો હતો. શહેર કોંગ્રેસ પ્રમુખ પ્રકાશ વાઘાણી દ્વારા આક્ષેપ કરવામાં આવ્યા હતા કે લોકડાઉન વખતે લોકોને સારૂ અનાજ આવ્યું નથી, ઢોર ખાય તેવું અનાજ આપવામાં આવ્યું હતું, અને અનેક ગરીબ માણસોના રાશનકાર્ડ કોઈપણ કારણોસર બંધ કરી ગરીબ અને નાના માણસોને અનાજ આપ્યું ન હતું અને રાશનશોપ પર કલાકો સુધી રાહ જોવી પડતી હતી અને અત્યારે મોટા મોટા તાયફાઓ કરીને કાર્યક્રમો કરી રહી છે જ્યારે કોરોનાની બીજી લહેરમાં ભાજપનો એક પણ કોર્પોરેટર કે, કાર્યકર કોઈપણ વિસ્તારમાં ડોકાયો ન હતો. આ કાર્યક્રમમાં ભાવનગર શહેર પ્રમુખ પ્રકાશ વાઘાણી, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રવિણ રાઠોડ, વિપક્ષ નેતા ભરતભાઈ બુધેલિયા, જિલ્લા પંચાયત વિપક્ષ નેતા પ્રહલાદસિંહ ગોહિલ તથા કોંગ્રેસ સમિતિના આગેવાનો, કોર્પોરેટર, યુથ કોંગ્રેસ, એન.એસ.યુ.આઈ, મહિલા કોંગ્રેસ તેમજ વિવિધ સેલના આગેવાન કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

મહેરબાન ભરૂચના સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં

મરણ નોંધણી અરજી નંબર ૭૭/૨૦૨૧

અરજદાર : પટેલ ઇદ્રિશ ઈસ્માઈલ

રહેવાસી : મોટા ફળિયા, કંબોલી, તા.જિ.ભરૂચ

સામાવાળા : જન્મ-મરણ રજિસ્ટ્રાર શ્રી, કંબોલી તા.જિ.ભરૂચ.

આથી જાહેર જનતાને આ નોટિસ આપી જણાવવાનું કે, ઉપરોક્ત અરજદારે તેમના સગા કાકી **અમીનાબેન** તે ઈબ્રાહીમ સુલેમાન પટેલની પત્નીનું મરણ તારીખ **૧૭/૦૧/૨૦૧૮**ના રોજ **કંબોલી તા.જિ.ભરૂચ** મુકામે થયેલ, તેમના મરણના દાખલાની માંગણી કરતાં તલાટી કમ મંત્રીશ્રી, કંબોલીનાઓએ જણાવેલ કે તેમના મરણની નોંધ થયેલ નથી. જેથી અરજદારે મરણ અંગે કંબોલી ગામના ગ્રામ પંચાયતે મરણ રજિસ્ટરમાં ઉપરોક્ત મરણની નોંધણી કરે તેવો હુકમ મેળવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે જેની સામે જો કોઈ ઈસમને વાંધો હોય તો દિન-૩૦ સુધીમાં અત્રેની કોર્ટમાં વાંધા રજૂ કરવા, જો મુદ્દતમાં વાંધા રજૂ કરવામાં નહીં આવે તો નિયમ અનુસાર આગળની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજરોજ તા.૦૪/૦૮/૨૦૨૧ના રોજ આ નોટિસ પ્રસિદ્ધ કરી.

અરજદાર તરફે વકીલશ્રી,

સહી/- રાકેશ સી. ઘાડિયા, ભરૂચ.

મો.નં. 9558821181

મહેરબાન ભરૂચના સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં,

મરણ નોંધણી અરજી નંબર ૭૧/૨૦૨૧

અરજદાર : શહીદા મોહમદ પટેલ

રહેવાસી : વેરાઈમાતા ફળિયુ, દેરોલ, તા.જિ.ભરૂચ

સામાવાળા : જન્મ-મરણ રજિસ્ટ્રારશ્રી, ટંકારીયા, તા.જિ.ભરૂચ.

આથી જાહેર જનતાને આ નોટિસ આપી જણાવવાનું કે, ઉપરોક્ત અરજદારે તેમના સગા માતા **ફાતમાબેન** તે ઈસ્માઈલભાઈ દાદા અક્કુની પત્નીનું મરણ તારીખ **૨૦/૧૦/૧૯૯૯**ના રોજ **ટંકારીયા તા.જિ.ભરૂચ** મુકામે થયેલ, તેમના મરણના દાખલાની માગણી કરતા તલાટી કમ મંત્રીશ્રી, ટંકારીયાનાઓએ જણાવેલ કે તેમના મરણની નોંધ થયેલ નથી. જેથી અરજદારે મરણ અંગે ટંકારીયા ગામના ગ્રામ પંચાયતે મરણ રજિસ્ટરમાં ઉપરોક્ત મરણની નોંધણી કરે તેવો હુકમ મેળવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે જેની સામે જો કોઈ ઈસમને વાંધો હોય તો દિન-૩૦ સુધીમાં અત્રેની કોર્ટમાં વાંધા રજૂ કરવા, જો મુદ્દતમાં વાંધા રજૂ કરવામાં નહીં આવે તો નિયમ અનુસાર આગળની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજરોજ તા.૦૪/૦૮/૨૦૨૧ના રોજ આ નોટિસ પ્રસિદ્ધ કરી.

અરજદાર તરફે વકીલશ્રી,

સહી/- રાકેશ સી. ઘાડિયા, ભરૂચ.

મો.નં. 9558821181

અમેરિકાના રક્ષા વિભાગ પેન્ટાગોન નજીકના મેટ્રો સ્ટેશન ખાતે ગોળીબારથી અંધાધૂંધી

ગોળીબારને પગલે પેન્ટાગોનની તાળાબંધી : એક રક્ષા અધિકારીનું મોત અને અનેકને ઈજા પહોંચ્યાના બિનસત્તાવાર અહેવાલો

જો કે મોડી રાત સુધી અમેરિકા તરફથી સત્તાવાર રીતે કોઈ માહિતી અપાઈ નથી પણ સ્થિતિ તંગ

(એજન્સી) વોશિંગ્ટન, તા.૩

અમેરિકાના રક્ષા વિભાગની ઈમારત પેન્ટાગોન નજીકના મેટ્રો સ્ટેશન ખાતે ગોળીબારને પગલે અંધાધૂંધી ફેલાઈ હતી. આ ઘટનામાં પેન્ટાગોનના એક અધિકારીનું મોત થયાનું કહેવાઈ રહ્યું છે. જ્યારે ઘણા લોકોને ઈજા પહોંચી હોવાના પણ અહેવાલો છે. જેના પગલે પેન્ટાગોનની ઈમારત ખાતે તાળાબંધી કરાઈ હતી. આ લખાઈ રહ્યું છે ત્યાં સુધી સત્તાવાર રીતે કોઈ સમાચાર પ્રાપ્ત થયા નથી. જો કે સ્થિતિ તંગ હોવાનું જણાયું હતું. અમેરિકાના રક્ષા વિભાગની બિલ્ડિંગ પેન્ટાગોનની પાસે મેટ્રો સ્ટેશનમાં ફાયરિંગ થયું છે. આ ઘટના બાદ લોકડાઉન લગાડવામાં આવ્યું છે. કોઈને પણ બહાર જવાની મંજૂરી નથી. એસોસિએટ પ્રેસ રિપોર્ટ્સ મુજબ ટ્રાંઝિટ હબ પર ફાયરિંગ થયું હોવાના અહેવાલ છે. પેન્ટાગોનના સોશિયલ મીડિયા પર જણાવવામાં આવ્યું કે, પોલીસની કાર્યવાહીના કારણે પેન્ટાગોન એરિયામાં લોકડાઉન લગાડવામાં આવ્યું છે. અમે લોકોને અપીલ કરી રહ્યાં છીએ કે કૃપ્યા અહીં આવવાનું ટાળે. રક્ષા વિભાગના પ્રવક્તાના જણાવ્યા મુજબ, મેટ્રો બસ પ્લેટફોર્મની પાસે ફાયરિંગની આ ઘટના ઘટી છે, જે બાદ આ નિર્ણય લેવાયો છે. ઘટના બાદ તાત્કાલિક પેન્ટાગોન ફોર્સ પ્રોટેક્શન એજન્સી (પીએફપીએ)ને એલર્ટ મોકલવામાં આવ્યું છે. રક્ષા વિભાગના અધિકારીઓને અંદર જ રહેવાનું કહેવામાં આવ્યું છે. મીડિયા રિપોર્ટ મુજબ પોલીસ સમગ્ર વિસ્તારમાં સર્ચ ઓપરેશન કરી રહી છે.

પત્રકારોએ પોલીસને શૂટર એવું બોલતા સાંભળ્યા છે. મળતી માહિતી મુજબ હુમલાખોર હજુ પણ સક્રિય છે. ઘટનાથી વિસ્તારમાં ચિંતાનો માહોલ છે, તેમજ લોકોને દૂર રહેવાનું કહેવામાં આવ્યું છે. બસ પ્લેટફોર્મ પર ફાયરિંગની જાણકારી પેન્ટાગોન ફોર્સ પ્રોટેક્શન એજન્સી દ્વારા પેન્ટાગોન વર્કફોર્સને મોકલવામાં આવેલા મેસેજમાં આપવામાં આવી છે. આ બસ પ્લેટફોર્મનો ઉપયોગ અનેક બસ લાઈન માટે થાય છે. અમુક ખબરોમાં બે લોકો ઈજાગ્રસ્ત થયા હોવાનો દાવો કરાયો છે. એક રિપોર્ટ મુજબ મેટ્રો બસ પ્લેટફોર્મ પર આ ઘટના બની છે. આ પેન્ટાગોન આવવાનો મોટો પ્રવેશદ્વાર છે. જ્યાંથી હજારો લોકો અવરજવર કરે છે. અન્ય એક રિપોર્ટ મુજબ આર્લિંગટન કાઉન્ટી ફાયર ડિપાર્ટમેન્ટના હવાલાથી અમેરિકી સેનાના હેડક્વાર્ટરની બહાર અનેક લોકોના ઘાયલ થવાનો દાવો કરાયો છે પણ હજુ સુધી સત્તાવાર રીતે ગોળીબારીની પુષ્ટિ કરવામાં આવી નથી.

જોન હોપ્કિન્સની વિશ્વના 'સૌથી પ્રતિભાશાળી' યાદીમાં ૧૧ વર્ષની ભારતીય-અમેરિકન છોકરીને સ્થાન

૮૪ દેશોના ૧૯,૦૦૦ વિદ્યાર્થીઓના ગ્રેડ લેવલ ટેસ્ટિંગમાં નતાશા પેરીએ હાઈ ઓનર એવોર્ડની યાદીમાં સ્થાન મેળવ્યું, ગ્રેડ-પાંચમા અભ્યાસ કરતી હોવા છતાં ગ્રેડ-૮ના ૯૦ ટકા અંક મેળવ્યા

(એજન્સી) ન્યૂયોર્ક, તા.૩

અમેરિકામાં શાળાએ જતાં બાળકો માટે જોન હોપ્કિન્સ સેન્ટર ફોર ટેલેન્ટેડ યુથ પ્રોગ્રામે એક ભારતીય મૂળની ૧૧ વર્ષની અમેરિકાની બાળકી નતાશા પેરીને દુનિયાના સૌથી તેજસ્વી વિદ્યાર્થીઓની યાદીમાં સામેલ કરી છે. આ અભ્યાસમાં ૮૪ દેશોના ૧૯,૦૦૦ વિદ્યાર્થીઓના ગ્રેડ લેવલને ચકાસાયું હતું. ન્યૂજર્સી ખાતેની થેલ્મા એલ સેન્ડમાઈર એલીમેન્ટ્રી સ્કૂલની વિદ્યાર્થીની નતાશા પેરીને એસએટી, એસીટી અને અન્ય પરીક્ષાઓમાં શાનદાર પ્રદર્શન માટે સન્માનિત કરાઈ છે. આ પરીક્ષાઓનું આયોજન જોન હોપ્કિન્સ સેન્ટર ફોર ટેલેન્ટેડ યુથ તરફથી ટેલેન્ટ સર્ચ અભિયાન તરીકે કરવામાં આવ્યું હતું. ડૂડલિન અને જેઆરઆર ટોલ્કિનના ઉપન્યાસ વાંચવાનું પસંદ કરનારી પેરીએ જોન હોપ્કિન્સ દ્વારા આયોજિત હાઈ ઓનર એવોર્ડમાં પોતાનું સ્થાન જમાવ્યું છે અને એવા ૨૦ ટકા બાળકોમાં સામેલ થઈ છે જેમણે ટેલેન્ટેડ સર્ચ અભિયાનમાં ભાગ લઈને એવોર્ડ માટે ક્વોલિફાઈ કર્યું છે. સમાચાર એજન્સીસાથે વાતચીતમાં પેરીએ કહ્યું કે, આનાથી મને વધુ સારૂં કરવાની પ્રેરણા મળે છે. અહેવાલ અનુસાર આ ટેલેન્ટ સર્ચ સ્પર્ધામાં પેરી ત્યારે સામેલ થઈ જ્યારે તે ગ્રેડ પાંચની વિદ્યાર્થીની હતી. પરીક્ષાનું આયોજન ૨૦૨૧ના ઉનાળામાં કરાયું હતું. પેરીની મૌખિક અને ક્વોન્ટિટેટિવ સેક્શનની પરીક્ષામાં પરિણામ એડવાન્સ ગ્રેડ-૮ના ૯૦ ટકાની સમકક્ષ મનાયું હતું. બાલ્ટિમોર ખાતેના જોન હોપ્કિન્સ સેન્ટર ફોર ટેલેન્ટેટ યુથ દુનિયાભરના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓની ઓળખ કરવા માટે ગ્રેડ લેવલ ટેસ્ટિંગ પ્રક્રિયાનો ઉપયોગ કરે છે. પરીક્ષા દ્વારા વિદ્યાર્થીઓની વાસ્તવિક શૈક્ષણિક ક્ષમતાઓની સ્પષ્ટ તસવીર સામે આવી જાય છે.

UAE ભારત અને અન્ય પાંચ દેશો પરના ફ્લાઈટ પ્રતિબંધ હળવા કરશે

(એજન્સી) તા.૩

સંયુક્ત આરબ અમીરાતએ ભારતમાં અને અન્ય પાંચ દેશો ફસાયેલા રહેવાસીઓ જ્યાંના મુસાફરોનો પ્રવેશ સ્થગિત છે તેમના માટે મુસાફરીના પ્રતિબંધ હળવા કરવાની જાહેરાત કરી છે. અધિકારીઓએ મંગળવારે જણાવ્યું હતું કે, આ નેશનલ ઈમરજન્સી કટોકટી અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (NCEMA) દ્વારા જાહેર કરાયેલી છૂટની શ્રેણીમાં આવે છે. ભારત, પાકિસ્તાન, શ્રીલંકા, નેપાળ, નાઈજિરિયા અને યુગાન્ડામાં ફસાયેલા રહેવાસીઓ માટે આ મુસાફરી છૂટ લાગુ પડે છે. આ છ દેશોમાંથી મુસાફરોની એન્ટ્રી અન્યથા રોકી દેવામાં આવી છે. NCEMAએ કહ્યું કે, સંપૂર્ણપણે રસીકરણ કરાયેલ વ્યક્તિઓ, તેમજ અમુક જોબ કેટેગરીમાં રસી વગરના લોકો ૫ ઓગસ્ટથી પરત ફરવાની પરવાનગી માંગી શકે છે. પ્રવાસીઓ પાસે માન્ય રેસીડેન્સી પરમિટ અને દેશના પ્રમાણિત સત્તાવાળાઓ દ્વારા માન્ય રસીકરણ પ્રમાણપત્રોનો પુરાવો હોવો જોઈએ. આ લોકોએ ઓળખ અને નાગરિકતા (ICA) માટે ફેડરલ ઓથોરિટી પાસેથી મંજૂરી લેવી આવશ્યક છે. ICAની વેબસાઈટ પરથી આ મંજૂરી મેળવી શકાય છે.

UAEમાં ૫ ઓગસ્ટથી નીચેની કેટેગરીમાં પ્રવેશ કરવાની મંજૂરી આપવામાં આવી છે

- દેશમાં કાર્યરત તબીબી કર્મચારીઓ અને રસીકરણ વગરના ડૉક્ટરો, નર્સો, ટેકનિશિયન સહિતને તેમાં બાકાત રાખવામાં આવશે.
- દેશમાં શૈક્ષણિક ક્ષેત્રમાં કાર્યરત જેઓ યુનિવર્સિટીઓ, કોલેજો, શાળાઓ અને સંસ્થાઓમાં ભણાવે છે.
- દેશમાં ભણતા વિદ્યાર્થીઓ.
- માનવતાવાદી કેસોમાં જે અહી માન્ય રહેઠાણ ધરાવે છે.
- જેઓ ફેડરલ અને સ્થાનિક સરકારી એજન્સીઓમાં કામ કરે છે.

મુક્તિ આપેલ જૂથોએ પ્રસ્થાનની તારીખથી ૪૮ કલાકની અંદર અગાઉનું પીસીઆર પરીક્ષણ સબમિટ કરવાનું રહેશે. જો કે, આ પરીક્ષણો માન્યતા પ્રાપ્ત પ્રયોગશાળાઓ દ્વારા કરવામાં આવ્યા હોવા જોઈએ અને ઊઈ કોડ સાથે હોય અને વિમાનમાં બેસતા પહેલાં ઝડપી પ્રયોગશાળા પરીક્ષણ કરવામાં આવશે. તેઓએ યુએઈમાં ઉતરાણ પછી પણ પીસીઆર પરીક્ષણ કરાવવું પડશે. દુબઈ સ્થિત એરલાઈન્સે કોવિડ-૧૯ રોગચાળો ફાટી નીકળ્યા પછીની બીજી જીવલેણ લહેર બાદ ૨૪ એપ્રિલથી ભારતથી ફ્લાઈટ્સ સ્થગિત કરી દીધી છે.

ગોરખપુરની હોસ્પિટલમાં બાળકોનાં મૃત્યુ કેસમાં ડૉ.કફીલખાનના સસ્પેન્શનને યોગ્ય ઠેરવતા કારણો જણાવો : UP સરકારને અલ્હાબાદ હાઈકોર્ટનો નિર્દેશ

(એજન્સી) તા.૩

અલ્હાબાદ હાઈકોર્ટે ઉત્તરપ્રદેશ સરકારને નિર્દેશ આપ્યો છે કે, ગોરખપુરની હોસ્પિટલમાંથી ડૉક્ટર કફીલખાનને ચાર વર્ષથી વધુ સમય માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા તે નિર્ણયને તેઓ ન્યાયી ઠેરવે. ડૉક્ટર કફીલ ખાનબાબા રાઘવ દાસ મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં બાળરોગ નિષ્ણાત હતા, જ્યાં ૨૦૧૭માં ઓક્સિજનના અભાવને કારણે ૬૩ બાળકો મૃત્યુ પામ્યા હતા. આ ઘટના બાદ તેમને તેમના પદ પરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા અને તેમના પર તબીબી બેદરકારી, ભ્રષ્ટાચાર અને ભ્રષ્ટાચારના આરોપ મૂકવામાં આવ્યા હતા અને નવ મહિના સુધી જેલમાં રાખવામા આવ્યા હતા. સપ્ટેમ્બર ૨૦૧૯માં ઉત્તરપ્રદેશ સરકારે ખાનને તમામ આરોપોમાંથી મુક્ત કર્યા હતા અને બાળકોના જીવન બચાવવામાં મદદ કરવા માટે તેમની પ્રશંસા પણ કરી હતી. આ કટોકટી દરમિયાન ખાને કહ્યું કે, તેમણે પોતાના પૈસાથી ઓક્સિજન સિલિન્ડર ખરીદ્યા હતા અને વધુ પુરવઠો મેળવવા માટે તેમના નેટવર્ક દ્વારા વ્યવસ્થા કરી હતી. પરંતુ ઓક્ટોબર ૨૦૧૯માં, રાજ્ય સરકારે ખાન વિરૂદ્ધ તપાસ રિપોર્ટ વિશે ખોટી માહિતી ફેલાવવા અને તેમના સસ્પેન્શન દરમિયાન 'સરકાર વિરોધી' ટિપ્પણી કરવા બદલ ખાન વિરૂદ્ધ નવી તપાસ શરૂ કરી હતી. અલ્હાબાદ હાઈકોર્ટના જસ્ટિસ યશવંત વર્માએ ૨૯ જુલાઈએ ખાનના સસ્પેન્શનને પડકારતી અરજીની સુનાવણી કરી હતી. ડૉક્ટરે

કોર્ટને કહ્યું કે, તેમના કેસમાં તપાસ અધિકારીએ ૧૫ એપ્રિલ, ૨૦૧૯ના રોજ શિસ્ત સત્તા સમક્ષ પોતાનો રિપોર્ટ સુપરત કર્યો હતો. ખાને ઉમેર્યું હતું કે, તેમના સિવાય, ગોરખપુરની આઘાતના બાદ તેમના પદ પરથી સસ્પેન્ડ કરાયેલા તમામ લોકોને પુનઃસ્થાપિત કરવામાં આવ્યા હતા. અલ્હાબાદ હાઈકોર્ટે ખાનની અરજી પર સુનાવણી કર્યા બાદ કહ્યું કે, 'શિસ્ત અધિકારી તરફથી કાર્યવાહી કરવામાં વધુ વિલંબ અંગે ખુલાસો કરવામાં આવ્યો નથી. ઉત્તરદાતાઓ ચાર વર્ષથી વધુ સમયથી ચાલુ રહેલા સસ્પેન્શનના આદેશને ચાલુ રાખવા માટે પણ બંધાયેલા છે.' આ કેસમાં આગામી સુનાવણી ૫ ઓગસ્ટે થશે. ગયા વર્ષે જાન્યુઆરીમાં અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં નાગરિકતા સંશોધન કાયદાના વિરોધ દરમિયાન ભડકાઉ ટિપ્પણી કરવા બદલ પણ ખાનની ધરપકડ કરવામાં આવી હતી. તેમની રાષ્ટ્રીય સુરક્ષા અધિનિયમ હેઠળ અટકાયત કરવામાં આવી હતી. અલ્હાબાદ હાઈકોર્ટે અટકાયતનો આદેશ રદ કર્યા બાદ ડૉક્ટરને સપ્ટેમ્બરમાં મુક્ત કરવામાં આવ્યા હતા.

લદ્દાખ બળવાના માર્ગે, આ વિસ્તારને રાજ્યનો દરજ્જો અને વિશેષ દરજ્જો આપવા માટે માંગ કરી

(એજન્સી) તા.૩

બંધારણની કલમ ૩૭૦ નાબૂદ થયાની બીજી વર્ષગાંઠ પર લદ્દાખમાં વિદ્રોહ શરૂ થયો છે અને તેઓએ સંપૂર્ણ રાજ્યનો દરજ્જો અને વિશેષ દરજ્જાની માંગ કરી છે. આજથી બે વર્ષ પહેલાં, ૫ ઓગસ્ટના રોજ, કેન્દ્ર સરકારે જમ્મુ અને કાશ્મીરનો વિશેષ દરજ્જો રદ કર્યો અને રાજ્યને બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં ડાઉનગ્રેડ કર્યું હતું. પરિણામે, લદ્દાખ વિધાનસભા વગર કેન્દ્રશાસિત પ્રદેશ બન્યો, જ્યારે જમ્મુ-કાશ્મીર વિધાનસભા સાથે કેન્દ્રશાસિત પ્રદેશ બન્યો હતો.

હવે બે વર્ષ પછી, કેન્દ્રનો આ જુગાર ખોટો પડ્યો છે અને લદ્દાખના બૌદ્ધો અને મુસ્લિમો બંનેએ રાજ્યનો દરજ્જો અને વિશેષ દરજ્જાની માંગ માટે હાથ મિલાવ્યા છે. લેહ પીપલ્સ મૂવમેન્ટ અને કારગીલ ડેમોક્રેટિક એલાયન્સે રાજ્યત્વ માટે સંયુક્ત રીતે લડવાનું નક્કી કર્યું છે. ભાજપના નેતૃત્વવાળી લેહ સ્વાયત્ત પરિષદના અધ્યક્ષ તાશી ગ્યાલસન અને કારગીલ સ્વાયત્ત પરિષદના અધ્યક્ષ ફિરોઝખાન રવિવારે બેઠકમાં હાજર રહ્યા હતા. કારગિલ લોકશાહી જોડાણના નેતા અસગર કરબલાઈએ કહ્યું કે, 'લદ્દાખનું નેતૃત્વ એકતા સાથે આવ્યું છે અને ચાર મુદ્દાઓ પર સર્વસંમતિ બની છે. લદ્દાખને સંપૂર્ણ રાજ્યનો દરજ્જો આપવામાં આવે અને અહીંની જમીન અને નોકરીઓ માટે વિશિષ્ટ અધિકારો આપવામાં આવે. જેને બંધારણની છઠ્ઠી અનુસૂચિ અથવા કલમ ૩૭૧ હેઠળ ખાતરી આપવી જોઈએ.' હકીકતમાં લેહના બૌદ્ધોએ ઓગસ્ટ ૨૦૧૯માં કલમ ૩૭૦ રદ કરવા અને લદ્દાખને કેન્દ્રશાસિત પ્રદેશ બનાવવા માટે ટેકો આપ્યો હતો. ૫ ઓગસ્ટ, ૨૦૧૯ પછી લદ્દાખીઓને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો છે, જ્યારે રાજ્ય બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં વહેંચાઈ ગયું છે. તેથી, લદ્દાખીઓને લાગે છે કે, તેમની સામેના મુદ્દાઓ માત્ર લદ્દાખને સંપૂર્ણ રાજ્યનો દરજ્જો આપીને જ ઉકેલી શકાય છે. લદ્દાખે આ પ્રદેશ માટે બે લોકસભા અને બે રાજ્યસભા બેઠકોની પણ માંગ કરી હતી. બે જિલ્લાઓનો સમાવેશ કરતા લદ્દાખમાં હાલમાં એક લોકસભા બેઠક છે અને રાજ્યસભાની કોઈ બેઠક નથી. બીજી બાજુ, જમ્મુ અને કાશ્મીરમાં પાંચ લોકસભા બેઠકો છેજ ખીણમાં ત્રણ અને જમ્મુમાં બે. ઉપરાંત, J&Kમાં રાજ્યસભાની ચાર બેઠકો છે. સંયુક્ત નેતૃત્વએ એવી પણ માંગ કરી હતી કે ૧૦,૦૦૦-૧૨,૦૦૦ નોકરીની ખાલી જગ્યાઓ તાત્કાલિક ભરવામાં આવે અને આ તમામ નોકરીઓ લદ્દાખના યુવાનો માટે અનામત હોવી જોઈએ. લદ્દાખના ભૂતપૂર્વ સાંસદ થુપસ્તાન છેવાંગ, જે પીપલ્સ એલાયન્સના વડા છે, તેમણે કહ્યું કે, લદ્દાખ માટે રાજ્યનો દરજ્જો મેળવવો એ અંતિમ ધ્યેય છે. તેમણે કહ્યું કે, જો લદ્દાખીઓની ભરતીની પ્રક્રિયા એક મહિનાની અંદર શરૂ કરવામાં નહીં આવે તો અમે આંદોલન કરીશું. ગયા વર્ષે ઓગસ્ટમાં, લેહમાં બંધારણના છઠ્ઠા શેડ્યૂલને લંબાવવાની માગણી કરવામાં આવી હતી. છઠ્ઠા શેડ્યૂલ મુજબ આદિવાસી વિસ્તારોના સ્થાનિકોને જમીન અને નોકરીના અધિકારોની ખાતરી આપવામાં આવી છે. ત્રિપુરા, મેઘાલય, આસામ અને મિઝોરમ સહિત ઘણા પૂર્વોત્તર રાજ્યોમાં આ શેડ્યૂલ પહેલેથી જ અમલમાં છે. ભાજપ અને કોંગ્રેસના નેતાઓ કેન્દ્રીય ગૃહ મંત્રીને મળ્યા અને લેહ ઓટોનોમસ હિલ ડેવલપમેન્ટ કાઉન્સિલ (એલએએચડીસી)ની તમામ ૨૬ બેઠકો પર ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો હતો. જ્યારે પીડીપી અને નેશનલ કોન્ફરન્સે આ મતદાનનો બહિષ્કાર કર્યો હતો.

આયાતોલ્લાહ ખામેનેઈએ ઈરાનના નવા રાષ્ટ્રપતિ રઈસી પ્રત્યે સમર્થન જાહેર કર્યું

(એજન્સી) તા.૩

ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતોલ્લાહ અલી ખામેનેઈએ મંગળવારે ઈરાનના નવા રાષ્ટ્રપતિ તરીકે ઈબ્રાહિમ રઈસીને સમર્થન આપ્યું હતું. એક ન્યૂઝ એજન્સીના અહેવાલ મુજબ ખામેનેઈએ રાષ્ટ્રીય ટેલિવિઝન ચેનલ પર પ્રસારિત એક કાર્યક્રમાં રઈસીને રાષ્ટ્રપતિપદ માટે સત્તાવાર મંજૂરી આપી હતી. જૂનમાં રાઈસીને ઈરાનના આઠમાં રાષ્ટ્રપતિ તરીકે ચૂંટવામાં આવ્યા હતા. તેમણે ચૂંટણી પ્રચાર દરમ્યાન દેશની આર્થિક સ્થિતિ સુધારવાનું વચન આપ્યું હતું. જે અમેરિકાના પ્રતિબંધો અને કોવિડ-૧૯ના કારણે ગંભીર રીતે અસરગ્રસ્ત થઈ છે. પોતાની વિદેશ નીતિ અંગે જાહેરાત કરતાં રઈસીએ કહ્યું હતું કે, વિશ્વના અન્ય દેશો સાથે સહકાર વધારવો એ તેમની પ્રાથમિકતા હશે. સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય સ્તરે અનેક મોટા પડકારોનો સામનો કરી રહેલા રઈસી ગુરૂવારે શપથગ્રહણ કર્યા પછી રાષ્ટ્રપતિ તરીકેનો કાર્યભાર સંભાળશે.

ભારત સાથેની ૮૨ મિલિયન ડોલરની હાર્પૂન મિસાઈલ સમજૂતીને અમેરિકાની મંજૂરી

ભારત અને અમેરિકા વચ્ચે સંરક્ષણ સમજૂતી : હાર્પૂન વિશ્વની સૌથી સફળ એન્ટિશીપ મિસાઈલ છે, જે વિશ્વના ૩૦ દેશોના સશસ્ત્ર દળોમાં સામેલ છે : અમેરિકન રક્ષા અધિકારીઓ

(એજન્સી) વોશિંગ્ટન, તા.૩

ભારત સાથેની ૮૨ મિલિયન ડોલરની હાર્પૂન મિસાઈલ સમજૂતીને અમેરિકાએ લીલી ઝંડી આપી હતી. આ સમજૂતી બાદ અમેરિકના સંરક્ષણ વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું કે, હાર્પૂન વિશ્વની સૌથી સફળ એન્ટિશીપ મિસાઈલ છે, જે વિશ્વના ૩૦ દેશોના સશસ્ત્ર દળોમાં સામેલ છે. ભારત અને અમેરિકા વચ્ચે આ મહત્ત્વપૂર્ણ સંરક્ષણ સમજૂતી થઈ હતી જેને બંને દેશો દ્વારા આવકારવામાં આવી હતી. અમેરિકાએ હાર્પૂન જોઈન્ટ કોમન ટેસ્ટ સેટ (જેસીટીએસ) અને તેના સંબંધિત સાધનો ભારતને ઉપલબ્ધ કરાવવા અંગે સમજૂતી દર્શાવી હતી. આ સોદો ૮૨ મિલિયન અમેરિકન ડોલરનો છે. આ અંગે લેવાયેલા નિર્ણયમાં જણાવવામાં આવ્યું હતું કે, બંને દેશો દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત બનાવવાનું કામ કરશે. તેમજ ઈન્ડો-પેસિફિક ખાતે મોડા સંરક્ષણ સહયોગીની સુરક્ષામાં વધારો કરવાનું કામ કરશે. આ સોદા માટે સોમવારે પેન્ટાગોનની સંરક્ષણ એજન્સી દ્વારા અમેરિકન સંસદની જરૂરી મંજૂરી મેળવવામાં આવી હતી, એમ એક સરકારી નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું. નિવેદનમાં જણાવાયું હતું કે, હાર્પૂન એક એન્ટી શીપ મિસાઈલ છે. સરકારી નિવેદનમાં વધુમાં જણાવવામાં આવ્યું હતું કે, ભારત સરકારે અમેરિકા સમક્ષ હાર્પૂન જોઈન્ટ કોમન ટેસ્ટ સેટ (જેસીટીએસ)ની ખરીદી માટે અનુરોધ કર્યો હતો, જેમાં હાર્પૂન ઈન્ટરમેડિયેટ લેવલ મેન્ટેનન્સ સ્ટેશન, સ્પેર એન્ડ રીપેર પાર્ટસ, સ્પોર્ટ, પરીક્ષણ ઉપકરણો, તાલીમ વગેરેનો પણ સમાવેશ થાય છે. આ સમજૂતીની કુલ કિંમત લગભગ ૮૨ મિલિયન અમેરિકન ડોલર છે. નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું કે, આ પ્રસ્તાવિત સોદો વિદેશ નીતિ અને અમેરિકા-ભારત વચ્ચેના વ્યૂહાત્મક સંબંધને મજબૂત બનાવવા સાથે અમેરિકાની સુરક્ષામાં પણ વધારો કરશે. જે ઈન્ડો-પેસિફિક અને દક્ષિણ એશિયા ક્ષેત્રમાં સ્થિરતા, શાંતિ અને આર્થિક વિકાસ માટે જરૂરી છે. જૂન ૨૦૧૬માં નરેન્દ્ર મોદીની યાત્રા વખતે અમેરિકાએ ભારતને મજબૂત રક્ષા ભાગીદાર તરીકે ઓળખાવ્યું હતું. અમેરિકાના વિદેશ વિભાગે જણાવ્યું હતું કે, હાર્પૂન મિસાઈલ દ્વારા ભારતને પોતાની સામેના વર્તમાન અને ભાવિ જોખમો સામે લડવાની ક્ષમતા વધારવામાં મદદ કરશે.

IPCની ધારા ૩૦૬ હેઠળ માત્ર સતામણીને આત્મહત્યા માટેની ઉશ્કેરણી ન ગણી શકાય : સુપ્રીમ કોર્ટનો પુનરોચ્ચાર

(એજન્સી) નવી દિલ્હી, તા.૩

સુપ્રીમ કોર્ટની જજ એલ. નાગેશ્વર રાવ અને અનિરૂદ્ધ બોસની બેન્ચે અવલોકન કર્યું કે, આઈપીસીની કલમ ૩૦૬ હેઠળ કેસ લાવવા માટે આત્મહત્યા થવી હોવી જોઈએ અને આત્મહત્યા માટે જે વ્યક્તિ ઉપર દુષ્પ્રેરણાના આક્ષેપો છે એ વ્યક્તિની મદદગારી ત્યારે જ કહી શકાય જ્યારે તે વ્યક્તિએ આત્મહત્યામાં સક્રિય ભૂમિકા ભજવી હોય જે ભૂમિકા દુષ્પ્રેરણા અથવા એવું કૃત્ય કર્યું હોય જેના લીધે પીડિત પાસે આત્મહત્યા કરવા સિવાય કોઈ વિકલ્પ નહીં હોય. બેન્ચે કહ્યું કે, આ કેસમાં મરનાર વ્યક્તિએ પોતાના ઘરમાં ઝેર ખાઈ આત્મહત્યા કરી હતી અને ચાર નોંધો મૂકી હતી. આ નોંધોમાં જણાવાયું હતું કે, આરોપીએ એમની પત્ની અને પુત્રીને એમની સાથે નહીં મોકલી હતી એ માટે આત્મહત્યા કરી હતી જેથી આરોપી આત્મહત્યા માટે જવાબદાર છે. હાઈકોર્ટે આરોપી દ્વારા દાખલ કરાયેલ રિવિઝન અરજી માન્ય રાખી હતી અને ટ્રાયલ કોર્ટના આદેશને રદ કર્યો હતો જેમાં કોર્ટે ચાર્જ ફ્રેમ કર્યા હતા. સુપ્રીમ કોર્ટમાં અપીલ દરમિયાન જણાવાયું હતું કે, આરોપી દ્વારા આત્મહત્યામાં મદદગારી પ્રથમ દર્શનીય રીતે ત્રાસ આપવાનું કહી શકાય જેના લીધે મરનાર વ્યક્તિએ આત્મહત્યા કરી હતી. કોઈપણ કૃત્ય કર્યા વિના ફક્ત ત્રાસ આપવાને આત્મહત્યામાં મદદગારી કહી શકાય નહીં જેથી આરોપી સામે કલમ ૩૦૬ લાગુ થઈ શકે નહીં. બેન્ચે અપીલ રદ કરતા કહ્યું કે, આરોપી ઉપર આક્ષેપો છે કે, એમણે મરનારને ત્રાસ આપ્યો હતો પણ રેકર્ડ ઉપર એવી કોઈ માહિતી નથી જે સંકેતો આપે કે મદદગારી કરવામાં આવી હતી.

છેલ્લા ત્રણ વર્ષમાં ૩૪૮ કસ્ટોડિયલ મોત, ૨૩૦ રાજકીય હત્યા : સરકાર

(એજન્સી) નવી દિલ્હી, તા.૩

બિહારમાં મહિલા પોલીસ કોન્સ્ટેબલના મોતને કસ્ટોડિયલ મોત તરફ દોરવાને પગલે ટોળું ભડક્યાના બીજા દિવસે સરકારે લોકસભામાં જણાવ્યું હતું કે, છેલ્લા ત્રણ વર્ષમાં દેશના વિવિધ ભાગોમાં પોલીસ કસ્ટડીમાં ૩૪૮ લોકોનાં મોત થયા છે. લોકસભામાં મંત્રીએ એવી પણ માહિતી આપી હતી કે, ૨૦૧૭ અને ૨૦૧૯ વચ્ચે રાજકીય કારણોસર વિવિધ ભાગોમાં ૨૩૦ લોકોની હત્યા થઈ છે. રાજ્ય બાબતોના કેન્દ્રીય મંત્રી નિત્યાનંદ રાયે દ્વારા મંગળવારે અપાયેલા ડેટા અનુસાર ૨૦૧૭-૨૦૧૯ દરમિયાન ત્રાસને કારણે ૧૧૮૯ લોકોનાં મોત થયા જ્યારે પોલીસ એન્કાઉન્ટરમાં ૩૪૮ લોકોનાં મોત થયા. નેશનલ હ્યુમન રાઈટ્સ કમિશન (એનએચઆરસી)ની માહિતીના આધારના ડેટા અનુસાર ૨૦૧૮માં પોલીસ કસ્ટડીમાં ૧૩૬ લોકોનાં મોત થયા જ્યારે ૨૦૨૦માં ૧૦૦ લોકો મોતને ભેટ્યા છે. પ્રશ્નના એક લેખિત જવાબમાં કહેવાયું કે, વધુમાં ૨૦૧૮માં પોલીસ કસ્ટડીમાં ૫૪૨ લોકોને ત્રાસ અપાયો, ૨૦૧૯માં ૪૧૧ અને ૨૦૨૦માં ૨૩૬ લોકોને ત્રાસ અપાયો. તાજેતરના સમયમાં આસામમાં એન્કાઉન્ટરમાં હત્યાના કેસો વધ્યા હોવાથી રાજકીય પાર્ટીઓ ઉપરાંત અધિકાર સંગઠનોએ ચિંતા વ્યક્ત કરી છે જેમાં કેટલાક ટીકાકારોએ હિમાંતા બિસ્વા સરમાની આગેવાનીવાળી સરકાર હેઠળની આસામ પોલીસને બંદૂક વડે ઉશ્કેરાટ ફેલાવતી ગણાવી હતી. પોલીસના હથિયાર છીનવી અથવા કસ્ટડીમાંથી ભાગી જવાના પ્રયાસનો આરોપ મૂકીને આ વર્ષના મે માસથી અત્યારસુધીના સમયમાં જ ૧૫ શંકાસ્પદ લોકોની ગોળી મારી હત્યા કરી દેવાઈ છે. આવી ઘટનાઓમાં આશરે ૨૫ લોકો ઘાયલ પણ થયા છે.

IBC સુધારા બિલ પસાર કર્યા બાદ રાજ્યસભા દિવસભર માટે મોકૂફ

(એજન્સી) નવી દિલ્હી, તા.૩

રાજ્યસભામાં ઈન્સોલવન્સી એન્ડ બેંકરપ્સી કોડ (સુધારા) બિલ ૨૦૨૧ પસાર કર્યા બાદ નીચલા ગૃહને સમગ્ર દિવસ માટે મોકૂફ કરી દેવાયો હતો. વિપક્ષી સભ્યો દ્વારા કાર્યવાહીનો બહિષ્કાર કરાયો હોવા છતાં ગૃહમાં લાંબી ચર્ચા થઈ હતી. નાણામંત્રીએ કહ્યું હતું કે, આ મહત્ત્વનું બિલ હોવાથી તેઓ ચર્ચા કરવા માંગે છે. ચર્ચા દરમિયાન બીજેડીના અમર પટનાયકે વિરોધ ચાલુ રાખતાં નિર્મલા સીતારમણે તેમના પર પ્રહાર કર્યા હતા. આ પહેલાં રાજ્યસભાને બપોરે ૧૨ અને બે વાગે એમ બે વખત મોકૂફ રખાઈ હતી. વિપક્ષી નેતાઓએ સસ્પેન્શન નોટિસ મોકલી પરંતુ ચેરમેન એમ વેંકૈયા નાયડુએ તેને ફગાવી દીધી હતી. આસામના કોંગ્રેસના સાંસદ રિપુન બોરાએ આસામ અને મિઝોરમ વચ્ચેના કરાર અંગે ચર્ચા કરવા માટે રાજ્યસભામાં ૨૬૭ના નિયમ હેઠળ સસ્પેન્શનની નોટિસ આપી હતી. કોંગ્રેસના અન્ય સાંસદ શક્તિસિંહ ગોહિલે દિલ્હીમાં ૯ વર્ષની બાળકી સાથે રેપ અને હત્યા અંગે નોટિસ આપી હતી. સીપીઆઈના સાંસદ બિનોય વિશ્વને પેગાસસ મુદ્દે ચર્ચા કરવા માટે નોટિસ આપી હતી જેનો વિવાદ શાંત ના થયો ત્યાં ભાવવધારો અને કૃષિ કાયદાઓની ચર્ચાની માંગ ઊઠવા લાગી હતી. લઘુમતી બાબતોના મંત્રી તથા રાજ્યસભામાં ડેપ્યુટી લીડર મુખ્તાર અબ્બાસ નકવીએ તૃણમૂલ સાંસદના પાપડી ચાટ જેવી ટિપ્પણીને આધારવિહોણી ગણાવી હતી.

'રોગચાળો હજુ દૂર થયો નથી' : સરકારે કહ્યું છે કે, આઠ રાજ્યોમાં R-વેલ્યૂ હજુ પણ ઊંચી છે

(એજન્સી) તા.૩

સરકારે કહ્યું છે કે, દેશમાં રોગચાળો હજુ પણ ફેલાઈ રહ્યો છે અને આઠ રાજ્યોએ આર-ફેક્ટરમાં વધારો થયો છે અને તે 'નોંધપાત્ર સમસ્યા' ગણવામાં આવે છે. સરકારના કોવિડ ટાસ્ક ફોર્સના વડા વી.કે. પોલે ચેતવણી આપતા કહ્યું કે, ૪૪ જેટલા જિલ્લાઓમાં કેસમાં ઉચ્ચ હકારાત્મકતા દેખાય છે અને ડેલ્ટા વેરિઅન્ટ સાથેની બીજી તરંગ હજી સમાપ્ત થઈ નથી. સરકારના જણાવ્યા અનુસાર છેલ્લા ચાર સપ્તાહમાં ૧૮ જિલ્લાઓએ કેસોમાં વધારો થઈ રહ્યો છે.

આર-ફેક્ટર અથવા વાયરસના ફેલાવાના દર વિશે ચિંતા વ્યક્ત કરતા ડૉક્ટર પોલે જણાવ્યું હતું કે, 'ડેલ્ટા વેરિઅન્ટ એ એક પ્રબળ સમસ્યા છે. રોગચાળો હજુ પણ ફેલાઈ રહ્યો છે અને આપણા દેશમાં બીજી લહેર યથાવત્ છે, કૃપા કરીને યાદ રાખો કે R-વેલ્યૂ ૦.૬ અથવા નીચે હોવો જોઈએ. જો તે ૧થી ઉપર ગયો હોય, તો તે દર્શાવે છે કે, તે એક નોંધપાત્ર સમસ્યા છે અને વાયરસ ઝડપથી ફેલાઈ રહ્યો છે.' તેમણે કહ્યું કે, ઉચ્ચ સકારાત્મકતા ધરાવતા જિલ્લાઓની સંખ્યા અગાઉના સપ્તાહની સરખામણીમાં ઘટી છે પરંતુ રાજ્ય દીઠ, ઉચ્ચ સકારાત્મકતા ધરાવતા જિલ્લાઓની સંખ્યા હવે નવા રાજ્યોમાં છે અને ઉચ્ચ હકારાત્મકતા ધરાવતા જિલ્લાઓ વધી રહ્યા છે. જે રાજ્યોમાં આર-ફેક્ટર એક કરતા વધારે છે તે હિમાચલપ્રદેશ, જમ્મુ અને કાશ્મીર, લક્ષદ્વીપ, તમિલનાડુ, મિઝોરમ, કર્ણાટક, પુડુચેરી અને કેરળ છે. માત્ર આંધ્રપ્રદેશ અને મહારાષ્ટ્રમાં આ વલણ ઘટી રહ્યું છે અને બંગાળ, નાગાલેન્ડ, હરિયાણા, ગોવા, દિલ્હી અને ઝારખંડ જેવા રાજ્યોમાં R-ફેક્ટર ૧ પર સ્થિર છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના સંયુક્ત સચિવ અગ્રવાલે સમજાવ્યું કે, 'જ્યારે પણ R નંબર એકની ઉપર હોય ત્યારે તેનો અર્થ એ થાય કે કેસ ઝડપી ગતિ સાથે વધી રહ્યા છે અને તેને નિયંત્રિત કરવાની જરૂર છે. તેમણે કહ્યું કે, યુએસ, કેનેડા, ઓસ્ટ્રેલિયા અને ભારતમાં સરેરાશ R-વેલ્યૂ ૧.૨ છે. આનો અર્થ એ છે કે, એક ચેપગ્રસ્ત વ્યક્તિ એકથી વધુ ચેપ લગાવી રહ્યો છે. 'R' પરિબળ વાયરસના ફેલાવાને ટ્રેક અને નિયંત્રિત કરવા માટે વિશ્વભરમાં ઉપયોગમાં લેવાતા આંકડા છે જેમાં એક ચેપગ્રસ્ત વ્યક્તિ દ્વારા કેટલા લોકોને ચેપ લાગ્યો છે તેનું માપ છે. ૨.૦ નું 'R' મૂલ્ય સૂચવે છે કે, કોવિડ-૧૯ ધરાવતા એક વ્યક્તિથી સરેરાશ બે અન્ય લોકોને ચેપ લાગી શકે છે અને તે બે દરેક વધુ બે લોકોને સંક્રમિત કરશે. આ રોગચાળામાં, આદર્શ 'R' લક્ષ્ય ૧.૦ની નીચે છે, જે સુનિશ્ચિત કરે છે કે, વાયરસનો ફેલાવો બંધ થઈ રહ્યો છે અને તે વધુ લોકોને ચેપ લગાવી શકતો નથી.

દિલ્હી : ૯ વર્ષીય દલિત બાળકી ઉપર બળાત્કાર અને હત્યાથી રોષ ફાટી નીકળ્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૩

દક્ષિણ દિલ્હીના જૂના નાંગલ ગામમાં ૯ વર્ષીય દલિત બાળકી ઉપર કરાયેલ બળાત્કાર અને હત્યાથી રાજ્યમાં રોષ ફાટી નીકળ્યો છે અને ન્યાય માટે ટ્વિટર ઉપર ટ્રેન્ડ થઈ રહ્યું છે.

પીડિતાની માતાએ આક્ષેપો મૂક્યા છે કે, બાળકી ઉપર બળાત્કાર ગુજારાયો હતો અને એ પછી એની હત્યા કરાઈ હતી અને ગુના ઉપર પડદો પાડવા માટે અમારી સંમતિ સિવાય અંતિમ સંસ્કાર કરી દેવાયા હતા. બાળકીની માતાના જણાવ્યા મુજબ બાળકી સાંજે ૫:૩૦ ઘરેથી બાજુના કુલરમાંથી પાણી લેવા નીકળી હતી પણ પાછી ફરી ન હતી. એ પછી એક પુજારી અને અન્ય ત્રણ વ્યક્તિઓ આવ્યા હતા અને માતાને જણાવ્યું કે, બાળકી પાણી ભરી રહી હતી એ દરમિયાન કુલરમાંથી કરંટ લાગતા બાળકી મૃત્યુ પામી હતી. એમણે વધુમાં જણાવાયું હતું કે, પુજારી રાધેશ્યામે મારી પુત્રીના અંતિમ સંસ્કાર અમારાથી પૂછ્યા વિના કર્યા હતા. અમોએ અને બીજા ગામવાસીઓએ વિરોધ કર્યો હતો અને પોલીસ બોલાવી હતી. પોલીસે ફોરેન્સિક ટીમને બોલાવી હતી અને તપાસ શરૂ કરી હતી. પોલીસે કહ્યું કે, આજુબાજુ સીસીટીવી કેમેરા નહીં હોવાથી પુરાવાઓ ભેગા કરવામાં મુશ્કેલીઓ થશે. પોલીસે આઈપીસી, પોક્સો અને એસસી/એસટીની કલમો હેઠળ એફઆઈઆર નોંધી છે અને ચાર આરોપીઓની ધરપકડ કરી છે. દિલ્હી મહિલા વિકાસ મંત્રાલયના મંત્રીએ કહ્યું છે અમે પીડિતના કુટુંબીજનો સાથે મુલાકાત કરી છે અને એમને વળતર અને કાયદાકીય મદદ પૂરી પાડીશું. ભીમ આર્મીના અધ્યક્ષ ચંદ્રશેખરે કહ્યું છે, અમે પીડિતાના કુટુંબ સાથે મળ્યા છીએ અને આરોપીઓ માટે મૃત્યુદંડની માગણી કરીશું. બાળકી માતા-પિતાની એક જ સંતાન હતી.

જમ્મુ-કાશ્મીરના કઠુઆમાં સેનાનું હેલિકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત, સદ્ભાગ્યે કોઈ જાનહાનિ નહીં

(એજન્સી) તા.૩

મંગળવારે જમ્મુ-કાશ્મીરના કઠુઆ જિલ્લામાં સેનાનું હેલિકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત થઈ ગયું હતું. પ્રાથમિક અહેવાલો મુજબ આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી. રક્ષા સૂત્રોએ જણાવ્યું હતું કે આ હેલિકોપ્ટર કઠુઆ જિલ્લાના રણજીત સાગર ડેમ નજીક આવેલા બાસોહિલ વિસ્તારમાં દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. સૂત્રોએ જણાવ્યું હતું કે, હાલમાં અમારી પાસે આ દુર્ઘટના અંગે માત્ર પ્રાથમિક અહેવાલો છે. આ અહેવાલો મુજબ કોઈ જાનહાનિ થઈ નથી.

શિક્ષણ મંત્રીએ ઓગસ્ટ બાદ કોર કમિટીની બેઠકમાં ચર્ચાના સંકેત આપ્યા

ધોરણ ૬થી ૮ના ઓફલાઈન વર્ગો શરૂ કરવા ૯મી બાદ નિર્ણય લેવાશે

અમદાવાદ, તા.૩ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત આયોજિત કાર્યક્રમમાં શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ હાજરી આપી હતી. દરમિયાન શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ મહત્વનું નિવેદન આપતા જણાવ્યું હતું કે, તબક્કાવાર ધોરણ ૬થી ૮ના ઓફલાઈન વર્ગો શરૂ કરવા અંગે નિર્ણય લઈશું. ૯ ઓગસ્ટ બાદ રાજ્ય સરકારની કોર કમિટીની બેઠક મળશે જેમાં ચર્ચા વિચારણા કરીને ધોરણ ૬થી ૮ના ઓફલાઈન વર્ગો શરૂ કરવા અંગે નિર્ણય લઈશું.

અમદાવાદના શાહીબાગ સ્થિત પ્રીતમપુરા ગુજરાતી શાળા નંબર ૩ ખાતે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત આયોજિત કાર્યક્રમમાં શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ હાજરી આપી હતી. જેમાં શિક્ષણમંત્રીએ જણાવ્યું હતું કે, સરકારના ૫ વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ થાય છે. આમ તો રાજ્યના ૨૫ વર્ષ પૂર્ણ થાય છે. પરંતુ વિજયભાઈની સરકારના ૭ ઓગસ્ટે ૫ વર્ષ પુરા થશે. ૧૯૬૦થી અત્યાર સુધી જે પણ સીએમ આવ્યા, એમાં અગાઉ માત્ર ૩ સીએમએ ૫ વર્ષનો સમયગાળો પૂર્ણ કર્યો છે. સ્વાભાવિક રીતે ૫ વર્ષમાં સરકારે કલ્યાણના અનેકવિધ કામ કર્યા છે. સરકારી શાળામાં ખાનગી શાળા કરતા વધુ સારૂ શિક્ષણ મળે એ માટે ૧૨ હજાર જેટલા જ્ઞાનકુંજ ઓરડાનું નિર્માણ કર્યું છે. શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ વધુમાં જણાવ્યું હતું કે, ધોરણ ૧૨ના વર્ગો બાદ ધોરણ ૯, ૧૦ અને ૧૧ના ઓફલાઇન વર્ગો શરૂ કરવાનો નિર્ણય લીધો હતો. જો કે, હવે ૯ ઓગસ્ટ બાદ રાજ્ય સરકારની કોર કમિટીની બેઠક મળશે. આ કોર કમિટીની બેઠકમાં ચર્ચા કરીને ધોરણ ૬થી ૮ના ઓફલાઈન વર્ગો શરૂ કરવા અંગે નિર્ણય લઈશું. રાજ્યમાં તબક્કાવાર ધોરણ ૬થી ૮ના ઓફલાઈન વર્ગો શરૂ કરવા અંગે નિર્ણય લઈશું.

મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના લાગુ

રાજ્યની ૧૦ લાખ મહિલાઓને ઝીરો ટકા વ્યાજે સરકાર દ્વારા રૂા.૧૦૦૦ કરોડની લોન સહાય

● ગંગા સ્વરૂપા પુનઃ લગ્ન આર્થિક સહાય યોજના અંતર્ગત વિધવા મહિલાઓને સમાજમાં પુનઃ સ્થાપન અર્થે રૂા.૫૦ હજારની સહાય અપાશે ● વડોદરાથી આજે મહિલાલક્ષી વિવિધ કાર્યક્રમોનું મુખ્યમંત્રી દ્વારા આરંભ કરાવાશે

અમદાવાદ, તા.૩ 'પાંચ વર્ષ નારી ગૌરવના'ના ભાગરૂપે રાજ્યના સંવેદનશીલ મુખ્યમંત્રીએ મહત્ત્વાકાંક્ષી 'મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના' લાગુ કરીને મહિલાઓના આર્થિક સશક્તિકરણ દ્વારા વિકાસ પ્રક્રિયામાં મહિલાઓની ભાગીદારી વધારવાના પ્રયાસતો હાથ ધર્યા છે. આ યોજના અંતર્ગત રાજ્યની ગરીબ, મધ્યમવર્ગીય, સામાન્ય મહિલાઓના સપનાઓને સાકાર કરવા માટે ૧૦ લાખ મહિલાઓને ઝીરો ટકા વ્યાજે રાજ્ય સરકાર દ્વારા રૂા.૧૦૦૦ કરોડની લોન સહાય જ્યારે ગ્રામ્ય વિસ્તારોમાં ૫૦ હજાર અને શહેરી વિસ્તારોની ૫૦ હજાર મળીને કુલ ૧ લાખ મહિલા સ્વસહાય જૂથની રચના કરવામાં આવી છે. ચાલુ વર્ષે મહિલા અને બાળ વિકાસ વિભાગ માટે રૂા.૩૫૧૧ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ગુજરાત સરકારે મહિલાઓને સત્તામાં ભાગીદાર બનાવવા ગ્રામ પંચાયતો, તાલુકા પંચાયતો અને જિલ્લા પંચાયતોમાં ૫૦% મહિલા અનામતની જોગવાઈ કરી છે. આ સાથે સરકારી નોકરીઓમાં પણ મહિલાઓ માટે ૩૩% અનામતની જોગવાઈ કરી છે. 'વ્હાલી દીકરી યોજના' લાગુ કરી છે. જે અંતર્ગત રૂપિયા બે લાખની વાર્ષિક આવક ધરાવતા પરિવારને પ્રથમ બે દીકરી માટે આ યોજનાનો લાભ આપવામાં આવે છે. ધો.૧મા પ્રવેશ લેતી કન્યાને રૂા.૪૦૦૦, ધો.૯મા પ્રવેશ લેતી કન્યાને રૂા.૬૦૦૦ અને ઉચ્ચ શિક્ષણ માટે અથવા ૧૮ વર્ષની ઉંમરે લગ્ન વખતે રૂા.૧ લાખની આર્થિક સહાય આપવામાં આવે છે. રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે જેન્ડર બજેટ સ્ટેટમેન્ટ તૈયાર કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૧-૨૨ના 'જેન્ડર બજેટ સ્ટેટમેન્ટ'માં કુલ રૂા.૮૭,૧૧૧.૧૦ કરોડની મહિલાલક્ષી જોગવાઈ કરવામાં આવેલ છે. જેન્ડર બજેટ ૨૦૨૧-૨૨માં ૮૬૭ જેટલી યોજનાઓ આવરી લેવાઈ છે. આ પૈકી, ૧૮૯ જેટલી યોજનાઓ સંપૂર્ણપણે મહિલાલક્ષી છે, જેમાં મહિલાઓ અને કન્યાઓની શિક્ષણ, આરોગ્ય, પોષણ, કૌશલ્યવર્ધન અને આર્થિક સશક્તિકરણ જેવી જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને રૂા.૫૧૧૨.૮૮ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. મુખ્યમંત્રીએ તેમના જન્મદિવસે જાહેરાત કરી છે જેમાં રાજ્યની વિધવા મહિલાઓના સમાજમાં પુનઃ સ્થાપન માટે 'ગંગા સ્વરૂપા પુનઃ લગ્ન આર્થિક સહાય યોજના' અંતર્ગત રાજ્ય સરકાર રૂા.૫૦ હજાર આપશે. રાજ્યની મહિલાઓ આર્થિક રીતે આત્મનિર્ભર બને, કુટુંબના આર્થિક વિકાસમાં ફાળો આપી શકે તે માટે ગૃહ ઉદ્યોગ, વ્યવસાય શરૂ કરવા માટે ગુજરાત રાજ્ય આર્થિક વિકાસ નિગમ ધ્વારા મહિલા સ્વાવલંબન યોજના અમલમાં લાવવામાં આવેલ છે. છેલ્લા ત્રણ વર્ષમાં ૨૫૭૯ બહેનોને રૂા.૯,૬૭,૪૮,૬૯૦ લોન તથા રૂા.૩,૦૪,૩૧,૦૮૭ સબસિડી આપવામાં આવેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આવતીકાલે 'પાંચ વર્ષ નારી ગૌરવના'ની થીમ આધારિત, મુખ્યમંત્રી વિજય રૂપાણી તેમજ રાજ્યકક્ષાના મહિલા અને બાળ કલ્યાણ મંત્રી વિભાવરીબેન દવે તા.૪થી ઓગસ્ટે 'નારી ગૌરવ દિવસ' નિમિત્તે રાજ્યની મહિલાઓના સન્માન તથા ઉત્કર્ષના હેતુસર મહિલાઓ સાથે સંકળાયેલા મહિલાલક્ષી વિવિધ કાર્યક્રમોનું વડોદરાથી શુભારંભ કરાવશે.

અડધા ગુજરાતે મફત અનાજ ખાધું હોવાનું ભાજપ સરકારે જુઠ્ઠાણું ચલાવ્યું

૩ લાખ NFSA કાર્ડધારકોએ ન લીધા તે રૂા.૫૦ કરોડના ઘઉં-ચોખા ગયા ક્યાં ?

રાજ્યમાં ૯ હજાર જેટલી સસ્તા અનાજની દુકાનોમાં ગેરરીતિની તપાસ કરવા કોંગ્રેસની માંગ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૩ રાજ્યમાં ૩ લાખ નેશનલ ફુડ સિકયોરિટી એકટ (એનએફએસએ) કાર્ડધારકોના અંદાજે ૫૦ કરોડ રૂપિયાથી વધુના ઘઉં અને ચોખાનો બારોબાર વહીવટ કરી કૌભાંડ થયું હોવા છતાં સરકાર સંડોવાયેલા લોકોને બચાવી રહી છે. તેમાંય આ ૩ લાખ કાર્ડધારકોએ ત્રણ મહિનાથી સડેલું અનાજ નહી સ્વીકારીને ખુદ્દારી બતાવી છે. જયારે સરકાર મફત અનાજ વિતરણના ખોટા આંકડાઓ જાહેર કરી રહી છે. રાજ્યના ૩૩ જિલ્લા અને આઠ મહાનગરપાલિકામાં કોંગ્રેસ પક્ષ દ્વારા જનસંપર્ક અભિયાનના ભાગરૂપે ભાજપ સરકારની નિષ્ફળતાને ઉજાગર કરવા આજરોજ અન્ન અધિકાર અભિયાન ચલાવવાયું હતું અમદાવાદ ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખે ભાજપ સરકારની ગરીબ-સામાન્ય-મધ્યમવર્ગ વિરોધી માનસિકતા ઉપર આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારે ફાળવેલા ૫ લાખ મેટ્રીકટન ઘઉંનો જથ્થો અને ૨.૫૦ લાખ મેટ્રીકટન ચોખાનો જથ્થો સરકારે ઉપયોગ કર્યો નથી અને રાજ્યની ૯ હજાર સસ્તા અનાજની દુકાનોમાં ગેરરીતિ હોવા છતાં સરકાર શા માટે ચૂપ છે ? કેમ પગલા ભરતી નથી ? રૂપાણી સરકાર દ્વારા ખેરાતી અદામાં ૭૧ લાખ પરિવારોના ૩.૪૧ કરોડ લોકોને મફત અનાજ વિતરણના ખોટા આંકડા જાહેર કરી અપમાન કર્યું છે. તેનો કોઈ જવાબ છે ? ૧ કરોડ ૮૮ લાખથી વધુ લોકો ગરીબીરેખા નીચે જીવન પસાર કરી રહ્યા છે છતાં રાજ્ય સરકાર ઉજવણી કરી રહી છે. સમગ્ર રાજ્યમાં નવ હજાર જેટલી સસ્તા અનાજની દુકાનોમાં ગેરરીતિઓ સામે આવી તેની તપાસનું શું થયું ? કેન્દ્રની સરકાર રાજ્ય સરકારને દર વર્ષે ૯૦ હજાર લીટર કેરોસીનની ઓછી ફાળવણી કરે છે તેનું શું ? ગેસના સતત વધતા ભાવ અને બીજીબાજુ ગરીબોને મોંઘવારીનો દામ આ છે ભાજપ સરકારનું મોડલ ? નાગરિક પુરવઠા નિગમના ગોડાઉનોમાં સીસીટીવી લગાવવામાં સરકાર કેમ સદંતર નિષ્ફળ નીવડી છે ? આ ઉપરાંત બી.પી.એલ. લાભાર્થીને દર મહિનાની ૧થી ૧૦ તારીખમાં સરકારની સુચના મુજબ મળવા પાત્ર ઘઉં-ચોખા અને ખાંડનો જથ્થો મહિનાની આખર સુધી એટલે કે ૨૨-૨૩ તારીખ સુધી વિતરણ કરાતો નથી. સતત ધાંધિયા જોવા મળે છે. અપૂરતું અનાજ વિતરણ થાય છે અને ફરિયાદો છતા ફરિયાદો સાંભળવા માટે કોઈ તંત્ર નથી. રાજયની ભાજપ સરકારે મે/જૂન-૨૦૨૧ દરમ્યાન ૭૧ લાખ પરિવારોના ૩.૪૧ કરોડ લોકોએ એટલે કે અડધા ગુજરાતે મફત અનાજ ખાધુ હોવાનું જુઠ્ઠાણું ચલાવી ગુજરાતની જનતાની ખુદ્દારીનું અપમાન કર્યું હતું. રાજયની ભાજપ સરકારે મે/જૂન-૨૦૨૧ દરમ્યાન રાજયના કુલ ૭૧ લાખ એનએફએસએ કાર્ડધારકોને ૨.૩૯ લાખ મેટ્રિક ટન ઘઉં અને ૧.૦૩ લાખ મેટ્રીક ટન ચોખાનું વિના મુલ્યે વિતરણનો દાવો કર્યો છે (જેની બજાર કિંમત રૂા.૧૧૬૭ કરોડ થાય છે) જો કુલ ૭૧ લાખ એનએફએસએ કાર્ડધારકો પૈકી ૩ લાખ (૪.૨૨ ટકા) એનએફએસઈ કાર્ડધારકોએ મફત રાશન લીધુ જ નથી. તો પછી એમના ભાગના અંદાજે રૂા.૫૦ કરોડથી વધુનાં ઘઉં અને ચોખાનો બારોબાર ક્યાં વહીવટ કરવામાં આવ્યો ? ભાજપ સરકારે પહેલા તો ગુજરાતીઓની ખુદ્દારીનું અપમાન કરવા બદલ જનતાની માફી માગવી જોઈએ. તેમજ આ પરિવારના હકનું અનાજ કયાં સગેવગે થયું તેની તપાસ થવી જોઈએ.

ધોરણ-૧૦માં ગણિત બેઝિક અને ગણિત સ્ટાન્ડર્ડની બ્લ્યુપ્રિન્ટ જાહેર કરાઈ

● ૨૦૧૯માં તૈયાર કરેલી ગણિતની બ્લ્યુપ્રિન્ટ ગણિત સ્ટાન્ડર્ડ તરીકે ગણાશે ● ગણિત બેઝિક માટે તજજ્ઞો દ્વારા બ્લ્યુપ્રિન્ટ તૈયાર કરાઈ, ૨૪ ગુણના હેતુલક્ષી પ્રશ્નો હશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩ ચાલુ શૈક્ષણિક વર્ષથી ધોરણ-૧૦માં ગણિત વિષયમાં બે પ્રકારના પેપર પૂછવાનો નિર્ણય લેવાયો છે. જેમાં ગણિત બેઝિક અને ગણિત સ્ટાન્ડર્ડ પ્રકારના પેપર પૂછવામાં આવશે. બોર્ડ દ્વારા ગણિત બેઝિક અને ગણિત સ્ટાન્ડર્ડ માટે પરિરૂપ, ગુણભાર, બ્લ્યુપ્રિન્ટ તૈયાર કરવામાં આવ્યા છે. જેમાં હાલમાં ધોરણ-૧૦માં ગણિત માટે જે બ્લ્યુપ્રિન્ટ છે તે ગણિત સ્ટાન્ડર્ડ માટે ગણાશે. જ્યારે ગણિત બેઝિક માટે નવી બ્લ્યુપ્રિન્ટ તૈયાર કરી છે. જેમાં ખૂબ જ અઘરા કહી શકાય તેવા ૪ માર્કના પ્રશ્નો હશે. ઉપરાંત ૨૪ ગુણના એમસીક્યુ પ્રકારના પ્રશ્નો પૂછવામાં આવશે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્યમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨થી ધોરણ-૧૦ ગણિત વિષયમાં ગણિત સ્ટાન્ડર્ડ અને ગણિત બેઝિક એમ બે પ્રકારના પ્રશ્નપત્રોના વિકલ્પ આપવા માટે સરકાર દ્વારા તાજેતરમાં નિર્ણય લેવામાં આવ્યો છે. આ અંગેના ઠરાવમાં જણાવ્યા મુજબ ધોરણ-૧૦નું ગણિત વિષયનું પાઠ્ય પુસ્તક એક સરખુ જ રહેશે. શાળા કક્ષાએ કે વર્ગખંડ કક્ષાએ આ અંગેની શૈક્ષણિક પદ્ધતિમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર કરવામાં આવશે નહીં. ધોરણ-૧૦ના ગણિત વિષયમાં ગણિત સ્ટન્ડર્ડ અને ગણિત બેઝિકના પ્રશ્નપત્ર અલગ-અલગ પ્રકારના રહેશે. બંને પ્રકારના પરિરૂપમાં પ્રકરણવાર ગુણભાર, પ્રશ્નોના પ્રકાર પ્રમાણે ગુણભાર તેમજ હેતુઓ પ્રમાણે ગુણભાર અલગ અલગ રાખવામાં આવશે. શિક્ષણ બોર્ડ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦થી અમલી બનેલી પરીક્ષા પદ્ધતિ મુજબ ધોરણ-૧૦ ગણિત વિષયનું પ્રશ્નપત્ર પરિરૂપ, ગુણભાર, બ્લ્યુપ્રિન્ટ અને નમુનાનું પ્રશ્નપત્ર તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓની કચેરીઓમાં તેમના જિલ્લાની સ્કૂલોને જાણ માટે મોકલી આપવામાં આવેલું છે. આ ધોરણ-૧૦ ગણિત વિષયનું પ્રશ્નપત્ર પરિરૂપ, ગુણભાર, બ્લ્યુપ્રિન્ટ અને નમુનાનું પ્રશ્નપત્ર શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨થી ધોરણ-૧૦ની પરીક્ષા માટે ગણિત વિષયમાં ગણિત સ્ટાન્ડર્ડ તરીકે ગણવાનું રહેશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨થી ધોરણ-૧૦ની પરીક્ષા માટે ગણિત વિષયમાં ગણિત બેઝિક માટે પ્રશ્નપત્ર પરિરૂપ, ગુણભાર, બ્લ્યુપ્રિન્ટ અને નમુનાનું પ્રશ્નપત્ર તજજ્ઞો દ્વારા તૈયાર કરાવવામાં આવ્યું છે. ગણિત બેઝિકમાં જ્ઞાન આધારીત ૩૨ ગુણના ૪૦ ટકા પ્રશ્નો પૂછાશે. જ્યારે સમજ આધારીત ૨૮ ગુણના ૩૫ ટકા પ્રશ્નો અને ઉપયોજનના ૧૬ ગુણના ૨૦ ટકા પ્રશ્નો પૂછાશે. જ્યારે અઘરા કહી શકાય તેવા ૪ ગુણના પ્રશ્નો હશે. ધોરણ-૧૦ બેઝિકમાં ૨૪ ગુણના ૨૪ હેતુલક્ષી પ્રશ્નો હશે. ૨૦ ગુણના ૧૦ ટૂંક જવાબી પ્રશ્નો અને ૨૪ ગુણના ૮ ટૂંક જવાબી પ્રશ્નો હશે. જ્યારે ૧૨ ગુણના ૩ લાંબા પ્રશ્નો પૂછવામાં આવશે. આમ, ગણિત બેઝિકના પેપરમાં ૮૦ ગુણના કુલ ૪૫ પ્રશ્નો પૂછવાનું નક્કી કરાયું છે. આ માટે બોર્ડ દ્વારા બેઝિક ગણિતના નમુનાનો પ્રશ્નપત્ર પણ તૈયાર કરવામાં આવ્યો છે. જેથી વિદ્યાર્થીઓ અત્યારથી જ તેની તૈયારી કરી શકે.

રાજકોટના મેટોડા GIDC નજીક ગોઝારો અકસ્માત

કાર ST બસમાં ઘૂસી જતાં તબીબ તેમજ ત્રણ ભાવિ તબીબોનાં કરૂણ મોત

● અકસ્માત એટલો ગંભીર હતો કે, કારને JCBની મદદથી કાઢવી પડી, કારચાલકના બે ટુકડા થઈ ગયા ● અકસ્માતમાં એક કારસવાર તેમજ બે ST સવાર મુસાફરોને ઈજા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩ રાજકોટ કારચાલક રોડ પર મેટોડા જીઆઈડીસી નજીક મેડિકલના વિદ્યાર્થીઓની કારને અકસ્માત નડતાં ચાર આશાસ્પદ વિદ્યાર્થીઓનાં કરૂણ મોત નિપજ્યા છે. જ્યારે એક ગંભીર રીતે ઘાયલ થતાં સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. મૃતક વિદ્યાર્થીઓ રાજકોટના ગોંડલ રોડ પર આવેલી હોમિયોપેથી મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓ હતા.

રાજકોટની હોમિયોપેથી મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓ નિશાંત દાવડા, આદર્શ ગોસ્વામી અને ધ્રાંગધરિયા ફોરમ ખીરસરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની વિઝિટમાં ગયા હતા. જ્યારે તેમની સાથે મહાનરગપાલિકામાં ફરજ પર રહેલા મહિલા તબીબ સહિત બેને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ડૉ.સિમરન ગિલાનીનું મોત નિપજ્યું હોવાનું જાણવા મળ્યું છે, આમ આ અકસ્માતમાં કુલ ચારનાં મોત અને એકને ઈજા પહોંચી હતી. બસમાં બેઠેલા કાલાવડના બે મુસાફરોને પણ ઈજા પહોંચી હતી. આ ગમખ્વાર અકસ્માતમાં આગળ બેઠેલા આદર્શ અને નિશાંતના ટુકડે ટુકડા થઈ ગયા હોવાનું ચર્ચાઈ રહ્યું હતું. આ વાજડી પાસે કાર અને એસ.ટી બસ અકસ્માતમાં ત્રણ હોમીયોપેથી વિદ્યાર્થીઓના ઘટનાસ્થળે મોત થયા તો અન્ય બે મહાનગરપાલિકા સાથે ફરજ પર રહેલા મહિલા તબીબને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફત રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ દરમ્યાન ડૉ. સિમરન ગિલાનીનું મોત થયુ હોવાનું જાણવા મળ્યું છે. જયારે ડૉ. કૃપાલી ગજજર હાલ સારવાર હેઠળ છે. અકસ્માતની પ્રાપ્ત વિગત મુજબ, રાજકોટ કાલાવડ રોડ હાઈવે પર મેટોડા GIDC નજીક બપોરના ૧ વાગ્યા આસપાસ કારચાલક અચાનક કાબૂ ગુમાવતાં કાર રોડ ડિવાઈડર ઓળંગી રોંગ સાઈડમાં કૂદી ગઈ હતી અને રાજકોટથી કાલાવડ તરફ જઈ રહેલી ST બસ સાથે ધડાકાભેર અથડાતાં કારનો બૂકડો બોલી ગયો હતો, જેમાં ST બસ અને કાર વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ બનાવમાં કુલ ૩ લોકોનાં ઘટનાસ્થળે જ મોત નીપજયાં હતાં, જ્યારે કે ૨ વિદ્યાર્થીની ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તેમને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ અકસ્માતમાં ડૉ. સિમરન ગિલાનીનું સારવાર દરમિયાન મોત થયુ છે. જયારે ડૉ. કૃપાલી ગજજર હાલ સારવાર હેઠળ છે. અકસ્માત એટલો ગંભીર હતો કે ST બસ અને કાર વચ્ચે અકસ્માત થતાં કાર બસની આગળના ભાગમાં અંદર ઘૂસી ગઈ હતી, જેને બહાર કાઢવા માટે JCBની મદદ લેવી પડી હતી અને JCBની મદદથી કારને બસ નીચેથી બહાર કાઢી મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા હતા. આ ઘટનામાં કારમાં બેઠેલા પાંચ પૈકી આદર્શ ગોસ્વામી, નિશાંત દાવડાનાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં, જ્યારે સીમરન ગીલાની અને કૃપાલી ચેતનભાઈ ગજ્જરને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં, પરંતુ ત્યાં ફોરમનો નિષ્પ્રાણ દેહ જ પહોંચ્યાનું જાહેર થતાં કલ્પાંત સર્જાયો હતો. મૃતકોમાં સીમરન, નિશાંત અને આદર્શ તથા ફોરમ રાજકોટના જ વતની હતા. જયારે ઘાયલ કૃપાલી ભાવનગરની છે. આ ઉપરાંત એસ.ટી. બસમાં બેસેલા કાલાવડ ખત્રીવાડના યુસુફઅલી તૈયબઅલી સાદીકોટ તથા જીવુબેન બેચરભાઈને પણ ઈજા પહોંચી હતી.

કોરોનાની બીજી લહેરના વળતાં પાણી છેલ્લા ૨૪ કલાકમાં માત્ર ૧૭ નવા કેસ

કોરોનાથી એકપણ મોત નહીં : રિકવરી રેટ ૯૮.૭૫ ટકાએ પહોંચ્યો : ૨૬ જિલ્લા અને ૫ કોર્પોરેશનમાં એકપણ કેસ નહીં

અમદાવાદ, તા.૩ કોરોનાની સંભવિત ત્રીજી લહેરના ભણકારા વચ્ચે રાજ્યમાં કોરોનાની બીજી લહેર સાવ નેસ્તો નાબૂદ થવાના આરે છે જેને મોટી રાહતના સમાચાર ગણાવી શકાય. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૧૭ કેસ નોંધાયા છે તો કોરોનાથી એકપણ વ્યક્તિનું મૃત્યું થયું નથી તો આજે વધુ ૪૨ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે જ્યારે માત્ર ૩ કોર્પોરેશન અને ૭ જિલ્લાઓમાં જ કોરોના કેસ નોંધાયા છે તો પાંચ કોર્પોરેશન અને ૨૬ જિલ્લામાં કોરોનાનો એકપણ કેસ નોંધાયો નથી. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૦થી પણ ઓછા કોરોના કેસ નોંધાયા છે. આજે માત્ર ૧૭ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા છે. રિકવરી રેટ પણ ૯૮.૭૫ ટકાએ પહોંચી ગયો છે. છેલ્લા ૨૪ કલાકમાં ગુજરાતમાં ૪૨ દર્દીઓ સાજા થઈ ઘેર ગયા છે. છેલ્લા ઘણા દિવસોથી કોરોનાથી એક પણ દર્દીનું રાજ્યમાં મોત થયું નથી. અત્યાર સુધીમાં રાજ્યના કુલ ૧૦,૦૭૬ નાગરિકોનો કોરોના ભરખી ગયો છે. અત્યાર સુધીમાં સંક્રમિત થયેલા કુલ દર્દીઓમાંથી ૮,૧૪,૬૩૭ દર્દીઓએ કોરોનાને હરાવ્યો છે. છેલ્લી સ્થિતિ પ્રમાણે રાજ્યમાં કુલ ૨૨૬ દર્દી સારવાર હેઠળ છે. નાજુક સ્થિતિના કારણે ૦૫ દર્દીને વેન્ટિલેટર પર રાખવામાં આવ્યાં છે. ગુજરાતમાં આજે કોરોનાના નવા ૧૭ કેસ નોંધાયા છે ત્યાં જ આજે કોરોનાથી એક પણ દર્દીનું મોત થયું નથી. અમદાવાદ કોર્પોરેશન ૫, સુરત કોર્પોરેશન ૩, વડોદરા કોર્પોરેશન ૨, આણંદ ૧, જામનગર ૧, જૂનાગઢ ૧, મહેસાણા ૧, નવસારી ૧, પાટણ ૧, વડોદરા ૧ કેસ નોંધાયા છે.

ક્યાં કેટલા કોરોનાના કેસ

અમદાવાદ કોર્પોરેશન	૦૫
સુરત કોર્પોરેશન	૦૩
વડોદરા કોર્પોરેશન	૦૨
આણંદ	૦૧
જામનગર	૦૧
જૂનાગઢ	૦૧
મહેસાણા	૦૧
નવસારી	૦૧
પાટણ	૦૧
વડોદરા	૦૧
કુલ	૧૭

જમીઅત ઉલમા, ગુજરાતની જાહેર ખબરમાં સુધારો

મહારાષ્ટ્રના પૂરગ્રસ્ત વિસ્તારના લોકોની મદદ માટે જમીઅત ઉલમા ગુજરાત દ્વારા આપવામાં આવેલી જાહેર ખબરમાં જમીઅત ઉલમા વેલ્ફેર ટ્રસ્ટ, એક્સિસ બેન્ક ખાતા નંબર ભૂલથી ખોટો લખાઈ ગયો હતો. જેમાં સુધારો કરીને તેને ૯૧૯૦ ૧૦૦ ૩૯૩૯ ૨૫૮૫ ગણવો. IFSC CODE UTIB 0000453 રિલીફ રોડ શાખા, અહેમદાબાદ-૩૮૦૦૦૧

મૌલાના હકિમુદ્દીન કાસમી, જનરલ સેક્રેટરી, જમીઅત-ઉલમા-એ-હિન્દ

મૌલાના રફીક અહેમદ બળોદવી, સદર જમીઅત ઉલમા, ગુજરાત મો. ૯૮૯૮૫૭૯૭૪૨

પ્રોફેસર નિસાર એહમદ અન્સારી મોબાઈલ નંબર ૯૮૨૫૦૧૮૪૨૬ જનરલ સેક્રેટરી, જમીઅત ઉલમા, ગુજરાત

...તો પછી લોકો લોક અદાલતમાં ભાગ લેવાનું બંધ કરી દેશે : હાઈકોર્ટ

લોક અદાલતમાં ગુનો કબૂલ કરનાર વ્યક્તિને બીજા કેસમાં સજાના આધારે તડીપાર કરવાના કેસમાં જસ્ટિસ ઉપાધ્યાયનું અવલોકન

અમદાવાદ, તા.૩ દારૂ પીવાના કેસમાં એ વ્યક્તિને આઠ જિલ્લામાંથી તડીપાર કરવાના કેસમાં ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ પરેશ ઉપાધ્યાયે જણાવ્યું હતું કે, જો લોક અદાલતમા સામાન્ય દંડ કે કોર્ટ ઉઠતા સુધીની સજા થઈ હોય તેને આધાર રાખીને સત્તાવાળાઓ દ્વારા તેમની સામે બીજા કેસોમાં વધુ કડક પગલાં ભરવામાં આવશે, તો કોઈ લોક અદાલતમાં ભાગ લેવાનું બંધ કરી દેશે.

કોર્ટે નોંધ્યું હતું કે, લોક અદાલતમાં સમાધાન માટે સામાન્ય ગુનાના કેસો મૂકવામાં આવે છે. લોકો પોતાની સામેના કાનૂની કેસોથી છૂટકારો મેળવવા માટે ગુનો કબૂલી લેતા હોય છે તેઓને રૂા.૧૦૦ સુધીનો દંડ કે પછી કોર્ટ ઊઠે ત્યાં સુધીની સજા સંભાળવવામાં આવતી હોય છે અને કેસ બંધ કરી દેવામાં આવે છે. પરંતુ જો વ્યક્તિ દ્વારા બીજો ગુનો કરવામાં આવ્યો હોય અને લોક અદાલતમાં થયેલી સજાનો આધાર રાખીને તેને તડીપાર કરવાની કાર્યવાહી કરવામાં આવે તો તે એક વિચાર માંગી લેતો પ્રશ્ન છે.

રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકામાં એક વ્યક્તિ દારૂ પીધેલી હાલતમાં મળી આવ્યો હતો તેને તડીપાર કરવામાં આવ્યો હતો તેની સામે તેણે હાઈકોર્ટમાં અરજી કરી હતી. તેને સૌરાષ્ટ્રના આઠ જિલ્લામાંથી તડીપાર કરવાનો આદેશ આપ્યો હતો. કેસની સુનાવણી નીકળતા સરકારી વકીલે જણાવ્યું હતું કે, ભૂતકાળમાં તેને સજા થયેલી છે તેથી તેને તડીપાર કરવામાં આવ્યો હતો. જો કે, કોર્ટે તડીપાર કરવાના આદેશ સામે હાઈકોર્ટે મનાઈ હુકમ આપ્યો હતો.

આ કેસનો આદેશ કર્યા બાદ કોર્ટે સરકારી વકીલને ધ્યાન દોર્યું હતું કે, સામાન્ય કેસોનો નિકાલ કરવા માટે તે લોક અદાલતમાં મૂકીને ફેસલો કરવામાં આવે છે. ઘણા કેસોમાં લોકો કેસોથી છૂટકારો મેળવવા માટે ગુનો કબૂલ કરી લેતા હોય છે અને તેમને પાંચ-પચીસ રૂપિયાનો દંડ કરવામાં આવે છે. પરંતુ તેના આધારે તેને આવા સંજોગો ભોગવવા પડે તે એક વિચાર માંગતો પ્રશ્ન છે. જો આવું જ કરવામાં આવશે તો પ્રજા લોક અદાલતમાં ભાગ લેવાનું બંધ કરી દેશે. આપણી પાસે આવા ૨૦-૨૦ વર્ષ જૂના કેસો છે કે જેમાં વ્યક્તિ દારૂ પીને લડથડિયા ખાતો જતો હોય અને પકડાયો હોય છે. આવા કેસોમાં બહારની વ્યક્તિ વધારો હોય છે અને જામીન લીધા બાદ તે મળી આવતા નથી, તેમને નોટિસ બજતી નથી. આ બાબતે કંઈક થવું જોઈએ.

www.gujarattoday.in facebook.com/gujarattodaydaily @Gujarat paper Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫-૨૫૩૩૨૮૨૦ ● ફેક્સ : ૨૫૩૫૮૦૬૦-૨૫૩૨૬૨૭૩ ● Posting at Ahd. RMS